શિયાળામાં સેવન કરી બળવાન કેમ નથી થતા?

સબંધ વર્ષ પુરતી તાકાત મેળવવા માટે—

અષ્ટવર્ગયુકત

સુખસંચારક ચ્યવનપ્રાશ

સુખસંચારક દ્રાક્ષાસવ

અને

મકરધ્વજ મંગાવી

સેવન કરવાનું રખે ચુકતા.

સુખસંચારક કું. લી. મથુરા

નોવમ

ઋતુદોષથી થતો માસિક ત્રાસ વિના વિલંબે દૂર કરેછે.



ઋતુદોષના કોઇ પણ કારણથી માસિક માંદગી આવવામાં વિલંબ થાય ત્યારે સ્ત્રીઓને ના અસહ્ય ત્રાસ તરત જ દુર થવો જોઇએ. શાસ્ત્રીય વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર રહી અને વેદનાના મૂળમાં અસર કરનારી દવાઓ ન મળવાથી અનેક ત્સાહી પતિ જ પોતાની પત્નીને, જાહેર ખબરોથી દોરાઈને ખરીદેલી, સસ્તી, કસાનકારક દવાઓ ખવડાવી જીવનની પાયમાલી કરે છે.

માસિક ત્રાસ માટે કાં તો ડોકટરની સલાહ લેવી, અથવા ડોકટરો વાપરે છે તે ‘નોવમ’ નો જ ઉપયોગ કરવો તે સારામાં સારો ઉપાય છે. યુરોપ અમેરિકામાં ખો સ્ત્રીઓ છેલ્લાં ૩૦–૪૦ વર્ષથી “નોવમ”નો ઉપયોગ કરે છે, અને સમગ્ર દેશમાં નર્સો અને ડોકટરો “નોવમ”ની ભલામણ કરે છે. “નોવમ” વાપરવામાં તદ્દન ળ છે અને એના ઉપયોગથી કશો ત્રાસ થતો નથી. વાપરવાની સંપૂર્ણ સમજુ દરેક બાટલી સાથે આપવામાં આવે છે.

“નોવમ” (રેગ્યુલર) ૨૧ કેપસ્યુલની બાટલીના રૂા. ૧૨–૮–૦. નોવમ : (સ્ટ્રોંગ): ૩ ટીકડીની બાટલીના રૂા. ૨૧. “નોવમ.” સ્પેશીયલ, (એકસ્ટ્રા સ્ટ્રોંગ) લાંબા મયના અસાધ્ય કેસો માટે, ૨૧ લાલ કેપ્સ્યુલની બાટલીના રૂા. ૫૦). વી. પી. થી ંગાવનારે ઓર્ડર સાથે ૨૫ ટકા મોકલવા દરેક દવાવાળા વેચે છે.

જાતિય જીવન અને સંતતિ નિયમન વીષે સંપૂર્ણ માહીતી આપતુ ‘જીવનની જરૂરીઆત’ નામનું ૨૮૦ પાનાનુ અને ૧૦૦ ઉપરાંત અદ્દભૂત ચિત્રોવાળુ પૂસ્તક રૂા ૧॥ મોકલી મંગાવો. પોસ્ટેજ ખર્ચ ૪ આના વધુ.

હેરીંગ એન્ડ કેન્ટ

પોસ્ટ ૩૨૩. (B. U R) લોયડ બેન્ક સામે હોર્નબી રોડ, કોટ, મુંબઇ : ફોન ૨૪૨૯૭



પાયોરીયા માટે
થાયમોસીન
દાંતમાંથી નીકળતું લોહી
પેઢાના અપાળા
હલતા દાત
દુખતી દાઢ
દાંતપરની છારી
બ્રશ. દાંતણ કે આંગળીના ટેરવા ઉપર લઈ થાયમોસીન વાપરી શકાય
સોલ એજન્ટસ: ટી. એમ. ઠાકોર એન્ડ કાું.
કોટ, મુંબઈ.

“બહુરૂપી”ની ૧૫ મા વર્ષની ભેટ

ઉપમા

લેખક :

બાબુભાઈ પ્રા. વૈદ્ય

બી. એ.

પ્રકાશક

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ

તંત્રી : “બહુરૂપી” : રાણપુર

कार्येषु मन्त्री करणेषु दासी ।
भोग्येषु माता शयनेषु रंभा ॥
मनोनुकूला क्षमयाधरित्री
गुणैश्चैतैः कुलमुद्धरन्ति ॥

The reason firm, the temperate will,
Endurance, foresight, strength and skill
A perfect woman, nobly planned,
To warn, tc comfort and to command.

(Wordsworth)

આ નવલકથાનાં પાત્રો કલ્પિત છે.

પ્રથમ આવૃત્તિ : સને ૧૯૪૪-૪૫

· મુદ્રક ·
ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
સ્વાશ્રય મુદ્રણાલય :
સૌરાષ્ટ્ર રોડ રાણપુર.

અર્પણ

કેવી હશે ને કેવી નઈ,
માનું મને રૂપ કાંઈ સાંભરે નઈ
'મારો બેટો' કહીને ફુલાતી હોંશથી જે
એની ન યાદ મારા મનમાં;
ઊંચી કે નીચી હતી, ગોરી કે શ્યામલ મા,
વર્ણન એ અન્ય પાસ સુણવાં.

નાનકડો મેલી મને માતા તો ચાલી ગઈ,
ઊછર્યો હું દાદીમાને અંકે;
દાદીના પ્રેમમાંહી ઊણપ ના જાણી કદી,
હૈયું છે તોય માને ઝંખે.

જીવનમાં ઘણી ક્ષણે માતાની યાદ મીઠી,
હૈયા મારાને આવરે છે;
નિગૂઢ કો ભાવ જાગે અંતરમાં એવી પળે,
ફોરમ કો અનેરી સ્ફુરે છે.

દુઃખ તો કોનું વિશેષ? મા વિણ આ બેટડા કે
બેટા છોડી ગયેલ માનું?
ખોળે લેતાં ય જેને શેડ્યો દૂધની વછૂટી,
છોડતાં રડી હશે છાનું.

આશા ને કોડભરી માડી સર્જ્યું ન તને,
બંધુ અમ બેનું સુખ જોવું;
કસ્તુરી શી સૌરભ તુજ હૈયાકપાટે ભરી
અર્પી પુસ્તક છે આંસુ લોવું.

બાબુભાઈ પ્રા. વૈદ્ય

પુરૂષોનાં ભયંકર દરદો

"પરમો" તથા "ચાંદી" (સીફીલીઝ)

ગમે તેવાં જુના યા નવાં દરદો જડમૂળથી મટે છે. કિં. દવા દીન. ૮ના રૂપિયા દસ, તથા સીરીલીઝ માટે દવા દીન. ૮ના રૂપિયા પંદર

ફાયદો ન થાય તો રૂપિયા ૧૦૦૦ પાછા.

સ્ત્રીઓનો કટ્ટો શત્રુ (ભયંકર દરદ)

"પ્રદર" ગમે તેટલું જુનું યા નવું ગમે તે જાતનું તથા ગર્ભાશયનો સોજો, વંધ્યત્વ વિગેરે નાબૂદ કરી નવજીવન આપનાર દવા દીન ૮ના રૂપિયા દસ. પોસ્ટ ખર્ચ જુદું.

ફાયદો ન થાય તો રૂપિયા ૧૦૦૦ પાછા.

લખો—અસલ જુના **સિદ્ધ સંન્યાસી** દવાખાના (ફાર્મસી) રજી.
ઠે ચુ એમ. પાંજરાપોળ, **અમદાવાદ.** સિવાય મુંબઈમાં નથી.

મુંબઇના એક જ આગેવાન



મેગ્નેટીસ્ટ

તમારા મનને મુંઝવતા **સીલબંધ કવરમાં ત્રણ સવાલો** આપની ચાલુ ઉમર સાથે લખી મોકલો, જેના સાચા જવાબો તમારા સીલબંધ કવર સાથે રૂ. ૨-૦-૦ ના વી. પી થી મોકલવામાં આવશે. કોઈ પણ તકલીફ માટે રૂબરૂ મુલાકાત લ્યો. મળવાનો ટાઇમ સવારે ૯ થી ૧ : સાંજે ૫ થી ૭
(ટે. નં. ૨૮૯૫૪)

ડાકટર સારંગ

સેન્ડહર્સ્ટ બ્રીજ, ચોપાટી, મુંબઇ ૭.

પ્રકાશકનું નિવેદન

'બહુરૂપી'ના પંદરમા વર્ષની ભેટ તરીકે આ નવલકથા ગ્રાહકો સમક્ષ રજૂ થાય છે. તેના લેખક વિદ્વાન છે, ચાણાક્ષ અને સુદક્ષ છે. આ કથામાં શું છે અને શું નથી તે હું નહિ કહું. અત્યારસુધીમાં 'બહુરૂપી'ના વાચકોને–ગ્રાહકોને અનેક ડિટેક્ટિવ ગુન્હાશોધનને લગતી નવલકથાઓ મળી છે. વચ્ચે વચ્ચે 'નગ્ન સત્ય' જેવી અદ્ભુત, 'વર કે પર ?' જેવી સંસારપ્રશ્નને ઉકેલતી, તેમજ 'દીવાન અમરજી' જેવી ઐતિહાસિક નવલકથા ભેટ તરીકે અપાઇ છે. આ વખતે જીવન–સંગ્રામના સુસવાટાનો અનુભવ કરાવતી, પ્રેમ–શૃંગારની કહેવાતી સામાજિક કથાઓમાં ભાત પાડતી આ નવલકથા **'ઉપમા'** ભેટ તરીકે આપું છું.

અત્યારે મોંઘવારીનો જમાનો છે. મજૂરી મોંઘી, સાહિત્ય મોંઘું, સાધનો મોંઘાં, જીવનનિર્વાહ મોંઘો. એ સ્થિતિમાં સાંપ્રત યુદ્ધ પહેલાં ભેટ તરીકે આપવામાં આવતાં પુસ્તકો કરતાં આ પુસ્તક લગભગ ચાર ગણું મોંઘું બને છે. તથાપિ અનેક ધંધાદારી સજ્જનોએ પોતાના ધંધાને લગતી જાહેરાતો આ કથાની સાથે પ્રકટ કરવાને માટે મોકલાવીને ખર્ચના ભારને અમુક અંશે હળવો કરવામાં ભારે સહાનુભૂતિ દર્શાવી છે.

અને 'બહુરૂપી'ના વાર્ષિક ગ્રાહકો તો તેને ટકાવી રાખનારા સ્થંભ રૂપ છે. પુરાણો કહે છે કે આપણી પૃથ્વી શેષનાગની સહસ્ત્ર ફણાઓ ઉપર પોતાનો ટકાવ કરી રહી છે. વિજ્ઞાન કહે છે કે સૂર્ય અને અન્ય ગ્રહોના ગુરુત્વાકર્ષણને કારણે પૃથ્વી–ગ્રહ પોતાના સ્થાનથી કદી પણ ભ્રષ્ટ થતો નથી. એ બેઉનો સમન્વય કરીને હું કહું છું કે વાર્ષિક ગ્રાહકો રૂપી સમર્થ ગ્રહોના ગુરુત્વાકર્ષણ અને તેમનાં દિલની ભાવનાઓ રૂપી શેષનાગની સહસ્ત્ર ફણાઓ ઉપર 'બહુરૂપી' નિર્ભર છે, તે પોતાનું સ્થાન સાચવી રહ્યું છે, અનેક ચિત્રવિચિત્ર ઝંઝાવાતો તેને કશીય અનિષ્ટ અસર કરી શકયા નથી. એ ગુરુત્વાકર્ષણ કાયમ રહે અને 'બહુરૂપી' પોતાનો માર્ગ ન ચૂકે એવી મારી ભાવના છે.

આવતા વર્ષને માટે અત્યારથી ગ્રાહકોને કોલ આપી રાખવો નકામો છે. પરંતુ હું ગુન્હાશોધનને લગતી એક નવલકથા અત્યારે તૈયાર કરી રહ્યો છું. એ નવલકથા વાર્ષિક ગ્રાહકોને સોળમા વર્ષની ભેટ તરીકે આપવાની ઇચ્છા છે. જો કે માનવદિલમાં ઉદ્‌ભવતી ઇચ્છાને ફળિભૂત કરનાર તો એક માત્ર પરમાત્મા જ છે.

અત્યારે તો આ નવલકથા '**ઉપમા**' ગ્રાહકોના કરકમળમાં મૂકું છું. એ તેમનું મનોરંજન કરશે, માત્ર મનોરંજન જ નહિ, તેમનાં દિલમાં નવી નવી ભાવનાઓ પ્રગટાવશે, તેમની સમક્ષ અમુક આદર્શ ખડો કરશે, દુનિયા કેમ ચાલી રહી છે તેનું નિદર્શન કરાવી, વાચકના જીવનનાવને કોઈ ખરાબે લાધી જતું કે વમળમાં અટવાઇ જતું અટકાવશે.

આ કથાના લેખક મારા મિત્ર છે, અને હું 'બહુરૂપી'ની ભેટ તરીકે આ પુસ્તક પ્રકટ કરૂં છું. એટલે કથાલેખકની કલમની હું પ્રશંસા કરૂં, તેમાં આડકતરી રીતે મારી પ્રશંસા પણ થઇ જાય છે એવું હું બરાબર સમજું છું. છતાં પણ નિઃસંકોચપૂર્વક કહેવાનું દિલ થાય છે કે ભાઈ શ્રી. બાબુભાઇ વૈદ્યની કલમમાં એક અનેરો રસ છે, તેમની કલ્પનાઓમાં દિલના ઊંડાણનું દર્શન છે, તેમની વિચારસરણીમાં રસાળતા છે, અને એ સર્વનો સંગમ આ કથાને રસભરી બનાવવામાં સફળ થઈ શકયો છે. આવાં રસિક સર્જનો દ્વારા ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવામાં શ્રી. બાબુભાઇ પોતાનો અધિકાધિક ફાળો આપવાની અનુકૂળતા મેળવી શકે એમ હું ઇચ્છું છું.

છેવટે પરમકૃપાળુ પરમાત્માના ચરણમાં મારી એક જ પ્રાર્થના છે. 'બહુરૂપી' દ્વારા, તેનાં ભેટપુસ્તકો દ્વારા, અન્ય પ્રકાશનો દ્વારા, હું વાચક બન્ધુ–ભગિનીઓની અધિકાધિક સેવા કરી શકું એવી શક્તિ, એવું સામર્થ્ય, એવી અનુકૂળતા, એવા મિત્રો અને એવાં સાહિત્ય–સાધનો મને પ્રાપ્ત થાઓ. અખીલ બ્રહ્માંડનો જે એક જ આધાર છે, તેની સમભાવવૃત્તિ અને કૃપા ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે.

શાહપુર
૧–૧–૧૯૪૫

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ

પ્રસ્તાવના

'ઉપમા' ભેદકથા નથી, કે નથી એ સનાતન પ્રણયત્રિકોણનું આલંબન કરતી નવલ. 'ઉપમા'માં મેં તો આલેખ્યો છે સીધો સાદો જીવનકલહ. વાચકને જકડી રાખવાની તાકાત અદ્‌ભુતકથા કે પ્રણયત્રિકોણનાં ટાયલાંના ચિત્રણમાં જ હોઈ શકે એ માન્યતા મને સ્વીકાર્ય નથી. જનસમુદાય એવું જ વાચન માગે છે તે ય ખોટી ધારણા છે. આમપ્રજાને જો તેનાં રોજીંદાં જીવનનું હૂબહૂ આલેખન કલાત્મક રીતે આપી શકાય તો તે જરૂર રસિક બનશેઃ જરૂર છે માત્ર જીવનના જીવંત પ્રશ્નોને પકડવા અને નિરૂપવાની આવડતની.

'ઉપમા'માં રજૂ થતો શિક્ષકના જીવનનો ચિતાર સામાન્ય વાચકોને રસપ્રદ લાગશે કે નહિ તે મારાથી શી રીતે કહેવાય? પરંતુ મને એટલી ખાતરી છે કે 'ઉપમા'નું વાચન અનર્થકારી નહિ બને. પ્રેમપ્રસંગોની વેવલાઈઓ, શૃંગારને નામે નીતિભ્રષ્ટતા, વગેરેથી હું દૂર રહ્યો છું.

ગુજરાતના નવસર્જકોને હાથે આજકાલ પ્રણયત્રિકોણનો જ પ્રશ્ન બહુધા ચડે છે, તેને બદલે જીવાતાં ગુર્જર જીવનમાંથી લલિત વાઙ્મય સર્જવાની તેમને ઈચ્છા થશે તોય હું મારો પ્રયાસ સફળ સમજીશ.

જનતા આજે પ્રણયપ્રસંગોનાં ટાયલાં ચિત્રણથી કંટાળી છે. તેનામાં કંઈક નવું વાચવાની ઈચ્છા જાગૃત થઈ છે. સાહિત્યમાં પ્રચારને સ્થાન હોવું જોઈએ કે નહિ, એ વિવાદાસ્પદ મુદ્દાને ન સ્પર્શીએ તો પણ સાહિત્ય માત્રનું વાચન વૃત્તિનું ઊર્ધ્વીકરણ કરનાર હોવું જોઈએ એની કોઈથી ના ન કહી શકાય. તેવા મુદ્દાને લક્ષ્યમાં રાખીને જનતાની વાચનભૂખ સંતોષવા પ્રયત્નશીલ થવું ઘટે.

'શાકુંતલ'માં કાલિદાસે નિરૂપેલ પ્રેમ કેવી ભવ્યતાપૂર્વક પાર્થિવ રીતે શરૂ થઈ સ્વર્ગીયતામાં પરિણમે છે! આજની પ્રયણકથાઓમાં આ તાજગી કે તાકાત છે? પ્રણયત્રિકોણનો પ્રશ્ન ઘણા લેખકો માટે ખાબોચિયાવત બની ગયો છે. જો તેઓ એ ખાબોચિયામાંથી બહાર નહીં આવે તો કોહવાશે.

મેં ખાબોચિયાની બહાર જવા પ્રયાસ કર્યો છે: કદાચ મુક્ત વાતાવરણની તાજગી હું ન ઝીલી શકયો હોઉં અને વાર્તા શુષ્ક બની હોય–પરંતુ સર્જકોને માટે હાલ સાચી દિશા તો આ જ છે તેમાં મને સંશય નથી.

જીવનમાં પ્રેમ કરવા બેસવામાં તો લગભગ બધા પોતાની સમગ્ર પ્રવૃત્તિનો બહુ ઓછો ભાગ રોકતા હોય છે. ઘણાંખરાં માનવમે તો ટકી રહેવા માટે જ કારમો પ્રયત્ન કરવાનો હોય છે. એ બધી ધમાલમાં નિરાંતથી પ્રેમ કરવાની ન તો પુરસદ હોય છે કે ન તો સગવડ. તો પછી જીવનનો જે થોડો જ અંશ રોકે છે તેને જ કાયમ આલેખ્યા કરવાને બદલે જીવનનો જે મહદ અંશ છે તેના પર કલમ ચલાવવી એ વધારે બંધબેસતું નથી? સૌ કોઈને અકળાવતા જીવનકલહનું નિરૂપણ જો બરાબર કરતાં આવડે તો અવશ્ય રસપ્રદ થવાનું.

લોકો જીવનકલહમાં માત્ર ટકી રહેવા નહીં પણ, મહત્ત્વાકાંક્ષાઘેલી આજની દુનિયામાં તો આગળ નીકળી જવા દોડાદોડી કરતાં હોય છે. ઘણાં સારાં માણસો પણ આ દોડાદોડીમાં જીવનનો સંદેશ વિસરી જાય છે. જે સાધન માત્ર છે તેને સાધ્ય માની લેવાની ભૂલ ઘણાં કરી બેસે છે. આ રીતે જો પ્રવૃત્તિનો છંદ લાગે તો તેમાંથી અનર્થ નીપજે છે.

જીવનમાં આપણે ઘણી વાર જોઈએ છીએ કે સામાન્ય માનવ જ્યાંસુધી સમૃદ્ધિ અને સત્તાવિહોણો હોય છે ત્યાંસુધી જીવનનાં નૈતિક મુલ્યાંકનો પ્રત્યે મીટ માંડી રહેતા એ માનવની માણુસાઈની પારાશીશી ઘણીવાર ઊંચી હોય છે. પણ એ જ માનવને સત્તા કે સમૃદ્ધિનું ઘેલું લાગે અને જેમ જેમ તે મળતાં જાય તેમ તેમ તેની માણુસાઈની પારાશીશી નીચી ઊતરતી આવે છે. એ દોડતો હોય છે કો પરમ સુખની આશામાં, પરંતુ અજાણતાં જ તેણે દિશા ગ્રહી હોય છે તદ્દન ઉલટી જ. સુખ માત્ર પૈસાથી નથી સાંપડતું, એ તો 'ત્રિવેદીના' જીવન પર નજર નાંખતાં ય સમજાય તેવું છે.

ખોટાં સાધનોનો પ્રેરાયો માનવ સુખની પાછળ દોડવાના પ્રયત્નમાં અવળી જ દિશા પકડી બેસે છે એ જીવનની મહાન કરુણતા છે. માનવતાના હ્રાસ સમી બીજી કઈ કરુણતા છે? એ કરુણતા પ્રત્યે હડસેલાયે

જતા સુરેશને ઉપમાનું મૃત્યુ ચેતવણીરૂપ બને છે. સુરેશ ઉપમા સમી સંગાથિની ગુમાવીને ય બચી જાય છે. ઈશ્વરી આફતમાં આવા કંઈ કંઈ સંકેત નહિ ભર્યા હોય તેમ કોણ કહી શકશે? આપણે જે વસ્તુ નથી સમજી શકતા તેને 'ઈશ્વરી આફત' કહી રોઈને બેસી રહીએ છીએ. પરંતુ જેમનાં જીવનમાં કુટિલતા ઊંડે ઊતરી નથી ગઈ તેમને બચાવવા જ ઈશ્વરી આફત આવતી હોય તો ના નહિ.

કોઈ ખલનાયક દ્વારા નિષ્પન્ન કરાતી કરુણતા ઘણી સામાન્ય વસ્તુ છે. બર્નાર્ડ શૉ તેને સસ્તી સનસનાટી માને છે. માનવસ્વભાવની ત્રુટિમાંથી પરિણમતી કરુણતાનું નિદર્શન જ ભવ્ય બને છે. સૌ પોતપોતાની દૃષ્ટિને સ્વાભાવિક વર્તન કરી રહ્યાં હોય અને છતાં સ્વભાવની જ કો ક્ષતિને કારણે કરુણ અંત આવે તે સાહિત્યદૃષ્ટિએ ઉચ્ચ કક્ષાનું કલાનિરૂપણ છે.

'ઉપમા'માં મેં કોઈ પાત્રને નિર્ભેળ બદમાશ નથી ચીતર્યું. એવા બદમાશો જગતમાં જૂજજાજ જ હશે એમ કહીએ તો ય ખોટું નથી. સુરેશ કોઈની બદમાશીનો ભોગ નથી બન્યો. કિલ્લા સર કરવાની કોઈ અદમ્ય ભાવનાથી પ્રેરાયો એ જીવનનાં સાચાં મૂલ્યાંકનોને વિસરી બેસે છે. સુરેશ તુમાખીનો સામનો કરી શકે છે. પણ જ્યારે કોઈ વ્યક્તિ તેને ગોળથી મારવા મથે છે ત્યારે સુરેશ નિરૂપાય બની જાય છે. એ છે તેના સ્વભાવની નબળાઈ. પૈસાના મોહમાં તે ઉપમાને બેવફા નથી બનતો, પરંતુ થોડા વખત પુરતું તેના મનમાં ઉપમા કરતાં પૈસાનું પલ્લું ભારે બને છે. એ ભૂલનો આંચકાભર્યો ખ્યાલ તેને ઉપમાના મૃત્યુથી આવે છે.

વાચકો તેમના મન પર પડેલ 'ઉપમા'ની છાપ બાબત મને લખશે તો હું તેમનો આભારી થઈશ.

'ઉપમા'ના સર્જન અને પ્રકાશનમાં મને મદદરૂપ થનાર મિત્રોનો હું આભારી છું. મારી લાંબી માંદગી દરમ્યાન લખાએલી આ નવલને અનેક અણધાર્યા ખૂણેથી આશીર્વાદ સાંપડ્યા છે. એ બધાનો હું ઋણી છું.

કૂલછાબ કાર્યાલય
રાણપુર (B. S. Ry.)
તા. ૧-૧-૪૫

બાબુભાઈ પ્રા. વૈદ્ય

અ નુ ક્ર મ

૨૫૨૩૪

ઉપમા

૧ : કૉલેજની મસ્તી

'ના—ના, એ તો ન જ ચલાવી લેવાય.' સુરેશે મક્કમતાથી કહ્યું.

'તું તો ઉતાવળો બહુ !' અનન્તે ક્ચવાતાં કહ્યું.

'મારે તમારા જેવા ડાહ્યા નથી થવું.'

'પરિસ્થિતિનો પૂરતો ખ્યાલ કર્યા વિના આંધળિયાં કરવાથી શો લાભ છે?'

'એ લાભ ગેરલાભનો હિસાબ સોંપ્યો તમને.'

'પણ તારો વિચાર શો છે?'

'બીજો કંઇ નહીં.'

'ક્રાન્તિનો ઝંડો રોપવો છે?'

'ના—ના, એ માટે તો હું ઘણો નાનો છું: ઉમર કરતાં લાયકાતની દૃષ્ટિએ!'

'ત્યારે ભાઈ! અમારી વાત માની જા ને!'

'શું માની જઉં?'

'કાલે ઇનામના મેળાવડામાં હજુરને જરા વાંકા વળી સલામ ભરી લેવી અને જરા ડગલાં પાછેપગે ચાલી લેવું.'

'એવું વર્તન તમને માણસાઇભર્યું લાગે છે?'

'માણસાઇ ને ફાણસાઇ! જેવા સંજોગોમાં મુકાઇએ તે પ્રમાણે વર્તવું.'

'કોઇ પણ સંજોગમાં માણસે સ્વમાન તો ન જ ગુમાવવું જોઇએ!'

'સ્વમાન સાચવવા જતાં જીવન ધૂળધાણી થઇ જતું હોય.....'

'સ્વમાનને ભોગે જીવન ટકાવવાનો કંઇ અર્થ નથી.'

'આવી બધી તુમાખી તો પૈસાદારના છોકરાઓને પોસાય. આપણને ગરીબ ને સત્તાની સામે થવું કેમ ફાવે?'

'કોઇની સામે થવાનો આમાં સવાલ જ ક્યાં છે? પણ આપણને કોઇ નાક લીટી તાણવા કહે તે તો આપણે ન જ કબૂલી લેવું જોઇએ. ગરીબો પણ આખરે માણસો તો છે જ!'

'બહુ જોર કરવા જઇશ તો સ્કોલરશીપ તૂટી જશે'

'સ્કૉલરશીપ કાંઈ ધર્માદાની નથી મળતી. પહેલો આવ્યો છું અને શિષ્યવૃત્તિ મેળવી છે. એ તો મારો અધિકાર છે.'

'દેશી રાજ્યોમાં અધિકારની વાત ન કરવી. તને તો હજી કૉલેજમાં આવ્યાને બે વર્ષે ય નથી થયાં. હું અહીં ચાર વર્ષથી ટીપાઉં છું.'

'એમાં આવા ઠંડાગાર થઇ ગયા છો! ભયંકર છે આ દેશી રાજ્યોની ઝેરી હવા, જે જીવતાં જાગતાં માનવીને ચાર વર્ષમાં તો મુડદું બનાવી દે છે.' સુરેશે તીખળી સ્વરે કહ્યું.

'તારો એ કટાક્ષ નિરર્થક છે. વ્યાવહારિક દૃષ્ટિએ મારી જ વાત સાચી છે. તારા મનમાં બહુ જોર રહેતું હોય તો આવની કાલે કરી જો અખતરો હજુરનું અપમાન કરવાનો, અને પછી જોઇ લે મજા! પછી થઇ લેજે સ્કૉલર! પછી મેળવી લેજે મારી! પછી રાખી જોજે પ્રોફેસરો સાથે સંબંધ!' અનન્ત ખરેખર ચીડાઇ ગયો.

'અનન્તભાઇ, એમ ચીડાઈ ન જાઓ. કૉલેજમાં તો સંસ્કાર ને સ્વાધીનતાના પાઠ શીખવા જોઈએ. કેલેન્જિયનો ખુશામતખોર દરબારીઓની જેમ 'બાપુ'ને લળીલળીને સલામ ભરે કે પાછે પગલે મુજરો કરતા ચાલે, એ દૃશ્ય જ મને હાસ્યાસ્પદ લાગે છે.' કહી સુરેશ હસી પડ્યો. અનન્ત પણ થોડું હસ્યો.

અનન્ત અને સુરેશ બ્રાહ્મણબોર્ડિંગમાં રહીને વીરસિંહ કૉલેજમાં અભ્યાસ કરતા હતા. બંને ગરીબ માબાપના છોકરા હતા. એક જ નાતના હતા. અનન્ત બી. એ. ના છેલ્લા વર્ષમાં હતો. સુરેશ, ઈન્ટર આર્ટ્સમાં અભ્યાસ કરતો હતો. બંને એક જ ઓરડીમાં રહેતા હતા.

સુરેશ તેફાની વિદ્યાર્થી ગણાતો. કૉલેજમાં તેમ જ બોર્ડિંગમાં તેનાં તોફાન જાણીતાં હતાં. અનન્ત ક્યારેક તેને એવું તોફાન કરવા માટે ઠપકો આપતો તો સુરેશ નીચે મોએ સાંભળી લેતો.

સુરેશ જે બોર્ડિંગમાં રહેતો હતો, તેનો ગૃહપતિ લહેરી માણસ હતો. ગૃહપતિ તરીકે તે કડક ગણાતો. છાત્રોને બરાબર નવને ટકોરે સૌ સૌની ઓરડીમાં પેસાડી દઈ પોતે સીનેમા જોવા ચાલ્યો જતો; રાત્રે મોડા મોડા આવીને તે છાત્રાલયમાં ખુલ્લા ચોગાનમાં ખાટલો પાથરી ઊંઘી રહેતો.

છાત્રો ઓરડીમાં બફાઇ મરે અને ગૃહપતિ ખુલ્લામાં સુવે તેની સ્વાભાવિક જ બધાને અદેખાઇ થતી. સૌ પાછળથી કચકચ કરતા, પણ ગૃહપતિને મોઢે કંઇ કહી શકતા નહિ. ખુલ્લા ચોગાનમાં સુવાની તો ઘણાને ઈચ્છા થતી, પણ કડક ગૃહપતિ કોઇને ય એવી છૂટ લેવા ન દેતો.

'જુઓ ભાઇ !' એક દિવસ સુરેશે ગૃહપતિની રેવડી કરવાના ઇરાદાથી દરખાસ્ત મૂકી: 'તમારો સૌનો સહકાર હોય તો આપણે ગૃહપતિની ચોગાનમાં સુવાની ખો ભુલાવી દઇએ.'

બધાને દાઝ તો હતી. સુરેશને સાથ આપવાની સૌએ ઇંતેજારી દર્શાવી.

તે દિવસે રાત્રે ત્રણ વાગ્યે સુરેશે પોતાના ચાર જોડીદારોને જગાડયા. છાત્રાલયનો મુખ્ય દરવાજો ઉઘાડી નાખ્યો. કોઈ સ્ફટિક બીમ્બ ઊપાડતા હોય તેટલી કાળજીથી ચાર જણાએ ગૃહપતિનો ખાટલો જરી પણ અવાજ કે આંચકા વિના ઉપાડયો. એક જણ ફાનસ લઇ આગળ થયો. બહુ જ કાળજીપૂર્વક ચાર રસ્તાના ચોક વચ્ચે ઊંઘતા ગૃહપતિને ખાટલાસહ મૂકી દેવામાં આવ્યો. ખાટલો મૂકી, બધા ગુપચૂપ છાત્રાલયમાં આવી ઊંઘી ગયા..

પાંચેક વાગે ચોકિયાતે ગૃહપતિને ઉઠાડયો. પોતાને રસ્તા વચ્ચે જોતાં ગૃહપતિની અજાયબીનો પાર ન રહ્યો. ચોકિયાત ખડખડાટ હસી રહ્યો હતો. ગૃહપતિના ગુસ્સાનો પાર ન હતો. પણ ગુસ્સો કર્યે તેનું શું વળે તેમ હતું ? ખાટલો ઉપાડી તે છાત્રાલયમાં પાછો આવ્યો. દરરોજ છ વાગ્યે ઊઠતા છાત્રો આજે એક સાથે વહેલા ઊઠી કામે લાગી ગયા હતા તેની રેવડી થઇ તે બધાએ જોઇ ગૃહપતિએ થોડી રાડારાડ કરી, પણ કોઇએ તેના પ્રત્યે લક્ષ્ય ન આપ્યું. કોના પર ગુસ્સે થવું, કોને ધમકાવવો તેની સમજણ ન પડતાં ગૃહપતિ વિહ્વળ બની ગયો.

સુરેશ પર તેને શંકા ગઇ, પણ એ તો એવી ગંભીરતાપૂર્વક પોતાનું કામ કરી રહ્યો હતો કે ગૃહપતિ તેને ધમકાવવાનું સાહસ કરી શક્યો નહિ.

આ પ્રસંગ પછી ગૃહપતિ સુરેશ પર ખાસ નજર રાખતો. તક મળે તો સુરેશને છાત્રાલયમાંથી કાઢી મૂકવાની, પણ તેની વેતરણ હતી.

'મીસ્ટર, તમે સંધ્યા કરો છો ?' ગૃહપતિને આખરે સુરેશને ફસાવવાનું એક બહાનું મળી ગયું.

'કેમ ?' સુરેશે તેની સામે જોઈ રહેતાં પૂછ્યું.

'તમારે માથે ચોટલી કેમ નથી ?'

'એ તો નથી.' સુરેશે માથા પર હાથ ફેરવતાં રમૂજપૂર્વક કહ્યું.

'એ નહીં ચાલે !' ગૃહપતિનો રૂવાબ વધ્યે જતો હતો.

'કાં ?' સુરેશને મજા પડતી હતી.

'દરેક છાત્રે સવારસાંજ નિયમિત સંધ્યા કરવાનો આ સંસ્થાનો નિયમ છે.'

'પણ માથે ચોટલી જ નથી, એટલે એ નિયમનું પાલન કઇ રીતે થઇ શકે ?' સુરેશે ગમ્મત કરતાં કહ્યું. એ જાણતો હતો કે, બ્રાહ્મણત્વની શુદ્ધિ જાળવવાનો

આગ્રહ સેવતો ગૃહપતિ પોતે હોટેલમાં ચા પીતો, સવારે મોડામોડા ઊઠી ચા પીધા પછી જ મીઠાના કોગળાથી દાતણ પતાવી લેતો, અને ચોરીછૂપીથી પાયખાનામાં બીડીના ધુમાડા ફેલાવતો જ શૌચનું કામ પતાવતો. પોતે કદી સંધ્યા ન કરતો ગૃહપતિ માટે તેના મનમાં એક જાતનો તિરસ્કાર ઉત્પન્ન થયો હતો.

'તો બોર્ડિંગ છોડી દો. નિયમનો ભંગ હું નહીં સહી શકું.'

'ખરું છે. ન તો આપે નિયમભંગ સહેવો જોઈએ, કે ન તો જાતે કોઈ નિયમભંગ કરવો જોઈએ.' સુરેશે ઠંડે કલેજે કહ્યું.

સુરેશના કટાક્ષથી બધા છાત્રો હસી પડ્યા. ગૃહપતિ છેડાઈ પડ્યોઃ 'જોઉં છું તમે બોર્ડીંગમાં કેમ રહી શકો છો!' ગૃહપતિ ધૂંધવાતો ચાલ્યો ગયો.

ગૃહપતિએ મંત્રીને ફરિયાદ કરી. મંત્રીને ય ગુનો ભયંકર ભાસ્યો. આવા નાસ્તિક છોકરાને રૂખસદ આપવી જોઈએ એમ તેમને લાગ્યું, પણ એ છોકરાને દાખલ કેમ કરેલ તે યાદ કરતાં તેમને પોતાના ખાસ મિત્ર જયાશંકર સાંભર્યા. જયાશંકરે તેની દૂરની નાતમાંથી આ ચાલાક છોકરાને તેમની પુત્રી-ઉપમા આપીને જમાઈ બનાવવા ધારેલ. એની અંગત ભલામણથી જ ગરીબ માબાપના દીકરાને વિના તડખડે છાત્રાલયમાં જગ્યા મળી હતી. એને કાઢી મૂકવાનું ઠીક ન કહેવાય. નાહક જયાશંકરને દુઃખ થાય.

'માસ્તર, એ વિદ્યાર્થીને મારી પાસે મોકલજો. હું તેને સમજાવી દઈશ.' મંત્રીએ ગૃહપતિને સૂચવ્યું.

ગૃહપતિ નિરાશ થઈ ગયો. સુરેશને મડગડિયું આપી દેવાની સત્તા તેના હાથમાં ન સોંપાઈ તેથી તેને દુઃખ થયું.

સુરેશને સમજાવવા જતાં મંત્રી પોતે સમજી ગયા. છાત્રાલયના વિદ્યાર્થીઓ પરથી ફરજિયાત સંધ્યા કરવાનો બોજો ઉઠાવી લેવામાં આવ્યો. ગૃહપતિની હાર થઈ. સુરેશ જીત્યો. એ પછી અન્ય છાત્રો સુરેશ તરફ માનભરી નજરે જોતા. અનન્તને પણ તે પાણીદાર લાગ્યો હતો.

કૉલેજના પહેલા વર્ષમાં પહેલે નંબરે પાસ થયા બદલ સુરેશને શિષ્યવૃત્તિ મળી હતી. ચર્ચામંડળનું પ્રથમ ઈનામ પણ તેને ભાગે આવ્યું હતું.

ઇનામો ખુદ મહારાજા સાહેબને હાથે વહેંચાવાનાં હતાં. મહારાજા પહેલી જ વખત કૉલેજમાં પધારતા હતા. અગાઉ એક વખત કૉલેજ સ્થપાયા પછી પહેલી વખતનાં યુનિવર્સિટીનાં પરિણામ મહારાજા સાહેબને જણાવવા પ્રિન્સિપાલ પોતે હજુરબંગલે ગયા હતા.

'આવો, માસ્તર!' નામદાર મહારાજાએ પ્રિન્સિપાલને જોઈને કહ્યું. તેઓશ્રીના મનમાં પંદર રૂપિયા કમાતા ને બારસો રૂપિયા કમાતા શિક્ષક વચ્ચે કંઈ ભેદભાવ ન હતો.

'જી, નામદાર !' પ્રિન્સિપાલે મુગલાઈ હાથથી સલામ ભરતાં કહ્યું.

'શું આવ્યા છો ?' મહારાજાએ રસપૂર્વક પૂછ્યું.

'નામદાર, કોલેજના વિદ્યાર્થીઓનું પરિણામ આવ્યું તેની આપશ્રીને જાણ કરવા આવ્યો છું.'

'બોલો–બોલો ! આપણા છોકરા કેવા પાસ થયા ?' મહારાજાએ ભાવપૂર્વક પૂછ્યુ.

'નામદાર, આપણી કોલેજના છોકરાઓ પાસ તો ઝાઝા થયા. પણ બીજી કોલેજોમાંથી વિદ્યાર્થીઓ જેમ ફર્સ્ટ ક્લાસ ને સેકંડ ક્લાસમાં આવે છે તેમ આપણી કોલેજમાંથી કોઈ ન આવ્યું.'

'કેમ એમ ?' મહારાજાએ લાગણીપૂર્વક પૂછ્યું.

'આપણી કાંઇ વગ નહીં ને !' પ્રિન્સિપાલે લાચારીપૂર્વક જણાવ્યું

'તો પછી આપણા છોકરાઓ માટે મારૂં સલૂન મોકલી દેવું જોઈતુ હતું ! એમ કાંઇ ચાલશે ?' મહારાજાએ ઉદારતાથી કહ્યુ.

એ પ્રસંગ પછી પ્રિન્સિપાલ મહારાજા પાસે જતા નહીં. ઘણા વર્ષ સુધી તેમની એ ટેક ટકયા પછી પાછો આ ઇનામના મેળાવડાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો. પ્રિન્સિપાલે મેળાવડાને બને તેટલો ભવ્ય બનાવવા સ્વયં તાતાળ એક કર્યાં હતાં. વિદ્યાર્થીઓને બરાબર સુસજ્જ થઇ આવવા તેણે ભારપૂર્વક કહ્યું હતુ. નામદાર મહારાજાના હાથથી ઇનામ લીધા પછી, તેઓશ્રીને કેવી રીતે કુરનસ બજાવવી, ને કેમ પાછા હઠવું–તેની ઇનામ મેળવનારાઓને તાલીમ આપવાનું તેણે મેળાવડા પહેલાં ચાર દિવસથી શરૂ કર્યું હતું.

કુરનસના આ ફરમાનથી સુરેશ તો સ્તબ્ધ થઇ ગયો હતો. સંસ્કારની પ્રતિમા ગણાતા પ્રિન્સિપાલ ખુશામતની આટલી અધમ કક્ષાએ ઉતરી શકે છે એ જોતાં તેને આઘાત થયો હતો. અનન્ત સાથે તેને એ બાબત ખૂબ ચર્ચા થતી. અનન્ત તેને સમયાનુસાર વર્તી લેવા કહેતો, પણ સુરેશનું મન તે કબૂલતું નહીં. અનન્તનો અનહદ આગ્રહ છતાં તેણે તો મહારાજાના હાથમાંથી ઇનામ લીધા પછી સીધા 'એબાઉટ–ટર્ન' થઈને જ ચાલવાનો નિર્ણય પોતાના મનથી કરી લીધો હતો.

દેશી રાજ્યમાં હજુરનું આટલું ભયંકર અપમાન કરવાની હિંમત હજી કોઇએ કરી ન હતી. નામદારને પોતાને દિલ્હીમાં વાઇસરોય પાસે જે રીતે વાંકા વળી સલામો ભરવી પડતી, તેથી સત્તરગણી ખુશામત એ મહારાજાઓ પોતાની પ્રજા ને અમલદારો પાસેથી પામવાનો આગ્રહ રાખતા.

સુરેશે ઇનામના મેળાવડામાં માણસાઇપૂર્વક વર્તવાનું નક્કી કરી લીધુ. અનન્તને તેની અવળાઇથી દુઃખ થયું.

૨ : એ કેમ બને ?

આજે દિવસે ઇનામનો મેળાવડો હતો. અનન્તે ગઇ રાત્રે સુરેશ સાથે ચર્ચા કર્યા પછી, તેની સાથે બોલવાનું બંધ કર્યું હતું. સુરેશ તેની વાત નહીં જ માને તેની એને ખાતરી થઇ ગઇ હતી. લીધેલી વાત કદી ન મૂકવી એ સુરેશનો મોટામાં મોટો દુર્ગુણ હતો એમ અનન્ત માનતો હતો.

અનન્તાની સેવા તે નાના ભાઇ માફક કરતો. તેને ચા કરી આપવી, તેનાં કપડાં ગોઠવી આપવાં કે એવાં કામમાં સુરેશ પાછો ન પડતો. કયારેક અનન્તનું માથું દુઃખતું હોય તો સુરેશ કલાક સુધી તેનું માથું બામથી ઘસી દેતો, પણ એનો એ જ સુરેશ કોઈ પણ વાતનો નિર્ણય કરી લીધા પછી કોઇને ય ગાંઠતો નહીં : અનન્તને પણ નહીં !

સુરેશ પણ ગંભીર વિચારમાં હતો. તેણે માણસાઇપૂર્વક વર્તવાનો નિર્ણય તો કર્યો હતો, પણ પીળા પ્રદેશના અંધારપટે એમ વર્તનાર પર શું નું શું થાય તેની કલ્પના તેને મૂંઝવતી હતી. કોલેજ છોડવી પડે તેથી તે ડરતો ન હતો. બીજી ઘણી કોલેજો હતી, જેમાં એ ભણી શકે, પણ દેશી રાજ્યમાં સીધાં પગલાં જ લેવાં એવો કયાં નિયમ હોય છે ? ઘડીભર તેને એવો વિચાર પણ આવ્યો કે તેણે મેળાવડામાં જવું જ નહીં. પણ એમ કરવામાં તેને નમાલાપણું લાગ્યું. જવું તો ખરું ! મહારાજાને પીઠ બતાવવી પણ ખરી ! પછી જે થાય તે જોઇ લેવું.

નાહીને સુરેશ તેની ઓરડીમાં આવ્યો ત્યારે અનન્તે તેને એક કવર આપ્યું. સરનામાના અક્ષર તેના પિતાના હતા. સુરેશે નિરાંતે માથું ઓળી કવર ખોલ્યું. કવર ખોલતી વખતે તેના મનમાં જરાશી પણ આશંકા ન હતી. જેમ જેમ તે પત્ર વાંચતો ગયો તેમ તેમ તેના મોઢા પરના ભાવ ફરતા ગયા. અનન્તે તો તે દિવસ પૂરતું તેની સાથે બોલવાનું જ બંધ કર્યું હોવાથી, તે કાગળ આપી વાંચવામાં તલ્લીન થઇ ગયો હતો. તેનું ધ્યાન સુરેશ તરફ ન ગયું.

'અનન્તભાઇ !' સુરેશે પત્ર વાંચી લીધા પછી તેની ઘડી વાળતાં આવેશપૂર્વક કહ્યું. પોતાના દિલનો ભાવ છુપાવવાની મહેનત કરવા છતાં તેમાં તે નિષ્ફળ ગયો હતો.

અનન્તે ચોપડીમાંથી ઊંચે જોયું. તેનો વિચાર સુરેશને કંઇ જવાબ દેવાનો ન હતો, પણ સુરેશનું ફીક્કું બનેલ મોં જોતાં તેનાથી પુછાઇ ગયું : 'કેમ ?'

'અનન્તભાઇ, તમારું ધાર્યું થશે.' સુરેશે નિરાશાપૂર્વક કહ્યું.

'શેમાં ?' અનન્તે આશ્ચર્યપૂર્વક પૂછ્યું.

'આજના મેળાવડામાં.' સુરેશે બાજુની ખુરશીમાં ફસડાઇ પડતાં કહ્યું.

'જેવી તારી મરજી ! બાકી મેં તો આજના મેળાવડા બાબત તને હવે કંઇ જ ન કહેવું એવો નિર્ણય કર્યો હતો. ભૂલભૂલમાં કંઇ કહેવાઈ ન જાય એટલા માટે આજના દિવસ પૂરતા તારી સાથે અબોલા લીધા હતા. એ તો ઠોકર લાગશે ત્યારે સમજણ આવશે. પણ તારું આવું ઢીલું મોં જોતાં મારો એ નિર્ણય ઓગળી ગયો.' અનન્તે સુરેશ સામે હસતાં કહ્યું.

'અજબ છો તમે ! મારી સાથે અબોલા !' સુરેશે હસવાનો નિષ્ફળ પ્રયત્ન કરતાં ઉચ્ચાર્યું.

'પણ તું આમ ફીક્કો કેમ પડી ગયો ? કાગળમાં શું છે ?' અનન્તે પૂછ્યું.

'મહારાજાને માનવતા દેખાડવાની ડંફાસ મારનારનો બલિ દેવાઇ રહ્યો છે.' સુરેશે ભાષણકર્તાની ઢબથી કહ્યું.

'પણ છે શું ?' અનન્તે સુરેશની હાસ્ય ને રૂદન વચ્ચે ઝોલા ખાતી મુદ્રા જોઇને હસી પડતાં પુનઃ સવાલ કર્યો.

'મારા બાપા મારી સગાઇ કરી નાખે છે.' સુરેશે રડતે રાગે કહ્યું.

'એમાં રડવા શાનો બેઠો છે ? એ તો આનંદની વાત કહેવાય. ત્યારે તો હવે અમને નાસ્તો કરાવી દે.'

'અનન્તભાઇ,' સુરેશે ઘણી જ ગંભીરતાપૂર્વક કહ્યું: 'આ મશ્કરીની વાત નથી. વાંચો આ કાગળ. બે દિવસ પછી મારા ચાંદલા થશે.'

'હા હા ! તેની હું પણ ક્યાં ના કહું છું ? માટે જ તો તારે આ શુભ પ્રસંગની ખુશાલીમાં......'

'શુભ પ્રસંગ !' સુરેશ વચ્ચે બરાડી ઊઠયો: 'આ શુભ પ્રસંગ ?'

'ત્યારે શું આ શોકપ્રસંગ ? પ્રભુતામાં પગલાં માંડવા કરતાં વિશેષ હર્ષની વાત બીજી શી હોઈ શકે ?'

'અનન્તભાઇ, હું તે શું નિર્જીવ વસ્તુ છું કે મારો સોદો કરી શકાય ?'

'આમાં સોદો કરવાનો પ્રશ્ન જ ક્યાં છે ?'

'ત્યારે બીજું શું છે ? જેને જોઇ નથી, જાણી નથી, તેની સાથે જીવન જોડી દેવું એ કલ્પના જ કેટલી બેહુદી છે !'

'એમાં બેહુદું કંઈ જ નથી.'

'અનન્તભાઇ, પ્રેમ એ લગ્ન—જીવનનો પાયો છે.'

'પરણ્યા પછી પ્રેમ કરજો: ઘણો અવકાશ રહેશે. કોઇ પ્રેમ કરીને પરણે, કોઇ પરણીને પ્રેમ કરે. એમાં નવાઇ જેવું શું છે?'

'પાયો પૂર્યા વિના મકાન ચણી કાઢવું?' સુરેશે પૂછ્યું.

'જે થયું તે અણથયું થવાનું નથી. હવે નાહક લોહીઉકાળો કરવાથી શું?'

'નહિ, હું તો અત્યારે જ જઉં છું, મારા બાપુ પાસે અને......'

'મને કાગળ તો જોવા દે.' અનન્તે કહ્યું.

સુરેશે કાગળ આપ્યો, તે શાંતિપૂર્વક વાંચ્યા પછી અનન્તે કહ્યું:

'જયાશંકરભાઇ જેવાની દીકરી લેવાની ગૌરીકાકા ના કેમ કહી શકે?'

'ના કેમ કહી શકાય? એ નિર્માલ્યતા મને ત્રાસજનક લાગે છે. બાપુએ મારા લગ્નની વાતમાં વચ્ચે પડવું જ શા માટે જોઇએ? મેં તેમને હજાર વખત સાફસાફ કહી દીધું છે કે, 'તમે ચાહો તો મારી ચામડીના જોડા બનાવી શકો છો, પણ મને જીવનભર કોઇ બલા સાથે વળગાડી દેવાનો અધિકાર તો તમને નથી—નથી ને નથી જ!' છતાંય પાછું આ એનું એ જ પ્રકરણ ઊભું થયું! એમને તો લ્હાવા લેવાની પડી છે! ઉતાવળ, કંઇ ઉતાવળ!'

'સગાઇ ક્યાં હજી કરી નાંખી છે? સગપણ તો બે દિવસ પછી થવાનું છે ને?'

'એ ખરૂં, પણ સગપણ થવાનું છે એટલા જ ખબર મને આપવા યોગ્ય કહેવાય? મને હા—નાનો અધિકાર પણ નહિ?'

'તારા બાપુ જે કરતા હશે તે તારા હિતમાં જ હશે.'

'મારૂં હિત હું સંભાળી શકું તેમ છું. મને લાગે છે કે બાપુ તેમના અધિકારથી આગળ વધી ગયા છે.'

'ગાંડાભાઇ! મોટેરાંઓની કંઇક તો આમન્યા રાખ.'

'આમન્યા બંને પક્ષે રાખવી જોઇએ. આજસુધી હું કદી બાપુની ઇચ્છા વિરૂદ્ધ વર્ત્યો નથી. તેમની ઇચ્છાને સદાય મેં દેવઆજ્ઞા માની છે. પણ જ્યાં જીવનની સાથી નક્કી કરવાનો પ્રશ્ન છે ત્યાં...'

'જીવનનાં સાથી નક્કી કરવાનો આ પ્રશ્ન જગતમાં સૌથી પહેલો તારે માટે જ ઉપસ્થિત થયો હોય એમ તને લાગે છે? એ પ્રશ્ન તો સૌને ઉભો થતો આવ્યો છે, અને સૌ જીવનમાં ગોઠવાઇ......'

'મારે સૌની વાત ન જોઇએ. હું તો જીવીશ મારી રીતે. હું અત્યારની જ ગાડીમાં જઉં છું નવાપુર. બાપુને સ્પષ્ટ વાત કરી નાખીશ કે સગપણ કરો તો તે મારી જોખમદારી સમજી લેજો. હું એમ પરણવાનો નથી.' સુરેશ ઉશ્કેરાઇ ગયો.

'રહેવા દેજે. એવું કંઈ ન કરીશ. તારા બાપુને જબ્બર આઘાત લાગશે.'

'આઘાત આજે જ લગાડી દઉં, એટલે ભવિષ્યના અનેક આઘાતોની પરંપરાથી બચી જવાય.'

'સુરેશ તારી અવળાઈ માઝા મૂકે છે.' અનન્તે કહ્યું.

'હવે મને વખત નથી. ગાડીનો સમય થવા આવ્યો છે. આજે મારે જવું જ જોઇએ.'

'પણ ઈનામનો મેળાવડો ?'

'મેળાવડો રહ્યો !' કહી સુરેશ કપડાં બાંધવા લાગ્યો.

અનન્તની સમજાવટ કામ ન લાગી. સુરેશ સવારની ગાડીમાં જ નવાપુર જવા ઊપડી ગયો. ગાડીમાં પવનની મીઠી લહેર આવતી હોવા છતાં સુરેશના ઉકળાટનો પાર ન હતો. સામાન્ય સંજોગોમાં બાજુના ઉતારૂઓ સાથે અલકમલકની વાતો કરનાર સુરેશ અત્યારે તદ્દન શાંત બેઠો હતો.

સુરેશ ઘેર પહોંચ્યો ત્યારે તેના પિતા—ગૌરીશંકર ગાયત્રી—સ્તવન કરતા જમવાની તૈયારી કરી રહ્યા હતા.

ગૌરીશંકર પંચાવન વર્ષના, ઘઉંવર્ણા, પવિત્ર બ્રાહ્મણ હતા. તેમના કપાળનું ત્રિપુંડ તેમની આસ્થાની નિશાનીરૂપ હતું. સ્વભાવે તે શાંત હતા. ઉશ્કેરાઇ જવામાં તે સમજતા નહીં. પિતા—પુત્રના સ્વભાવ આ બાબતમાં તદ્દન ઉલટા હતા. સુરેશ વાતવાતમાં ગરમ થઈ જતો. ગૌરીશંકર ગમે તેવા સંજોગોમાં માનસિક સ્થિરતા જાળવી શકતા. બોલતા તે બહુ થોડું, પણ પૂરતો વિચાર કરીને જ બોલતા. કોઇને ય નાખુશ કરતાં તેમને ક્ષોભ થતો, પણ ખુશામત કરતાં તો તેમને ય આવડતું નહીં. બનતાં સુધી તો તે અતડા જ રહેતા. સાચું કહી દેવાની તેમની આદતને અંગે તે લોકો સાથે બહુ ભળી શકતા નહીં. એમ છતાં પણ લોકોને તેમની સત્યનિષ્ઠા માટે બહુ માન હતું.

પંદર વર્ષ પહેલાં પત્ની ગુમાવ્યા પછી ગૌરીશંકર દરરોજ હાથે રસોઇ કરી એક વખત જમી લેતા.

'આવ્યો, ભાઇ ?' સુરેશને જોઇ ગૌરીશંકરે પાટલા પરથી ઉભા થતાં કહ્યું.

'જી !' કહી સુરેશ પિતાને પગે પડયો.

'કેમ ઓચિંતો ?'

'આપનો પત્ર મળ્યો એટલે...' સુરેશે અસ્વસ્થતા છુપાવવાનો યત્ન કરતાં કહ્યું.

'લે, હમણાં તો જમી લે!' પિતાએ સુરેશના હાથ ધોવડાવવા પાણીનો કળશો લેતાં કહ્યું.

સુરેશ કપડાં ઉતારવા અંદર ગયો.

થોડીવારે હાથપગ ધોઇ સુરેશ પિતા સાથે જમવા બેઠો.

પિતા–પુત્રે જમી લીધા પછી સુરેશ બંનેનાં વાસણ ઉપાડવા જતો હતો તેને રોકી ગૌરીશંકરે વહાલપૂર્વક કહ્યું: 'રહેવા દે! આજે જમનાબાઈ વાસણ સાફ કરી જશે'

વાસણ–રસોડું સાફ કરવાનું જમનાબાઇને સોંપી પિતા–પુત્ર બાજુના ઓરડામાં ગયા.

'લે, હવે બોલ ભાઇ! તારે શું કહેવાનું છે?' પિતાએ મિઠાશથી પૂછ્યું.

'આપે મારી સગાઇ કરી નાખી...' સુરેશે અધીરાઇપૂર્વક કહ્યું.

'હજી કરી નથી, કરવી છે.'

'મને પૂછવાનીય આપને જરૂર ન જણાઇ?'

'તને કાગળ તો લખ્યો છે.'

'–કે બે દિવસમાં તારી સગાઈ થઇ જશે. એ પૂછ્યું કહેવાય?' સુરેશ અનિચ્છા છતાં જરા આકળો થઈ ગયો.

'જયાશંકરભાઇની છોકરી! ખાનદાન કુટુંબ! મા વિનાની છોકરી! ઉપમાને ય મેં જોઇ છે. આપણું ઘર શોભાવે તેવી છે. મને બધી રીતે યોગ્ય લાગ્યું એટલે મેં હા કહી!' ગૌરીશંકરે શાંતિપૂર્વક કહ્યું.

'મારા લગ્નની?' સુરેશે જરી ઉશ્કેરાતાં પૂછ્યું.

'તું મારો પુત્ર છે ને!'

'તે આપના સેવા કરવા. આંખે પાટા બાંધીને પરણી લેવા નહીં.' મિજાજ ખોઇ બેસવો એ સુરેશને માટે ક્યાં નવી વાત હતી!

'તો પાટા છોડી તું પોતે ઉપમાને જોઈ આવ.' ગૌરીશંકર તો શાંત જ હતા.

'એ કેમ બને?'

'કેમ ન બને?'

'મને કદાચ એ પસંદ ન આવે તો?' સુરેશ શા માટે ઉપમાનું નામ લેતાં શરમાતો હતો? 'એ' કહેવામાં જ શું તેણે ઉપમાનો સ્વીકાર નહોતો કરી લીધો?

'તો તારે તાર કરી દેવો એટલે સગપણ કરવાનું માંડી વાળશું.' ગૌરીશંકરે કહ્યું.

'પણ જયાશંકરભાઇને માઠું...'

'એ વિચાર કરવા ન બેસાય. આવી નમાલી વાત માટે મારે મારો એકનો એક દીકરો નથી ખોવો. તું અત્યારની જ ગાડીમાં જા. રાત્રે સાડાસાતે ત્યાં પહોંચી જઈશ. કાલે સવારે પાછો આવતો રહેજે.'

સુરેશ શાંત થઇ ગયો. પિતા આટલી સરળતાથી માની જશે એવી તેને કલ્પના ય ન હતી. તેણે તો ભીષણ યુદ્ધની સંભાવના કલ્પી હતી. પિતા પોતાને શોધવાની પડતી તકલીફની વાતો કરશે, જયાશંકરભાઈની આબરૂને વચમાં લાવશે, પોતાની સાથે બોલવાનો વહેવાર પણ ન રાખવાની બીક દેખાડશે, એવીએવી કંઇક ભીતિઓ તેણે કલ્પી લીધી હતી. પણ અહીં તો એમાંનું કશું ન થયું.

પિતાએ તો શાંતિપૂર્વક કહી દીધું: 'તું છોકરી જોઇ આવ. તને પસંદ ન પડે તો સોદો રદ !' આ તો બધી જવાબદારી પોતાના ઉપર આવી પડી.

'પણ અત્યારે સગાઇ કરવાની ઉતાવળ શી છે ?' સુરેશે દાવ બદલ્યો. તે પોતે ય સમજ્યો કે તેની લડત તો પોતાના સગપણ બાબત છેલ્લો શબ્દ કહેવાનો અધિકાર મેળવવાની હતી. પણ એ પ્રશ્ન પૂરતી લડતની સંભવિતતા જ ન રહેતાં, તેણે હવે બીજાં બાનાં શોધવાની શરૂઆત કરી હતી.

'એટલું મારૂં માન રાખ. તું બપોરની જ ગાડીમાં જા. પણ મને એક વચન આપતો જા કે, જો તને ઉપમા ખરેખર ગમે તો માત્ર ના કહેવાને ખાતર ના ન કહેતો !' ગૌરીશંકરે સુરેશ તરફ આજીજીભરી નજર નાખી.

પોતાને માતાની ખોટ ન લાગવા દેનાર પિતાની આવી ઉદારતાએ સુરેશના મનને પીગળાવી દીધું. સુરેશે પિતાને કદી લાચારી કરતા જોયા ન હતા. કોઈની લાચારી ન કરવા માટે જ તેમણે સુરેશને પોતાની સાથે રાખી મોટો કર્યો હતો. અત્યારે તેમના મુખ પરની લાચારી જોતાં સુરેશને પોતાની જાત માટે શરમ લાગી. અને પિતાની ઉદારતાને ય ક્યાં સીમા હતી ? સુરેશ જો ના કહે તો સગપણની વાત પડતી મૂકવાનું તેમણે કબૂલ્યું હતું. જયાશંકરભાઇ જેવા આબરૂદાર—અમલદારને માઠું લગાડવું એટલે શું તેનો સુરેશને ખ્યાલ હતો. પિતા પોતાને માટે એ જોખમ લેવા પણ તૈયાર છે, તો પછી પોતે શા માટે ઉપમાને જોવા ન જવું ? એથી ક્યાં બંધાઇ જવું પડે તેમ છે ? ના કહેવાની તો છૂટ રહે છે ને ! પિતાના માનને ખાતરે જવું તો ખરૂં. પછી પડશે તેવા દેવાશે.

પણ ગૌરીશંકરને તો ખાતરી હતી કે ઉપમાને જોયા પછી સુરેશ સગપણની ના કહી શકવાનો નથી.

સુરેશ ઉપમાને જોવા ઉપડયો.

તે દિવસ સુરેશને માટે જાણે ગાડીમાં ફરવાનો વાર હતો.

૩ : કબૂલ

જયાશંકરભાઇની ગણતરી મોટા ઘરમાં થતી. તેમને ઘેર અનેકવાર નાતનાં મોટાં જમણ થયાં હતાં. એ પોતે એક પછી એક એમ ચાર વખત વાજતેગાજતે, ધામધૂમથી પરણ્યા હતા. દોઢસો રૂપિયાના એ અમલદાર હતા. પણ દોઢસો રૂપિયાના પગાર પાછળ બીજી ફાલતુ આવક કેટલી હોઇ શકે તેનો લોકોને બરાબર ખ્યાલ હતો, ગાડી-ઘોડો જયાશંકરભાઇની સાહ્યબીમાં અનિવાર્ય મનાતાં. જયાશંકરભાઇનું જીવન ઘણું ખર્ચાળ હતું. રસોયો, પટાવાળો, તેમજ કામવાળાં વિના તેમને ચાલતું નહીં.

એમને ત્યાં મહેમાન થનાર નાતીલાઓ એમની રિદ્ધિસિદ્ધિથી અંજાઇ જતા. મહેમાન સાથે જયાશંકરભાઇ માત્ર જમવાને વખતે બેસી શકતા—કોઇ અગત્યનું મહેમાન હોય તો સાંજે ફરીને આવ્યા પછી તે અડધોક કલાક તેની સાથે ગાળતા. પણ જયાશંકરભાઈની ગેરહાજરીમાં ય તેમનાં માણસો મેમાનનો એટલી સુંદર બરદાસ્ત કરતાં કે મહેમાનને કશી ઉણપ ન લાગતી.

જયાશંકરભાઇની ચોથી વારની પત્ની-મુક્તા ફરવાની ખાસ શોખીન હતી, એટલે સાંજના બે કલાક તો, ગમેતેમ સમય મેળવીને ય તેમને ફરવા નીકળી જવું પડતું. રસોયો હતો એટલે રાંધવાની કશી ચિંતા ન હતી.

જયાશંકરભાઇને પહેલી ત્રણ પત્નીથી દરેકની એકએક એમ ત્રણ દીકરીઓ જ થઇ હતી. મુક્તાને એક દીકરો હતો. મોટી બે છોકરીઓને પરણાવી દીધી હતી. તેમના પતિ આબરૂદાર કુટુંબોમાંહેના હોવા છતાં એ બંને દીકરીઓ ખાસ સુખી ન હતી. તેમના પર અનેક જાતનો ઝીણો મોટો ત્રાસ હતો. પૈસાદાર ઘર શોધવા જતાં નિરાશ થયેલા જયાશંકરભાઈએ તેમની છેલ્લી પુત્રી ઉપમા માટે કોઇ સામાન્ય સ્થિતિનો પણ ભણેલ મૂરતિયો શોધવાનો વિચાર રાખ્યો હતો.

સુરેશ પર તેમનું મન ઠર્યું હતું. ગરીબ તો તે હતો, પણ તેની બુદ્ધિ-શક્તિ માટે તેના હેડમાસ્તરનો બહુ ઊંચો અભિપ્રાય હતો.

પોતાના એક મિત્ર નર્મદાશંકરભાઇને કહી જયાશંકરભાઈએ સુરેશને કોલેજમાં દાખલ કરાવ્યો હતો. કોલેજમાં તેને પ્રથમ વર્ષમાં પહેલો આવેલો જાણ્યા પછી તો તેમનો સુરેશને જમાઇ બનાવવાનો વિચાર નિશ્ચિત થઇ ગયો હતો.

સુરેશના પિતા-ગૌરીશંકરને બોલાવી જ્યારે જયાશંકરભાઇએ તેમનો વિચાર જણાવ્યો ત્યારે ગૌરીશંકરભાઇ તો આશ્ચર્યમગ્ન બનવાથી કંઇ બોલી શક્યા

નહીં. જયાશંકરભાઇ પોતાને વેવાઈ કરવા ધારે એ વાત તેમની કલ્પનામાં ઊતરતી ન હતી. તેમાં ય જ્યારે સોળ વર્ષની ઉપમા ચા લઈને આવી ત્યારે તો ગૌરીશંકર પોતે પૃથ્વી પર છે એ વાત જ વિસરી ગયા. ઉપમા ખરેખર અનુપમ હતી. લાવણ્ય–મૃદુતા અને બુદ્ધિનો તેનામાં ત્રિવેણી સંગમ હતો.

'બોલો, આપનો શો વિચાર છે ?' ચા પીધા પછી જયાશંકરભાઈએ પૂછ્યું.

'મારામાં તો હું આપના વેવાઇ થવાની લાયકાત જોતો નથી.' ગૌરીશંકરે નરમાશથી વિનીત ભાવે કહ્યું.

'એ તો મારે જોવાનું છે ને ! આપ મારી દીકરીને સ્વીકારી શકશો ?' જયાશંકરભાઇએ ગૌરીશંકરના પગ પકડી પગે લાગતાં કહ્યું.

'અરે–અરે ! આપ સુરેશને ઉપમા આપો એથી મોટો ઉપકાર મારી કલ્પનામાં આવી શકતો નથી. પણ...' કહી ગૌરીશંકર અટક્યા. જયાશંકરભાઇના વિવેકથી એ મહાત થઇ ગયા હતા.

'પણ શું ?'

'છોકરાનો મત તો...'

'એ બધાં આ જમાનાનાં ગાંડપણમાં તમે માનો છો કે ? હું કે તમે શું ઉપમા કે સુરેશ માટે કાળજી રાખવામાં કંઇ ખામી રાખશું ? તમારી ને મારી બુદ્ધિ વધારે ઠરેલ કે ઉપમા ને સુરેશની ? હા, ઉપમાને કાને મેં વાત નાખી છે. તમે ય સુરેશને જરૂર વાત કરજો. પણ સગપણનો નિર્ણય તો આપણે બે કરીએ તે જ ઠીક એમ હું ધારું છું. સુરેશનું મન હોય તો એક આંટો અહીં ભલે આવી જાય. પણ તે ય સગાઇ પછી રાખે તો મજા પડશે.'

ગૌરીશંકર જયાશંકરભાઇને કંઇ જવાબ ન દઇ શક્યા. પહેલામાં પહેલી તકે સારે મુહૂર્તે ચાંદલા કરવાનું નક્કી કરી બંને છૂટા પડ્યા.

છૂટા પડ્યા પછી ગૌરીશંકરને લાગ્યું કે તેમણે જરા ઉતાવળ કરી. સુરેશને એની મેળે નક્કી કરવાની તક આપી હોત તો તે વધારે ઠીક ગણાત. ઘેર પહોંચી એમણે તરત જ સુરેશને કાગળ લખી નાખ્યો. કાગળના જવાબમાં સુરેશ આવ્યો અને ઉપમાને મળવા–જેવા ઉપડ્યો ય ખરો !

સુરેશ જ્યારે જયાશંકરભાઇને ઘેર પહોંચ્યો ત્યારે અંધારું થતું આવતું હતું. જયાશંકરભાઇના મકાનમાં દીવા થઇ ગયા હતા. ગાડીમાંથી ઊતરી તેણે બહાર બેઠેલા પટાવાળાને પૂછ્યું: 'જયાશંકરભાઇનું ઘર આ જ કે ?'

'કેમ, સાહેબને મળવું છે ?'

'હા.' સુરેશે કહ્યું.

'સાહેબ તો ફરવા ગયા છે.' પટાવાળાએ કહ્યું, અને સુરેશના હાથમાંની ઝોળી લેઇ ઉમેર્યું : 'આપ મહેમાન છો ?'

'હા.' સુરેશે શરમાતાં કહ્યું. વધતા જતા અંધારામાં પટાવાળાએ તેના ગાલ પરના શરમના શેરડા જોયા નહિ.

'આપ પધારોને અંદર !' પટાવાળો સુરેશને માર્ગ દેખાડવા આગળ થયો. સુરેશ પટાવાળાની પાછળ ઘરમાં દાખલ થયો.

ઘર ઘણું જ વ્યવસ્થિત અને સ્વચ્છ હતું. સુંદર, કળામય આકર્ષક ચિત્રોથી ઘરની દીવાલો શોભતી હતી. સોફા અને ખુરશીની ગોઠવણીમાં પણ સફાઇ દેખાઈ આવતી હતી. ટેબલ પરની ફૂલદાનીઓ ખંડના સૌંદર્યમાં ઓર ઉમેરો કરતી હતી. પટાવાળાઓ મકાન આટલું સુંદર રાખે જ નહીં. આ ગોઠવણી પાછળ તો કોઇ શોખીન વ્યક્તિના સ્પર્શની ઝાંખી સ્પષ્ટ હતી. ચિત્રો, દીવાઓ, રાચરચીલું અને ભોંયે પાથરેલ શેતરંજી એ બધાંમાં એવી સુમેળભરી કલા વર્ણાઇ હતી કે જોનાર મુગ્ધ થઇ જાય. એ બધાંના સુમેળથી એક નવું ચિત્ર ખડું થતું હતું.

સુરેશ પોતાના હાથમાંની ઝોળી ક્યાં મૂકવી તેના વિચારમાં પડી ગયો. ઝોળી કઈ જગ્યાએ મૂકવાથી ખંડની સુશોભિતતામાં અડચણ ન આવે તેની ઘડભાંજ સુરેશના મનમાં મચી રહી.

'લાવો, આપની ઝોળી મૂકી દઉં.' પટાવાળાએ સુરેશનું મનોમંથન જાણી લીધું હોય તેમ કહ્યું

સુરેશે ઝોળી પટાવાળાને આપી. પટાવાળાએ ખૂણાના એક કબાટનો પડદો ઊંચો કરી તેની અંદર તે મૂકી દીધી

'આપ બેસોને !' પટાવાળાએ વિવેકથી કહ્યું.

સુરેશ એક સોફામાં બેઠો. અજાણ્યા વાતાવરણની મોહકતા હજી સુરેશને નવાં અક્કડ કપડાંની માફક બંધબેસતી નહોતી લાગતી. પટાવાળો જતો રહ્યો. થોડી જ વારે અંદરના ઓરડામાં કોઇ મીઠે સ્વરે ગાતું સંભળાયું.

જે ઓરડામાંથી અવાજ આવ્યો એ તરફ સ્વાભાવિક જ સુરેશનું ધ્યાન ગયું. પણ ત્યાં કોઇ દેખાય તેમ ન હતું. અવાજની કોમળતા અને સંસ્કારિતા સુરેશને ગમી. કોનો અવાજ હશે એ ? ઉપમાનો ? કે કોઇ બીજાનો ? એ મધુર સ્વર ઉપમાનો જ હોય તો એ સ્વરધારિણીનું સ્વરૂપ કેવું હશે ? આવી સાહ્યબીમાં રહેનાર સહજ જ આછકલી તો હશે ને ? મીઠા—મોહક અવાજ હોય એટલે સ્વભાવ પણ સરળ હોય એમ કેમ માની શકાય ? સુરેશ વિચારઘોડે ચડી

કલ્પના-વિહાર કરવા લાગ્યો હતો, ત્યાં જ વાઘજીએ-પટ્ટાવાળાએ પાછા આવી તેને દુન્યવી વાતાવરણમાં લાવી મૂકતાં ઉચ્ચાર્યું: 'બેન, મહેમાન છે'

'એમને બેસાડ, હું આવું છું.' પાછો અંદરથી એનો એ પ્રગલ્ભ સ્વર રણક્યો. હવે સુરેશ એ સ્વરનાં તત્ત્વોનું પૃથક્કરણ કરવા, કે એ સ્વરની ઓથે કલ્પના-મહેલો રચવા તત્પર ન થયો. હવે તો તેને એ સ્વરધારિણીને સાક્ષાત જોવાની તાલાવેલી લાગી.

વાઘજી સુરેશને એકલો મૂકી પાછો બહાર જતો રહ્યો. સુરેશે ભીંતો પરનાં ચિત્રોનું નિરીક્ષણ કરવાનો પ્રયત્ન કર્યો છતાં ય તેની આંખો બાજુના ઓરડાનાં બારણાં તરફ ફરીફરીને જવા લાગી. થોડીક ક્ષણોનો આવો પ્રયત્ન સુરેશને ઘણો આકરો લાગ્યો. છેવટે તેણે હારી જઇને ચિત્રો જોવાનું માંડી વાળી, એ બારણામાંથી આવનારની-ઉપમાની પ્રતીક્ષા કરવા માંડી.

ઉપમા પ્રવેશી. સુરેશને જોઈ તે પળવાર ખચકાઇ, નહીં કે તે સુરેશને ઓળખી ગઇ હતી એટલા માટે, પણ મહેમાન આવડા નાના હોવાને કારણે.

સુરેશ ઉપમાને જોઇ રહ્યો. ઉપમાના લાવણ્યે તે સ્તબ્ધ બની ગયો. પાતળી દેહકાઠી, ગૌર વર્ણ, અણીદાર નમણું નાક, મીઠી-મોટી આંખો, નાની-નમણી મોંફાડ. મરોડનાર ડોક, વાંકડીયા કાળા વાળ અને ઘાટીલા હાથ ઉપમાને અનેરૂં સૌંદર્ય બક્ષતાં હતાં. અજાણી યુવતી સામે ટીકી રહેવામાં થતા ઔચિત્યભંગના ખ્યાલ છતાં, સુરેશ ઉપમા પરથી નજર ખેસવી શક્યો નહીં. પણ આ અજાણી યુવતી ક્યાં અજાણી રહેવાની હતી! એ તો કદાચ તેનું અંગ જ બની રહેવાની હોય! ઉપમાને નજર દ્વારા પીતો સુરેશ હર્ષભર્યા રોમાંચ અનુભવી રહ્યો. ઉપમાને બારણાં વચ્ચે જરા અટકતી જોતાં સુરેશને તેને 'આવોને!' કહેવાનું મન થઈ ગયું. પરંતુ ઉપમાના સૌંદર્યે તેના પર ચલાવેલ જાદુમાંથી તે મુક્ત થયો ન હતો, એટલે કંઇ બોલી શક્યો નહીં.

ઉપમા મીઠું સ્મિત કરતી અંદર આવી. તેની સ્વચ્છ, શ્વેત, હારબંધ દંતાવલિએ સુરેશને વશ કરી લીધો. સુરેશને ઉપમા કોઈ ઇતર લોકની સુંદરી હોય તેવી લાગી. વીજળીના દીવાના પ્રકાશમાં ઝગાંહળાં થતું તેનું અનુપમ લાવણ્ય સુરેશને પાર્થિવ ન લાગ્યું. સુરેશ તેની સામે જોઇ રહ્યો. 'અત્યારની ગાડીમાં આવ્યા?' ઉપમાએ કપડાં સંકોરી સુરેશની સામેની ખુરશીમાં બેસતાં પૂછ્યું.

સુરેશ તો બાઘીલા માફક જોઇ જ રહ્યો હતો. ઉપમાના પ્રશ્નનો જવાબ આપવો જોઇએ એટલું ય ભાન તેને ન રહ્યું. પ્રથમ દર્શને પ્રેમનો એ ઉછાળામાં ઉછળ્યો હાખલો હતો.

'બાપુજી તો ફરવા ગયા છે.' સુરેશને શાંત જોઇ કંઇવારે ઉપમાએ કહ્યું.

'ક્યારે આવશે?' સુરેશને આ વાર્તાલાપમાં ભળ્યા વિના છૂટકો ન હતો.

'એમને તો હજી થોડી વાર લાગશે.' ઉપમાએ ઘડિયાળ સામે જોતાં કહ્યું.

'બહુ દૂર ફરવા જાય છે?'

'ના, દૂર તો નહીં પણ આખા દિવસના કામથી થાક્યા હોય એટલે અત્યારે જરા ખુલ્લી હવામાં બેસે.'

વળી વાત બંધ પડી.

સામાન્ય રીતે વાતોડિયો ગણાતો સુરેશ અત્યારે કંઇ વાત કરી શકતો ન હતો. ઉપમાના લાવણ્યે તેના પર ચલાવેલ જાદુની અસરથી તેની વાત કરવાની શક્તિ કુંઠિત થઇ ગઇ હોય એમ લાગતું હતું.

'તમારે ઉતાવળ તો નથી ને?' વળી ઉપમાએ પૂછ્યું.

'ના—ના, એવું તો કંઇ નહીં.' કહી પાછો સુરેશ વાતનો વિષય શોધવા પ્રયત્ન કરવા લાગ્યો.

'કયે ગામથી આવ્યા છો?' ઉપમાએ સીધો સવાલ પૂછ્યો.

'હું? હું નવાપુરથી આવ્યો છું.' સુરેશે કહ્યું.

ઉપમાની આંખો ચમકી ઉઠી. તેની ખુશીમાં તેણે બરાબર ગોઠવાવા પ્રયત્ન કર્યો. સુરેશને તેણે ઓળખી લીધો.

સંવનનનો આવી પડેલો આવો અણધાર્યો પ્રસંગ તેને ગમ્યો. થોડું ટીખળ કરવાનું ય તેને મન થયું. સુરેશને બાઘાલા માફક જોઇ રહેલો જોતાં હવે તો તેને તેના કાન આમળવાનું મન થયું. સુરેશની હોશિયારીની વાતો તેણે જયાશંકરભાઇ પાસેથી સાંભળી હતી. તેને બનાવવાનું ઉપમાને ગમ્યું. સુરેશનાં કોલેજનાં તોફાન બાબત પણ તેણે સાંભળ્યું હતું. તેને બનાવવાનો આવો સરસ પ્રસંગ મળતાં ઉપમા ખુશ થઈ ગઇ.

'એમ કે?' ઉપમાએ ઠાવકી રીતે કહ્યું: 'શું કરો છો?'

સુરેશ ઉપમાના અવાજમાં થયેલ ફેર સમજી શક્યો નહીં: 'ભણું છું.'

'નવાપુરમાં?'

'ના, બીજે.'

'મેટ્રિકમાં છો?' ઉપમાનો રંગ જામતો હતો.

'ના, કોલેજમાં ભણું છું' સુરેશ ભોટાને ઉપમાના ટીખળી અવાજની ખબર પડતી ન હતી.

'ઓ—હો ! ત્યારે તો ઘણું ભણી નાખ્યું. હવે તો કોઇ નોકરી શોધતા હશો. બાપુજી પાસેથી ભલામણચિઠ્ઠી લેઇતી હશે.'

'ના, હજી તો મારે ભણવું છે.'

'હજી?' ઉપમાએ કૃત્રિમ આશ્ચર્યમાં મોં પહોળું કરતાં પૂછ્યું: 'બહુ ભણવાથી થાક નહીં લાગતો હોય?'

'થાક લાગે તે કેમ ચાલે?' સુરેશે કહ્યું.

'ત્યારે શું તમે બાપુજી પાસેથી કંઇ શિષ્યવૃત્તિ મેળવવાની આશાએ આવ્યા છો?' ઉપમાએ બની શકે તેટલું નિર્દોષ મોં કરી પૂછ્યું. સુરેશ એ મોંના ભાવ પાછળની નાટકીયતા હજી પારખી શક્યો ન હતો. હજી તે જાદુમાંથી મુક્ત થયો હોય એમ નહોતું લાગતું.

'ના—ના. હું તો બીજે કામે આવ્યો છું.'

'બાપુજીની ઉપમાને જોવા?' કહી ઉપમા ખડખડાટ હસી પડી.

સુરેશ પહેલાં તો તેના મુક્ત હાસ્યથી ડઘાઇ ગયો, પણ તરત જ તેને પરિસ્થિતિની હાસ્યજનકતા સમજાઈ અને તે ય હસવા લાગ્યો. 'તમે જ ઉપમા?' હવે તેણે પૂછ્યું.

'બહુ મોડી ઓળખી! એ નહીં ચાલે!' ઉપમાએ આછો છણકો કરતાં કહ્યું.

'હું તો આવ્યો છું,' સુરેશે કહ્યું: 'બાપુજીને કહેવા કે મારી સંમતિ વિના મારા પિતાએ કબૂલેલું સમર્પણ મને માન્ય નથી.'

સુરેશ ઉપમાને ચમકાવવા માગતો હતો, પણ એના મોઢા પરના ભાવ કહી આપતા હતા કે તે હવે ઉપમાને છોડી શકે તેમ ન હતો. ઉપમાએ પણ એ ભાવ વાંચી લીધો હતો.

'પણ ઉપમાને જ તમે પસંદ ન હો તો?' ઉપમાની આંખનું તોફાન આ વખતે સુરેશ પરખી શક્યો.

'તો પછી સુરેશને માટે જીવનનો—પરિણીત જીવનનો સવાલ જ ક્યાં રહે છે? પછી સુરેશમાં ને સાધુમાં શો ફેર?' સુરેશે પણ નાટક ભજવી બતાવ્યું.

બહાર બેઠેલ વાઘજી આ નાટકનો સંવાદ સાંભળી ન જાય તેટલી કાળજી તો બંને રાખતાં હતાં.

'પણ ઉપમા સાધુરામને તપોભ્રષ્ટ કરવામાં રાચતી હોય તો?'

'તો સાધુને વૈરાગ્ય પર એટલો મોહ નથી જેટલો ઉપમા પર છે.

અને બંને હસી પડ્યાં.

બહાર ગાડી ઊભી રહ્યાનો અવાજ બંનેએ સાંભળ્યો.

'બાપુજી ને બાઈ આવ્યાં.' ઉપમાએ કહ્યું: 'હું જઉં છું. હવે તમે ઉપમાને જોવા કરતાં આ ઓરડામાં ઉપમાએ ગોઠવેલાં ચિત્રો જુઓ.'

'પણ.....' સુરેશ વાક્ય પૂરું કરે તે પહેલાં તો ઉપમા જતી રહી.'

થોડી જ મિનિટના સહવાસમાં ઉપમાએ સુરેશનું હૃદય જીતી લીધું. ઉપમાને જોવાનો, સગપણની હા–ના કરવાનો, જયાશંકરભાઇને સીધુંસટ સુણાવી દેવાનો પ્રસંગ જ ક્યાં રહ્યો? આજ સુરેશના ધાર્યાથી બધું ઉલટું જ થતું હતું. તેણે જ્યાં તકરારની સંભાવના કલ્પી હોય ત્યાં તેનો માર્ગ સરળ બની જતો હતો. સુરેશ સમજ્યો કે ઉપમા જ તેની સાથીદાર બનવા સર્જાએલી છે. ઉપમામાં સૌંદર્ય અને બુદ્ધિનો અજબ સંયોગ હતો. કોઇ પણ સ્ત્રી પહેલે જ પ્રસંગે પુરૂષ સાથે આટલી છૂટથી વાત કરી શકે એ નવાઇ જેવું હતું. ભલેને પછી તે પુરૂષ સાથે તેનાં લગ્ન થવાનાં હોય! સ્ત્રીસહજ સંકોચ સુરેશે ઉપમામાં ન જોયો. ઉપમાની મધુરી ટીખળવૃત્તિએ સુરેશને મુગ્ધ કરી દીધો.

ઉપમા સાથેનો વિવાહ સુરેશે મનથી કબૂલી લીધો.

•

૪ : એટલુંય ન સમજું ?

જયાશંકરભાઇ અને મુક્તા પ્રવેશ્યાં.

જયાશંકરભાઇ પીસ્તાલીસ વર્ષના હતા. તેમના મુખપર ગૌરવ તરી આવતું હતું. પીસ્તાલીસ વર્ષે પણ તેમના શરીરનો બાંધો સુદૃઢ હતો.

મુક્તા સતાવીશ વર્ષની હતી. તેની અને જયાશંકરભાઇની ઉમરમાં અઢાર વર્ષનો તફાવત હોવા છતાં બંને પતિ–પત્ની છે એમ એમને જોતાં જ લાગે તેમ હતું.

મુક્તાગૌરી, ઉંચા અને જરા સ્થૂલ સ્ત્રી હતી. વાળ, કપડાં, ઘરેણાં, ચંપલ વગેરેની છેલ્લામાં છેલ્લી ફેશનને અપનાવવાનો તેનો ખાસ આગ્રહ હતો. એ બધી ટાપટીપની તૈયારીઓમાં તેનો એટલો બધો વખત જતો કે તેને ઘરની બાબતો પર ધ્યાન આપવા પૂરતો વખત ન મળી શકતો. એટલા માટે જ ઉપમા પર તેને ખાસ પ્રેમ ન હોવા છતાં ઘરનો બધો વહીવટ તેણે તેને સોંપ્યો હતો.

ઉપમામાં સરસ વ્યવસ્થાશક્તિ હતી. જ્યાં જ્યાં તેનો હાથ ફરતો ત્યાં ત્યાં અનુપમ સુંદરતા ખીલી ઊઠતી. જમતી વખતે ભોજન પીરસવાથી માંડીને ઘરનાં

શય ગોઠવવા સુધીની દરેક બાબતમાં ઉપમાની સૌંદર્યદૃષ્ટિ તરી આવતી. જયાશંકરભાઇને એ બધું બહુ ગમતું મુક્તાને પણ તે ગમતું તો ખરું જ—જો તેને પોતાને એ બધું કરવા માટે પોતાનો અમૂલ્ય સમય ન બગાડવો પડતો હોય તો! ઉપમા માતાની આ મુશ્કેલી સમજતી અને તેથી કોઇ દિવસ તેને તકલીફ ન આપતી.

મુક્તા આવી સમજુ દીકરીને, ઓરમાન હોવા છતાં નભાવી શકતી. નભાવી શકતી એટલે પ્યાર કરતી એમ નહીં, પણ તેને તેની રીતે જીવવા દેતી. ઉપમા બાઈની આડે ક્યારે ય આવતી નહીં. બાઈને ગમતું જ બધું કરવાની તે ખાસ ચીવટ રાખતી. એ છતાં ય જ્યારે જયાશંકરભાઇ ઉપમા સાથે હસીને વાત કરતા અને પુત્રીની હસમુખી મુદ્રા જોઇ ખુશ થતા ત્યારે મુક્તાને ગમતું નહીં. એવે હરપ્રસંગે મુક્તાનું મોઢું ચડી જતું. પતિને પોતાના કરતાં પુત્રીમાં વધારે રસ પડે, એ તેનાથી જોવાતું નહીં પણ જયાશંકરભાઇને એ રીતે પુત્રી પર ખુશ થવાના પ્રસંગ જુજજાજ જ આવતા.

જયાશંકરભાઇ તો મુક્તાનું એવું માનસ પરખી શકતા નહીં, પણ ચબરાક ઉપમા બાઇનો ભાવ બરાબર સમજી શકતી.

'ઉપમા,' ક્યારેક તેના ગૃહવ્યવસ્થાથી ખુશ થઇ જયાશંકરભાઇ કહેતા: 'તું ન હો તો ઘરનું આ કાવ્ય માર્યું જાય, હો!'

'એવું તે કાંઇ હોતું હશે?' ઉપમા પિતાના વખાણથી મલકાયા વિના કહેતી.

'તારા વિના આ બધી માથાકૂટ કોણ કરે તેમ છે?'

'મારી બાઈ.' ઉપમા પાસે જ બેઠેલ મુક્તાને ખુશ કરવા કહેતી.

'તારી બાઇ? એને એવી જંજાળ ગમે કે?'

'એમને ગમતું હોય તો જ મને આ બધું શીખવેને?'

'તું આવી સુંદર વ્યવસ્થા અને ગોઠવણ કરવાનું તારી બાઇ પાસેથી શીખી?' જયાશંકરભાઇ હસી પડી પૂછતા.

'ના, તમારી પાસેથી.' ઉપમા કહેતી.

બધાં હસી પડતાં.

'તારા બાપુજીને મારી કિંમત થવાની જ નથી' મુક્તા કહેતી

'ના—ના, એમ તો નહીં,' જયાશંકરભાઇ ટીખળી સ્વરે કહેતા: 'જો બ્લાઉઝના છેલ્લામાં છેલ્લા કટ, પીન ખોસવાની નવીન ફેશન......'

'હા—હા, એ સિવાય બીજું અમને ક્યાંથી આવડે?' મુક્તા થોડું રીસાતાં કહેતી

જયાશંકરભાઇ વાતને જુદો ઝોક આપી દેતા.

ઉપમા પોતાનો પક્ષ લે છતાં આવા પ્રસંગોની મુક્તાનાં મન પરા જુદી જ અસર થતી. પુત્રી આટલી બધી ચાલાક ગણાય તે અપરમાતાને પસંદ ન હતું. બધાં તેનાથી ઉતરતાં હોવાં જોઇએ એવી તેની માન્યતા હતી.

જયાશંકરભાઇને ભવાડાનો જબ્બર કંટાળો હતો, તેમના ઘરમાં ઝગડા થાય તે એમની કલ્પનામાં ય ન આવી શકતું. પોતાના ઘરને તે બીજાં બધાંથી જુદી જ કક્ષાનું ગણતા. પોતાની સંસ્કારિતામાં તેમને અજબ શ્રદ્ધા હતી. બીજી રીતે મુક્તાને આધીન રહેતા જયાશંકરભાઇ તેનામાં કજિયાળાપણું જુએ તો બહુ નાખુશ થાય તેની મુક્તાને ખબર હતી. પરિણામે મુક્તા ક્યારે ય ઉપમા સાથે સીધી તકરાર ન કરતી એ ખરૂં, પણ તેથી અપરમાતાના હૃદયમાં વસતો દ્વેષભાવ મુક્તામાં ન હતો એમ માનવાને કોઈ જ કારણ ન હતું.

મુક્તા ઉપમાની માતા નહોતી બની, એટલું જ નહીં પણ સમોવડિયણની માફક ઉપમાને કહી 'સંભળાવવાનો પ્રસંગ પણ જતો ન કરી શકતી

ઉપમા દેખીતી રીતે શાંત લાગવા છતાં તેનું હૃદય જરા આળું હતું. નાનોશો આઘાત પણ તેના પર અસર કરી જતો, બોલતી તે બહુ નહીં પણ આઘાતને— માનસિક આઘાતને—હરપ્રસંગે તેનાં હૃદયમાં ગાંઠ પડી જતી.

જયાશંકરભાઇએ ઉપમાને ગરીબ કુટુંબમાં પરણાવવાનું નક્કી કર્યું તે મુક્તાને ગમ્યું હતું. ગરીબ કુટુંબમાં પરણવાથી ઉપમાનો મિજાજ ઠેકાણે આવી જશે એમ તે માનતી હતી.

મુક્તાએ હસતાં હસતાં ઉપમાને કહી પણ લીધું હતું કે, 'બેન, હવે તમે ઘર શણગારવાની પાછળ શક્તિનો વ્યય કરવાને બદલે થોડાં સાધનોમાં ઘરનું પૂરૂં કેમ કરવું તેની તાલીમ લેતાં જાઓ.'

'કેમ ?'

'તમારા બાપુજી તમને ગરીબ કુટુંબમાં દેવા માગે છે.'

ઉપમા મૂંગી મૂંગી જોઈ રહી.

'જો કે સુરેશ ભણવામાં બહુ હોશિયાર છે. કાલે સવારે કમાતો થઇ જશે, પણ...'

'એમાં શું ? મારે જોતું હશે તે હું તમારી પાસેથી લઇ જઇશ.'

'હા—હા, તમારે જોઇએ તે તમારૂં જ છે. પણ એમ માગ્યે કણબીએ કાંઇ ગામ વસે ? આપણે તો બધી વાતે દુ:ખ છે. બે મોટી બેનોને આબરૂદાર ઘર જોઈને દીધી છે તો વરનાં ઠેકાણાં નથી. તમારે માટે વર જોવા જઇએ. છીએ તો ઘરનાં ઠેકાણાં નથી. જો કે તમને તો અમે દુ:ખી નહીં જ થવા દઇએ. તમારા બાપુજીને કહી હું સુરેશને લાઇન પર ચડાવી દઇશ. તમારે ય જે કાંઈ જોતું હશે તે હું આપીશ.'

ઉપમાને ડંખ લાગી ગયો. માતાએ પોતાપર કટાક્ષ કર્યો, તેનું તેને દુઃખ થયું. મનમાં ગાંઠ પડી ગઇ, પણ બોલીને બગાડે એ ઉપમા નહિ. તેણે હસીને વાત ઉડાવી દીધી.

જયાશંકરભાઇ અને મુક્તા આવ્યાં એટલે સુરેશે ઊભા થઇ તેમને નમસ્કાર કર્યા અને પિતાનો કાગળ આપ્યો જયાશંકરભાઈ કાગળ વાંચવા લાગ્યા અને મુક્તા અંદર જવા ફરી.

' અરે, જમાઇનાં મીઠડાં લીધા વિના ક્યાં ચાલી? તેં સુરેશભાઇને ન ઓળખ્યા?' જયાશંકરભાઈએ કાગળ વાંચતાં કહ્યું.

મુક્તા પાછી ફરી. સુરેશ તેને પગે લાગ્યો. મુક્તાએ તેનાં દુઃખડાં લીધાં. ઉપમા બાજુના ઓરડામાંથી પોતે ન દેખાય તેમ બધું જોઇ રહી હતી.

'સાંભળ, કાગળ સાંભળ !' જયાશંકરભાઇએ મુક્તાને કહ્યું.

'કોનો, ગૌરીશંકરભાઈનો છે ?'

'હા.'

'શું છે ?'

'સાંભળ !' કહી જયાશંકરભાઈ કાગળ વાંચવા લાગ્યા:

'સ્નેહી ભાઇશ્રી,

આપની સાથે ચિ. ઉપમા ને સુરેશનાં સગપણનું નક્કી કર્યા પછી સુરેશને એ બાબત વાત કરતાં તેનો વિચાર આપને રૂબરૂ મળીને વાત કરવાનો છે, એટલા માટે આજે તેને મોકલેલ છે. મારાં મુક્તાબેનને પ્રણામ. ઉપમા-રમુને આશિષ. એજ,

લી. ગૌરીશંકરના ઘટિત.'

'હા...!' મુક્તાએ આશ્ચર્યભરી નજરે સુરેશ સામે જોતાં કહ્યું: 'બેસો તો ખરા !'

સુરેશ બેઠો, ત્રણેય બેઠાં.

'બોલો, શું કહેવાનું છે ?' જયાશંકરભાઇએ સુરેશને પૂછયું.

'આપ મને' સુરેશે જરા અચકાતાં કહ્યું: 'જમાઇ બનાવો છો...'

'હા.' જયાશંકરભાઇએ વચ્ચે જ મિઠાશપૂર્વક કહ્યું.

'આપ જાણતા હશો કે હું ગરીબ છું.' સુરેશ આવ્યો તો હતો બીજી વાત કરવા પણ ઉપમાને જોયા પછી તેણે વાતનો મુદ્દો બદલાવી નાખ્યો.

'મારે માટે એ કોઇ નવીન ખબર નથી.' જયાશંકરભાઇએ હસતાં કહ્યું.

'લગ્નપ્રસંગે આપ જે ખર્ચ કરો તે અમે...'

'તમને અમે ખર્ચ નહીં લાગવા દઇએ.' મુક્તાએ વચ્ચે કહ્યું.

'એ સામે જ મારો વાંધો છે.' સુરેશ તેનું મૂળ બાબાભોળાપણું પાછું મેળવી રહ્યો હતો.

'શાનો ?' મુક્તાએ પૂછ્યું.

'જે મારી શક્તિથી પર છે તે બીજાની મદદ લઇને કરવાનું હું કદી ન સ્વીકારું.' સુરેશના અવાજમાં રણકાર હતો.

'બરાબર છે.' જયાશંકરભાઈએ મુક્તાને બોલતી રોકીને વચ્ચે કહ્યું : 'હું તમારો મુદ્દો સમજું છું. તમારે ખર્ચમાં નહીં જ ઊતરવું પડે, બસ ?'

'એટલું બસ નથી.' સુરેશે કહ્યું.

'ત્યારે ?' વળી મુક્તાએ પૂછ્યું.

'લગ્નમાં ઓછામાંઓછું ખર્ચ થવું જોઈએ. તદ્દન સાદાઇથી જ લગ્ન પતવાં જોઈએ.' સુરેશે કહ્યું.

બાજુના ઓરડામાંથી સાંભળતી ઉપમા સુરેશની ચોકખુંચટ કહી દેવાની હિંમતથી ખુશ થઇ.

'અમારા પર પણ તમે શરત મૂકશો ?' મુક્તાએ 'તમે' પર ભાર મૂકતાં પૂછ્યું.

સુરેશે તેને કંઈ જવાબ ન દીધો.

'તમારી બધી વાત મારે મંજૂર છે તમારી ઇચ્છા મુજબ જ બધું થશે. બોલો, પછી ?' જયાશંકરભાઇએ બાળકને પટાવતા હોય તેવા સ્વરે કહ્યું.

સુરેશ ચૂપ થઇ ગયો.

'આટલી સામાન્ય વાત માટે તમારે ધકો ખાવો પડયો ?' કંઈ વારે જયાશંકરભાઇએ કહ્યું: 'એક કાગળ લખી નાખ્યો હોત તો ન ચાલત ? સમજુ વડીલોએ જમાઈની ઇચ્છાને માન આપવું જ જોઇએ. હું એટલું ય ન સમજું ?'

આ પ્રશ્નોના જવાબ આપવાની શક્તિ સુરેશમાં હતી નહીં. તે શરમાઇ ગયો. તેને શરમાતો જોઈ જયાશંકરભાઇએ ઊભા થઇ તેનો વાંસો થાબડતાં કહ્યું: 'હવે મારી શરતો સાંભળી લો.'

'શી ?' સુરેશે પૂછ્યું.

'તમારે ઉપમા સાથે પરણવું પડશે, અને......' જયાશંકરભાઇએ લહેરથી કહ્યું. ઉપમા સાથે પરણવાની વાતથી સુરેશ વિશેષ શરમાઇ ગયો.

'તમે ય શું સુરેશભાઇને શરમાવ્યા કરો છો ?' મુક્તાએ જમાઇની વહારે આવતાં વચ્ચે કહ્યું.

'મારી વાત તો પૂરી સાંભળ.' જયાશંકરભાઇએ કહ્યું.

'બોલો.' કહી મુક્તા ચૂપ થઇ ગઇ.

'તમારે આવતે વર્ષે ઉપમા સાથે પરણવું પડશે.'

'આવતે વર્ષે ?' સુરેશે પૂછ્યું.

'હા, ઉનાળે'

'પણ ત્યારે તો હજી હું બી. એ. માં.....'

'ઉપમા આવતે વર્ષે મેટ્રિક થશે. એ પછી મારે તેનાં લગ્ન કરી નાખવાં છે.'

'પણ મારૂં બી. એ. નું.....' સુરેશ પ્રયત્ન કરવા છતાં ય તીખી વાણી વાપરી શકતો ન હતો. પહેલી વખત તીખો થવા જતાં જયાશંકરભાઈએ તેને એવો મહાત કરી દીધો હતો કે હવે તે તીખો થતાં સ્વાભાવિક જ અચકાતો હતો. તેને કંઇ અઘટિત બોલાઇ જવાની દહેશત લાગતી હતી. બહુ જ થોડી વાતચીત દરમ્યાન જયાશંકરભાઇએ પોતાનું મુરબ્બીપણું સ્થાપી દીધું હતું: 'સમાધાન જેવા શબ્દની ખબર છે ને ?' જયાશંકરભાઇએ સ્મિત કરતાં પૂછ્યું. સુરેશે ડોકું હલાવી હા કહી.

'તો પછી બધી બાબતમાં તમારૂં જ ધાર્યું થાય તેવો હઠાગ્રહ રાખવાને બદલે બીજા કોઈનું ય થોડું માનતા જાઓ.' કહી જયાશંકરભાઇ ઊભા થયા.

સુરેશ સ્તબ્ધ બની ગયો હતો.

'ચાલો, ઘર બતાવું.' જયાશંકરભાઇએ સુરેશને કહ્યું

સુરેશ ઊભો થયો.

એ પછી વાતનું સુકાન જયાશંકરભાઈએ પોતાના હાથમાં લઇ લીધું હતું. મકાન બતાવતાં કે લાપસી ખાતાં જયાશંકરભાઇ જ વાતો કર્યે જતા હતા સુરેશ મૂંગો મૂંગો સાંભળ્યા કરતો હતો. વાતોમાં ને વાતોમાં જયાશંકરભાઇએ ઉપમા બાબતની ઘણી માહિતી સુરેશને આપી દીધી.

ઉપમાને ફરી જોવા સુરેશનું મન તલપી રહ્યું હતું, પણ ઉપમા તો દેખાતી જ ન હતી. છેક બીજે દિવસે કોલેજમાં જવા માટે સુરેશ જયાશંકરભાઇની રજા લઇ મુક્તા પાસે જતો હતો ત્યારે કોઇએ તેને કાગળનો ડુચો માર્યો. સુરેશે એ તરફ જોયું તો ઉપમા, 'આવજો, આવતે ઉનાળે !' કહી જતી રહી.

સુરેશ જોઇ રહ્યો. કંઇ બોલી શક્યો નહીં.

●

૫ : પાસ

ઉપમા મેટ્રિક પાસ થઇ. સુરેશ સિનિયર બી. એ. માં આવ્યો. ઉનાળાની રજાની શરૂઆતમાં સુરેશને જયાશંકરભાઈએ તાર કરી તેડાવ્યો. સુરેશ આવ્યા પછી તેને એકબાજુ લઇ જઇ જયાશંકરભાઇએ ધીમે અવાજે કહ્યું:

'તમારી સલાહ લેવી છે.'

'મારી ?'

'હા, તમારી ઇચ્છા મુજબ મારે ઉપમાનાં લગ્ન સાદાઈથી જ પતાવવાં છે, પણ તેમાં એક અડચણ ઊભી થઇ છે ?''

'શી ?'

'અમારા દીવાન સાહેબે હઠ લીધી છે કે તેમને તો ઉપમાના લગ્નમાં હાજરી આપવી જ છે. એમને આપણે ઘેર આવવા દેશું ? તમને વાંધો નથી ને ?'

'મને શો વાંધો હોય ?'

'સારૂં ત્યારે ! પણ અમે તેમને સારી ખુરશી પર બેસાડીએ કે કંઇ નાસ્તો કરાવીએ તેમાં......'

'તમે એવું જે કંઇ કરો તેમાં મને વાંધો નથી બાકી હું તો માત્ર ત્રણ જણા સાથે જ પરણવા આવીશ.' સુરેશે મક્કમતાથી કહ્યું

'ઓ–હો ! એ તો મારે કબૂલ જ છે. તમારી ઇચ્છા મુજબ જ બધું ગોઠવવા માટે તો તમારી સલાહ લઉં છું ને ! તમને ન ગમે તે અમારે નથી જ કરવું. પણ નોકરીને અંગે વિષમ પરિસ્થિતિ ઊભી થઇ એટલે તો તમારો મત લેવા તમને બોલાવવા પડયા.' જયાશંકરભાઇએ મિઠાશથી જ સુરેશને ગાળી નાખ્યો.

સુરેશ જયાશંકરભાઇની ચાલાકી સમજી શકયો પણ તેમની મિઠાશ અજેય હતી.

સુરેશના લગ્નમાં જયાશંકરભાઇએ તો બધી ધમાલ કરી. દીવાન સાહેબ, તેના સેક્રેટરી, તેનાં સંબંધી, તેમના ઘરમાંથી, તેમનાં સંબંધી, એમ પરંપરા ચાલુ થતાં લગભગ સવાસો માણસો માંડવે જમ્યાં. સુરેશની સાદાં લગ્નની કલ્પના બર ન આવી.

ઉપમાને ધામધૂમે પરણાવી, સારૂં એવું આણું પરિયાણું કરી સાસરે વળાવવામાં આવી.

ઉપમાને પુત્રવધૂ થયેલ જોઇ ગૌરીશંકરે પોતાના જીવનને ધન્ય માન્યું.

સુરેશને મન તો ઉપમા જીવનસર્વસ્વ હતી. ઉપમા તેની પ્રેરણા હતી. ઉપમા તેનું જીવન હતી.

લગ્ન પછી પંદરમે દિવસે સુરેશ કોલેજમાં ગયો અને સોળમે દિવસે ઉપમા પિયર પાછી ગઇ.

•

'સુરેશ !,' કૉલેજના સહાધ્યાયીઓએ કહ્યું: 'પરણવામાં તેં જરાક ઉતાવળ કરી. બી. એ. માં પહેલો વર્ગ મેળવ્યા પછી પરણ્યો હોત તો ?'

'લગ્ન શું એટલી અધમ સ્થિતિ છે કે માણસની બુદ્ધિ ઘસરી નાખે ?'

'એ બધી વાયડી વાતોમાં અમે ન સમજીએ. અમે તો એટલું જાણીએ કે પરણ્યા પછી કોઇ ઝાઝું ભણી શકતું નથી, એ નિયમ છે.' મિત્રોએ કહ્યું.

'નિયમને અપવાદ હોય છે. મને અપવાદ માનજો.' સુરેશે સુણાવ્યું.

પોતે કહેલ વાત ફડાકો ન ગણાઇ જાય એટલા માટે સુરેશે તેના અભ્યાસ પર ખૂબ ધ્યાન આપવા માંડયું. ઉપમા પર તે નિયમિત પત્ર લખતો. દીવાળીની રજામાં ઘેર ન આવતાં છાત્રાલયમાં રૈકાઇ વાંચવાનો વિચાર તેણે ઉપમાને લખી જણાવ્યો ત્યારે ઉપમાએ એ વિચારને ઉમળકાભેર વધાવી લીધો અને તેના જવાબમાં લખ્યું કે, 'તપ વિના સિદ્ધિ નહીં'

તે દિવસથી સુરેશે 'તપ વિના સિદ્ધિ નહીં.' એ વાકયને પોતાનો મુદ્રાલેખ બનાવ્યો. બુદ્ધિ તો સુરેશમાં હતી, તેમાં ભળી મહેનત. પરીક્ષા આપીને આવ્યો ત્યારે સુરેશને સારો નંબર મેળવવાની ખાતરી થઇ ગઇ હતી.

સુરેશ ઘેર પહોંચ્યો એ પહેલાં ઉપમા આવી ગઇ હતી. જે હાથોએ જયાશંકરભાઇનું ઘર શણગાર્યું હતું તે જ હાથ સુરેશના નાના ઘરને રૂપાળું બનાવી રહ્યા હતા. થોડાં સાધનો છતાં ઉપમાએ જે સુંદરતા ઊભી કરી હતી તે જોતાં સુરેશ ખુશ થઇ ગયો.

ગૌરીશંકર તો ઉપમાને દેવી ગણતા હતા. તેનાં પગલે પોતાના જીવનમાં પલટો આવશે એમ તે માનતા હતા. વર્ષોથી સ્ત્રીવિહોણા બનેલ ઘરમાં જે અવ્યવસ્થા જામી ગઇ હતી તેને ઉપમાએ દૂર કરી દીધી હતી. ગૌરીશંકરને ઉપમાની વ્યવસ્થાથી આનંદ થતો. ઘર સાફસૂફ કરતાં કે શણગારતાં ઉપમા કદી કંટાળતી નહીં. ઘરની પ્રત્યેક નિર્જીવ વસ્તુને તે પોતાના સ્પર્શથી જીવંત બનાવી દેતી.

'કેમ, પરીક્ષામાં કેવું કરી આવ્યા છો ?' ઉપમાએ સુરેશને પૂછ્યું.

'પાસ ! બીજું શું ?'

'તો ઠીક !'

'તું મેટ્રિક પાસ થઇ ગઇ ને મારાથી નાપાસ થવાય ?'

'મને તો તમે નાપાસ થવા લાયક ઠોઠા જ લાગ્યા છો.'

'તારી એ માન્યતા યુનિવર્સિટીને સ્વીકાર્ય નથી તો.'

'એમ !' ઉપમાએ લહેકો કરતાં પૂછ્યું: 'યુનિવરસિટી તમને શું નવાજી દેવાની છે ?'

'પહેલો નંબર નહીં તો પહેલો વર્ગ તો જરૂર મેળવીશ.'

'જો–જો, ડંફાસ મારતા ક્યાંક લટકી ન રહેતા !'

'એ બીજા. ધાર્યું મેળવવા મરી ખૂટવું એ આપણો મુદ્રાલેખ. 'તપ વિના સિદ્ધિ નહીં' એ ખરું, પણ અમે તેટલું તપ કરવું પડે તે કરીને ય સિદ્ધિ તો આપણને જોઇએ જ ! સિદ્ધિ વિના આપણને ન ફાવે.'

'આ વખતે સિદ્ધિની પ્રાપ્તિ માટે પૂરતું તપ તો કર્યું છે ને ?'

'બેશક !'

'દર અઠવાડિયે ઉપમાને શિયાળાની રાત જેવડો કાગળ લખવો એને તમે તપ માનો છો કે ?' ઉપમા મીઠું હસી.

'ઉપમા તો મારી પ્રેરણાદેવી છે. એને કાગળ લખવામાં તપભંગ થાય એમ માનવા હું તૈયાર નથી.' સુરેશે નાટકીય રીતે ઉચ્ચાર્યું.

'બહુ સારૂં–બહુ સારૂં ! એ તો જોયું જશે. પરિણામ ક્યારે છે ?'

'ચૌદમી જુને !' સુરેશે કહ્યું.

ચૌદમી જુનની રાહ જોતાં, પાસ થયા પછી શું કરવું તેનાં મધુરાં સ્વપ્નો ઘડતાં, ઉપમા અને સુરેશના દિવસો વીતવા લાગ્યા. ઉનાળો છતાં આનંદના એ દિવસો તેમને ટૂંકા લાગ્યા.

પરિણામ આવ્યું. સુરેશ પહેલા વર્ગમાં આવ્યો. યુનિવર્સિટીમાં તે પહેલો ન આવી શક્યો, પણ વીરસિંહ કોલેજમાં તે પહેલો હતો. પરંતુ આ વખતે પછાત કોમના વિદ્યાર્થીને ફેલો નીમવાનો હોઇ, સુરેશને પહેલા આવવા છતાં એ લાભ મળે તેમ ન હતો. પહેલો વર્ગ એ સિદ્ધિ જ હૃદયને આનંદથી ભરી દેવા પૂરતી હતી. બધાં ખુશ થઇ ગયાં.

સૌથી પહેલો જયાશંકરભાઇનો અભિનંદનપત્ર આવ્યો. તેમણે સુરેશને હવે શું કરવું તે બાબત માર્ગસૂચનો કર્યાં હતાં, અને પોતે ઉપયોગી થઇ શકે તેમ હોય તો મદદ કરવાની તત્પરતા દાખવી હતી. સાથે મુક્તાનો પત્ર પણ હતો. તેમાં તેણે ઉપમાને આશિષ લખ્યા હતા અને પોતાથી બનતી બધી મદદ કરી સુરેશ–ઉપમાનું જીવન સુખી બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

સુરેશના પ્રોફેસરોએ પણ તેને કાગળો લખ્યા અને રાજ્યના વિચિત્ર વલણને અંગે–તે ફેલો નહીં થઇ શકે એ માટે દિલગીરી દર્શાવી.

છેલ્વેછેલ્લે મુંબઇથી અનન્તનો પત્ર આવ્યો. તેણે છાત્રાલયના જૂના દિવસોની યાદ તાજી કરી હતી, અને સુરેશને આટલો ઊંચો વર્ગ મેળવવા બદલ અભિનંદન

આપ્યાં હતાં. પોતે બી. એ. માં ત્રીજા વર્ગમાં પાસ થવા છતાં, મુંબઇની એક અગ્રણી શાળામાં ઘૂસી ગયો હતો. થોડાં વર્ષમાં હેડમાસ્તર પણ કદાચ થઇ જાય ટ્યુશનોમાંથી તો તેને ઘણી સારી કમાણી થતી હતી...વગેરે વાતો લખી, અંતમાં તેણે ઉમેર્યું હતું કે, સુરેશને મુંબઇ આવવું હોય તો પોતે તેને માટે સગવડ કરવા પ્રયત્ન કરે.

સુરેશે અનન્તનો કાગળ ઉપમાને વાંચવા આપ્યો. ઉપમાએ તે વાંચી લીધા પછી સુરેશે પૂછ્યું, 'તને શું લાગે છે?'

'શેનું?'

'મુંબઇ જવાનું.'

અનન્તભાઇના કહેવાથી?'

'હા, જૂના દોસ્ત છે. મારૂં પરિણામ જાણી બહુ ખુશ થયા છે.'

'મને કંઇક જુદું લાગે છે.'

'શું?'

'કાગળમાં એમણે તમારા કરતાં પોતનાં વખાણ વધારે કર્યાં છે.'

'તું ય જબરી છે. મેં તને મારા ને અનંતભાઈના સંબંધની વાત નથી કરી? ઘણે લાંબે વખતે પત્ર લખે એટલે પોતાના સમાચાર જરા વિસ્તારથી લખે એ સ્વાભાવિક છે.'

ઉપમાને કહેવાનું મન થઇ ગયું કે, 'તો પછી આટલા વખત સુધી કેમ કોઇ દિવસ કાગળ ન લખતા?' પણ તેણે એ વિચાર ટાળી દઇ માત્ર 'હશે!' એટલું જ કહ્યું.

થોડીક વાર શાંતિ વ્યાપી રહી. સુરેશ પોતાની ફતેહના વિચારમાં એટલો લીન થઈ ગયા હતો કે તેને ઉપમાના 'હશે!' શબ્દ પાછળનો ભાવ સમજવાનું સૂઝે એમ ન હતું.

'બી. એ. ફર્સ્ટ ક્લાસ તો અનોખી સિદ્ધિ ગણાય, નહિ?' ઉપમાએ કંઇ વારે પૂછ્યું.

'હં.' સુરેશે કહ્યું.

'સામાન્ય સ્નાતકો કરતાં દેખીતું જ તમારૂં સ્થાન ઊંચું ગણાય. કાં?'

'હા.' સુરેશના અવાજમાં 'હુંકાર' ન હતો.

'નોકરી માટે તમે મુંબઇ સુધી ન જાઓ અને અહીં જ ક્યાંક પ્રયત્ન કરો તો? બાપુજીની સેવા થઇ શકે ને?' ઉપમા ગૌરીશંકરને પિતા માફક ચાહતી.

'ખરૂં છે. મુંબઇ જવાની જરાય જરૂર નથી. તને ન ગમતું હોય તો તો મારે

મુંબઇ નથી જ જવું. જ્યાં ઉપમા છે ત્યાં જ મારે તો મુંબઇ છે. અનન્તભાઇને તો આપણે જવાબ લખી નાંખીશું.'

'અહીં નોકરી મેળવવા માટે બહુ લાગવગ લગાવવી પડતી હશે ?' ઉપમાએ વળી પૂછ્યું.

'લાગવગ વિના નોકરી મળવી મુશ્કેલ તો ખરી.' સુરેશે કહ્યું.

'તમે પહેલો વર્ગ મેળવ્યો છે, તોપણ ?'

'લાગવગ વિનાય નોકરી તો મળે પણ સાધારણ.'

'તેમાં શો વાંધો ? હું તો ઇચ્છું કે તમે નવાપુરમાં જ નોકરી કરો; અને તે ય તમારી પોતાની લાયકાતથી મેળવીને ! ભલે થોડો ઓછો પગાર મળે ! ભલે થોડી મુશ્કેલી વેઠવી પડે.'

'તને ખુશી કરવા ગમે તેટલી મુસીબત વેઠવા હું તૈયાર છું.'

અનન્તને સુરેશે જવાબ લખી નાખ્યો. તેના જવાબમાં અનન્તે રૂ. ૭૦)ની એક જગ્યાનો હુકમ જ સુરેશ પર મોકલાવ્યો. પણ ઉપમાને પોતાનો સુરેશ બીજાનો આશ્રિત બનીને નોકરી મેળવે તે પસંદ ન હતું. સુરેશ ઉપમાને નાખુશ કરી મુંબઈ જવા તૈયાર પણ ન હતો. તે મુંબઇ ન ગયો.

સુરેશ નવાપુરમાં નોકરી મેળવવા મથતો હતો એ જાણી ગૌરીશંકરને અજબ સંતોષ થયો. દીકરો પોતાને ખાતર મુંબઇના મોજીલા જીવનનું પ્રલોભન જતું કરી શકે છે, એ જોઇ તેમનું હૃદય આનંદથી ફાટફાટ થવા લાગ્યું. સુરેશને નવાપુરમાં રહેવાની પ્રેરણા કરનાર ઉપમા પ્રત્યેનો ગૌરીશંકરનો ભાવ તો શબ્દોથી વ્યક્ત થઇ શકે તેમ ન હતો.

ગૌરીશંકરે બે-ચાર વખત સુરેશને જયાશંકરભાઇ પાસે જઈ તેમની ચિઠ્ઠી મેળવવા કહી જોયું. પણ એવે દરેક પ્રસંગે ઉપમાએ એ વાતનો વિરોધ કરી કહ્યું કે, 'લાગવગથી નોકરી મેળવવા કરતાં લાયકાતથી મેળવવામાં જ મઝા છે.'

સુરેશને તો ઉપમાની વાત બહુ ગમી. ઉપમાને દેવી ગણતા થઇ ગયેલા ગૌરીશંકરે તેનો વિરોધ થતાં જયાશંકરભાઇની ચિઠ્ઠી મેળવવાની વાત પડતી મૂકી.

પોતે મેળવેલ ઉંચો નંબર જ પોતાને સારી નોકરી અપાવશે એ શ્રદ્ધાથી નવાપુરમાં ખાલી પડેલી શિક્ષકની જગ્યા માટે સુરેશે અરજી મોકલી દીધી: સાથે તેના અધ્યાપકોએ તેને આપેલ પ્રમાણપત્રો ટાંક્યાં.

●

૬ : અવળું ઊતર્યું

નવાપુરની જગ્યા માટે અરજી મોકલ્યાની બીજી જ ટપાલથી ઉપમા ને સુરેશ અરજીના જવાબની રાહ જોવા લાગ્યાં. અરજી તાર મારફત મોકલી, તેનો તારથી જ જવાબ દેવાય તો ય આટલો વહેલો જવાબ ન આપી શકે, તેનો બંને સુશિક્ષિતોમાંથી એકેયને ખ્યાલ ન રહ્યો.

ચારેક દિવસ અરજીના જવાબની રાહ જોયા પછી તો તેમને આશ્ચર્ય થવા માંડ્યું કે, 'અરજીનું થયું શું ?' સરકારી ખાતાની કઢંગાઇનો તેમને અનુભવ ન હતો.

વળી બીજા દશેક દિવસ પસાર થઇ ગયા. દરેક ટપાલ વખતે ઉપમા ઘરનું કામ પડતું મૂકી ટપાલની રાહ જોતી ઊભી રહેતી. ટપાલીનો ખાખી ગણવેશ દેખાતો ત્યારે તે નવાપુરની જગ્યાનો હુકમ મેળવવા તલપાપડ થઇ રહેતી. 'છે કાંઈ કાગળ ?' ઉપમા પૂછતી.

મોટેભાગે તો ટપાલી 'ના' કહેતો. ક્યારેક કોઇ કાગળ આવતો તો તે કોઇ મિત્રનો કે સગાનો નીકળી પડતો. જેની કાગને ડોળે રાહ જોવાતી તે O. H. M. S. છાપવાળું કવર આવતું નહીં.

'આપણે' ઉપમાએ પહેલી અરજીનો જવાબ મળવાની આશા છોડ્યા પછી એક દિવસ સુરેશને કહ્યું: 'નવાપુરની જગ્યા પર ક્યાં ભૂંગળું બાંધ્યું છે! આજે મેં 'ટાઇમ્સ'માંથી ચારેક જાહેરખબરનાં સરનામાં ઊતારી લીધાં છે. શા માટે ત્યાં ય પ્રયત્ન ન કરવો ?'

'એ બધી જાહેરખબરો ખોટી હોય છે. કોઇ મામા–માશી–ફઇ–કાકાનાની નિમણુક કરવાનું નક્કી કરી લીધા પછી માત્ર દેખાવ માટે જ આવી જાહેરખબરો આપવામાં આવે છે.' સુરેશે સમજાવ્યું.

'પણ અરજી કરવામાં આપણું જાય શું ?'

'ટપાલખર્ચ.'

'જાવ, રે! એ કંઈ મોટી વાત ? મને તો નોકરી મેળવી લેવા કરતાં એ મેળવવાના પ્રયત્નમાં વધારે મજા આવે છે. એક જ અરજીના જવાબની રાહ જોવામાં કેવા આકાંક્ષાભર્યા દિવસો પસાર થાય છે! વધારે અરજીઓ કરી હોય તો વધુ મજા પડે ને ?'

એ પછી સુરેશે જાહેરખબરો વાંચીને અરજીઓ કરવા માંડી. અરજીના જવાબની રાહ જોવામાં મજા હતી. ઉપમા સાથે કોના જવાબ આવવા જોઇએ તેની રસભરી ચર્ચા કરવામાં તે દિવસનો મોટો ભાગ પસાર કરતો.

એક બે જગ્યાએથી જવાબ આવ્યા કે, 'તમે ઓછામાં ઓછા કેટલા પગારથી નોકરી કરવા તૈયાર છો?' સુરેશે તેમને તરત જ જવાબ લખી નાંખ્યા.

'ઉપમા, આપણે અનન્તભાઇને લખીને નોકરી મેળવીએ તેમાં ખોટું શું?' સુરેશ ક્યારેક પૂછતો.

'એમાં મજા શી? નોકરી તો મારા બાપુજીને મળો એટલે તરત જ મળે. પણ મારા સુરેશ માટે એ ઠીક ન કહેવાય. આપણે તો સ્વપ્રયત્નથી જ આગળ વધવું છે. ભલે શરૂઆતમાં થોડી મુશ્કેલી નડે.' ઉપમા ગર્વભેર કહેતી.

સુરેશ ઉપમાને નાખુશ કરી શકતો નહીં. પાસ થયા પછી ચાર મહીના નોકરી ન મળે એ કંઇ એવડો લાંબો ગાળો ન હતો કે સુરેશને ચિંતા થવા માંડે. હજી તો તે પરીક્ષાનો થાક ઉતારી રહ્યો હતો.

નવાપુરની જગ્યા માટે કરેલ અરજીની વાત સુરેશ લગભગ ભૂલવા આવ્યો હતો ત્યારે O. H. M. S.ની છાપવાળું કવર આવી પડ્યું.

'શું છે?' ઉપમાએ સુરેશને પૂછ્યું.

'મારે જવું પડશે.' સુરેશે કાગળ વાંચતાં કહ્યું.

'ક્યાં?'

'નવાપુરની જગ્યા પર નિમણૂક કરવા પહેલાં મને રૂબરૂ બોલાવે છે.'

'હાં–' ઉપમાએ ખુશ થતાં કહ્યું, 'ક્યારે જશો?'

'તું કહે ત્યારે?'

'હું તો કહું છું કે કાલે સવારે જ જાઓ.'

'ભલે! તારો હુકમ મને શિરોમાન્ય છે.'

કોઇની ભલામણચિઠ્ઠિ વિના, માત્ર લાયકાતને બળે સુરેશને નોકરી મળવાની છે એ જોઈ ઉપમા અનેરો ગર્વ અનુભવી રહી હતી. જ્યાશંકરભાઇ પાસેથી કેટલાયને ક્ષુદ્રતાપૂર્વક ભલામણચિઠ્ઠિઓ લેતા જોયા પછી ઉપમાને એવી ચિઠ્ઠિ માગવાનું સ્વમાનઘાતક લાગતું હતું.

એક વખત જ્યારે મુક્તાએ 'અમે સુરેશભાઇને લાઇનસર ચડાવી દીધું' એમ કહ્યું હતું ત્યારથી ઉપમાએ મનમાં ગાંઠ વાળી લીધી હતી કે, 'કમાણે પડવામાં પિતાની મદદ તો નથી જ લેવી.'

બીજે દિવસે સવારે સુરેશ ઊપડ્યો. તેના મનમાં અવનવા વિચારો ઊઠતા હતા. પિતાની સાથે રહી પોતે તેમની સેવા કરી શકશે એ ખ્યાલથી તેને જબ્બર હર્ષ થતો હતો. ઉપમાએ પિતાની નજીવી આવક હોવા છતાં ય ઘરને સુશોભિત બનાવી દીધું હતું, તો પછી પોતાનો પગાર ચાલુ થતાં તો ઘર કેવું સુશોભિત બની જશે?

પહેલા પગારમાંથી ઉપમા માટે સુંદર સાડી લેવી કે પિતાને નવાં કપડાં કરાવી આપવાં ? સુરેશનો વિચારપ્રવાહ આમ એકથી બીજી વાત પર કૂદકા મારતો વહ્યે જતો હતો.

રાવ બહાદુર મહેતા સાહેબની ઓફીસે પહોંચી સુરેશે પોતાના નામનું પતાકડું અંદર મોકલાવ્યું. લાલચુ પટાવાળો ચાર–આઠ આના મેળવવાની આશાએ તરત જ ચિઠ્ઠી પહોંચાડી આવ્યો.

'અહીં બેસો. સાહેબ જરા કામમાં છે.' પટાવાળાએ બહાર આવી સુરેશને કહ્યું.

સુરેશ બહાર પડેલ બાંકડા પર બેઠો. બાંકડા પર બેસતાં તેને ક્ષોભ તો થયો જ.

'સાહેબોને જો મળવા આવનારને બહાર બેસાડવાનો શોખ હોય તો તેમણે આવનારને પટાવાળાના બાંકડા પર બેસાડવાને બદલે થોડી ખુરશીઓ બહાર રાખી હોય તો ?' સુરેશે વિચાર્યું.

બી. એ. માં પહેલો વર્ગ મેળવનાર સુરેશ આ સાહેબોના માનસનો જાણકાર ન હતો. કોલેજના ઈનામસમારંભમાં જે માણસ ખુદ મહારાજાનું અપમાન કરવાનો વિચાર કરી શકે, તે જ માણસને નોકરીની શોધ કરતાં કેટલા પામર બનવું પડે તેવું હતું, તેનો હજી સુરેશને અનુભવ નહોતો થયો.

આપણાં શિક્ષણખાતાંઓ માણસની માણસાઇ હરી લેનારાં ષડયંત્રો છે, તેની સુરેશને ક્યાંથી ખબર હોય ? એ તો હતો સીધો–સાદો વિદ્વાન. કેળવણીખાતાને તે રાષ્ટ્રિય ઘડતરનું ખાતું માનતો હતો. એક વ્યક્તિ સેંકડો ઊગતા બાળકોને સંસ્કારપાન કરાવી શકે, તેને એ ગૌરવની વાત માનતો હતો. પણ રા. બ. મહેતાનાં ખાતામાં ગાંધી બાબત, હિંદની રાષ્ટ્રિય અભિલાષા બાબત, સમાજવાદ બાબત, કે જગતના કોઇ પણ પ્રગતિશીલ વિચાર બાબત વિદ્યાર્થીઓ સમક્ષ વાત કરવાની મનાઇ હતી, એ વાતથી સુરેશ અજ્ઞાત હતો. ખુદ યુનિવર્સિટી ગાંધીજીના લખાણોમાંથી ફકરાઓ વીણી અભ્યાસક્રમમાં યોજે, તોપણ રા. બ. મહેતાના અધિકાર ખાતામાં ગાંધી કે તેના મળતિયાનું નામ લેવું એ ગુનો ગણાતો.

કેળવણીખાતાના ઉપરી બન્યા પછી રા. બ. મહેતા શિક્ષકની નોકરી માટે અરજી કરનાર હરકોઇ માનવીને પામર માનતા. એ પામરોના પગારમાં મનધાર્યો કાપ મૂકી શકાતા. એ પામરોને મનફાવ્યા હુકમો કરી શકાતા. ઉપરી ગોરાઓને રીઝવવા એ પામરો દ્વારા સમારંભો યોજી શકાતા. સમારંભમાં કંઈક ખરેખર સરસ થતું તો તેનો યશ રાવબહાદુર પોતે લેતા. કંઈ ઊલટું થતું કે કશી ભૂલ થતી તો હેડમાસ્તરથી માંડી પટાવાળા સુધી સૌની ધૂળ કાઢી નાખતા. હેડમાસ્તર સુદ્ધાં રા. બ. મહેતાને મન પામર હતા. લાયકાત વિના, માત્ર વહેલો જન્મ થવા

હોવાને સુયોગે જ બસો રૂપિયા પામતા હેડમાસ્તર સમજતા હતા કે, રાવ બહાદુરની ખફા નજર ઉતરે તો બીજે ક્યાં ય તેમને પચાસ રૂપિયા ય મળે તેવું ન હતું.

આવી પામરોની સૃષ્ટિ સદાય રાવ બહાદુરની ખુશામત કર્યા કરતી: સદાય તેમને ખુશ કરવા અવનવા નુસખા અજમાવ્યા કરતી. એ બધી ધમાલમાં તેમને શિક્ષણ પર ધ્યાન આપવા પૂરતો સમય ન મળતો. પોતાના પ્રયત્નોથી સાહેબ ખુશ થતા ત્યારે એ પામર પંતુજીઓ હસતા. સાહેબ ચીડાતા ત્યારે ય એ બધા વેખલું મોં કરી હસી લેતા. આ બધાંનું પરિણામ એ આવ્યું હતું કે રા. બ. મહેતા ખુશામતના શોખીન થઇ ગયા હતા શિક્ષકોની ક્ષુદ્રતા તેમના હૃદયમાં એટલી બધી વસી ગઇ હતી કે તેમના પગારો કાપવા છતાં ય પોતે તેમના પર કોઇ ઉપકાર કરી રહ્યા હોય તેમ માનતા. તેથી જ તો તે વારંવાર પંતુજીઓ તરફથી મિજબાનીઓ મેળવી શકતા ને ! મિજબાનીઓની સંખ્યાના જોર પર તે પોતાની લોકપ્રિયતાનો આંક કાઢતા.

કોઇપણ સ્નાતક બીજે ક્યાય નોકરી મળી શકે એમ હોય ત્યાંસુધી રા. બ. મહેતાના ખાતામાં આવવાનું પસંદ કરતો નહીં. બીજે બધેથી નિષ્ફળતા મળે ત્યારે જ સૌની નજર રાવ બહાદુરના ખાતા પ્રત્યે જતી; અને થોડી ખુશામત, બે-ચાર ભલામણચિઠ્ઠીઓ તથા સાહેબના ઘરના પાંચ-દશ આંટાફેરાથી તેમના ખાતામાં નોકરીની સગવડ થઇ જતી.

થોડી વારમાં જ બાંકડા પર બેસી કંટાળવાથી સુરેશ ઊભો થઇ ઓશરી પર આમતેમ ફરવા લાગ્યો.

'આપ બેસોને !' પટાવાળાએ કહ્યું: 'સાહેબ એમની મેળે બોલાવશે.'

'મને બેસવા કરતાં ફરવું ફાવશે.' સુરેશે જરા તોરથી કહ્યું.

'એ ખરૂં પણ આપ આમ આંટા મારો તે સાહેબને પસંદ નથી.'

'તેની કંઇ ફિકર નહીં. તું ચિંતા કર મા. હું સાહેબને સમજાવી દઇશ.' સુરેશે તોછડાઈથી કહ્યું.

પટાવાળો ડઘાઇ ગયો. અરજદારનું માનસ તેણે સુરેશમાં ન જોયું. ઘણા મુલાકાત લેનારાઓ પટાવાળાને પણ 'આપ' ને 'સાહેબ' કહી સંબોધતા. એમાંનો સુરેશ ન નીકળ્યો. સુરેશનો વિચિત્ર મિજાજ જોતાં પટાવાળાને શાંત રહેવાનું યોગ્ય લાગ્યું.

કંઇવારે ઓફીસમાંથી રાવ બહાદુરની ઘંટડી રણકી. પટાવાળો પટ્ટો સરખો કરતો અંદર ગયો.

'તમને સાહેબ બોલાવે છે.' પટાવાળાએ બહાર આવી સુરેશને કહ્યું.

સુરેશને તેણે 'આપ'માંથી 'તમે' પર લાવી મૂક્યો હતો.

સુરેશ કોટનાં બટન બંધ કરી અંદર ગયો.

રાવબહાદુર કાળા–જાડા–જડ જેવા લાગતા માણસ હતા. હાથ નીચેના ત્રણસો નાના શિક્ષકોના પગાર ઘટાડી ઘટાડી પોતાને માટે પચાસ–પચાસનો પગારવધારો મેળવતાં મેળવતાં છેક રાવબહાદુર થવા સુધીની પ્રગતિ તેમણે કરી હતી

રા. બ. મહેતાને જોઈ સુરેશને આઘાત થયો: આ જડ મૂર્તિ કેળવણી ખાતાના સુકાને !

'નમસ્તે !' કહી સુરેશ આગળ વધ્યો.

'આવો !' રાવબહાદુરે ઘોઘરા અવાજે કહ્યું: 'શું તમારું નામ ?'

સુરેશ એક પળવાર જોઈ રહ્યો. રાવબહાદુરે તેને 'બેસો' એમ પણ ન કહ્યું તેથી તેને અપમાન લાગ્યું. પોતે પણ વિદ્યાપીઠનો સ્નાતક હતો. ભલે તે નોકરી લેવા આવ્યો હોય ! નોકરી માગવી એ કંઈ એવું અધમ કાર્ય ન હતું કે તેને સામેની અનેક ખુરશીઓમાંની એક પર બેસવાનું ય ન કહેવાય.

'શું જોઈ રહ્યા છો ?' રાવબહાદુરે દાંભિક સ્વરે કંટાળાપૂર્વક પૂછ્યું. તેમને એમ લાગ્યું કે સુરેશ તેમની પ્રતિભાના તેજમાં અંજાઈ જવાથી બોલી શકતો ન હતો.

'કંઈ નહીં.' સુરેશ રાવબહાદુરનો ભાવ સમજ્યો હોય તેમ બોલ્યો. 'જી !' કહેવાની આવશ્યકતા તેને ન લાગી. તેને તો ઘડીભર રાવબહાદુરનું મોઢું તોડી લેવાનું મન થઈ આવ્યું. પણ એમ કરવા જતાં નવાપુરની નોકરી જાય અને ભાને દુઃખ થાય, એ વિચારથી તે શાંત રહ્યો.

'તમારું નામ ?' રા. બ. મહેતાએ ફરી પૂછ્યું.

'સુરેશચંદ્ર ગૌરીશંકર વ્યાસ.'

'હં ! બી. એ.માં ફર્સ્ટક્લાસ મેળવ્યો છે ?'

'હા.'

'કયા વિષયો હતા ?'

'ભાષા; અંગ્રેજી અને ગુજરાતી.'

'આ ખાતામાં નોકરી કરવી છે ?'

'હા.'

'જુઓ, હું તમને પંચાવન રૂપિયા આપીશ.'

'ગમે તેટલો પગાર આપો તે મારે કબૂલ છે'

'કેમ એમ ?'

'મારે મારા પિતાની સેવા માટે નવાપુરમાં જ રહેવું છે.'

'પણ હું તમને નવાપુરમાં તો નહીં મૂકું.'

'કાં, સાહેબ?' સુરેશે શક્ય તેટલી શાંતિ જાળવી પૂછ્યું.

'ત્યાં એક પ્રતાપગઢના માણસને મૂકવા છે; અને તમને પ્રતાપગઢ.'

'સાહેબ!' સુરેશે વિવેકથી કહ્યું: 'જો પંચાવનમાં પ્રતાપગઢ જવાનું કબૂલું તો પછી સીત્તેરમાં મુંબઇ શા માટે ન જઉં?'

'મુંબઈમાં સીત્તેર કોણ આપે છે? ત્યાં તો સ્નાતકોના પગારના દર ઘણા ઘટી ગયા છે.'

'આ રહ્યો હુકમ!' કહી સુરેશે ખિસ્સામાંથી અનન્તે મોકલેલો પત્ર કાઢયો.

'એ હશે.' રાવબહાદુરે કાગળ સામે જોવાની ય તકલીફ લીધા વિના કહ્યું: 'પણ મારે તો તમને પ્રતાપગઢ જ મૂકયા છે.'

'એમ શા માટે, સાહેબ?' અનિચ્છા છતાં સુરેશથી બોલી જવાયું: 'પ્રતાપગઢના માણસને નવાપુર મૂકવો અને મને પ્રતાપગઢ કાઢવો, એના કરતાં...'

'એ બાબત હું તમારી સલાહ નથી માગતો.' રાવબહાદુરે સુરેશની વાત વચ્ચેથી તોડી નાખીને દમામપૂર્વક કહ્યું. તેમણે 'તમારી' શબ્દ પર મૂકેલ ભાર સુરેશને વીંછીના ડંખ જેવો લાગ્યો.

સુરેશ સ્તબ્ધ થઇ ગયો. કોઇ પણ માણસ આવી રીતે તેનું અપમાન કરી શકે એ તેની કલ્પનામાં ય નહોતું.

ઘડીભર ઓફીસમાં શાંતિ પ્રસરી રહી.

'બોલો તમને મારી વાત કબૂલ છે?' રા. બ. મહેતાએ કંઇવારે પૂછ્યું.

'કઇ વાત?'

'નોકરીમાં દાખલ થવાની.'

'હું તો નવાપુર રહેવા માગું છું.'

'તમારી શરતે નોકરી નહીં મળે.'

'પણ તમારી દેખીતી અવળાઇ......' સુરેશે સાહેબને આકરો બોલ સુણાવી દીધો.

'હું તમારા અભિપ્રાયો જાણવા નથી માગતો. મારે તો એક જ જવાબ જોઇએ.' સાહેબ તાડુકયા.

સુરેશ શાંત ઊભો રહ્યો.

'તમારે પ્રતાપગઢ જવું છે?'

'ના.' સુરેશે મક્કમતાથી કહ્યું.

'ના કહેતાં પહેલાં પુખ્ત વિચાર કરવાની હું તમને તક આપું છું. તમારે માટે સારા માણસોએ ભલામણ કરી છે. તમે હજી ઘણા નાના છો. મને તમારી દયા આવે છે. નોકરી આજકાલ ક્યાંય મળે તેમ નથી. પાછળથી પસ્તાવું ન પડે એટલું ધ્યાનમાં રાખજો.'

'આપ મને નવાપુરમાં રાખવા ન માગતા હો તો મારે નોકરી નથી જોઈતી. નોકરી કરતાં માણસાઈને હું વધારે ગણું છું. આપ આજે જે રીતે...' સુરેશ ઉશ્કેરાઈ ગયો હતો.

'બસ, હવે હું કંઈ સાંભળવા નથી માગતો.'

'સાહેબ! આજે તો થોડી કડવી વાતો સાંભળી જ લો. આપને કહી શકે તેવું બીજું કોઈ નહીં જડે.' સુરેશે ઝનૂનપૂર્વક કહ્યું.

રાવબહાદુરે ટોકરી મારી. પટાવાળો આવ્યો.

'આને બહાર લઈ જા' સાહેબે પટાવાળાને હુકમ કર્યો.

'આજે નહીં તો ભવિષ્યમાં કોઈક દિવસ પણ તમારે મારી વાત સાંભળ્યા વિના છૂટકો નથી.' કહી સુરેશ ઑફિસની બહાર નીકળી ગયો.

'ચક્રમ!' કહી રાવબહાદુરે મોઢું બગાડ્યું, અને સુરેશની અરજી નીચે શેરો કર્યો: 'આ ઉમેદવાર ચક્રમ લાગે છે, તેને નોકરી પર લેવાનું કહેતાં તે ઉલટાનો સામી શરતો મૂકે છે અને ખાતાની રસમ વડે કામ કરવાની ના કહે છે. તેને નીમવાનો કોઈ અર્થ નથી. ખાતામાં આવા ચક્રમો કામ ન આવે.'

સુરેશની નોકરી માટેની પહેલી મુલાકાત આમ પૂરી થઈ. રા. બ. મહેતાએ સુરેશને જીવન, સાહિત્ય કે શિક્ષણને લગતા કોઈ પ્રશ્નો ન પૂછ્યા, તેની બુદ્ધિનું માપ કાઢવા ય કાંઈ પ્રયત્ન ન કર્યો. પણ તમણે જોઈ લીધું કે આ તરવરિયો જુવાન ખાતાના રૂઢ ચીલામાં બંધ બેસતો આવી શકે તેમ નથી, એટલે તેને ધુત્કારીને કાઢી મૂક્યો.

સુરેશ પાસે રાવબહાદુરને બતાવી દેવાની કઈ શક્તિ હતી?

•

૭ : નોકરી મળી

રાવબહાદુર મહેતાની મુલાકાત લઈ સુરેશ પાછો ફર્યો ત્યારે તે સ્વાભાવિક જ ખિન્ન થઈ ગયો હતો. નોકરી ન મળ્યાનું તેને એટલું દુ:ખ ન હતું જેટલું અપમાનિત થયાનું હતું.

મુલાકાતની બધી વાત સુરેશ પાસેથી સાંભળ્યા પછી ઉપમા તો ખડખડાટ હસી પડી.

'કેમ હસે છે?' સુરેશે પૂછ્યું.

'તમે પણ બાપડા પર ગજબ કરી આવ્યા!' ઉપમાએ કહ્યું.

'હું શું કરી આવ્યો? ઉલટું તેણે મારું અપમાન કર્યું.'

'ના, એમ નથી. તેનો તો એ રીતે વર્તવાનો સ્વભાવ પડી ગયો હશે. પણ કોઇ તેને મોઢામોઢ અવળો કહી શકે એ તો રાવબહાદુરની કલ્પનામાં ય નહીં આવ્યું હોય! ગજબ કરી તમે! નોકરી ન મળી તેનું કંઇ નહીં. પણ નોકરી માટેનો એક ઉમેદવાર તો એવો છે જ કે જે રાવબહાદુરને ય તડફડ સુણાવી શકે, એ વાત તમે તેના મગજમાં ઉતારી તે બહુ સરસ થયું. આ સાહેબોના મગજની ચડેલી પારાશીશીને ઉતારવાની ખાસ જરૂર છે. કોઇકે તો પહેલ કરવી જોઇશેને? તમે એ પહેલ કરનારા થયા એ મારે માટે અનેરા ગૌરવ ને આનંદની વાત છે.'

'પણ હવે નોકરી તો...'

'રાવબહાદુરના ખાતા સિવાય બીજાં ઘણાં ખાતાં છે જેમાં નોકરી કરી શકાય.' ઉપમાએ આખી વાતને એવો ઝોક આપી દીધો કે સુરેશ પોતાની ખિન્નતા વિસરી ગયો.

વળી આકાંક્ષાભર્યા દિવસો વીતવા લાગ્યા.

'એક દિવસ કાનાનેરના દીવાન સાહેબે સુરેશને તેની અરજી પરથી રૂબરૂ મુલાકાત માટે બોલાવ્યો. સુરેશ દીવાન સાહેબને મળવા ઊપડયો. કાનાનેર સ્ટેશન પર સુરેશ ગાડીમાથી ઊતરતો હતો ત્યાં તેનો કૉલેજનો એક મિત્ર ભેગો થયો.

'અરે, સુરેશ! તું ક્યાંથી?' મિત્રે પૂછ્યું.

'કાનાનેર જોવા આવી ચડયો છું.' સુરેશે કહ્યું.

'કેમ?' મિત્રે પૂછ્યું.

'એક જગ્યા માટે દીવાન સાહેબે મને મુલાકાતે બોલાવ્યો છે.'

'તને?' મિત્રે પૂછ્યું.

'કેમ, મને ન બોલાવે? હું શું એટલો બધો નાલાયક છું?' સુરેશે હસતાં હસતાં સામું પૂછ્યું.

'ના, એમ નહીં, પણ...' કહી મિત્ર અટક્યો.

'કેમ અટક્યો?'

'તને હાઇસ્કૂલની જગ્યા માટે બોલાવેલ છે?'

'હા!'

'એ જગ્યા પર તો હું નિમાઈ ગયો. ઓર્ડર મારા ખિસ્સામાં છે.'

'હોય નહીં.'

'લે આ ઓર્ડર!' મિત્રે ખિસ્સામાંથી દીવાન સાહેબની સહીવાળો હુકમ કાઢી બતાવ્યો.

સુરેશ તો ડઘાઇ ગયો.

'અરે હજી તો આજ સાંજે મને મુલાકાતનો સમય આપ્યો છે. એ પહેલાં તને નીમી પણ દીધો! શી વાત છે? તું ખોટું ન લગાડીશ. તું નિમાયો તેનું મને જરાય દુઃખ નથી, પણ આ લોકોની બેપરવાઇ અને તુમાખી જોઇને મને અનહદ આશ્ચર્ય થાય છે. ગજબ છે આ દીવાન સાહેબ! કેવા આપખુદ! બીજાની લાગણીનો કે હકનો વિચાર કરવાનું તેમને સૂઝતું નથી.'

મિત્રને મોડું થતું હોવાથી તે છૂટો પડયો.

સુરેશ દીવાન સાહેબને નિયત સમયે મળવા તો ગયો જ.

'માફ કરજો.' દીવાન સાહેબે કહ્યું : 'તમને મુલાકાતનો સમય આપેલો તે તો યાદ ન રહ્યું, અને એ જગ્યા પર તો એક ભાઈની નિમણૂક થઇ ગઇ.'

સુરેશ આ વ્યક્તિની ધૃષ્ટતા જોઇ રહ્યો.

'મને મુલાકાત માટે બોલાવી મારા આવ્યા પહેલાં જ નિમણૂકનું નક્કી કરી દો એ તો ગજબ કહેવાય!' સુરેશ કહ્યું.

'હા, કહેવાય!' દીવાન સાહેબે મિઠાશથી કહ્યું: 'પણ હવે શું થાય?'

'આવી જબ્બર ભૂલ?'

'હા, થઈ ગઈ ખરી.' દીવાન સાહેબના અવાજમાં એ જ શાંતિ હતી.

સુરેશને તેમની મિઠાશ સોમલની સ્વાદહીનતા માફક ઘાતક લાગતી હતી.

'આમ રાજ્યનાં તંત્ર ચલાવાતાં હશે?' સુરેશે બેપરવાઇથી પૂછયું.

'શું કરિયે? ઘરડા થયા છીએ. રાજા સાહેબ પેન્શન પર ઉતારે તેની રાહ જોવી રહી.' દીવાને સુરેશના તીખા ઘાને પણ ન ગણકારતાં શાંતિપૂર્વક કહ્યું.

'હવે મારે શું કરવું?' સુરેશે પૂછયું.

'હેડમાસ્તરને મળો.'

સુરેશને લાગ્યું કે આ માણસ સાથે વાત કરવાનો કંઇ અર્થ ન હતો. તે બીજી ગાડીમાં નવાપુર પાછો આવતો રહ્યો.

ઉપમાએ આ પ્રસંગને ય ગંભીર ન ગણ્યો.

'જીવનમાં એવું તો બનવાનું જ.' ઉપમાએ કહ્યું.

વળી દિવસો પસાર થવા લાગ્યા.

'તમને કંઇ લખવાનું મન કેમ નથી થતું ?' થોડા દિવસો પછી ઉપમાએ પૂછ્યું.

'શું લખું ?'

'એ ય હું કહું ?'

'સાહિત્યજગતમાં ય વાડા હોય છે. પોતાના વાડાબહારનાનું લખાણ ભાગ્યે જ પસંદ કરવામાં આવે છે. આપણે નાહક મહેનત શા માટે કરવી ?'

'એ વાડાઓ તોડવાનો તમે પ્રયાસ કરો. જીવનમાં સત્યને માટે લડવા જેવી બીજી કોઈ મઝા નથી. મહેનત તો કરવી પડશે. બી. એ. પણ ક્યાં મહેનત કર્યા વિના થવાયું છે !'

સુરેશે પ્રેમાનંદનાં નાટકો પર એક વિસ્તૃત લેખ લખ્યો. નાટકો કોનાં છે એ ચર્ચામાં તે કેવાં છે તે પર તો કંઇ લખાતું જ ન હતું. શેકસપિયરનાં નાટકોનાં કર્તૃત્વ બાબત પણ શંકા તો ઉઠાવાય છે, પણ એ ચર્ચાની આંધીને કારણે ખુદ નાટકોના અભ્યાસમાં જરા ય વાંધો નથી આવ્યો. એ નાટકો પ્રેમાનંદનાં હોય કે ગમે તેનાં, પણ નાટકો સાહિત્યદૃષ્ટિએ કેવાં છે એ બાબત ઘણું ઓછું લખાયું છે, તે વાતને સુરેશે શોચનીય જણાવી. તેણે નાટકોની વિસ્તૃત સમાલોચના કરી.

લેખનો મોટો થોકડો તેણે ગુજરાતના જાણીતા માસિક 'વિકાસ' પર મોકલી આપ્યો. પહેલાં તો તંત્રી મહાશયે કંઇ જવાબ ન આપ્યો. સુરેશે ઉઘરાણીના બે ત્રણ કાગળો લખ્યા ત્યારે વિદ્વાન તંત્રીશ્રીએ લાલ પેન્સીલથી લેખના પહેલા પાના પર જરૂર કરતાં ઘણા મોટા અક્ષરે 'નકામું' લખીને થોકડો પાછો મોકલી દીધો.

થોકડો પાછો આવ્યો ત્યારે સુરેશને ય હસવું આવ્યું. લખાણ નકામું હોય તો પણ આવડા મોટા અક્ષરે 'નકામું' લખવામાં તો તંત્રીએ પોતાની બાલીશતા જ વ્યક્ત કરી હતી.

પંદર દિવસ પછી 'શરદ'ના તંત્રીનો પત્ર આવ્યો કે તે સુરેશનું લખાણ છાપવા તૈયાર છે. સુરેશની મૌલિકતા તેમને પસંદ પડી હતી.

''શરદ'કારને વળી મારા લેખની જાણ ક્યાંથી થઇ ?' સુરેશે ઉપમાને પૂછ્યું.

'મેં તમારા લેખ પરથી ટૂંકી નોંધ કરીને મોકલી હતી.' ઉપમાએ કહ્યું.

'મને કહ્યા વિના ?'

'એમાં તમને શું કહેવું'તું ! મારે તો જાણવું હતું કે 'વિકાસ'કાર કેટલામાં છે.'

સુરેશે લેખનો થોકડો 'શરદ' પર મોકલ્યા પછી બીજે જ અઠવાડિયે ત્યાંથી પત્ર આવ્યો કે, 'સુરેશને તેના લખાણના પુરસ્કાર તરીકે દર છાપેલા પાના દીઠ એક રૂપિયો પુરસ્કાર અપાશે.'

લખાણમાંથી પુરસ્કાર મળી શકશે એ ખ્યાલથી સુરેશ ખુશ થઇ ગયો. ગૌરી-શંકરને વધારે કામ કરતા જોઇ સુરેશને દુઃખ થતું. પોતે પિતાને આરામ નથી આપી શકતો એ વિચારથી સુરેશને ગ્લાનિ થતી. લેખન–પુરસ્કાર પણ નાની સરખી કમાણી જ છે ને ? એટલો તો પિતા પર ઓછો બોજો !

નોકરી મેળવવાના પ્રયાસ તો સુરેશે ચાલૂ રાખ્યા હતા, પણ કયાં ય પતો ખાતો ન હતો. મહીનાઓ પર મહીનાઓ વીત્યે જતા હતા અને સુરેશનું મન અકળાતું હતું. ઉપમા સુરેશને અવારનવાર લેખો લખવા પ્રેરતી, તેને એમ. એ. માટે વાંચવાનું કહેતી. અને તેના મન પરનો ભાર ઓછો કરવા કંઇક નુસખાઓ અજમાવતી ગૌરીશંકરને પુત્ર નોકરી પર ન ચડે તેનું કઇ દુઃખ ન હતું. એને તો પુત્ર ને પુત્રવધૂ પોતાની નજર સામે રહેતાં એ જ મહદ્ આનંદ હતો

જયાશંકરભાઇને સુરેશ ઘેર બેઠો રહે તે ગમતું નહીં. તેને માટે તેમણે રા. બ. મહેતાને એક મિત્ર મારફત ભલામણ કરાવી હતી, પણ એ સાહેબ સાથે તો સુરેશ લડીને પાછો ફર્યો હતો.

જયાશંકરભાઇનો વિચાર તો સુરેશને મહેસુલી ખાતામાં મૂકવાનો હતો. એ માટે તેમણે પ્રયત્ન પણ કર્યો હતો. એક જગ્યા મળે તેવો સંભવ ઊભો થયો અને સુરેશને બોલાવ્યો તો તેણે એ ખાતામાં જોડાવાની ના પાડી. મુક્તા મારફત ઉપમાને સમજાવવા જતાં તે તો વળી સુરેશથી ય જબરી નીકળી. તેણે સ્પષ્ટ કહી દીધું કે, સુરેશ હમણાં તો એમ. એ. માટે તૈયારી કરે છે. એ પછી જયારે તેમને નોકરી કરવી હશે ત્યારે તે પોતાની મેળે શોધી લેશે. એવી નમાલી વાત માટે બાપુજીને તકલીફ દેવાનું તેમને અનુચિત લાગતું હતું.

જયાશંકરભાઇ દીકરી–જમાઇનું સ્વમાનપૂર્ણ માનસ જોઇ ખુશ થયા. તેમણે આડકતરી રીતે જ તેમને મદદરૂપ થવું તેવો નિર્ણય કરી લીધો. માણસને પોતાની મેળે પોતાનો માર્ગ કરવામાં કોઈ અનેરો આત્મસંતોષ મળે છે. નાના બાળકને ય કોઇના ટેકા વિના ચાલવાની મજા પડે છે

ઉપમાને થોડા દિવસ પિયરમાં રહેવાનું કહેવામાં આવ્યું તેનો ય તેણે ઇન્કાર કર્યો. મુક્તાએ તેને થોડા પૈસા આપવા માંડયા તે લેવાની ય તેણે આનાકાની કરી.

'હમણાં મને પૈસાની જરૂર નથી.' ઉપમાએ કહ્યું.

'જરૂર હોય કે ન હોય. તમને આપવાની અમારી ફરજ છે.' મુક્તાએ સમજાવ્યું.

'મને જરૂર હશે ત્યારે માગી લઇશ. અત્યારે કંઇ નહીં.'

'ખોટી હઠ ન કરવી !' મુક્તાએ કડકાઈથી કહ્યું, 'મારો હાથ પાછો ન ઠેલાય.' ઉપમાને પૈસા તો લેવા પડયા.

'શરદ'માં સુરેશનો લેખ છપાયા પછી તેના પર અણધારી જગ્યાએથી અભિનંદનપત્રો આવવા લાગ્યા હતા. સુરેશમાં મૌલિકતા સાથે વિશદતા અને હૃદયસ્પર્શીતા જોઇ એ બધા ખુશ થયા હતા.

અનન્તનો પણ પત્ર હતો. તેણે લખ્યું હતું: 'સરસ લેખ લખ્યો છે, પણ હવે બેઠા બેઠા લેખ જ લખ્યા કરવા છે, કે ક્યાંક નોકરીમાં જોડાવું છે? હજી અલગારી નથી મટયો?' અને વધારામાં તેણે પોતાને થયેલ દીવેટિયા, ત્રિવેદી, મુનશી, અંજારિયા, વગેરે સાથેની ઓળખાણનું સવિસ્તર વિવરણ કર્યું હતું.

સુરેશ અનન્તનો પત્ર જોઇ ખુશ થયો. ઉપમાને એ આપવખાણિયા મિત્રનો બીજો પત્ર પણ ન ગમ્યો. પણ તેણે પોતાનો એ અભિપ્રાય વ્યક્ત કર્યો નહિ. એ પત્રથી સુરેશ ખુશ થતો હતો એ જ ઉપમાને મન તો મહત્ત્વની વાત હતી. જીવનકલહની શરૂઆતના આ આકરા દિવસોમાં સુરેશને પડકારીને ટટ્ટાર રાખવાની પોતાની પવિત્ર ફરજનો ઉપમાને ખ્યાલ હતો. સુરેશને તે લગીરે નરમ પડવા ન દેતી. નોકરી મળે કે ન મળે એ ઉપમાને મન બહુ મહત્વની વાત ન હતી. તેને તો સુરેશનો જુસ્સો ટકાવી રાખવાનું કામ ખરૂં મહત્ત્વનું લાગતું હતું.

સુરેશ માનતો કે પોતામાં રહેલ માણસાઇનું તીવ્ર ભાન કોઇ રીતે મરી શકે જ નહિ. સાચું લાગ્યું તે કહી નાખવાની તેની ટેવ કદી છૂટે જ નહિ. પણ સુરેશથી નાની ઉપમાનો એ બાબતમાં જુદો મત હતો. પોતાનો મત એ વ્યક્ત કરતી નહિ, પણ સુરેશને સદાય અણનમ, ટટ્ટાર અને સત્યને ખાતર ઝઝુમતો રાખવા તે સજાગ રહેતી. એક વખત માણસાઇ જાય, એક વખત સ્વમાનને ભોગે સમાધાન કરી લેવાય, કે એક વખત અસત્યને નિભાવી લેવાય તો માણસ પોતાની પ્રતિભા ગુમાવી બેસે છે. એ રીતે ગુમાવેલી પ્રતિભાનું પુનઃસ્થાપન ઘણું દુષ્કર કાર્ય છે, એમ ઉપમા માનતી. એટલા માટે જ તે સુરેશની પ્રતિભા જરાય ખંડિત ન થવા દેવા માટે ગમે તેવા કપરા સંજોગોમાં ય સુરેશને નમવા ન દેતી.

'શરદ'ના લેખે સુરેશને ઘણા લાભ અપાવ્યા. થોડા રૂપિયા મળ્યા એ તો ખરૂં જ. મિત્રોને તેની લેખનશક્તિનો પરિચય થયો. કેટલાક નવા સંબંધો પણ બંધાયા. પરંતુ સૌથી મોટો લાભ તો બીજો જ થયો. તેણે ઉપમાના કહેવાથી શરૂઆતમાં જાહેરખબરો વાંચી વાંચી જે કેટલીક અરજીઓ કરેલ તેમાંથી એકનો જવાબ આવ્યો :—

'તમારી અરજી મળેલી, પણ નિમણૂક થઇ ગઇ હતી. એક બીજી જગ્યા અમારે ત્યાં ખાલી થઇ છે. તમારો 'શરદ'માંનો લેખ વાંચ્યા પછી તમે અમને ફાવશો એમ લાગ્યું છે. તમારો વિચાર હોય તો અમે તમને માસિક સાઠ રૂપિયાથી નીમવા તૈયાર છીએ. તમારે મેટ્રિકના વર્ગો લેવા પડશે.' વગેરે–વગેરે.

બહુ વિચિત્ર જાતનો આ હુકમ હતો. દડસદ શહેર–સુધરાઈની શાળા સમિતિના અધ્યક્ષે તે મોકલ્યો હતો. માત્ર લેખ વાંચીને કોઈ નિમણૂક કરે તે સુરેશને નવાઇ જેવું લાગ્યું.

ખરી વાત તો એમ હતી કે, જયાશંકરભાઈને સુરેશની સ્વપ્રયત્ને નોકરી મેળવવાની મુરાદની ખબર પડયા પછી, તેમણે એક સંબંધી દ્વારા આ રીતે સુરેશને નોકરી અપાવવાનું કાવત્રું રચ્યું હતું. પણ સુરેશને આ વાતની કદી ખબર નથી પડી.

'તને શું લાગે છે, ઉપમા ?' સુરેશે નોકરીના હુકમનો કાગળ હાથમાં ફેરવતાં પૂછ્યું.

'આમ સામેથી નોકરી મળે એ નવાઇ જેવું તો ખરું જ !'

'જવું ?'

'શા માટે ન જવું ? ન ફાવે તો ચાલ્યા આવવું.'

'તારી વાત ખરી છે, પણ આપણે બાપુજીને પૂછી જોઇએ.'

'બરાબર છે. બાપુજીની આશિષ મળે તો જ જવું.'

નોકરી મળતી હોય અને ગૌરીશંકર જેવા પિતા પુત્રને જતો રોકે એ બને જ નહિ.

'ક્યારે જાઓ છો ?' ગૌરીશંકરે પૂછ્યું.

'હું આવતી કાલે સાંજે ઊપડું.' સુરેશે કહ્યું.

'હું એટલે ? ઉપમા સાથે નથી આવતી ?'

'એ તમારી પાસે રોકાય.'

'શા માટે ?'

'તમારી સેવા કરવાની અમારી ફરજ છે.'

'ના, એ નહિ બને. જવાનું તો તમારે બંનેએ સાથે જ. હું નાહક વીશીના રોટલા ખાઇ માંદો પડું તે મને પસંદ નથી.'

પિતાની આવી ઉદારતા જ સુરેશને તેમના પ્રત્યેની ફરજમાં વધારે જાગ્રત બનાવતી હતી.

બીજે દિવસે ઉપમા ને સુરેશ બેઉએ દડસદ જવા ઊપડવું એમ નક્કી થયું.

•

૮ : દડસદમાં

આજે દિવસે નવાપુરને નાને સ્ટેશને દીકરા–વહુને વળાવવા ગૌરીશંકર આવ્યા હતા. સુરેશને જાળવી રહેવા, આકરા ન થવા, જરૂર પડયે સમાધાનવૃત્તિ દાખવવા તે સમજાવી રહ્યા હતા. ઉપમાને તો કંઇ કહેવાપણું ન હતું.

ગાડી આવી અને સુરેશે ભારે હૈયે પિતાની રજા લીધી. ગાડી ઊપડી. સુરેશ બેઠો એ જ ડબામાં તેના કૉલેજ-મિત્રો બેઠા હતા. સુરેશ તથા ઉપમાને માટે તેમણે જગ્યા કરી આપી.

સુરેશ આજે જીવનપ્રવાસે ઊપડતો હતો. તેની પ્રિય સખી ઉપમા તેની બાજુમાં હતી. આજે તે પોતાને હુંમરે જીવનસાગર તરવા ઝંપલાવી રહ્યો હતો. બીક તેના હૃદયમાં હતી નહિ. આશંકાને ક્યાંય સ્થાન ન હતું. જીવન તેને આશાભર્યું-પ્રેરણાભર્યું લાગતું હતું. તરવાનો પ્રયત્ન જ તેને સુખદ ભાસતો હતો.

અત્યારસુધીમાં જે કંઈ ઝીણી મોટી મુસીબતો આવી હતી તેથી સુરેશ હતાશ નહોતો થયો. અને હવે તો તેની નિરાશામાં ચેતન રેડનારી ઉપમા તેના સાથમાં જ હતી. ઉપમાની હૂંફ સુરેશને મન મોટું સાંત્વન હતું. આજે એવી વિરલ જીવનસખીના સાથમાં જીવનકલહના કાદવમાં કૂદી પડતાં તેને અનેરો આનંદ થતો હતો. હૈયું હર્ષથી પુલકિત થઈ રહ્યું હતું. મનમાં કંઇકંઇ કરવાના ગગનગામી મનોરથો જાગતા હતા. જીવનની આ પળ સુરેશને રમ્ય ને રોમાંચક લાગતી હતી. કોઇની ખુશામત કર્યા વિના માત્ર લાયકાતને જ જોરે નોકરી મેળવી પોતે દડસદ જાય એ પ્રસંગ સુરેશને ભવ્ય લાગતો હતો.

ઉપમા પણ આનંદમાં હતી. સુરેશ તેના ધારવા પ્રમાણે જ નીકળ્યો હતો. સુરેશનો લઢકણો સ્વભાવ તેને ગમતો હતો. દબાતા, ખુશામત કરતા, રડી પડતા યુવકો કરતાં. લાંબોચોડો વિચાર કરવા રોકાયા વિના સ્વમાનને ખાતર તડફડ કરી નાખતો સુરેશ ઉપમાને અનેકગણો ચડિયાતો લાગ્યો હતો. એના થોડા અવિચારીપણામાંય તે ખુમારી જોઇ શકતી. સુરેશમાં વિચારકની મૌલિકતા હતી. એ મૌલિકતાથી જ સુરેશ જીવનમાં અનોખું સ્થાન મેળવી શકશે, તેની ઉપમાને ખાતરી હતી. જે કંઇ મળે તેથી ખુશ થઇ ચલાવી લેવું, એ ઉપમાના સ્વભાવમાં ન હતું. તેણે તો જીવનનો એક ભવ્ય આદર્શ કલ્પ્યો હતો. પડતાં-આખડતાંય એ આદર્શને પહોંચી વળવાની તેની મુરાદ હતી. સુરેશના સાથમાં મહત્તાપૂર્ણ જીવન જીવી શકાશે તેની પ્રતીતિ જ ઉપમાને અનેરી તાકાત અર્પી રહી હતી.

દડસદની નોકરી તો સામાન્ય વાત હતી. પહેલો વર્ગ મેળવેલા સ્નાતકને સાઠ રૂપિયાનો માસિક દરમાયો મળે તેમાં બહુ ખુશ થઇ જવા જેવું ન હતું. પણ જે રીતે એ દરમાયો મળવાનો હતો તેથી ઉપમા-સુરેશ બંનેને આનંદ થતો હતો. જીવનને પહેલે પગથિયે પોતે કોઇની ખુશામત નથી કરી, સ્વમાન ઝાંખું થવા નથી દીધું, એ ખ્યાલથી બંનેનાં હૃદય ગર્વથી ઉછળી રહ્યાં હતાં.

ચાલતી ગાડીમાં આવતો પવન ઉન્માદક હોય છે. તેમાં વળી ભેગા થઇ ગયા કોલેજ મિત્રો ! પછી બાકી શું રહે ?

સુરેશ જે ડબામાં બેઠો હતો, તેમાં દૂરના ખાનામાં એક આધેડ વયનો ગરાસિયા જેવો લાગતો આદમી બેઠો હતો. ઉપમાના રૂપથી અંજાઇ તે વારંવાર ઊંચો થઇ તેના પ્રત્યે દૃષ્ટિપાત કરી રહ્યો હતો. સુરેશના કોલેજમિત્રો સાથે રસપૂર્વક વાતો કરી રહેલ ઉપમાના ઝળાંહળાં થતા રૂપે એ ગરાસિયા પર જાદુ ચલાવ્યું હોય તેમ એ ભાઇ ઉપમા પરથી નજર દૂર કરી શકતો ન હતો.

ત્રણ વખત તો એ 'બાપુ' ઉપમાના ખાના પાસે થઇને પાયખાનામાં જઇ આવ્યો. ઉપમાના ખાના પાસેથી પસાર થતી વખતે જાણે ચાલવામાં કંઈક અડચણ આવતી હોય તેમ તે પોતાની ચાલ, સીમંતિની સ્ત્રીના જેવી ધીમી કરી દેતો, અને ફાટયે મોંએ ઉપમા તરફ જોઈ રહેતો. સુરેશ અને તેના મિત્રો સાથે વાતોએ વળગેલ ઉપમાનું ધ્યાન 'બાપુ' તરફ નહોતું.

ચોથી વખત 'બાપુ' પાયખાને જવા ઊપડયો ત્યારે તેમાં કોઇ ગયેલું હોવાથી એ ભાઇ પાયખાનાની બાજુના ખાના નજીક ઊભો રહેવાને બદલે ઉપમાની સામે આવીને ઊભો.

'બાપુ' ઊભો એટલે સુરેશનું ધ્યાન તેના પર પડયું. પણ ઉપમા સામે જોતો નવરો પડે તો 'બાપુ' સુરેશ સામે જુએને ? એ તો બાપડો વાતો કરતી ઉપમાને જોવામાં એટલો તલ્લીન થઇ ગયા હતો કે પાયખાનામાં ગયેલ વ્યક્તિ બહાર નીકળી તેનું ય તેને ભાન ન રહ્યું. તેના લટુવેડા હાસ્યજનક હતા.

'કેમ છો, બાપુ ?' સુરેશે કંઈવારે ગંભીર સ્વરે પૂછ્યું.

'મજામાં.' 'બાપુ'એ ઉપમા પરથી નજર ખેસવ્યા વિના કહ્યું.

'બેસોને !' સુરેશે ઠાવકે અવાજે કહ્યું.

'હું તો બેઠો છું.'

'એમ ?' સુરેશે ટોળ કરતા અવાજે પૂછયું.

'હા.' હજી 'બાપુ' સુરેશના સ્વરમાંની તિખાશ પારખી શકયો ન હતો

'કયાં બેઠા છો ?' સુરેશના એક મિત્રે પૂછયું.

'પેલે પાટિયે.' 'બાપુ'એ પોતાની જગ્યા દેખાડતાં કહ્યું

'ત્યારે અહીં કેમ ઊભા છો ?' એ જ મિત્રે પૂછયું.

'પાયખાને જવું છે.'

'તો જાઓને !'

'કોઈ ગયું છે.'

'ત્યાં તો કોઇ ગયું નથી: સિવાય કે તમારૂં મન!' બીજા મિત્રે કહ્યું.

'ના, એમ નહીં.' સુરેશે ઊભા થઇ 'બાપુ'ની નજીક આવતાં કહ્યું: 'તમે અહીં જ બેસો. આ બૈરી ખરેખર રૂપાળી છે. તમારે તેને જોવા માટે વારંવાર પાયખાનાની હવા લેવા જવું પડે તેના કરતાં તમે થોડી વાર અહીં સામેના પાટિયા પર બેસીને તેને નિરાંતે જોઈ લો, પેટ ભરીને નીરખી લો! હું તો તેને પરણ્યો છું, એટલે મારે તો તેને જીંદગી આખી જોવાની જ છે. તમે આવા હાંફળાફાંફળા ફરો છો તે ક્યાંક અકસ્માત કરી બેસશો. આને જોઇ લો ને પછી ઘેર ઠકરાણાંને વાત કરજો.' આટલું કહી સુરેશે અરીણુ જેવા 'બાપુ'ને બાવડું ઝાલી એવો ધક્કો માર્યો કે, તે પડતો પડતો માંડ બચ્યો.

આખો ડબ્બો સુરેશના વ્યંગભર્યા શબ્દોથી ખડખડાટ હસી પડયો. નફટ ગરાસિયો પણ શરમાઇ ગયો. ન તો એ પાયખાનામાં જઇ શક્યો કે ન તો ઉપમા સામેના પાટિયા પર બેસી શક્યો. એને તો પગ ભાંગી ગયા હોય તેમ ગડથોલાં ખાતાં પોતાની જગ્યા પર જ પહોંચવું પડયું.

'કાં, બાપુ? એ ભાઈએ શું કહ્યું?' ડબામાંથી સૌ કોઇ તેને પૂછવા લાગ્યું.

સુરેશ ને મિત્રમંડળીના હસવાને તો સીમા ન હતી. ઉપમા પણ લટકણા પતિને પહેલી વખત પોતાની સામે બીજા સાથે ઝગડતો જોઇ આશ્ચર્યમુગ્ધ થઇ ગઇ. સુરેશની લડી પડવાની ટેવ વિષે તો તેણે ઘણું સાંભળ્યું હતું. પરંતુ આવી વિચિત્ર રીતે સુરેશ લડી શકતો હશે તેનો એને ખ્યાલ ન હતો.

બીજે જ સ્ટેશને 'બાપુ' એ ડબામાંથી ઊતરી પડયો. 'બસ, બાપુ? એ... પધારજો!' સુરેશે કહ્યું, અને વળી પાછો આખો ડબ્બો હાસ્યના પડઘાથી ગાજી ઊઠયો.

'બહુ અદેખા છો.' ઉપમાએ મીઠું હસતાં સુરેશને કહ્યું.

'કેમ?'

'તમારી બૈરી સામું કોઈ જુએ તે ય ન દેખી શકો?'

'મેં ક્યાં એને તારી સામે જોવાની ના પાડી હતી? હું તો ઉલટાનો એને સગવડ કરી આપતો હતો.' સુરેશે કહ્યું.

'ટટ્ટાંની આખાત ખાટી કરી નાંખી!' સુરેશના મિત્રે કહ્યું: 'બેન, એ તો છે જ એવા! કોલેજમાં પણ આમ ને આમ જેની ને તેની સાથે લડતા હોય. પ્રિન્સીપાલ તો એનાથી બાર ગાઉ દૂર નાસે. બાપડા પ્રિન્સીપાલને સાંજે શાંતિ જોઇતી હોય ત્યાં ભાઇસાહેબ મારા જેવા પાંચ-સાત જણને લઇ તેના મકાનની સામે ચોગાનમાં બેસી મોટે અવાજે રામધૂન જમાવે. પ્રિન્સીપાલ પટાવાળાને મોકલી

એમને જતા રહેવાનું કહે તો સુરેશભાઈ ઠંડે કલેજે જવાબ આપી દે કે, 'કે'જે તારા સાહેબને કે અમે તો ઇશ્વર–પ્રાર્થના કરીએ છીએ : કોઇને ય પ્રાર્થના કરતા રોકાય કે ?' બાપડો પ્રિન્સીપાલ પ્રાર્થનાનું નામ સાંભળી ચૂપ થઈ જતો. છાત્રાલયમાં ય આવાં જ તોફાન !'

પછી તો એ બધા મિત્રો કોલેજની વાતો પર ઊતરી પડયા. ઉપમાને સુરેશનાં કોલેજનાં પરાક્રમ સાંભળવાની મજા પડી.

મિત્રો તો પોતપોતાનાં ગામ આવતાં ઊતરી પડયા. તેમની સાથે આનંદમાં ગાળેલા સમયને લીધે ઉપમા–સુરેશને દડસદ આવતાં સુધી જરા ય કંટાળો ન આવ્યો.

દડસદ આવ્યું અને સુરેશને પોતે કોઇ નવા જ પ્રદેશમાં પ્રવેશ્યા હોય તેવું લાગ્યું. ગાડીના ડબામાં તો કોલેજનું વાતાવરણ જામ્યું હતું. દડસદનું પાટિયું જોતાં તેને જીવનકલહની યાદ તાજી થઇ. નવાપુરથી દૂર, મિત્રોથી દૂર, આ અજાણ્યા સ્થળે તે માત્ર પેટને કાજે આવી ચડયો હતો–તેને આવવું પડયું હતું, એનું તેને દડસદ ગામ જોતાં એકાએક ભાન થયું. નવાપુરને સ્ટેશને પિતાને છૂટતાં તે લાગણીવશ નહોતો થયો પણ અત્યારે તો છૂટા પડવાનું દુઃખ તેના અંતરને ભરી રહ્યું.

'કોઇ આપણને લેવા તો આવ્યું હશે ને ?' ઉપમાએ ડબામાંથી ઊતરતા પૂછ્યું.

'જરૂર કોઈક આવ્યું હોવું જોઇએ. મેં અધ્યક્ષને તારમાં એ બાબત સૂચના કરી છે.' સુરેશે સામાનનાં નંગ ગણતાં કહ્યું.

'આપનું નામ સુરેશભાઇ ?' એક દુબળા સરખા આદમીએ સુરેશને સલામ ભરી પૂછ્યું.

'હા, કેમ ?' સુરેશે કહ્યું.

'હું આપને લેવા આવ્યો છું. નગીનભાઇએ મને મોકલ્યો છે.'

'નગીનભાઇ કોણ ?' ઉપમાએ સુરેશને પૂછ્યું.

'હેડમાસ્તર સાહેબ, બેન !' પેલાએ વચ્ચે કહ્યું.

'તારું નામ શું ?' સુરેશે પૂછ્યું.

'મારું નામ પુનો. હું હાઇસ્કૂલમાં નોકર છું. અધ્યક્ષ સાહેબે ચિઠ્ઠી મોકલી હતી કે મારે આપને લેવા સ્ટેશને...' પુનો બાતોડવા લાગ્યા.

'આપણું ક્યાં જવાનું છે ?' સુરેશે પુનાને વચ્ચે પૂછ્યું.

'જી, મેમાનબંગલે. અધ્યક્ષ સાહેબે એમ જ કહેવડાવ્યું છે.'

'બહુ સારું ! ત્યારે ઊંચકાવી લે સામાન અને બોલાવી લે એક ગાડી !'

'ગાડી, સાહેબ...' કહી પુનો સુરેશ સામે જોઇ રહ્યો.

'કેમ ?'

'સાહેબ, ગાડી અહીં ન મળે.' પુનાએ કહ્યું.

'ત્યારે સામાન કેમ પહોંચાડશું ?'

'એ તો મજૂર પહોંચાડી દેશે...આપ ચાલો. મજૂર મેં આગળથી તૈયાર રાખેલા છે.' પુનાએ કહ્યું.

ચાર મજૂરોએ આવી સુરેશનો બધો સામાન ઉપાડી લીધો. સુરેશ–ઉપમાએ પુનાની સરદારી તળે સરઘસ આકારે 'હડસદ' ગામમાં પ્રવેશ કર્યો. ગામમાં દાખલ થતાં જ તેમને ગામના નામની સાર્થકતાનો ખ્યાલ આવ્યો.

'ઉપમા, આ ધૂળના ઢગલાઓ પરથી જ ગામનું નામ પાડયું હોય એમ લાગે છે.' સુરેશે રમૂજપૂર્વક કહ્યું.

'નામ પ્રમાણે જ ગામના ગુણ નીકળે એટલે કોઈને છેતરાવાનું તો ન રહે !' ઉપમાએ પગને ઘૂંટીપર્યંત ધૂળમાં દટાઇ જતા રોકવા જાળવી જાળવીને ચાલતાં કહ્યું.

'ઉપમા, એ ચાલે તો આપણે ત્રણે જણે ય મહેમાનબંગલે નહીં પહોંચીએ. જરા ઉતાવળ રાખ. મહેમાનબંગલામાં પાણી પુષ્કળ હશે. ત્યાં જઇ નાહી નાંખશું. કેમ પુના ?' સુરેશે કહ્યું.

'શું, સાહેબ ?' પુનાએ સાહેબ સામે ફરતાં પૂછયું.

'ગરમ પાણીની સગવડ તો થશે ને ?' સુરેશ, પુનાને લડાવતે સ્વરે બોલ્યો.

'હાવે, સાહેબ ! હું હોઉં ત્યાં બધી સગવડ હોય, મારૂં કામ કાળા જેવું નહિ. કાળાને પાંચ વખત કહો તોય બરાબર કામ ન કરે. હું તો વગરકહે બધું આગળથી તૈયાર કરી રાખું.' પુનો આત્મશ્લાઘાની એક પણ તક જતી કરવા તૈયાર ન હતો.

મહેમાનબંગલો વિશાળ હતો. જરા જૂનવાણી ખરો, પણ તેમાં સગવડ બધી હતી. કમિશનર કે કલેક્ટર સિવાયના ઘણાખરા મહેમાનેને આ બંગલામાં ઉતારો આપવામાં આવતો. જયાશંકરભાઇના જમાઇ માટે ગઢવક્ષને આ બંગલો ઉઘાડી આપવાનું યોગ્ય લાગ્યું હતું. મહેમાનબંગલાનું સ્વાગત પામી શકતા માસ્તર મોટા હોવા જ જોઇએ એમ પુનાએ ધારી લીધું હતું–અને ઉપમાને જોયા પછી તો તેને સુરેશની મોટાઈ બાબત લવલેશ શંકા નહોતી રહી.

ઉપમા નાવા ગઈ એ વખત દરમ્યાન સુરેશે પુના પાસેથી ગામને લગતી થોડીઘણી માહિતી મેળવી લીધી.

'પુના, અહીં સારાં મકાન તો ભાડે મળશેને ?'

'હોવે, સાહેબ ! આપ એ કામ મને સોંપી દેજો ને. હું આપને ફક્કડ મકાન શોધી આપીશ.'

'ભાડાં કેવાંક હોય છે ?'

'સાહેબ, આપણે બીજા માસ્તરોની માફક દોઢ બે રૂપિયાનું મકાન નથી જોવું. આપણે તો ત્રણ–સાડાત્રણ રૂપિયા ખરચી ફાંકડું મકાન ભાડે રાખવું છે.'

'અરે, સાડાત્રણ શું પાંચ રૂપિયા મહીને દેવા પડે તો ય આપણે વાંધો નથી. પણ મકાન જોઈએ સગવડવાળું.' સુરેશે કહ્યું.

એકસામટા માસિક પાંચ રૂપિયા તો ભાડામાં જ મંજૂર કરતા સુરેશ પ્રત્યે પુનો માનભરી નજરે જોઇ રહ્યો.

સુરેશે પણ નાહી લીધું ત્યારે પુનાએ કહ્યું: 'હવે તમારે અધ્યક્ષ સાહેબને મળવું હોય તો જલ્દી મળી આવો.'

'પછી શું કરવાનું છે ?' સુરેશે પૂછ્યું.

'પછી તમારે બંનેએ હેડમાસ્તર સાહેબને ત્યાં જમવા આવવાનું છે.'

'હેડમાસ્તરને ત્યાં ?'

'હા, સાહેબ ! દરેક નવા માસ્તરને પે'લે દિવસે તો નગીનભાઇને ત્યાં જ જમવાનું હોય છે.'

'ચાલ, ત્યારે અધ્યક્ષ સાહેબને મળી આવીએ.' સુરેશે ઊભા થઇ કપડાં પહેરતાં કહ્યું.

'બેન, તમને એકલાં મૂંઝવણ તો નહિ થાય ને ?' પુનાએ સુરેશ સાથે જવાની તૈયારી કરતાં ઉપમાને પૂછ્યું.

ઝીણી ઝીણી બાબતોનું આટલી ચીવટપૂર્વક ધ્યાન રાખતો દુબળો–પાતળો પુનો સુરેશને ગમી ગયો.

'ના, હું નહિ મુંઝાઉં.' ઉપમાએ સ્મિત કરતાં કહ્યું.

'મહેમાનબંગલો ગામથી જરા દૂર છે ને એટલે અહીં કોઇ વાતો કરનારૂં મળે તેમ નથી. પણ ગામમાં તો હું તમને એવું સરસ મકાન શોધી આપીશ કે સુરેશભાઇ આખો દિવસ બહાર રહે તોય તમને એકલું ન લાગે.' સુરેશ સાથે બહાર જતાં જતાં પણ વાચાળ પુનો કહેતો ગયો.

સુરેશ શાળાસમિતિના અધ્યક્ષ–સાકરલાલભાઇને મળવા ચાલ્યો.

છેલ્લા કેટલાક મહીનાઓથી બધો વખત સુરેશને પોતાની પાસે જ દેખતી ઉપમાને હવે સુરેશ દિવસનો મોટો ભાગ બહાર રહેશે તેનો અત્યારે પહેલી જ વાર ખ્યાલ આવ્યો.

સુરેશ નોકરી માટે બહાર રહે તેમાં કંઇ નવીન ન હતું. કોઇ પણ પત્ની પતિને પોતાની પાસે ને પાસે જ જકડી રાખી શકે એ અસંભવિત જ છે. એનો

પ્રયત્ન પણ કરવામાં આવે તો ઉભય દંપતી એકમેકથી ઘણાં વહેલાં કંટાળી જાય એ સ્વાભાવિક છે. આવી સીધી સાદી વાત ઉપમા ન સમજી શકે એ બને જ નહિ. વેવલી તે નહોતી. જીવનની વ્યાવહારિક જરૂરિયાતોનો તેને ખ્યાલ હતો. ખાવા માટે મહેનત કરવી પડે એમ તે સમજતી હતી. છતાં ય સુરેશ તેને એકલી મૂકીને અધ્યક્ષને મળવા ગયો ત્યારે તેના મનમાં એકવાર તો વિચાર આવ્યો જ કે, 'સુરેશના મનમાં મારા કરતાં કોઇ બીજી વસ્તુને વધારે મહત્ત્વનું સ્થાન મળી જાય તો ?' પણ બીજી જ પળે તેણે એ વિચારને હસી કાઢયો.

તે સુરેશની હતી, સુરેશ તેનો હતો. જીવનમાં ટકી રહેવા પુરુષાર્થ તો અનેક કરવા પડે, પણ તેથી તેમનાં દિલમાં એકમેકનું જે સ્થાન છે તેમાં લેશમાત્ર ફેર શા માટે પડવો જોઇએ ?

•

૯ : રહેવું તો ખરું !

સુરેશ પહોંચ્યો ત્યારે સાકરલાલભાઇ તેની રાહ જોઇને જ બેઠા હતા.

'પેલા અધ્યક્ષ સાહેબ !'' પુનાએ મકાન બહારથી જ સુરેશને ઓળખાણ પાડી : અને અધ્યક્ષ સાહેબને સલામ ભરી તે દૂર ખસી ગયો.

'પધારો, સુરેશભાઇ !' સાકરલાલભાઇએ સુરેશને લેવા ઉભા થતાં કહ્યું

'જી !' કહી સુરેશે તેમને પ્રણામ કર્યા.

'ગાડીમાં કંઇ તકલીફ તો નહોતી પડીને ?' સાકરલાલભાઇએ પૂછયું.

'ના–જી, કૉલેજના મિત્રો સાથે થઈ ગયેલ, એટલે ખૂબ મજા પડી.'

'જમવાનું મારે ત્યાં રાખજો.'

'પુનો કહેતો હતો કે અમારે બંનેએ નગીનભાઇને ત્યાં જમવાનું છે.'

'બંનેને ? તમારાં પત્ની સાથે આવ્યાં છે ?'

'હા–જી !'

'ત્યારે તો મહેમાનબંગલા કરતાં મારે ઘેર ઊતરવાનું રાખ્યું હોત તો વધારે ઠીક પડત.'

'મહેમાનબંગલામાં પૂરતી સગવડ છે.' સુરેશે કહ્યું.

'લેખનશક્તિ તમે ખાસ વિકસાવી લાગે છે.' સાકરલાલભાઇએ થોડીવાર શાંત રહ્યા પછી કહ્યું.

'ખાસ તો શું ? પણ અવકાશે લખું ખરો.'

'લલિત વાઙ્મય સર્જો છો કે ?'

'ના-જી, હમણાં તો સંશોધન, અવલોકન ને અભ્યાસ પર જ ધ્યાન આપું છું. સર્જક થવાની શક્તિ હજી મારામાં મને નથી દેખાતી.'

'એ ય ઠીક છે.' સાકરલાલભાઈ મુદ્દાની વાત પર નહોતા આવતા.

'મારે ક્યારથી નોકરી પર ચડવાનું છે ?' સુરેશે સીધો પ્રશ્ન પૂછી નાખ્યો.

'તમારે ને ?' સાકરલાલભાઈએ કંઇક વિચારતાં કહ્યું: 'તમારી નિમણૂક તો મેં સીધી જ કરી નાખી હતી. એ પછી સમિતિ સમક્ષ વાત મૂકતાં એકાદ બે જણે વાંધો ઉઠાવ્યો છે. પણ તેનું તો કાંઇ નહિ. તમારે અમારી શાળામાં કામ કરવાનું જ છે. એ બાબતમાં હું કોઇને મારી આડે નહિ આવવા દઉં. પણ...' કહી એ અટક્યા.

'પણ શું ?' સુરેશ તો સાકરલાલભાઇની વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયો. ઉપમા સાથે આટલે દૂર આવ્યા પછી તેને પાછા જવું પડે તો તો ગજબ થઇ જાય ને ! સમિતિને પૂછ્યા વિના પોતાને દડસડ ખેંચી લાવનાર આ અધ્યક્ષ પર તેને ગુસ્સો પણ ચડ્યો.

'કદાચ તમારા પગારની બાબતમાં કાંઇક ફેરફાર કરવો પડે.' સાકરલાલભાઇ એકેએક શબ્દ જોખતા હોય તેમ બોલ્યા.

'એટલે ?' શાંત રહેવાનો પ્રયત્ન કરવા છતાં સુરેશ સીધો પ્રશ્ન પૂછ્યા વિના ન રહી શક્યો. આવી પરિસ્થિતિમાં તડફડ કરી નાખવાનો તેનો મૂળસ્વભાવ તે કેમ ભૂલી શકે ?

'અમે ગ્રેજ્યુએટોને શરૂઆતમાં માસિક રૂ. ૫૦) આપીએ છીએ. તમારી રૂ. ૬૦) થી શરૂઆત કરી તે સામે અમુક સભ્યોએ વાંધો ઉઠાવ્યો છે. મ્યુનિસિપાલિટીનાં કામ બધાં એવાં જ છે. વાંધો ઉઠાવનારમાંના ઘણાખરાને પોતાના કોઇ ને કોઇ માણસને આ જગ્યા પર મૂકવો હતો; પણ એમ પોતાના લાગતાવળગતાને ભેગા કરી શાળાને ધૂળમાં મેળવી દીધી છે, તે મારાથી જોયું જતું નથી. મારે તો લાયક શિક્ષક જ જોઇએ. અમારી મ્યુનિસિપલ હાઇસ્કૂલને મારે ગ્રેજ્યુએટોનું સંગ્રહસ્થાન નથી બનાવવું. પણ આપણે એ સભ્યોને નાખુશ કરવા જઇએ તો તેમના હુમલા સહી લેવાની તૈયારી પણ રાખવી જ જોઇએ ને ? તમને રૂ ૬૦) આપવાનું કહી હવે પચાસનો પગાર આપવામાં હું તમારી સ્થિતિ કેવી કફોડી કરી મૂકું છું તેનો મને બરાબર ખ્યાલ છે. પણ તમે મારી ય મુશ્કેલી ધ્યાનમાં લેશો એવી મને આશા છે. મારૂં ચાલશે ત્યાંસુધી તો હું તમને રૂ. ૬૦) આપીશ, પણ કદાચ એમાં હું પાછો પડું તો તમારે જરા ય મુંઝાવું નહીં. તમારૂં શિક્ષણ ઘણું સરસ

છે, એમ કહી બીજે જ મહીને હું તમારા પચાસના પાંસઠ કરી શકું છું. આ લોકોએ જેમ પ્રચાર કરી મારી વાત આ વખતે ઉડાવવા પ્રયત્ન આદર્યો છે તેમ આવતે વખતે હું તેમને મહાત કરી દઈશ.'

સુરેશ સાકરલાલભાઇના શબ્દો સાંભળી સ્તબ્ધ થઇ ગયો. રા. બ. મહેતાના ખાતામાં જ ખટપટ હોય છે એમ નહીં. લોકનિયંત્રિત ખાતાંઓમાં ય ખટપટનો પાર નથી હોતો એ વાત સુરેશે પહેલી વાર જાણી. સાકરલાલભાઇને શો જવાબ દેવો એ જ તેને સમજાતું નહીં. રા. બ. મહેતા જેવા ઉદ્ધત અધિકારી સાથે કેમ વર્તવું એ તેને આવડતું હતું, પણ સાકરલાલભાઇ સમા મીઠા માણસ મીઠું મીઠું બોલી તેને જે રીતે અપમાની રહ્યા હતા, તેનો સામનો કરવાં સુરેશને નહોતું આવડતું.

સુરેશ શાંત રહ્યો. તેને માટે ચા–નાસ્તો આવ્યા. સુરેશે થોડો ચા પીધો, નાસ્તો તેણે ન ખાધો.

'હવે મારે શું કરવાનું છે?' ચા પીધા પછી સુરેશે પૂછ્યું.

'તમારે કાલથી નોકરી પર ચડી જવાનું છે. મારી ઉતાવળ માટે મને ક્ષમા કરજો. પણ હું તમારે માટે મારાથી બનતું કરીશ તેની ખાતરી રાખજો.'

થોડી આડીઅવળી વાતો કરી સુરેશે રજા લીધી.

સુરેશ અધ્યક્ષ સાહેબને ત્યાંથી બહાર નીકળ્યો ત્યારે પુનો દોડતો આવીને તેની સાથે થઇ ગયો.

તેઓ મહેમાનબંગલે પાછા પહોંચ્યા ત્યારે ઉપમાએ સુરેશને પૂછ્યું: 'કાં, શું કરી આવ્યા?'

'બધું જોયા જેવું છે.'

'કેમ?'

'શાળા–સમિતિના કેટલાક સભ્યો મારી નિમણૂકની વિરુદ્ધ છે. એ લોકોએ જબરો વિરોધ ઊઠાવ્યો છે. તેઓ મારી નિમણૂક રદ નહીં કરાવી શકે, તો પણ મારો પગાર તો જરૂર સાઠને બદલે પચાસ કરાવશે.'

ઉપમા શાંત રહી.

'કેમ તારો શો મત પડે છે?' સુરેશે તેને પૂછ્યું.

'શી બાબત?'

'હવે આપણે શું કરવું?'

'આપણે શું કરવાનું છે?'

'મારી નિમણૂક તો એ લોકો રદ નહીં કરી શકે, પણ પગાર ઓછો આપે તો આપણે એ વાત સ્વીકારી લેવી? નાક કપાવા દેવું?'

સુરેશે સાકરલાલભાઈએ કરેલી વાત વિગતવાર કહી સંભળાવી.

'મને લાગે છે કે તમારે નોકરીનો અસ્વીકાર ન કરવો.' બધી વાત સાંભળ્યા પછી ઉપમાએ કહ્યું.

'સ્વમાનને ભોગે અહીં પડયા રહેવું?' સુરેશે પૂછ્યું.

'તમે સ્વમાન જતું કરો એવું તો હું કદી ન ઇચ્છું. પણ અહીં તો તદ્દન જુદી જ વાત છે. આજે તમે ચાલ્યા જાઓ તેની કંઇ જ અસર આ શાળાસમિતિના સભ્યો પર થવાની નથી. તમે સામાન્ય સ્નાતકોથી ઊંચી કક્ષાના છો એમ માનવાને તેમને કોઈ કારણ નથી. સાકરલાલભાઇએ બીજે મહીને તમારો પગાર વધારી આપવાનું વચન આપ્યું છે. તેમને તમારે માટે કંઇક કરવાની પૂરતી તક તો આપવી જોઈએને? તમે એક મહીનો કામ કરો. તમારી શક્તિનો બધાને પરિચય થવા દો. એ પછી જો અધ્યક્ષ તેમના વચન અનુસાર કંઈ ન કરી શકે તો તમારે ચોક્કસ રાજીનામું આપી દેવું પેટ ભરવા ખાતર આપણે અહીં પડયાં નહિ રહીએ, પણ હમણાં તો ઉતાવળ ન કરવી.'

સુરેશ તડફડ કરી નાખવા તૈયાર હતો, પણ ઉપમાની વાત તેને વધારે વાજબી લાગી. તે તરત જ ચાલ્યો જાય તેના કરતાં એક મહીના પછી જાય તો તેથી વધારે સરસ અસર થાય એમ તેણે પણ કબૂલ્યું.

ચર્ચામાં બંને એટલાં મશગુલ બની ગયાં હતાં કે પુનો ન આવ્યો હોત તો તેમને નગીનભાઇને ત્યાં જમવા જવાનું યાદ પણ ન આવત.

'સાહેબ!' પુનાએ પ્રવેશી કહ્યું: 'હેડમાસ્તર સાહેબે જમવા બોલાવવા માણસ મોકલ્યો છે.'

'બહુ સારૂં, ચાલો!' સુરેશે કહ્યું.

સુરેશ ને ઉપમા નગીનભાઇને ઘેર પહોંચ્યા ત્યારે, તે તેમને બંનેને, કોઈ જૂના સંબંધી હોય એટલા પ્રેમપૂર્વક મળ્યા. તેમની વાત કરવાની રીત સામા માણસને મુગ્ધ કરી દે તેવી મોહક હતી. સુરેશને પ્રથમ દૃષ્ટિએ નગીનદાસ ગમ્યા.

'તમારૂં નામ શું, બેન?' બંનેને બેસાડયા પછી નગીનદાસે ઉપમાને પૂછ્યું.

'મારૂં નામ ઉપમા.'

'વાહ! સરસ નામ છે. નવીન પણ ખરૂં. કેમ, કેવું લાગ્યું અમારૂં દડસદ?'

'દડસદમાં દડ તો છે જ!' ઉપમાએ મીઠું હસીને કહ્યું.

હેડમાસ્તર સાહેબનાં સહધર્મચારિણી–ચંચળબેન મહેમાનોનું સ્વાગત કરવા હાજર થઇ ગયાં હતાં.

'હડસદમાં શું છે એ ગણાવવા કરતાં શું નથી એ ગણાવવાની મજા પડે તેવું છે!' 'ચંચળબેને કહ્યું: 'સ્ટેશન પર ન મળે ગાડી, ગામમાં ન મળે જોઇતી ચીજ વસ્તુ ને લોકોમાં ન મળે અક્કલ!' બધાં હસ્યાં.

'લોકોની અક્કલ વધારવા તો આપણે સુરેશભાઇને બોલાવ્યા છે ને!' નગીનદાસે કહ્યું.

'તમે તેર વર્ષથી લોકોની અક્કલ વધારો જ છો ને! થયો છે એમાં કંઇ વધારો?' ચંચળબેને પૂછ્યું.

નગીનદાસ શાંત રહ્યા.

'ચાલો, બેન! મારું રસોડું બતાવું.' ચંચળબેને ઉપમાને કહ્યું. ઉપમા ચંચળબેન સાથે અંદર ગઇ.

'કેમ, મળી આવ્યા સાકરલાલભાઇને?' નગીનદાસે એકલા પડતાં સુરેશને પૂછ્યું.

'હા. જી!' પહેલે પ્રસંગે કોઇનું ખરાબ ન બોલવા માટે સુરેશે મિતાક્ષરી જવાબ આપવાનું યોગ્ય ધાર્યું.

'કેવા લાગ્યા?'

'ઠીક છે.'

'કાલથી કામ પર ચડી જાઓ છો ને?' નગીનદાસે પૂછ્યું.

'હા–જી, હમણાં તો આપની નીચે કામ કરવા આવીશ.'

'કેમ હમણાં તો? બીજે ક્યાંય નોકરી શોધી કાઢી છે?'

'બીજી કોઇ નોકરી તો નથી શોધી, પણ તમારી શાળાસમિતિના સભ્યો ને અધ્યક્ષ સાથે મારે કેટલોક વખત સુધી બનશે તે કાંઈ કહેવાય નહીં.'

'કેમ, કંઇ થયું છે?'

'હજી તો ખાસ તકરાર નથી થઇ. પણ હું અહીં લાંબો વખત ટકી શકું એમ નથી લાગતું.'

'વાત શી છે? કંઇક વિગતથી કહો તો સમજાય ને! મારાથી બનતી મદદ હું તમને કરીશ.' નગીનદાસે કહ્યું.

'મને સાકરલાલભાઇએ રૂ. ૬૦થી નીમ્યાનો હુકમ મોકલ્યા પછી હવે હું અહીં આવવા ગયો ત્યારે કહે છે કે મારે શરૂઆતમાં તો રૂ. ૫૦નો પગાર સ્વીકારવો પડશે. કારણ કે શાળાસમિતિ મને ખાસ પગાર આપવાની વાત મંજૂર કરે એમ નથી.'

'એટલી જ વાત છે ને?'.

'આપને એ એટલી જ વાત લાગતી હશે. મારે મન તો એ સ્વમાનનો પ્રશ્ન છે. પાંચ–દશ ઓછા વધુની વાત નથી, પણ…'

'તમે' નગીનદાસે વચ્ચે કહ્યું : 'મારી વાત સમજ્યા નહીં. તમારો પગાર નક્કી કરવાનું સમિતિની આવતી બેઠકમાં જ બની શકશે. તમારો પગાર નક્કી કરતાં પહેલાં મારો અભિપ્રાય તેઓ અચૂક માગશે. તમારૂં એક મહીનાનું કામ જોયા પછી તમે સાઠના પગારને પાત્ર છો એવો મત જો હું આપું તો સમિતિનો કોઇ સભ્ય તેનો વિરોધ કરી શકે નહીં. એ રીતે પગારની વાત તો સંતોષકારક રીતે પતી જશે તેની મને ખાતરી છે.'

'હવે તમારે જમવા આવવું છે કે સુરેશભાઇને વાતોથી જ ધરવી દેવા છે ?' ચંચળબેને બહાર આવી નગીનદાસને મીઠો ઉધડો લેતાં કહ્યું.

'જેમની પાસે નોકરી કરવી છે, તેમની થોડી વાતો તો સાંભળવી પડે ને ?' સુરેશે સ્મિત કરી કહ્યું.

'ના–ના, ચલો ! આપણી વાતો તો થશે પછી.' નગીનદાસે ઉભા થતાં કહ્યું. સુરેશ પણ ઊભો થયો.

નગીનદાસ અને સુરેશ પહેલાં જમવા બેઠા. તેઓ જમી રહ્યા પછી ઉપમા અને ચંચળબેન જમવા બેઠાં.

ચંચળબેન જબરાં વાતોડિયાં હતાં. પોતાની મોટાઇનું તેમને સતત ભાન રહેતું.

'બેન, તમારે કાંઈ વાતે મુંઝાવું નહીં. મારી પાસે આવતાં રહેજો. હું તમને મોટમોટે ઘેર બેસવા લઇ જઇશ.'

ઉપમા શાંતિપૂર્વક ખાવાનું કામ પતાવતી હતી.

'અમારે તો બધાં મોટાં માણસો સાથે જ ઓળખાણ.' ચંચળબેનનો ઉત્સાહ ઉપમાની શાંતિથી ઓસરી જાય તેમ ન હતો.

'ખરૂં છે.' ઉપમાએ કહ્યું, 'તમે ય મોટાં માણસ જ છો ને !'

ઉપમાના અવાજમાં રહેલ રમૂજ ચંચળબેન પારખી શકે તેમ ન હતાં.

'હા, બેન ! અમારો મોભો મોટો. અમારે પોણાબસો રૂપિયાનો તો પગાર ! અમે કાંઇ જેવાં તેવાં છીએ ? હું તો બેન, કલેક્ટર સાહેબના મેળાવડામાં ય જઉં. સાચું કે'જો, બેન ! પુરૂષ લોકો મોટા રહ્યા તેની આબરૂ તો આપણે વધારવાના ને ?'

'ચોક્કસ–ચોક્કસ !' ઉપમાને ચંચળબેનની આત્મસ્તુતિ વિરુદ્ધ શું કહેવાનું હોય ?

'નિશાળના પટાવાળા પણ મારાથી ડરે, હો ! એકલા પટાવાળા શું, ક્યારેક તો ખુદ હેડમાસ્તર સાહેબને પણ લડી લઉં.'

એ પછી તો ચંચળબેન પોતાના સંસારની, પોતાની રિદ્ધિસિદ્ધિની, પોતાની મોટાઇની, પોતે ઘરમા કેવું કેવું ખર્ચ કરે છે, ઇત્યાદિ ઝીણીઝીણી બાબતો પર એવાં ઊતરી પડ્યાં કે ઉપમાને તેમની એ બધી વાતો વિના હોંકારે સાંભળ્યા કરવી પડી.

ઝાલાવેલી ચંચળબેન જ્યારે આપવખાણમાં લાગી પડી હતી ત્યારે બાજુના જ ઓરડામાં નગીનદાસ સુરેશ સાથે વ્યાવહારિક વાતો કરી રહ્યા હતા.

'તમારે બિલકુલ મુંઝાવું નહીં.' નગીનદાસે કહ્યું.

'એમ હું મુંઝાઇ જઉં એવો નથી.' સુરેશે કહ્યું.

'નવીન કામ છે અને કંઇ પૂછવા જેવું લાગે તો વિના સંકોચે મારી પાસે ચાલ્યા આવવું.'

'જરૂર! તમારી સહાયથી મારૂં કામ ઘણું સરળ થઇ જશે.'

'મારી સાથે કામ કરનાર દરેક શિક્ષકને સહાય કરવાની હું મારી ફરજ સમજું છું.'

'એ બહુ સારસ વાત છે. એથી શાળાનું કામ દીપી ઊઠે.'

'શિક્ષકો સાથેનો મારો વર્તાવ સંબંધીના જેવો હોય છે. તેમની આર્થિક જરૂરિયાતોનું ધ્યાન રાખવાનું ય હું ચૂકતો નથી. મ્યુનિસિપાલિટીના ટૂંકા પગારમાં શિક્ષકો પોતાનું પૂરૂં ન કરી શકે એ દેખીતું છે. તેમને માટે ખાનગી ટ્યુશનો મેળવી આપવાની ફરજ મારા પર છે, અને બદલામાં શિક્ષકો તેમને ટ્યુશનમાંથી મળતી આમદાનીનો અર્ધો ભાગ મને આપે છે.'

સુરેશ શાંત રહ્યો. હજી તો હમણાં જ નગીનદાસનાં શીખંડ પૂરી ખાધાં હોવાથી તેમની ટીકા કરવા જતાં તે સ્વાભાવિક જ અચકાયો.

'કેમ, તમને શું લાગે છે?' નગીનદાસે પૂછ્યું.

'શેનું?'

'હું શિક્ષકોને વધારાની આમદાનીની સગવડ કરી આપું તે બરાબર છે ને?'

'તમારો શિક્ષકપ્રેમ ઠીક છે.'

'અને આભારવશ શિક્ષકો મને ટ્યુશનની અર્ધી આવક આપે તે પણ સ્વાભાવિક જ છે.'

સુરેશ પાછો શાંત થઇ ગયો. પહેલે જ પ્રસંગે હેડમાસ્તર સાથે તકરાર કરવા તે ખુશ ન હતો. તેને કયાં ટ્યુશન રાખવાં હતાં? ચબરાક નગીનદાસે પણ વાતનો વિષય તરત બદલાવી નાખ્યો. સુરેશને કયા વિષયો શીખવવાનું ફાવશે તેની ચર્ચા તેમણે શરૂ કરી. સુરેશને એ વાતમાં રસ પડ્યો.

'મેટ્રિકના છોકરાઓ જરા તોફાની છે.' સુરેશે કયા કયા વર્ગના કયા કયા વિષયો લેવા તે નક્કી થયા પછી નગીનદાસે કહ્યું.

'તોફાની વિદ્યાર્થીઓ સાથે મને ફાવશે.' સુરેશે કહ્યું.

'બીજા શિક્ષકોની તો એ નલાયકો રેવડી કરે છે.'

'હું એમને સીધા કરી શકીશ.

'શારીરિક શિક્ષા તો ન જ કરશો. એ વાત શિક્ષણના સિદ્ધાંતથી વિરુદ્ધ છે. એટલું જ નહીં, પણ એથી શાળાનું આર્થિક હિત જોખમાવાનો પણ સંભવ છે.'

'વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષા કરવામાં હું માનતો જ નથી. એમ કરવું પડે તેને હું શિક્ષકની નબળાઇ ગણું છું. માર્યા વિના પણ વિદ્યાર્થીઓનો પ્રેમ સંપાદન કરી શકાય એમ હું માનું છું.'

'વિદ્યાર્થીઓ પ્રત્યે ધાકને બદલે પ્રેમની દૃષ્ટિથી જોશો તો તમે જરૂર શિક્ષકના ધંધામાં નામ કાઢશો. ખોટું શું કહું ! હું પોતે વિદ્યાર્થીઓને પ્રેમથી નથી રીઝવી શકતો. તેમના પર અમુક અંશે મારી ધાકની જ અસર પડે છે '

ઉપમા ને સુરેશ જમીને પાછાં આવ્યાં ત્યાંસુધી પુનો તેમની રાહ જોઇને મહેમાનબંગલે બેઠો હતો. બંને આવ્યા પછી તે જમવા ગયો.

'કેમ તને શું લાગે છે ? દડસદ આપણને ફાવશે ?' સુરેશે પૂછ્યું.

'અહીંના લોકોને આત્મશ્લાઘાનો રોગ લાગે છે !' ઉપમાએ કહ્યું : 'ચંચળબેન પણ પોતાનાં વખાણ કરતાં નવરાં નહોતાં થતાં.'

'તને આવી ભરાયા જેવું નથી લાગતું ને ?'

'ના, રે ! એમ શું હું નમાલી છું ?' ઉપમાએ હસતાં કહ્યું: 'સીધુંસટ જીવન જીવવામાં મજા શી ? અનુકૂળતાઓ જ મળે અને આપણે ઝળકી ઊઠીએ તેના કરતાં પ્રતિકૂળતાઓનો સામનો કરીને ઝળકવામાં અનેકગણી મજા છે. પુનો ને ચંચળબેન તમને વાર્તા લખતા કરી દે તો મને નવાઇ નહિ લાગે. મારે તો અહીં રહેવું છે. મુશ્કેલીની મોજ પણ માણવા જેવી હોય છે.'

'વાહરે, બહાદર ! તો પછી આવતી કાલથી બની જાઉં 'સર !' અને શરૂ કરી દઉં ભણાવવાનું !' સુરેશે કહ્યું.

'અહીંથી એક મહીના પહેલાં તો આપણે નથી જવું એ પછી તમને જરૂર લાગે તો ખુશીથી રાજીનામું આપી દેજો. હમણાં તો વિદ્યાર્થીઓ પર એવી સરસ છાપ પાડો કે એ લોકો તમને ભૂલી શકે જ નહિ.'

દડસદ રોકાવાનું નક્કી કરીને છેક મોડી રાતે બંને ઊંઘી ગયાં.

૧૦ : નિશાળમાં

આજે દિવસે સુરેશને લઇ નગીનદાસ મેટ્રિકના વર્ગમાં દાખલ થયા. હેડમાસ્તરને માન આપવા બધા વિદ્યાર્થીઓ ઊભા થયા. નગીનદાસ ખુરશી પર બેઠા. સુરેશ પાટિયાં પાસે ઊભો રહ્યો.

'છોકરાઓ,' નગીનદાસે સુરેશ તરફ આંગળી ચીંધી કહ્યું : 'આ તમારા નવા માસ્તર છે.'

'સાહેબ, એનું નામ શું?' પાછળથી કોઈ છોકરો બોલ્યો.

'કોણ બોલ્યું એ?' હેડમાસ્તરે કરડે સ્વરે પૂછ્યું.

શિયાળાની કડકડતી ઠંડીમાં જેમ રાત પડયે સોપો પડી જાય તેમ હેડમાસ્તરનો અવાજ ગાજતાં વર્ગમાં શાંતિ છવાઇ રહી.

'તમારે નામનું શું કામ છે? એમનું કામ જ જોજો ને!' નગીનદાસે સત્તાવાહી અવાજે કહ્યું.

'મારૂં નામ સુરેશ.' સુરેશે જરા આગળ આવીને કહ્યું.

નગીનદાસ સુરેશ સામે જોઇ રહ્યા. પોતે વિદ્યાર્થીઓને દબડાવી રહ્યા હતા ત્યારે સુરેશે દેખાડેલું સૌજન્ય તેમને પસંદ ન પડયું. વિદ્યાર્થીઓને શિસ્ત જાળવવાની સૂચના કરીને તે જતા રહ્યા.

નાના બાઇસમા વિદ્યાર્થીઓની સાથે વાત કરવાનો આ પહેલો પ્રસંગ સુરેશને જીવનનો અનેરો લહાવો લાગ્યો. તેણે વર્ગનું પત્રક કાઢી, દરેક વિદ્યાર્થીનું નામ જાણી લીધું એકેએક જણની સાથે તેણે વાતો કરી. કોઇનીય સાથે વાત કરતાં તેણે તોછડાઇ ન વાપરી. બધાને 'તમે' કહીને જ તેણે સંબોધ્યા. 'તું' કારો તેણે વાપર્યો જ નહીં

વિદ્યાર્થીઓ માટે શિક્ષકનું આવું વર્તન નવી વાત હતી. તેઓ તો શિક્ષકોના ઠપકા સહેવા ટેવાયલા હતા. શિક્ષકની મિઠાશનો તેમને થોડો જ અનુભવ હતો. પોતે ખાનગી ભણાવતા હોય એ સિવાયના બધા વિદ્યાર્થીઓ સાથે બીજા શિક્ષકો અતડા રહેતા : તોછડા પણ ખરા!

સુરેશે એક વિદ્યાર્થી પાસેથી પુસ્તક માગીને શું શું ભણાવવાનું બાકી છે તેની પૂછપરછ કરવા માંડી.

'ભણાવતાં તો આવડશે ને?' પાછળથી કોઇએ છૂપી રીતે મજાકભર્યે સ્વરે પૂછ્યું.

'છુપાઇને શા માટે પૂછો છો?' સુરેશે કહ્યું: 'તમને જ્યારે ય એમ લાગે કે

મને કંઇક નથી આવડતું ત્યારે તમારે બેધડક ઉભા થઇને મને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું. હું મારી ભૂલ સુધારી લઇશ.'

સુરેશની સરળતાની છાપ વિદ્યાર્થીઓ પર સરસ પડી. પાછલે બાંકડે બેસી ચાળા પાડનાર પોતે જ શરમાઇ ગયો.

પછી તો સુરેશ અને વિદ્યાર્થીઓ અવનવી વાતો પર ઊતરી પડયા. વર્ગમાં કોને સાહિત્યનો શોખ છે, કોણ કસરતના શોખીન છે, કોણ ચિત્રકામમાં રસ લે છે, કોણ ક્રિકેટ રમે છે, કોણ સારૂં ગાય છે, વગેરે માહિતી તેણે ઝડપભેર મેળવી લીધી.

વર્ગમાં ચાલતાં પુસ્તકો વિષે સુરેશે વિદ્યાર્થીઓને અવનવી વાતો કહી સંભળાવી. સીધું ગોખણિયું જ્ઞાન એકી કાઢતા શિક્ષકો કરતાં સુરેશની શિક્ષણ–પદ્ધતિ ન્યારી હતી. વાક્યેવાક્યના અર્થ કરવાને બદલે તેણે તો પહેલે દિવસે લેખક અને તેના લેખન પર જ વિવેચન કર્યું.

વિદ્યાર્થીઓને તે ગમ્યું.

વિદ્યાર્થીઓ સાથે સેળભેળ થઇ ગયેલો સુરેશ પોતાનાં કામમાં એટલો તો એકતાન થઇ ગયો હતો કે તેને એક કલાક વીતી ગયો તેનું ધ્યાન ન રહ્યું. બીજા વિષયના શિક્ષક આવ્યા ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે તેનો કલાક તો પૂરો થયો હતો.

સુરેશ વર્ગમાંથી બહાર જતો હતો એ વખતે એક વિદ્યાર્થીએ ઉભા થઇ પૂછ્યું: 'સર, આવતી કાલે શું શીખવશો ?'

'મને 'સર'ને બદલે ભાઇ કહેશો તો ચાલશે' સુરેશે કહ્યું.

'સુરેશભાઇ !' વિદ્યાર્થીએ સાશ્ચર્ય ઉચ્ચાર્યું. એના મનમાં શંકા થતી હતી કે માસ્તરને ભાઈ કહીએ તો એ ગમે ખરૂં ?

અંગ્રેજ સરકાર પાસેથી 'સર'નો ઈલ્કાબ લેવો હોય તો કંઈક માથાકૂટ કરવી પડે છે, કેટલીય ખુશામત અને લાગવગનો આશરો લેવો પડે છે. પૈસાનું પાણી કરવાનું તો ખરૂં જ! જ્યારે અંગ્રેજી નિશાળના માસ્તરને તો વગરમહેનતે 'સર'નો ઇલ્કાબ મળી જતો હોવાથી એ વર્ગ પોતાના એ ઇલ્કાબને બહુ ચીકણાશથી વળગી રહે છે. સુરેશને એ ઇલ્કાબ જતો કરવા તૈયાર થયેલો જોઇ વિદ્યાર્થીને નવાઇ લાગે તે સ્વાભાવિક હતું.

'બેશક!' સુરેશે કહ્યું: 'હું તમારો 'સર' હોઉં તેના કરતાં તમારો ભાઇ હોઉં એ મને વધારે ગમે.'

બીજા દિવસને લગતી સૂચનાઓ આપી સુરેશ વર્ગની બહાર નીકળ્યો.

'આ છોકરાઓને બહુ ચડાવવા જેવું નથી.' બહાર જ ઊભેલા બીજા શિક્ષકે સુરેશને કહ્યું.

'કેમ ?'

'ભાઈમાંથી તુંકારા પર આવી જતાં એમને વાર નહીં લાગે.' કહી એ શિક્ષક મહાશય વર્ગમાં દાખલ થયા. તેને જવાબ દેવાનો સુરેશને વખત ન રહ્યો.

બીજા કલાકમાં સુરેશને કોઇ વર્ગમાં જવાનું ન હતું એ મુક્ત-કલાકમાં તેણે લાઈબ્રેરી જોઇ કાઢવાનું વિચાર્યું.

લાઈબ્રેરીમાં સુરેશ ગયો ત્યારે બે-ત્રણ વિદ્યાર્થીઓ તેને જોઇ ગુસપુસ વાતો કરવા લાગ્યા.

'આ કોણ ?' એકે પૂછ્યું.

'નવા માસ્તર લાગે છે.' બીજાએ કહ્યું.

'શું ભણો છો ?' સુરેશે તેમને પૂછ્યું.

'છઠ્ઠી.' એક વિદ્યાર્થીએ કહ્યું.

'વર્ગ બહાર કેમ છો ?' સુરેશે મમતાભર્યા સ્વરે પૂછ્યું.

'માસ્તરસાહેબ ક્યાંક બહાર ગયા છે.'

'એમ કે ? શું વાંચો છો ?' સુરેશે તેમના હાથમાંથી ચોપાનિયાં લઇ પૂછ્યું. બહુ થોડા વખતમાં સુરેશે એ વિદ્યાર્થીઓ સાથે ઓળખાણ કરી લીધી.

વિદ્યાર્થીઓ તો થોડી વારે જતા રહ્યા, પણ તેમની સાથેના સીધા સંપર્કથી સુરેશનું હૈયુ આનંદથી ઊછળવા લાગ્યું. પચાસ રૂપિયા મળે કે સાઠ એ વાત અત્યારે તેણે ગૌણ લાગી. દેશની ભાવિ આશાસમા કિશોર ને નવયુવકોમાં પ્રેરણા રેડવાનું કામ જ તેને મહત્ત્વનું લાગ્યું. વાંચવાને બદલે સુરેશ પોતાની સમક્ષ પડેલા કાર્યની ઉપયોગિતા અને મહત્તાનો વિચાર કરવામાં ચઢી ગયો. તે આમ વિચારી રહ્યો હતો ત્યાં એકાએક તેની સામે જ ચોગાનમાં બથંબથા કરી રહેલા વિદ્યાર્થીઓ પર તેનું ધ્યાન ગયું. સુરેશની જગ્યાએ બીજો કોઇ શિક્ષક હોત તો વિદ્યાર્થીઓને તોફાન કરવા બદલ ઠપકો આપત કે શિક્ષા કરત. શિક્ષકોને લડતા વિદ્યાર્થીઓ પોતાની આમન્યા તોડતા હોય એવું લાગે છે, પણ સુરેશને તો તેમની ધક્કા-મુક્કીમાં ય રસ પડ્યો. તે તો બહુ લહેરપૂર્વક એ બંનેની ધીંગામસ્તી જોવા લાગ્યો. તેને પોતાની વિદ્યાર્થીઅવસ્થા યાદ આવી. આવાં તોફાનોને દબાવવાનાં ન હોય, તેને તો સાચે રસ્તે વાળી લેવાં ઘટે. વિદ્યાર્થીઓને વધારે પડતા દબાવવામાં આવે તો તેમની તોફાનવૃત્તિ વિકૃત બની જાય છે. એના કરતાં તેમને થોડી છૂટ આપવામાં આવે તો તેઓ પોતાની મેળે જ પોતાની જવાબદારી સમજતા થઈ જાય છે.

એ વિદ્યાર્થીઓનાં તોફાનમાં એકાએક ભંગ પડયો. હેડમાસ્તરે કોણ જાણે ક્યાંથી આવી ચઢી એ બંનેના કાન પકડીને પૂછ્યું: 'શું કરો છો તમે?'

બંને છોકરાઓ હેબતાઈ ગયા.

'નાલાયકો, વર્ગની બહાર કેમ રખડો છો?' નગીનદાસ ગર્જ્યા

'સાહેબ, માસ્તર ક્યાંક ગયા છે.'

'એટલે ચોગાનમાં લડવાનું?' નગીનદાસ તાડુક્યા.

'ક્યાં લઢીએ છીએ, સાહેબ?'

'મેં મારી નજરે તમને લડતા જોયા.'

'એ...ક્યાં લડતા'તા, સાહેબ?'

'ત્યારે શું કરતા'તા'

'એ તો સાહેબ, આ કહે' એક વિદ્યાર્થીએ બીજા તરફ આંગળી ચીંધીને નરમાશથી કહ્યું: 'કે ચાલ મારે ત્યાં નાસ્તો કરવા. મેં તેને ના પાડી. એ મને આગ્રહ કરીને એને ત્યાં ખેંચી જતો હતો. આપને એ લડવા જેવું લાગ્યું હશે...'

'સારૂં—જાઓ! બેસી જાઓ વર્ગમાં!' નગીનદાસ વિદ્યાર્થીની હાજરજવાબીથી ખુશ થયા લાગ્યા. આછું સ્મિત કરી એ જતા રહ્યા.

સુરેશ તો એ જવાબ દેનાર વિદ્યાર્થી પર રીઝી ગયો. ધમાધમીને નાસ્તાના આમંત્રણમાં ખપાવી શકતા છોકરાની બુદ્ધિ પ્રત્યે તેને આકર્ષણ થયું. હેડમાસ્તર ગયા પછી પોતાના વર્ગમાં જતા એ વિદ્યાર્થીને પોતાની પાસે બોલાવી સુરેશે પૂછ્યું: 'તમારૂં નામ?'

'મારૂં નામ છોટુ. તમારૂં નામ?' વિદ્યાર્થીએ કહ્યું.

'મારૂં નામ સુરેશ.'

'તમે નવા માસ્તર?' છોટુએ જરા ય સંકોચ વિના પૂછ્યું.

'હા! તમે હેડમાસ્તરને આપેલો જવાબ મને ગમ્યો.' સુરેશે હસતાં કહ્યું.

'શું કરીએ? આખો દિવસ સોગિયાની જેમ બેસી કેમ રહેવાય? થોડું તોફાન તો કરવું જોઈએ ને? એમાં પકડાઇ જઇએ ત્યારે કંઇ રસ્તો શોધી કાઢવાનો! બીજા માસ્તરોની તો બહુ દરકાર ન કરૂં, પણ હેડમાસ્તરને જરા ખુશ રાખવા પડે. તમારૂં કેમ છે?' છોટુએ પૂછ્યું.

સુરેશ આ વિદ્યાર્થીની વાત કરવાની નિડર રીત જોઇ ખુશ થયો. તેણે પૂછ્યું: 'શેનું?'

'તોફાનનું? તમે તોફાનીને બાંકડા પર ઉભા રાખશો કે?' છોટુએ પૂછ્યું.

'હું જો માસ્તર ન હોત તો તમારી સાથે ચોગાનમાં ધીંગામસ્તી કરવા જરૂર ઊતરી પડત!' સુરેશે હસતાં કહ્યું.

'ત્યારે તો તમારે ને મને ફાવશે. મારે ઘણાખરા શિક્ષકો સાથે ફાવતું નથી એ વાત તમને આગળથી કહી દઉં.' છોટુએ કહ્યું: 'આખો દિવસ દીવેલ પીધા જેવું મોઢું લઇ ફરનારા તરફ મને કુદરતી જ અણગમો છે.'

છોટુ શાળાનો સૌથી તોફાની વિદ્યાર્થી હતો. પૈસાદાર વેપારીનો તે દીકરો હતો. ભણવામાં બહુ હોશિયાર ન હતો, તેમ ઠોઠ પણ ન હતો. એક હેડમાસ્તર સિવાય બીજા શિક્ષકો તો ઉલટા તેનાથી ડરતા. તોફાનમાં તેની બુદ્ધિ એવું સરસ કામ કરતી કે તેને પકડી શકાતો નહીં.

સુરેશે પહેલે જ પ્રસંગે શાળાના સૌથી તોફાની વિદ્યાર્થી સાથે મૈત્રી કરી લીધી. છોટુને સુરેશની સરળતા અને સ્વાભાવિકતા ગમી. સુરેશે તેને પોતાનાં તોફાનોની વાત કરી ત્યારે છોટુ બોલી ઉઠયો: 'ત્યારે તો મારે તમારી પાસેથી ઘણું શીખવું પડશે.

'માત્ર તોફાન કરવાનું નહીં, ભણવાનું ય શીખવું પડશે.'

'અમારે પૈસાદારના છોકરાઓને બહુ ભણીને શું કરવું? અમારે ક્યાં નિશાળમાં માસ્તરગીરી કરવી છે?' છોટુએ હસતાં કહ્યું.

'માસ્તરગીરી ભલેને ન કરવી હોય,' સુરેશે કહ્યું; 'સંસ્કાર ખાતર ભણવામાં ઓર મજા છે. આ વખત મારે તમને પેલે નંબર પાસ થતા જોવા છે.'

'મને?' છોટુએ વિનયપૂર્વક પૂછ્યું.

'કેમ નવાઇ પામો છો?'

'એમાં તમે પાછા પડશો.'

'શા માટે?'

'આટલો વખત મેં તમારી સાથે સીધી વાત કરી એટલે મને ડાહ્યો છોકરો માની લેવાની ભૂલ રખે કરતા!' તમારા કહ્યા મુજબ હું પાઠો ગોખવા મંડી પડીશ એવી ધારણા કૃપા કરીને ન બાંધશો, નહીં તો નિરાશ થશો.'

'પાઠો ગોખાવ્યા વિના ય તમને ઊંચે નંબરે લાવી શકાશે એમ હું માનું છું.'

'એમ શા ઉપરથી માનો છો?' છોટુએ પૂછ્યું.

'તમારામાં બુદ્ધિ છે!' સુરેશે ગંભીરતાપૂર્વક કહ્યું.

'ઓ–હો! આ તો કોલંબસે અમેરિકા શોધી કાઢયો!' છોટુએ ખડખડાટ હસી પડતાં કહ્યું: 'પણ સાચી બુદ્ધિને અને પહેલા નંબરને કદી મેળ નથી ખાતો

તેનો તમને અનુભવ નથી લાગતો. સ્કોલરો તમે જોયા હોય એમ નથી લાગતું. મારું મોઢું સ્કોલર જેવું છે?'

'હું પોતે બી. એ. માં પહેલા વર્ગમાં આવ્યો છું.' સુરેશે કહ્યું.

'તમે?'

'હા.'

'ત્યારે આ ધૂળગામમાં શા માટે આવ્યા? અહીં તો તમે ટ્યુશનની દોડાદોડીમાં એવા અટવાઇ જશો કે તમારી બુદ્ધિ માત્ર કટાઇ જશે.'

'મને સલાહ નહિ આપો તો ચાલશે, પણ તમારે બી. એ. માં મારી માફક પહેલો વર્ગ મેળવવાનો છે, એ વાત નોંધી રાખજો.'

'બી. એ. માં?' છોટુએ મોઢું ફાડી પૂછ્યું.

'હા.' સુરેશે શાંતિપૂર્વક કહ્યું.

'એટલું બધું ભણવાની માથાકૂટ કોણ કરે?'

'છોટુભાઇ.'

'મને ભણવામાં બહુ રસ નથી.'

'એ તો તમે પોતે જ ધીમે ધીમે એમાં રસ લેતા થઇ જશો. મને ચાર મહીના પછી કહેજો કે તમને ભણવામાં રસ છે કે નહિ.'

સમય પૂરો થયાનો ડંકો વાગ્યો. સુરેશ ને છોટુ જુદા પડ્યા.

સુરેશ સાથેની થોડી વાતચીતે છોટુને વિચાર કરતો કરી દીધો. છોટુની હિંમત અને હાજરજવાબીએ સુરેશ પર એવી સરસ છાપ પાડી કે તેને એ છોકરામાં રસ ઉત્પન્ન થયો.

સાંજે સવાપાંચે સુરેશ નિશાળેથી પાછો ફર્યો ત્યારે તેના મોઢા પર આનંદ છવાઇ રહ્યો હતો.

નિશાળ તેને ગમી હતી. છોકરાઓ તેને ગમ્યા હતા. છોટુમાં તો તેને ખાસ રસ લેવા જેવું લાગ્યું હતું. જરા ય અચકાયા વિના જે છોકરો બરથ્‌બરથાને જમવાના આમંત્રણમાં ખપાવી શકે, તેની વિચક્ષણતા પ્રત્યે તેને આકર્ષણ થયું હતું.

તેની સામે જીવન-રસાયણ પડ્યું હતું. મનધાર્યો ઘાટ ઊતારવાની તેને સુંદર તક મળી હતી આવા સંજોગોમાં પોતે સુંદર કામ કરી શકશે એમ સુરેશને લાગતું હતું.

નિશાળનો પહેલા દિવસનો અનુભવ ઉપમાને કહી સંભળાવવા સુરેશે મહેમાન-બંગલા તરફ ઉતાવળાં પગલાં ભર્યાં.

૧૧ : ઉપમાનાં પાડોશી

પુનાએ સુરેશ માટે સરસ મકાન શોધી કાઢ્યું હતું. મકાનમાં ત્રણ ઓરડા, રસોડું, મોટી ઓશરી, નાવાની ઓરડી પાયખાનું એમ પૂરતી સગવડ હતી. મકાન નવું હતું એટલે દેખાવમાં પણ સારું લાગતું હતું. ઉપમાની કલાએ આ મકાનને થોડા જ વખતમાં રળિયામણું બનાવી દીધું હતું.

ઉપમા ને સુરેશ પહેલવહેલાં મકાનમાં આવ્યાં ત્યારે સ્વાભાવિક જ પાડોશીઓ તેમને જોવા ટોળે મળ્યાં હતાં. 'અમારાં બેનનું ધ્યાન રાખજો. અહીંનાં એ અજાણ્યાં છે.' પુનાએ ટોળે મળેલી સ્ત્રીઓને ઉપમાની ભલામણી કરી.

'હા, બેન ! તમારે કોઈ વાતે મુંઝાવું નહીં.' ટોળાંમાંથી એક આધેડ વયની સ્ત્રીએ જરા આગળ આવીને કહ્યું: 'હું સામેના મકાનમાં જ રહું છું. મારૂં નામ ગંગા!'

'આવો સરસ પાડોશ છે ત્યાં હું શા માટે મુંઝાઉં?' ઉપમાએ હસતાં કહ્યું. ઉપમાના એ મધુરા હાસ્યે પાડોશનાં ઘણાંખરાં બૈરાંનો પ્રેમ જીતી લીધો. ઉપમાના રૂપ ને મળતાવડાપણાએ પાડોશી બૈરાં પર ભુરકી છાંટી દીધી.

સુરેશ નિશાળે જતો ત્યારે પાડોશનાં બૈરાંઓ ઉપમા પાસે બેસવા આવતાં, અને તેની સાથે વાતોએ વળગતાં. ઉપમા પાસેથી તેમને ઘણું જાણવાનું મળતું. ઉપમા આવ્યા પછી પાડોશની ઘણીખરી સ્ત્રીઓ આંગણાં વાળવામાં ખાસ ચીવટ રાખવા લાગી હતી. શેરીના પોણા ભાગનાં ઘર સામે સવારમાં ભાતભાતની રંગોળિયો પુરવા લાગી હતી.

દરરોજ સવારમાં ગંગાબેનની અસર નીચે મંગળાનાં દર્શન કરવા દોડાદોડી કરતી સ્ત્રીઓ હવે આંગણાં ને ઘર શણગારવામાં, જમણની વિવિધ વાનગીઓ બનાવવામાં, અને જાતજાતનું ભરત-ગૂંથણ કરવામાં રસ લેવા લાગી હતી.

પુરૂષોને સ્ત્રીઓની આવી ઘરપરાયણતા ગમતી હતી. તેમને સુંદર વાનગીઓ ખાવા મળતી, ઘરમાં કલામય ભરત અને ગૂંથણ જોવાનાં મળતાં, અને અવનવી વાતો સાંભળવા મળતી. ઉપમાનું ઘર તો જાણે ગૃહ-વિજ્ઞાન ને સમાજશાસ્ત્ર શીખવાની શાળા હોય તેવું બની ગયું હતું. કેટલીયે બેનોના જીવનપ્રશ્નોના ત્યાં ઉકેલ થતા. કેટલીયે બેનોને ત્યાં જીવન રસમય બનાવવાની કેળવણી મળતી.

આવું બધું શીખવવા ઉપમા ભાષણો આપતી કે સુરેશની માફક વર્ગો લેવા બેસતી એમ રખે કોઇ માની લે. ઉપમા તો મોટે ભાગે પોતાના વર્તનથી જ

બીજાં પર છાપ પાડતી. ક્યારેક તે સાદા એવા લાગતા વાર્તાલાપ દ્વારા જ ઘણું નવુંનવું કહી દેતી. નાની ઉપમા મોટામોટાં બૈરાંને ય તેમના ઘરમાં મંદવાડ આવે ત્યારે તો ખૂબ ઉપયોગી થઇ પડતી. ઉપમાની સલાહ અનુસાર વર્તવાથી દરદ વહેલું જતું એમ ઘણાંખરાં બૈરાંનું માનવું હતું.

એક વખત એક બાઇ પર ચાનું ઉકળતું પાણી પડતાં તે સખત દાઝી ગઇ. ઉપમા તેની ચીસ સાંભળી તેને ઘેર દોડી ગઇ. ચૂનાની આછ ને તેલ મળે તેમ ન હતાં. બાજુમાં જ કુંવારનો છોડ હતો, તેમાંથી એક બટકું કાપી, ચપ્પુથી તેની છાલ ઉતારી ઉપમાએ કુંવારનો ગરભ દાઝેલા ભાગ પર બાંધી દીધો. થોડા દિવસમાં એ બેનને રૂઝ આવી ગઇ અને ચામડી જેવી ચામડી થઇ ગઇ. ઉપમાની 'હાજર સો હજુર' કરવાની શક્તિથી બધાં પાડોશીઓ વિસ્મયમુગ્ધ થઈ જતાં.

'બેન, જરા મારે ઘેર આવશો ?' પાડોશની કોઈ સ્ત્રી આવી કહેતી.

'કેમ, બેન ?' ઉપમા પૂછતી.

'આજે એમને તાવ આવ્યો છે, ને ઊલટી એટલી બધી થાય છે કે હું તો મુંઝાઇ ગઈ છું.' એ બાઇ આંખમાં આંસુસહ કહેતી.

'એમાં મુંઝાઇ ગયે શું વળે ? ડોક્ટરને બોલાવી લો !'

'દાક્તરને તો સવારના બોલાવ્યા છે, પણ હજી આવ્યા નથી.'

'ચાલો, ત્યારે હું આવું.' કહી ઉપમા એને ઘેર જતી.

'બેન, ઘરમાં શાકમાં નાખવાનો સોડા તો છે ને ?' ઉપમા પૂછતી.

'હા, બેન !'

'લાવો, મારા ભાઇને એ આપી દઉં.'

'બેન, તે દિવસે બાબાને તો ઊલટી માટે એક ચમચી ભરીને ચૂનાની આછ આપી'તી ને ?'

'બાબા ને બાબાના બાપા બંને માટે કંઇ એક દવા હોય ?' ઉપમા હસીને કહેતી. મોટો ચપટો ભરીને ઉપમા સાજીનાં ફૂલ આપતી અને ઊલટી બંધ થઇ જતી. વગર ભાષણે ઉપમા સમજાવી શકતી કે ઊલટીમાં સોડા આપવાથી ફાયદો થાય છે.

'બેન, જુઓ તો ખરાં : આ બેબીને કેટલા બધા ફોલ્લા થયા છે !' પાડોશી બાઇ પોતાના બાળકને તેડી લાવી કહેતી.

'હા…એ તો ફુટકિયાં જેવું લાગે છે.'

'એનું હવે શું કરવું ? હું તો મૂંઝાઇ ગઇ છું. એ ગયા છે બહારગામ ! દાક્તરને ત્યાં એકલાં જતાં મારો જીવ ન ચાલે.' કહી એ બાઇ ગળગળી થઇ જતી.

'એમાં રડવા શું બેઠાં છો ? ગુલાબજળમાં મેળવીને સોનાગેરૂ લગાડી દો.' ઉપમા કહેતી. સોનાગેરૂનાં લેપનથી બાળકનાં ફટકિયાં રૂઝાઇ જતાં અને ઉપમા પ્રત્યેની લાગણીમાં વધારો થતો.

'ઉપમાબેન, આ છોકરાનું બરનિંગળ તો જુઓ ! કેવું ત્રાસ આપે છે !' પાડોશની ગરીબ બાઇ ગૂમડા પરથી પાટો છોડતાં કહેતી: 'અમે દાક્તરને દેવાના પૈસા ક્યાંથી કાઢીએ ?'

ઉપમા શાંતિપૂર્વક કહેતી: 'બેન, મેં વાંચ્યું છે કે, આવાં ગૂમડાં કે જેમાં પરૂ નીકળતું હોય ને ગુમડાંનું મોં નાનું હોય તેના પર એરંડીનાં બીંજ વાટીને લુબ્દી બનાવી લગાવ્યાં હોય તો ફાયદો થાય છે.'

કચકચતું બરનિંગળ મરતું. બાળક નરવું થઇ જતું. ગરીબ પાડોશણ ઉપમાની ઓશિયાળી બની રહેતી.

ઉપમાએ ગૃહ–વિજ્ઞાન અને ઘરવૈદાંનો જે ખાસ અભ્યાસ કર્યો હતો તેનો તે આવી સુંદર રીતે જીવનમાં ઉપયોગ કરી રહી હતી.

પહેલે જ દિવસે ઉપમા સાથે મૈત્રી કરી ગયેલી ગંગાબેનને તેનો સ્વભાવ તો ગમ્યો હતો, ઉપમા પ્રત્યે આકર્ષણ તો તેમને ય થતું; પણ ઉપમાના આવ્યા પછી તેમનો મંગળા–દર્શનનો સાથ ઓછો થતો જતો હતો એ તેમને નહોતું ગમતું.

હવેલીમાં ગંગાબેનનો સિક્કો પડતો. બીજી બધી શેરીઓમાંથી જ્યારે બહુબહુ તો એકી સાથે બે કે ત્રણ બૈરાંઓ મંગળાનાં દર્શને આવતાં, ત્યારે ગંગાબેન સાથે તો ઓછાંમાં ઓછાં પંદર બૈરાં હોય જ. ક્યારેક તો ગંગાબેન પચાસ બેનોની ફોજ લઇને—મોક્ષનો કીલ્લો સર કરવા જતાં હોય તેવા દમામથી–દર્શને જતાં. આવડી મોટી ફોજ લઇ દર્શને આવનાર ગંગાબેન પ્રત્યે સૌ કોઇ–મુખ્યાજી સુદ્ધાં–માનભરી નજરે જુએ તે સ્વાભાવિક હતું. ગંગાબેને હવેલીમાં પોતાનો એવો વટ જમાવ્યો હતો કે તે દર્શને ન આવ્યાં હોય ત્યાંસધી મંગળાનાં દર્શન બંધ થઇ શકતાં નહીં.

ગંગાબેનની સફળ નેતાગીરીને કારણે બધાં તેમનું બહુમાન કરતાં. મુખ્યાજીને ગંગાબેન દબડાવી શકતાં. મુખ્યાજી પણ ગંગાબેનનું ધખામણ મૂંગે મોંએ સાંભળી લેવાનું ઉચિત માનતા. ગંગાબેનની ફોજમાંથી નહીં નહીં તોય મુખ્યાજી માસિક પચાસેક રૂપિયા જેટલું સહેલાઇથી કમાઈ લેતા હશે. ગંગાબેનને નાખુશ કરી એટલી માસિક આવક જોખમમાં મૂકે એવા મૂર્ખ મુખ્યાજી ન હતા.

ઉપમાના આવ્યા પછી ગંગાબેનની નેતાગીરી જોખમમાં આવી પડી હતી. તેમણે તો ધાર્યું હતું કે કચ્ચાં–બચ્ચાંની જંજાળથી મુક્ત છોકરીશી ઉપમા તેમની

મંગળા–મંડળીની કાયમી સભ્ય બની જશે. ઉપમાનાં અનુપમ સૌંદર્યથી પોતાની મંડળીની મહત્તા અનેકગણી વધી જશે એવી તેમની ધારણા હતી. પણ થયું તો ઊલટું જ !

ઉપમા ગંગાબેનની મંગળા–મંડળીમાં ન ભળી એટલું જ નહીં, પણ તેણે તો મંગળા–મંડળીનાં સભ્યોને ધીમે ધીમે પોતાની રંગોળી–મંડળીમાં ભેળવવા માંડયાં હતાં. રંગોળી–મંડળી જેમ જેમ સમૃદ્ધ થવા લાગી, તેમ તેમ મંગળ–મંડળી નબળી થતી ચાલી.

ઉપમા સાથે તકરાર ન કરવી પડે તો સારું એમ માનવા છતાં, ગંગાબેન પોતાની મંડળીનું અસ્તિત્વ જ ભયમાં આવી પડતાં શાંત ન રહી શક્યાં. ઉપમાની વધતી જતી અસરને ભૂંસી કાઢવા તેમનું મન તલપાપડ થઈ રહ્યું

'ઉપમા–!' ગંગાબેને એક દિવસ મુરબ્બીવટથી કહ્યું: 'તમે દેવદર્શને કોઈ દી કેમ નથી આવતાં ?'

'દેવદર્શન તો દરરોજ કરું છું.' ઉપમાએ સ્મિત કરી કહ્યું. પાડોશનાં પાંચ–સાત બૈરાંઓ ત્યાં ઊભાં હતાં.

'ક્યારે કરો છો ? હું તો દેખતી નથી.' ગંગાબેને કહ્યું.

'દેવદર્શન કોઈના દેખતાં કરીએ તો જ સાચું કહેવાય ?'

'ના–ના, એમ નહીં, પણ ક્યારેક અમારી સાથે આવવાનું રાખતાં હો તો !'

'ક્યાં ?'

'દર્શને ?'

'દર્શન માટે વળી અમારે ક્યાંય ભટકવાનું હોય ?' ઉપમાએ આશ્ચર્યપૂર્વક પ્રશ્ન કર્યો.

'હેં !' ગંગાબેનને ઉપમાની વાત સાંભળી નવાઈ લાગી. તેનુ કહેવાનું તેમને પૂરું સમજાયું નહીં.

'અમારે તો પતિ એ જ દેવ ! ઘરના દેવને મૂકીને બહાર બીજે ક્યાં જવું ? શાસ્ત્રો નથી કહેતાં કે સ્ત્રીને તો પતિ જ દેવ ?'

ઉપમાની સાથે વાત કરવા જેટલી તિક્ષ્ણ બુદ્ધિ ગંગાબેનમાં હતી નહીં. ઉપમાનું ઉલટું વાક્ય સાંભળી બાજુમાં ઊભેલી સ્ત્રીઓ હસી પડી. ગંગાબેનને બોલવામાં કોઈ સપડાવી શકે છે તે જાણી એમને આનંદ થયો. ગંગાબેન પોતાની નબળાઈ જાણી ગયાં. તેમણે ચાલતી પકડી.

આ પ્રસંગ પછી ગંગાબેને ઉપમા સાથે સીધો વાર્તાલાપ કરવાનું ઓછું કરી નાંખ્યું; પણ તેની ખણખોદ કરવાનું તો તેમણે બમણા વેગથી જારી રાખ્યું.

ઉપમા તેમની બહુ દરકાર ન કરતી. પણ પાડોશની સ્ત્રીઓને ઉપમાનું અવળું બોલાતું સાંભળી દુ:ખ થતું.

• ઉપમા ધારે તો ઘડીભરમાં ગંગાબહેનને બોલતાં બંધ કરી શકે એમ ઘણીખરી સ્ત્રીઓ માનતી. પણ ઉપમા તો ગંગાબહેનની ટીકાઓ તરફ બેદરકાર જ રહેતી. તેમની ટીકાઓના રદિયા આપવાનું કામ તેને ઘણું હલકું લાગતું.

ઉપમાની શાંતિ ગંગાબહેનને વધારે ઉશ્કેરતી, અને તે ઉપમાની આચારવિચારની ભૂલો એટલા ઊંચા સાદે વર્ણવી બતાવતાં કે સામે જ રહેતી ઉપમા તેમનાં કથનનો અક્ષરેઅક્ષર સાંભળી શકતી.

એક દિવસ સુરેશ ઘેર હતો અને ગંગાબહેને તેમની કાયમી ટેવ મુજબ ઉપમા પર ટીકા–પ્રહાર કરવાનું શરૂ કર્યું:

'ઉપમા ભલે ગમે તેવી ડાહી હોય, પણ શૌચ જતી વખતે તે સાડી બદલાવતી નથી, માત્ર એકસરો સાડલો પહેરતી નથી, કયારેક નાહ્યા પછી શૌચ માટે જાય છે તો પછી નાતી નથી.' આવા ભાવાર્થનાં ટૂંકાં ટૂંકાં વાકયો તે ઊંચે સાદે બોલવા લાગ્યાં.

ઉપમાનું નામ સાંભળી સુરેશ જરા ચમકયો, તોય શાંત રહ્યો.

ગંગાબહેન લડાઇમાં થતા બોમ્બમારાની માફક એક હલ્લો કરી, થોડી વાર શાંત થઇ ગયાં, અને ઘરને કામે વળગ્યાં. પાએક કલાક પછી બીજો હલ્લો શરૂ થયો. પાછું શૌચ–પુરાણ મંડાયું.

આ વખતે સુરેશ પોતાનું કુતૂહલ દબાવી ન શકયો.

'શું છે આ શૌચ–પુરાણ?' સુરેશે ઉપમાને પૂછ્યું.

'એ તો ગંગાબહેન છે.' ઉપમાએ કહ્યું.

'એ તો હું જાણું છું. પણ એ શા માટે આટલે ઊંચે સાદે બસડા પાડે છે?'

'એમને એવી ટેવ છે.' ઉપમાએ કહ્યું.

'પણ તારી ઝીણીઝીણી હિલચાલ પર આટલી ચીવટપૂર્વક ધ્યાન રાખવાનું તેમને શું પ્રયોજન છે?'

ઉપમાએ સુરેશને ગંગાબહેનનો ઈતિહાસ કહી સંભળાવ્યો.

'ત્યારે તો આજ એ ડોશીને બોલતી બંધ કરી દઉં!' સુરેશે, પાણીપતનું યુદ્ધ લડવાની તૈયારી કરતો હોય તેવા ભાવથી કહ્યું.

'ના–રે! ભલેને બોલતાં! એમાં આપણું શું જાય છે? એમની મેળે થાકશે ત્યારે બંધ પડી જશે' ઉપમાએ સુરેશને વારવાના ઇરાદાથી કહ્યું.

'ના—ના, આપણે કંઇ ન બોલીએ તો તો એમને ખોટી ટેવ પડી જાય!' સુરેશ મક્કમ રહ્યો.

'તો કરી જુઓ અખતરો એમની સાથે લડવાનો!' ઉપમાએ કહ્યું.

'શું છે, માજી?' સુરેશે ઓટલા પર આવી ગંગાબેનને પૂછ્યું.

'હેં, ભાઇ?' ગંગાબેને પણ બહાર આવી પૂછ્યું.

મોરચા મંડાઇ ગયા. જોણું હોય અને માણસો ભેગાં ન થાય એ કેમ બને?

'આટલે ઊંચે સાદે કેમ બોલવું પડે છે?' સુરેશે પૂછ્યું.

'ભઇ, અમને તો ધરમમાં આસ્થા! બાબ્બળવેડા જોઈને અમારું તો મન કોચવાય.' ગંગાબેન બોલ્યાં.

'માજી, તમને તો હું માજી કહું છું એટલું જ! બાકી મારી મા તો મને આવડોક મૂકીને મરી ગઇ છે.' સુરેશે હાથના ચાળાથી નાના બાળકનો ખ્યાલ આપતાં કહ્યું.

'હા, ભાઇ! એમાં જ તમને ધરમ—નીમનું કાંઇ ભાન નથી તો!' ગંગાબેને ઠાવકાઇથી કહ્યું.

'પણ હવે આટલાં વર્ષે કોઈ મારી માનું સ્થાન લેવા આવે એ મને પસંદ નથી.' સુરેશે કરડાઇથી કહ્યું.

'એટલે?' ગંગાબેને, ન સમજ્યાં હોય તેમ પૂછ્યું.

'એટલે એમ કે તમે તમારાં ઘરનાં ધણી અને અમે અમારાં! મારા ઘરમાં જો સાસુપણું કરવા આવશો તો જીભ જ ખેંચી કાઢીશ!' સુરેશ લાલચોળ થઇ ગયો. પળવાર તો ગંગાબેન પણ તેનાથી ડર્યાં.

'લે બાઈ, એમાં મેં શું કહી નાંખ્યું?' ગંગાબેને રડવા જેવે મોટે સાદે કહ્યું. પાડોશીઓ બધાં તાલ જોઇ રહ્યાં હતાં.

'ખબરદાર! પારકા ઘરની પંચાત કરી છે તો!' સુરેશ તાડુક્યો: 'એ તમને ભારે પડી જશે!'

'સાંભળો છો ને, ચુનીભાઈ? કાલ સવારનો કીકલો મને બીવડાવવા આવ્યો છે!' ગંગાબેને બાજુમાં ઊભેલા એક ભાઇને કહ્યું. ચુનીભાઇ પોતાની વાતમાં ટાપસી પુરાવશે એની તેમને ખાતરી હતી. આવી જ રીતે તે અનેક કજિયાઓ જીત્યાં હતાં, અને પોતાનું વર્ચસ્વ ટકાવી રાખ્યું હતું.

'ગંગાબેન, આપણે કોઇના ઘરમાં શા માટે માથું મારવું જોઇએ? નાહક કોઇ મોઢું તોડી લે!' ચુનીભાઇએ કહ્યું. ચુનીભાઇની પત્ની ઉપમાનું શિક્ષણ બરાબર પામી ગઇ હતી. હવેલીએ જતી પત્ની કરતાં ચુનીભાઇને રંગીલી પૂરતી પત્ની વધારે ગમી હતી ગંગાબેનની વાતને તેમણે ટેકો ન આપ્યો.

પોતાની વાતને ટેકો ન મળતાં ગંગાબેન સ્તબ્ધ થઇ ગયાં. સદાય પોતાની વાતમાં સંમતિનો જ સૂર સાંભળવા ટેવાયલાં ગંગાબેન વિરોધનો સૂર સાંભળી વિશેષ છેડાયાં, પણ ત્યાં તો બીજાં લોકો પણ ગંગાબેનનો જ વાંક કાઢવા લાગ્યાં.

'આપણે કોઇની પંચાત શા માટે કરવી ?' એવી જ સલાહ સૌએ ગંગાબેનને આપી.

નવાસવા માસ્તરને હાથે જીવનમાં પહેલી વાર ગંગાબેનની હાર થઈ. ગંગાબેન પણ સમજી શક્યાં કે તેમનો દિવસ પૂરો થયો.

આવી રીતે પાડોશીઓ સાથે મળતાં ને લડતાં ઉપમા ને સુરેશ આનંદપૂર્વક હડસદમાં દિવસો વીતાવવા લાગ્યાં

•

૧૨ : વાઙ્મય પરિષદમાં

વળી અનન્તનો પત્ર આવ્યો.

'ભાઇ સુરેશ,

આવતી નાતાલના છેલ્લા ત્રણ દિવસો પર્યંત રાજનગરમાં વાઙમય પરિષદ ભરાશે. તારે પહેલી તકે એક સુંદર નિબંધ લખીને પરિષદ કાર્યાલય પર મોકલી દેવાનો છે. પરિષદમાં ચોક્કસ આવજે. હું તને દીવેટિયા, મુન્શી, પાઠક, અંજારિયા વગેરે સાથે ઓળખાણ કરાવી દઇશ.

'મુ. ગૌરીશંકરભાઇ મારફત જ્યારે જાણ્યું કે તું તો હડસદ પહોંચ્યો છે, ત્યારે મને દુઃખ થયું હતું. હજુ ય તું કોલેજમાં હતો તેવો અવળો રહ્યો છે? હું હમણાં કામચલાઉ પ્રિન્સીપાલ થયો છું. બનતાંસુધી તો કાયમી થઇ જઇશ...' વગેરે.

પછી તા. ક. કરી ઉમેર્યું હતું: 'હું પરિષદમાં ચાર દિવસ આગળથી જવાનો છું. તું આવવાનું નક્કી કરે તેના ખબર મને પરિષદને સરનામે આપજે. એટલા દિવસ સાથે રહેવાશે.'

અનન્તના પત્રમાં આપવખાણ ન હોય તો એ અનન્તનો પત્ર નહીં. પોતાની વહેવારદક્ષતામાં તેને ખૂબ શ્રદ્ધા હતી. સુરેશને તે અવહેવારૂ માનતો. આગળ આવવા માટે શું શું કરવું જોઇએ તેનું અનન્તને બરાબર જ્ઞાન હતું. સુરેશને દુનિયાદારીના ભાન વિનાનો કહેવા છતાં, બી. એ. માં ગાંધી-વર્ગ મેળવેલ અનન્ત એટલું બરાબર સમજતો હતો કે સુરેશ જેવા પ્રથમ વર્ગના અભ્યાસીનો તેને

સાથ મળી જાય તો તેને ઘણી સગવડ થઇ જાય. એટલા માટે તે વારંવાર સુરેશને પોતાની સાથે નોકરી કરવા કહ્યા કરતો હતો. એમ થાય તો સુરેશ પર પોતાનો હાથ રહે અને તે વગર મહેનતે 'મોટા' લોકોમાં ફડાકા મારી શકે, એવા બેવડા લાભનું અનન્તને જબરૂં પ્રલોભન હતું.

'જોયો કે અનન્તભાઇનો પત્ર?' સુરેશે ઉપમાને પૂછ્યું.

'મને તમારા એ અનન્તભાઇ નથી ગમતા.' ઉપમાએ કહ્યું.

'હજી તારો એમને માટેનો મત બદલાયો નથી?'

'મારે મત બદલાવવાનું કાંઇ કારણ નથી.'

'બહુ સારૂં! પણ હવે કરવું છે શું?'

'શેનું!'

'આ વાઙમય પરિષદનું.'

'તમારે નિબંધ લખવો અને રાજનગર જવું.'

'તારે આવવું છે ને?'

'મારૂં શું કામ છે? મારે ગંગાબેન પર નિબંધ લખવો..?'

'તારે પરિષદમાં તો આવવું જ!' સુરેશે ગંભીરતાપૂર્વક કહ્યું.

'નાહક શા માટે ખર્ચ કરવું?' ઉપમાએ પૂછ્યું.

'ચાર છ મહીને એકાદ વખત આપણે દડદસદની બહાર નહિ નીકળીએ તો અહીં પડયાં પડયાં જંગલી બની જશું'

'તમારી ઇચ્છા અને શક્તિ હોય તો હું રાજનગર આવવા તૈયાર છું.'

'સારૂં! ત્યારે આજથી લાગી પડું એકાદ નિબંધ લખવા પાછળ!' સુરેશે વિવેચન–કલા પર એક વિસ્તૃત નિબંધ લખી મોકલ્યો.

'ઉપમા, છોટુભાઇ પણ આપણી સાથે રાજનગર આવે છે.' એક દિવસ નિશાળેથી આવી સુરેશે કહ્યું.

'એ ય સાહિત્યના જબરા શોખીન થઇ ગયા લાગે છે.' ઉપમાએ કહ્યું.

'હા, એ વાંચનનો જબરો રસિયો થઇ ગયો છે.'

'બહુ સારૂં! પરિષદમાં તમારે કોઇનો ફજેતો કરવો હશે તો છોટુભાઇ તમને ઉપયોગી થઇ પડશે'

'એટલે? શું હું પરિષદમાં કોઇની રેવડી કરવાના ઇરાદાથી જઉં છું?' સુરેશે ખોટું ચિડાતાં પૂછ્યું.

'તમારે લડવાનું ક્યાં લેવા જવું પડે તેમ છે!'

'નહીં, પરિષદમાં તો બધા મોટી પાઘડીવાળા જ ભેગા થયા હશે. ત્યાં તો હું પણ માથે દક્ષિણી પાઘડી પહેરીને ફરવાનો છું.'

'તો તમારા જેવા જ્યોતિષી પાસે લોકોને હાથ જોવડાવવા હું જરૂર મોકલીશ.' ઉપમાએ હસતાં કહ્યું.

ઉપમા ને સુરેશ હડસહ સ્ટેશને પહોંચ્યાં ત્યારે છોટુએ આગળથી આવી જઇ ત્રણ ટિકીટો લઇ રાખી હતી.

'ટિકીટ લાવશું ને?' સુરેશે છોટુને પૂછ્યું.

'ટિકીટ લઇ લીધી છે.'

'કેટલી?'

'ત્રણ.'

'ત્યારે મારે શું દેવાનું છે?' સુરેશે પૂછ્યું.

'કોને?'

'તમને.'

'વિદ્યાર્થીને ગુરૂદેવના આશીર્વાદ જ ખપે!' છોટુએ ટીખળી હાસ્ય કરતાં કહ્યું.

સુરેશે ઘણો આગ્રહ કર્યો, પણ છોટુએ તો માત્ર એટલું જ કહ્યું:—

'સુરેશભાઇ, તમે મને બધી વાતે સુધારી નહીં શકો!'

છોટુએ સુરેશ–ઉપમાની ટિકીટના પૈસા ન લીધા.

રાજનગરના સ્ટેશન પર સુરેશે અનન્તને મળવાની આશા રાખી હતી. રાજનગરથી સુરેશ અજાણ્યો હતો. અનન્ત સાથે ઉતારો રાખવાનો તેનો વિચાર હતો. ગાડીમાંથી ઊતરી થોડીવાર તો તે અનન્તને શોધવા આમતેમ જોવા લાગ્યો. પણ અનન્ત તો ત્યાં હોય તો દેખાય ને?

'કેમ, સુરેશભાઇ?' છોટુએ પૂછ્યું.

'જશુંને?' સુરેશે સામું પૂછ્યું.

'મૂરત જોવડાવવાની જરૂર હોય તો જોષીને બોલાવીએ.' છોટુએ કહ્યું.

ઉપમા ખડખડાટ હસી પડી

'કેમ! મારી વાત ખોટી છે?' છોટુએ ઉપમાને પૂછ્યું.

'એ તો એમના દિલોજાન મિત્ર અનન્તભાઇની રાહ જુએ છે.' ઉપમાએ કહ્યું.

'અનન્તભાઇ આવ્યા નથી લાગતા.' સુરેશે ધીમે સ્વરે કહ્યું.

'હં—! તો હવે ક્યાં જવું છે?' ઉપમાએ પૂછ્યું: 'એક અનન્તભાઇ ન આવ્યા એમાં આટલા મુંઝાઇ શું પડયા છો?'

'હા, ચાલો કોઇ લૉજમાં જઇએ.'

'લોજમાં ?' છોટુએ પૂછ્યું.

'હા ! બીજું શું થાય ?' સુરેશે કહ્યું.

'ત્યારે ચાલોને મારા મામાને ત્યાં !'

'ના—ના, એમ અજાણ્યે ઘેર ન ફાવે.'

'એ તો ફાવશે. મામાને ત્યાં મહેમાન માટે એક જુદો બંગલો છે. તેમાં આપણાં જેવાં તો ડઝનેક મહેમાન હશે.'

સુરેશે વિચાર્યું કે સીધા કોઈ લોજમાં જવાને બદલે એકવાર છોટુના મામાને ત્યાં સામાન મૂક્યા પછી કોઇ સારી લોજમાં બદલાવી નાખવાનું ઠીક પડશે.

છોટુ મામીને મળવા ગયો ત્યારે તેમણે પૂછ્યું: 'આજે કેમ પેલે બંગલે ઊતર્યા, છોટુભાઇ ?'

'મારી સાથે મારા માસ્તર ને એમનાં વહુ છે.'

'તમે જેનાં દરેક કાગળમાં બહુ વખાણ કરો છો એ માસ્તર ?'

'હા, મામી !' છોટુએ કહ્યું.

'વાહરે, ભાણાભાઇ ! એણે તમારો ભવ સુધારી દીધો ને તમે એને કાઢયા વછિયાત ભેગા ! શરમાતા નથી ? જાઓ, અત્યારે જ એમને બંનેને અહીં તેડી લાવો, તમને સામેના ભાગમાં અલાયદી સગવડ કરાવી દઈશ પણ આવા સારા માણસ સાથે આવી નફટાઈ હોય ? તમે હજી પુરા સુધર્યા નથી.' મામી ગર્જ્યાં.

સુરેશ અને ઉપમા મામીનાં ખાસ મહેમાન બન્યાં. ઉપમા સાથે તો મામીને થોડીવારમાં બેનપણાં થઇ ગયાં. ભાણાભાઇ અને તેના માસ્તર રોકાય ત્યાંસુધી તેમને માટે એક મોટર પણ ફાજલ પાડી દેવામાં આવી.

સાંજે પ્રદર્શન વગેરે જોઈ આવ્યા પછી, બીજે દિવસે સવારમાં સુરેશ, ઉપમા અને છોટુ પરિષદ મંડપમાં ગયાં. અમુક અમુક સાહિત્યકારો ક્યાં ક્યાં ઊતરેલ છે તેની તપાસ છોટુએ કરી રાખી હતી. એ બધાં મંડપમાં ફરી રહ્યાં હતાં ત્યારે અનન્ત ત્યાંથી નીકળ્યો.

'ઓહો, સુરેશ ! આવી ગયો ?' અનન્તે ઉમળકાભર્યે સ્વરે પૂછ્યું.

'હા !' સુરેશ અનન્તની સ્ટેશન પરની ગેરહાજરી નહોતો વિસરી શક્યો.

'આ કોણ ? ઉપમાબેન ?' અનન્તે પૂછ્યું.

'હા.' સુરેશે કહ્યું.

'નમસ્તે !' અનન્તે ઉપમાને કહ્યું: 'તમને તો પહેલી વાર જોયાં. ભાઈ-સાહેબે અમને જાનમાં નહોતા નોતર્યા. માત્ર આશીર્વાદ માગી લીધા હતા.'

'નમસ્તે!' ઉપમાએ કહ્યું, અને ઉમેર્યું: 'છોટુભાઇ, આ અનન્તભાઈ!'

છોટુ અનન્ત સામે જોઇ રહ્યો.

'આ ભાઈ કોણ?' અનન્તે પૂછ્યું.

'વિદ્યાર્થી છે.' ઉપમાએ કહ્યું.

બધાં એક સાથે મંડપમાં ફરવા લાગ્યાં.

'સુરેશ, હું તમને લેવા સ્ટેશન પર આવવાનો હતો, પણ મુન્શીજીએ મને ખાસ બોલાવ્યો હતો એટલે હું ન આવી શક્યો.' અનન્તે કહ્યું. પરંતુ એ પછી સુરેશે ઉતારો ક્યાં રાખ્યો છે, એ પૂછવાની જરૂર તેને ન જણાઇ.

'હા, એ તો બહુ કામ હોય તો ન આવી શકાય.' ઉપમાએ કહ્યું.

'તારો નિબંધ મેં સ્વીકારાવ્યો છે, બધાંને ગમ્યો છે.' અનન્તે કહ્યું.

'અનન્તભાઇ, તમે નિબંધ લખો છો કે?' ઉપમાએ પૂછ્યું. સુરેશને બદલે તે જ વાત કરતી હતી. ઉપમાનો પ્રશ્ન સાંભળી પળવાર તો અનન્ત તેની સામે જોઈ રહ્યો, પણ ઉપમાના વદન પરની નિખાલસતા જોતાં તેણે કહ્યું: 'ના, બેન! મને એવા નિબંધ લખવાનું ન ફાવે.' અને પછી ઘડિયાળમાં જોઇ ઉમેર્યું: 'ઓહો! સાડાનવ થઇ ગયા! પોણાદશે તો મારે પાઠકને મળવાનું છે અને પાછું સાડાદશે પરિષદની બેઠકમાં હાજર થવાનું. બધે કેમ પહોંચી વળાશે?'

'પાઠક ક્યાં હશે?' સુરેશે પૂછ્યું.

'એ અહીંથી બે માઈલ દૂર તેમના એક મિત્રને ત્યાં ઊતર્યા છે.'

'ચાલો, આપણી મોટરમાં.'

'તમે મોટર લાવ્યા છો?' અનન્તે આશ્ચર્યસહ પૂછ્યું.

'છોટુભાઇની છે.' સુરેશે કહ્યું.

મોટરમાં બધાં પાઠકને ત્યાં ગયાં. ત્યાં પાઠક, શુક્લ, શાહ, ઓઝા, પટેલ, ધ્રુવ, વૈદ્ય વગેરે એકઠા થયા હતા. અનન્તે સુરેશની ઓળખાણ કરાવી.

'આ મારા મિત્ર સુરેશચંદ્ર વ્યાસ!' અનન્તે કહ્યું.

''શરદ'માં નિયમિત લખે છે તે?' પાઠકે પૂછ્યું.

'હા, એ જ! મારી સાથે રહીને ભણ્યા છે.' અનન્તે કહ્યું.

'શરદના તંત્રી શ્રી. હર્ષદરાય તમને યાદ કરતા હતા. સગવડ હોય તો બપોરે બે વાગ્યે ત્યાં આવજો.' પાઠકે સુરેશને કહ્યું: 'અમે બધા એ વખતે ત્યાં હશું.'

'હા—હા, અમે જરૂર આવશું.' સુરેશને બદલે અનન્તે જવાબ આપી દીધો.

'આ ઓઝા સાહેબને ઓળખ્યા ને?' પાઠકે સુરેશને પૂછ્યું: 'વિકાસ'ના તંત્રી મહાશય'

સુરેશે તેમને નમસ્તે કર્યા.

'તમે 'વિકાસ' પર કેમ કંઈ નથી મોકલતા ?' પ્રોફે સુરેશને પૂછ્યું.

''વિકાસ' લેખ જોવાની ય દરકાર કરતું હોય એમ મને નથી લાગતું.' સુરેશે કહ્યું.

'અરે, એવું તે હોય ?' પાઠકે કહ્યું.

'આ રહી તેની સાબિતી !' કહી સુરેશે ઘણા વખત પહેલાં પ્રોફે 'નકામું' લખી પાછો મોકલેલ કાગળ ખિસ્સામાંથી કાઢીને બતાવ્યો.

'આ તો તમારો 'શરદ'માં સૌથી વખણાએલો લેખ !' પાઠકે કહ્યું.

'હા–જી !' સુરેશે કહ્યું. 'પ્રોફ સાહેબને તે નકામો લાગ્યો હતો, પણ આવડા મોટા અક્ષરે 'નકામું' ન લખ્યું હોત તો ચાલત !'

બધા હસ્યા, પ્રોફ પણ.

'ક્યારેક કામથી કંટાળ્યા હોઇએ ત્યારે આવું થઇ જાય છે' પ્રોફે હસતાં કહ્યું.

'પણ તમારી એવી બેદરકારી કેટલી ઊગતી કલમોને ડાંભી દે છે, તેનો વિચાર કોઇ દિવસ કર્યો છે ?' સુરેશે પૂછ્યું.

વાતને જુદે પાટે ચડતી જોઇ અનન્તે કહ્યું: 'સુરેશ, આપણે પરિષદની બેઠકમાં તો જવું છે ને ?'

'હા–હા, પાઠક સાહેબને પણ આવવું હશે ને ?' સુરેશે કહ્યું.

'ના–જી ! હું અત્યારે નથી આવવાનો.' પાઠકે કહ્યું: 'સાંજે આવીશ.'

'ત્યારે અમે રજા લઈએ.' કહી અનન્ત ઉભો થઇ ગયો. બધાં ઉભાં થયાં. અનન્તે પાઠકને બાજુ પર લઇ જઇ કંઇ ધીમેથી કહ્યું.

ત્યાંથી બધાં છોટુની મોટરમાં પરિષદમંડપમાં પાછાં આવ્યાં. પરિષદ તો જલસા જેવી હતી. ભાષણો થતાં, કાવ્યો ગવાતાં, નિબંધો વંચાતા, ભાટાઇ થતી, થોડી સાઠમારી ય બોલતી, પણ તેમાં કંઇ વિશિષ્ટતા ન હતી. પરિષદના મંડપમાં સાચી પ્રતિભાનાં દર્શન ન થતાં. ત્યાં તો સૂંઠને ગાંઠિયે ગાંધી થઇ પડેલાઓ પોતાનાં ડીમડીમ વગડાવી રહ્યા હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો. પણ પરિષદ નિમિત્તે કેટલાક સાહિત્યકારો, વિવેચકો ને વિચારકોના પરિચયમાં આવવાની સુરેશને સારી તક સાંપડી.

પરિષદની પહેલી બેઠક પૂરી થયા પછી બધાં આમતેમ આંટા મારતાં હતાં. જરા એકલા પડયા એટલે અનન્તે સુરેશને ધીમેથી પૂછ્યું: 'છોટુભાઇ તારો વિદ્યાર્થી છે ?'

'હા.' સુરેશે કહ્યું.

'ત્યારે તો હડસદમાં ય સારાં ટ્યુશન મળતાં લાગે છે !'

'છોટુભાઇ મારું ટ્યુશન નથી '

' કેમ ? '

' હું ટ્યુશન નથી રાખતો '

' હજી ય વેદિયો નથી મટયો ? ' અનન્તે પૂછ્યું.

ઉપમા ને છોટુભાઈ આવી લાગતાં તેમની વાત બંધ પડી.

બપોરે બે વાગ્યે અનન્તે ઉપમા–સુરેશને પોતાની સાથે લીધાં. સુરેશના સાથમાં હર્ષદરાયને મળવા અનન્ત ઉત્સુક હતો. છોટુને તેના મામા સાથે કામ હોવાથી તે ન આવ્યો, પરંતુ મોટર તો હતી જ.

એ ત્રણેય હર્ષદરાયને ત્યાં પહોંચ્યાં ત્યારે બીજાં આઠેક જણ ત્યાં બેઠાં હતાં. હર્ષદરાય સુરેશને જોઇ ઘણા ખુશ થયા. ત્યાં એકઠા થયેલા સૌ કોઇમાં હર્ષદરાય તેમની પ્રતિભાથી તરી આવતા હતા. તેમની વિદ્વત્તાનું તેજ છૂપું રહે તેવું ન હતું. વિશાળ, ચકચકતું ભાલ અને તેની વચ્ચે શોભી રહેલો લાલ ચાંદલો તેમના વ્યક્તિત્વમાં વધારો કરતાં હતાં.

ગુર્જર–વાઙમયમાં હર્ષદરાયનું સ્થાન અનોખું હતું. તેમની વદ્વતા અજોડ હતી. વયોવૃદ્ધ હર્ષદરાય પાસે ગુજરાતના ઘણા ખરા વિદ્યમાન સાક્ષરો ભણી ગયા હતા. સૌ કોઈ તેમના પ્રતિ માનની નજરે જોતું. તેમનો સાહિત્ય–અભ્યાસ ઘણો ઊંડો હતો. સાચું લાગ્યું તે આકરામાં આકરી રીતે કહી દેવાનો તેમનો સ્વભાવ હતો. ગમે તેવા લેખકની ય ભૂલ પકડાતાં તે જબરો ઉધડો લઇ નાખતા. સાહિત્યનું એવું રખેવાળું એમણે આપમેળે જ સ્વીકારી લીધું હતું. હર્ષદરાય જેને વખાણતા તે સાક્ષરપદ પામી જતા. જેમને તે વખોડતા તેમને જબરો વિચાર થઇ પડતો.

વ્યુત્પત્તિશાસ્ત્ર અને ભાષાનો વિકાસ એ તેમના પ્રિય વિષયો હતા. આ વિષયો પૂરતી તેમની પ્રતિષ્ઠા ગુજરાતના સીમાડા વટાવી ગઇ હતી. તેમની નામના યુરોપ સુધી પહોંચી હતી. ભાષાશાસ્ત્ર પરના લેખોએ તેમને જગપ્રસિદ્ધ બનાવ્યા હતા.

રાવબહાદુર મહેતા, અધ્યાપક પાઠક વગેરે પણ હર્ષદરાયની સમક્ષ નાના માણસો લાગતા હતા.

' આવો, ભાઇ સુરેશ ! ' હર્ષદરાયે કહ્યું: ' મેં તમને જરા મોટા ધારેલા.'

સુરેશે તેમને નમસ્કાર કર્યા. હર્ષદરાયે ત્યાં બેઠેલા સૌની સાથે સુરેશની ઓળખાણ કરાવી: રા. બ. મહેતાની સાથે પણ.

' સુરેશમાં મૌલિકતા છે.' થોડીવાર વાર્તાલાપ ચાલ્યા પછી અનન્તે કહ્યું.

' મૌલિકતા કરતાં ય તેમનામાં જે ચોટતા છે તે મને ગમે છે. કોઈ પણ

વાત લખતાં ભાઇ સુરેશ ઘણી વિશદતા દાખવી શકે છે. તેમની સતેજ કલમ મને ગમી છે.' હર્ષદરાયે કહ્યું.

'કોઇને આકરી વાત કહેવી હોય તો એ અમારા સુરેશનું કામ!' અનન્તે કહ્યું.

'એ છે જ લડવૈયા.' ઉપમાએ રા. બ. મહેતા સામે જોતાં કહ્યું.

'સારી વાત છે નવજુવાનોને લડયા વિના કોઇ સિદ્ધિ સાંપડે ખરી કે?' પણ લડતા છતાં ય જે સ્વસ્થતા ભાઈ સુરેશ જાળવી શકે છે તે મને ગમે છે. આવા ઊગતા લેખકોનો જુસ્સો ટકાવી રાખવો તેને હું મારી ફરજ સમજું છું.' હર્ષદરાયે કોઇ વ્યાખ્યાનની શરૂઆત કરતા હોય તેમ કહ્યું: 'આજે જુસ્સો છે. કાલે અભ્યાસ આવશે. જુસ્સા વિના માત્ર અભ્યાસ હશે તો લેખક 'અહોરૂપં અહોધ્વનિ'ના છંદે ચડી જશે.'

'પરંતુ કેટલાક મોટેરાઓની ગણતરી એથી ઉલટી હોય છે.' સુરેશે કહ્યું.

'શું-શું?' હર્ષદરાયે રસપૂર્વક પૂછ્યું.

'કોઈ કોઈ-બલ્કે ઘણાખરા મોટેરાઓને નવજવાનોનો તરવરાટ પસંદ પડતો નથી. સ્ફૂર્તિભર્યા જવાનને તેઓ પોતાનો દુશ્મન માનતા હોય છે.' સુરેશે જરા તિખાશથી કહ્યું.

'પોતાની લાયકાત કરતાં વધારે ઊંચું પદ મળી ગયું હોય તેવા લોકો પોતાના સ્થાન પર ચીટકી બેસવા માટે એવું કરતા હશે! જેનામાં ખરી પ્રતિભા છે તેને નવયુવાનોના તરવરાટથી ગભરાવાનું કોઇ કારણ નથી. વિરોધ માણસને જાગ્રત રાખે છે.' હર્ષદરાયે કહ્યું.

'કોઇ પણ સમજુ માણસ યુવાનોની સ્ફૂર્તિનો વિરોધી ન હોવો ઘટે! યુવાનો તો દેશની આશા છે. તેમના વિકાસમાં દેશનો વિકાસ છે. તેમને રૂંધીને આપણે દેશની પ્રગતિ રૂંધીએ છીએ.' રા. બ. મહેતાએ વડાઇપૂર્વક કહ્યું.

'ખરૂં છે, ભાઇ મહેતા!' વયોવૃદ્ધ હર્ષદરાય સૌ કોઇને પહેલાં ભાઇ શબ્દ મૂકીને જ બોલાવતા. રાવબહાદુર પણ તેમને મન તો નાના હતા.

'માન્યતાઓ અનુસાર જીવનાર તો વિદ્વદ્વર્ય હર્ષદરાય જેવા વીરલાઓ જ હોય છે।' સુરેશે કહ્યું.

'સૌ પોતપોતાની શક્તિ અનુસાર યુવાનોને મદદ કરે જ.' રા. બ. મહેતાએ કહ્યું.

'ના-જી! પોતાની ફરજનું એટલું તીવ્ર ભાન બહુ ઓછાને હોય છે. જીવનની દોડમાં આગળ નીકળી ગયેલા તો કોઈ વીરલાને જ! મારે સખેદ કહેવું પડે છે કે આપનો નંબર તેમાં નથી.'

'એટલે ?' રા. બ. મહેતાએ કરડાઇથી પૂછ્યું.

'કરડાઇ કરવાનું કોઇ કારણ નથી, સાહેબ!' સુરેશે શાંતિપૂર્વક કહ્યું: 'હું અત્યારે આપની સમક્ષ અરજદાર તરીકે નથી ઉભો.'

'તમે આવા બીનપાયાદાર વ્યક્તિગત આક્ષેપો કરો તે જરાય ઠીક નહીં.' રાવબહાદુર જરા ઉશ્કેરાઈ ગયા.

'ભાઇ મહેતા! એમાં આકળા શું થાઓ છો?' હર્ષદરાયે કહ્યું: 'જુવાનને પૂરું બોલવા તો દો! તેમનો અવાજ રૂંધીને આપણે સલામત નહીં થઇ શકીએ.'

સૌને રાવબહાદુરની ફજેતી જોવામાં મજા પડતી હતી. બધાએ તેમને શાંત કર્યા, અને સુરેશને પ્રોત્સાહન આપ્યું. હર્ષદરાય સમક્ષ રા. બ. મહેતાને શાંત થયા વિના છૂટકો ન હતો.

'સાહેબ, આપે વ્યક્તિગત આક્ષેપ જ માન્યો છે તો હું હવે વ્યક્તિગત વાત જ કરીશ.' સુરેશે કહ્યું: 'આપ કેળવણી ખાતાના ઉપરી છો. આપના ખાતામાં મારો એક મિત્ર છે. તેને કેળવણી વિષયક કંઈ શોધખોળ કરવી હતી. આપે તેને મદદ કરવાને બદલે તેના કામને અટકાવ્યું હતું, તે ખબર છે ને? શા માટે? સાહિત્યસર્જનમાં રસ લેતા તમારી નીચેના શિક્ષકોને તમે ખાનગી રીતે એવી પંચાતમાં ન પડવાનું કહો છો, એ શા માટે? આપના કરતાં આપની નીચેનો કોઈ આગળ ન વધી જાય એ ભીતિથી? કે કોઇ બીજા ખ્યાલથી?'

સુરેશે તો એક પછી એક ઘણા દાખલાઓ આપી દીધા. રાવબહાદુર સુરેશની હિંમત ને નફટાઈથી ડઘાઇ ગયા. સુરેશ આવ્યો તે પહેલાં તો એ સાહિત્ય–સંસ્કાર અને શિક્ષણ માટે પોતે શું શું કર્યું છે તેનું વર્ણન હર્ષદરાય સમક્ષ કરી રહ્યા હતા. સુરેશે તેમને ઉઘાડા પાડી દીધા. તેની વાત કરવાની ઢબ પરથી તેમને લાગ્યું કે સુરેશને છંછેડવા જતાં તે ક્યાંક બીજી અનેક પોલો છતી કરી દેશે.

સવારે 'વિકાસ'કારનો ફજેતો જોયા પછી રા. બ. મહેતાનો આવો ફજેતો જોતાં ઉપમા તો દંગ થઇ ગઇ. સુરેશનું લઢકણાપણું તેને વિશેષ ગમવા લાગ્યું. આ લોકોએ સુરેશને જીવનને પહેલે પગથિયે પગ મૂકતાં પહેલાં પાછો ધકેલી કાઢયો હતો. હવે એ જ સુરેશ જીવનને પહેલે કે બીજે પગથિયે ઉભો ઉભો ય જીવનસીડીનાં ઉપલાં પગથિયાં સર કરી બેઠેલાઓને દબડાવી રહ્યો હતો, તે જોઇ ઉપમા ખુશખુશ થઇ ગઇ.

'ભાઇ, મહેતા!' હર્ષદરાયે કહ્યું: 'આ જુવાનની વાત હસી કાઢવા જેવી નથી. આપણામાંના ઘણાખરા એમણે કરેલા આક્ષેપના અધિકારી છે. આપ-

ણુથી કોઇ આગળ નીકળી જાય એ ન સાંખી શકવાને લીધે આપણે ઘણીવાર પ્રતિભાના વિદ્રોહીઓ બની જઇએ છીએ.'

'જી, આ જુવાનને મારા ખાતાની વ્યાવહારિક આંટીઘુંટીની શી ખબર પડે? એને તો એમ જ લાગે કે અમે બધા......'

'કેળવણીખાતામાં આંટીઘુંટી હોવી જ શા માટે જોઇએ?' સુરેશે પૂછ્યું.

રા. બ. મહેતા પાસે તેનો જવાબ ન હતો. હર્ષદરાય સુરેશ પર વધારે મુગ્ધ થયા. અનન્તને આશ્ચર્ય તો નહોતું થયું, પણ સુરેશ હજી સુધર્યો નથી એ વાતની તેને ખાતરી થઇ ગઇ. અધ્યાપક પાઠકે પણ સુરેશનો મિજાજ પસંદ કર્યો, પણ વાતને આગળ વધતી અટકાવવા તેમણે ચાલાકીપૂર્વક વિષય બદલાવી નાખ્યો

અને વાતમાંથી વાત નીકળતાં એવો તબક્કો આવી પડ્યો કે હર્ષદરાય બોલે ને બીજા સાંભળ્યા કરે એવું થઇ ગયું. હર્ષદરાયને ગંભીર વિષયો પર બોલતા સાંભળવા એ એક અનોખો લહાવો હતો. વિદ્વતા તો તેમનામાં હતી જ: સાથે સાથે જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓનો સમન્વય કરી એમાંથી એવું સરસ તારતમ્ય તેઓ કાઢતા કે સાંભળનાર મુગ્ધ થઈ જતા. તે વાત કરતા હોય ત્યારે તેમને સાંભળ્યા જ કરીએ એવું લાગતું.

મકાને પહોંચીને ઉપમા અને સુરેશ રા. બ. મહેતાના ટેબલ પર પેટ પકડીને હસ્યાં.

'ભાઈ મહેતા!' ઉપમાએ હર્ષદરાયના અવાજનું અનુકરણ કરી, હસતાં કહ્યું: 'એમાં આકળા શું થાઓ છો?' સુરેશે લગભગ એવે જ સ્વરે પૂર્તિ કરી.

હસતાં હસતાં બંનેની આંખમાં આંસુ આવી ગયાં.

'હવે રહેવા દો!' ઉપમાએ ગોટો વળી જતાં કહ્યું: 'નહીં તો હું હસી-હસીને મરી જઇશ. અને છોટુભાઈનાં મામી અપમાનને ગાંડાં ગણશે.

•

૧૩ : ફોટો પડાવ્યો

વાઙ્મય પરિષદ પૂરી થયા પછી એક મહીને શાળાની પરીક્ષાઓની ધમાલ શરૂ થઇ. માસ્તરોની મોસમ આવી.

સુરેશ પાસેથી પ્રેરણા પામેલ છોટુએ પરીક્ષામાં પોતાનું પાણી બતાવી દીધું. તોફાની છોટુએ પહેલો નંબર મેળવ્યો.

'શું છે આ છોટુનું?' છોટુને પહેલે નંબરે આવેલો જાણી નગીનદાસે તેના વર્ગશિક્ષકને પૂછ્યું.

'હા, સાહેબ! તેણે ન માની શકાય તેવું કરી બતાવ્યું છે.' શિક્ષકે કહ્યું.

'કંઇ ભૂલ તો નથી થઇ ને?' હેડમાસ્તરે પૂછ્યું.

'મને પણ ભૂલ થઇ હોય એમ લાગ્યુ હતું, એટલે મેં તેના માર્કસની ગણત્રી ત્રણ વખત કરી જોઇ હતી.'

'પેલા થોકડામાંથી છોટુના ઉત્તરપત્રો કાઢી લો તો!' હેડમાસ્તરે શિક્ષકને થોકડો દેખાડતાં કહ્યું.

શિક્ષકે છોટુના ઉત્તરપત્રો હેડમાસ્તરને શોધી આપ્યા.

'છોટુને આટલું સુંદર લખતાં ક્યારથી આવડયું?' નગીનદાસે છોટુનું લખાણ વાંચતાં સાશ્ચર્ય પૂછ્યું: 'ચોરી તો નહીં કરી હોય ને?'

'જી, હમણાં એ વર્ગમાં પણ ઊંચે નંબરે રહે છે.' શિક્ષકે કહ્યું.

'તોફાનો ઘટયાં છે?'

'ના, જી! વધ્યાં છે.'

'તોફાન ને અભ્યાસ બંનેમાં એક સાથે તે કેમ આગળ વધી શકયો?'

'હમણાં એ સુરેશભાઈ સાથે ખૂબ ભળે છે.'

'એમ કે?' હેડમાસ્તરે કહ્યું: 'સુરેશ જબરો છે.'

'સુરેશભાઇ નિમાયા પછી વિદ્યાર્થીઓ તેમના સિવાય બીજા કોઇ માસ્તરને ગણકારતા નથી.' શિક્ષક સુરેશની પ્રતિભાનો દ્વેષી હતો.

છોટુને ખાનગી ભણાવી માસિક વીસ–પચીસ રૂપિયા રળી લેવાની તેની નેમને સુરેશે ધૂળમાં મેળવી હતી.

પહેલો નંબર મળવાથી છોટુ ઘણો ખુશ થયો હતો. સુરેશની પ્રેરણા અને દોરવણીથી જ છોટુ આવું સુંદર પરિણામ લાવી શકયો હતો. સુરેસનો કઇ રીતે આભાર માનવો તેના વિચારમાં છોટુ પડી ગયો.

'કાકા! હું પાસ થયો.' છોટુ તેના પિતાને કાકા કહેતો.

'સારૂં થયું. કયા ધોરણમાં પહોંચ્યો?' કાકાએ પૂછ્યું. હજારો ને લાખોના વ્યાપારી સોદાની ઝીણીઝીણી વિગતો મોઢે રાખી શકતા શેઠને દીકરો શું ભણે છે તે યાદ ન હતું. પરિણામે આવા લોકો લાખો રળતાં છતાં જબ્બર ખોટનો વેપાર કરી રહ્યા હોય છે, એ વાત તેમને કોણ સમજાવે?

'હું મેટ્રિકમાં આવ્યો.'

'ઓહો! એટલું બધું ભણી ગયો?'

'વધારામાં હું પહેલે નંબરે પાસ થયો છું.'

'પે'લે નંબરે! શું?'

'એ બધો પ્રતાપ મારા માસ્તર સુરેશભાઈનો છે.' છોટુએ કહ્યું.

'બહુ સારું! તો એમને કંઇક ભેટણી આપજે.'

'શું આપું?'

'પાંચ–પચીસ જે દેવા હોય તે દેજે ને!'

'એ ભેટણી લેવાની ના પાડે તો?' છોટુએ પૂછ્યું.

'અરે ગાંડા! પૈસા લેવાની ના કોઇ પાડે જ નહીં.' શેઠની એ જીવનફીલસુફી હતી. પૈસો દેખી કોઇ પણ ચળ્યા વિના ન રહે. એવી એમની દૃઢ માન્યતા હતી કોઇકોઇની કિંમત ઓછીવધુ હોય એ ખરું. માસ્તર–પંતુજીની કિંમત શી?

છોટુને પિતા સાથે વિશેષ દલીલ કરવાની જરૂર ન લાગી. મુનીમ પાસેથી પચીસ રૂપિયા લઇ તે સુરેશના ઘર તરફ ઊપડયો.

'ઉપમા, છોટુભાઇ આવ્યા છે.' સુરેશે છોટુને જોઈ કહ્યું.

'છોટુભાઇએ નાસ્તો કરાવી દેવો પડશે.' ઉપમાએ બહાર આવી કહ્યું.

'શેનો?' છોટુએ હસતાં હસતાં પૂછ્યું.

'પહેલે નંબરે પાસ ગયા તેનો.'

'એને માટે તો તમારે મને જમાડવો પડે.' છોટુએ કહ્યું.

'તો એમ!' ઉપમાએ કહ્યું.: 'ચાલો જમવા.'

'શું બનાવ્યું છે?'

'કંસાર.'

'તો આપણે જમવા તૈયાર જીએ. પણ તમારેય મારી એક અરજ સ્વીકારવી પડશે.'

'તમારે વળી શી અરજ કરવાની છે?' સુરેશે પૂછ્યું.

'હા પાડો તો કહું.'

'હું તમને નાખુશ કરી શકતો નથી.'

છોટુએ ઊભા થઇ ઉપમાના પગમાં પચીસ રૂપિયા મૂકી દીધા.

'આ શું?' ઉપમાએ પૂછ્યું.

'ગુરુદક્ષિણા.' છોટુએ કહ્યું.

'ગાંડા ન થાઓ. હું એ રૂપિયા નહીં લઉં.' સુરેશે કહ્યું.

'બહુ સારું! હું તમારે ત્યાં કોઇ દિવસ નહીં આવું.' છોટુએ કહ્યું.

'અત્યારે તો જમશો ને?' ઉપમાએ હસતાં પૂછ્યું.

'ના–જી! મારો અસહકાર અત્યારથી જ શરૂ.'

'છોટુભાઇ, તમે તો જાણો છો કે હું શિક્ષણનો વેપાર નથી કરતો.'

'સુરેશભાઇ, તમે ય મારો સ્વભાવ ક્યાં નથી જાણતા ? મારા પિતાની ઇચ્છા ન હોત તો હું તમને જરા ય આગ્રહ ન કરત. તમે ના પાડો તો એમને કેટલું માઠું લાગે તેનો તમને ખ્યાલ નથી.'

સુરેશ ને છોટુ દલીલો પર ઊતરી પડયા.

'લ્યો, છોટુભાઇ ! હું એ રકમ સ્વીકારી લઉં છું.' કહી ઉપમાએ એમની ચર્ચાનો અંત આણ્યો.

સુરેશ ને છોટુ સાથે બેસી જમ્યા.

'તને પૈસાનો મોહ ક્યારથી થયો ?' છોટુ ગયા પછી સુરેશે ઉપમાને પૂછ્યું.

'પૈસાનો મોહ ! કદી હતો નહીં, છે નહીં અને થવાનો સંભવ પણ નથી ' ઉપમાએ કહ્યું.

'એટલે જ અનાસક્તભાવે આ પચીસ કલદાર ગજવામાં મૂકી દીધા, કાં ?'

'મોહ નથી એનો અર્થ એમ નહીં કે પૈસાને હાથ પણ ન અડકાડવો. તમે થોડા અકડ્ડૂની છો. પૈસા ન લેવાની ધૂનમાં તમે છોટુભાઈના હૃદયની લાગણીનો ખ્યાલ રાખવાનું ભૂલી જતા હતા. એ કાંઈ તમને પ્રલોભનરૂપે કે લાંચરૂપે પૈસા આપવા નહોતા આવ્યા. આ તો એમની હાર્દિક ઊર્મિનો ઉછાળો હતો. એમને નાસીપાસ કરવા એ મને ઠીક ન લાગ્યું.'

'બહુ સારૂં—બહુ સારૂં !' સુરેશે કહ્યું : 'હવે એ પૈસાનું શું કરવું છે ?'

'કોઇ આકસ્મિક જરૂરિયાતને માટે સાચવી મૂકવા. બીજું શું ?'

'એવી ઠાવકી ક્યારથી થઇ ગઈ ?'

'ત્યારે તમારો વિચાર શું બ્રાહ્મણ જમાડી દેવાનો છે ?' ઉપમાએ સામું પૂછ્યું.

'મારો વિચાર કહું ?'

'બોલોને !'

'મારો વિચાર તો તને રેશમી સાડી લઇ આપી તારી સાથે એક ફોટો પડાવવાનો છે.'

'તમે ય રસિક છો, હો !' ઉપમાએ તીખા સ્વરે કહ્યું : 'રેશમી સાડી વિના સારો ફોટો નહીં પડતો હોય કે ?'

'વારૂ, તું ફોટો પડાવવાની વાત તો કબૂલે છે ને ?'

'તમારી ઇચ્છા હોય તો મારી ના નથી.' ઉપમાએ હસતાં કહ્યું.

'ગજબ છો તમે બૈરાંઓ ! બધી બાબતમાં કેમ જાણે અમારી ઇચ્છા પ્રમાણે જ પગલું ભરતાં હો !'

'તો કાંઇ નહીં ! આપણે ફોટો નથી પડાવવો.' ઉપમાએ મીઠું છણકાતાં કહ્યું.

'ચાલ-ચાલ! ફોટો તો પડાવી લઈએ. ફોટોગ્રાફર અમારી શાળાના ચિત્ર-કામ શિક્ષક છે કહે છે કે બહુ ગરીબ માણસ છે. એને એટલી મદદ થશે.'

દડસદ શાળાનો ચિત્રકામ શિક્ષક ત્રિવેદી ખાનગી રીતે ફોટા પાડવાનું કામ પણ કરતો હતો. ફોટા તે સારા પાડતો.

બીજા શિક્ષકો ખાનગી ભણાવી વધારાની આવક મેળવતા, તો ત્રિવેદી ફોટા પાડી કમાઈ લેતો. હેડમાસ્તર નગીનદાસ શિક્ષકોની ખાનગીની આવકમાંથી જેમ અડધો ભાગ પડાવતા તેમ ત્રિવેદીની ફાલતુ આવકમાંથી ય પોતાનો હિસ્સો પડાવી લેતા.

સુરેશ અને ઉપમા ત્રિવેદીને ત્યાં પહોંચ્યાં ત્યારે તે ફોટો-એન્લાર્જીંગ મશીન બનાવવામાં ગુંથાયો હતો.

'આવો, સુરેશભાઇ!' ત્રિવેદીએ કહ્યું.

'શું ચાલે છે?' સુરેશે પૂછ્યું.

'રોટલાની માથાકૂટ!' ત્રિવેદીએ કહ્યું: 'શાળા ત્રીસ રૂપિયા આપે તેમાં છ છોકરાં અને બે અમે: એમ આઠ જણાંનું પૂરું ક્યાંથી થાય? દેશમાં મા-બાપને મહિને દસ-પંદર રૂપિયા મોકલવા પડે તે વળી વધારામાં! નગીનભાઇ સારા માણસ છે કે ત્રીજો ભાગ લઇને ય મને ફોટા પાડવાની સગવડ આપે છે, એટલે મહિને પચીસ-ત્રીસની વધારાની આવક ફૂટી કાઢું છું.'

'ત્રીજો ભાગ! શેનો?' સુરેશ પૂછ્યું.

તમને ખબર નથી?'

'ના.'

'અહીં જે કોઇ માસ્તર નિમાય તેની સાથે પહેલે જ દિવસે હેડમાસ્તર કેટલીક શરતો નક્કી કરી લે છે. ટ્યુશન ભણાવો તો અડધા પૈસા તેમને દેવા પડે; મારું કામ જરા અટપટું એટલે મારા ચોકખા નફામાંથી મારે તેમને ત્રીજો ભાગ આપવો એવી ગોઠવણ છે. તમારે કંઇ નથી દેવું પડતું?' ત્રિવેદીએ પૂછ્યું.

'મારે!' સુરેશને નગીનદાસ સાથેની પહેલા દિવસની વાત યાદ તો આવી, પણ, તેણે તો માત્ર એટલું જ કહ્યું કે: 'હું ખાનગી ભણાવતો જ નથી.'

'બે જ માણસ છો એટલે એવી લાપરવાહી તમને પોસાય, અમને તો છોકરાંની ધીંધ એવા ઘેરી વળી છે કે ન પૂછો વાત!'

'છોકરાં હોવાં એ તો નસીબદારી મનાવી જોઇએ.' સુરેશે કહ્યું.

"એ નસીબદારીથી એક લાભ તો થયો જ છે.' ત્રિવેદીએ કહ્યું.

'શો ?'

'ઘરમાંથી ઉંદર નાસી ગયા છે.'

'ઉંદર શા માટે નાસી ગયા ?' ઉપમાએ હસતાં પૂછ્યું.

'ઉંદર તો ખાવાનું મળે ત્યાં રહે ને ? મારા ઘરમાં તો દાણાનો ય અભાવ રહે છે, એટલે ઉંદર અહીં રહીને કરે શું ?' ત્રિવેદીએ મજાકભરી ગંભીરતા ધારણ કરી કહ્યું.

'જબરા તમે ય ઉંદર નસાડનારા.' ઉપમાએ કહ્યું.

'જ્યાં છોકરાંના બાજરાના જ વાંધા છે, ત્યાં બચારા ઉંદર તો ખાવાનું ક્યાંથી જ પામે ?' ત્રિવેદીએ કહ્યું: 'અને તમારાં જેવાં કોઇ દિવસ ફોટા પડાવવા ય ન આવે, એમાં અમે કાયમી ભૂખમરામાંથી ઊંચે કેમ આવીએ ?'

'આજે અમે ફોટા પડાવવા જ આવ્યાં છીએ.' સુરેશે કહ્યું.

'મેણાંના માર્યા તો જોગી નથી થતા ને ?' ત્રિવેદી મર્માળાં વચન બોલવા છતાં મુખ પરની ગંભીરતા જરા ય ઓછી થવા દેતો ન હતો.

'પૂછો આને !' સુરેશે ઉપમા તરફ આંગળી ચીંધી કહ્યું.

'સ્ત્રીઓ ખોટું ન જ બોલે એવી તમારી માન્યતા છે ? એ માન્યતા બદલાવી નાખજો. સ્ત્રી એટલે જૂઠના અવતાર'

'સ્ત્રીઓનો તમને બહુ ખરાબ અનુભવ થયો હોય એમ લાગે છે.' ઉપમાએ કહ્યું.

'રે !' ત્રિવેદીએ કહ્યું: 'બહુ સારો અનુભવ છે એટલે એમ કહું છું'

'તમારી વાતનો મર્મ પકડી શકાતો નથી.' ઉપમાને ત્રિવેદીની વિચિત્રતા ગમી.

'એમાં મર્મ-ફર્મ કંઇ છે જ નહીં.' ત્રિવેદીએ કહ્યું: 'છોકરાંને અડધાં ભૂખ્યાં રાખી પતિને તાણું કરી કરીને ખવડાવતાં તપેલાં ખાલી કરી નાખતી વખતે પત્ની જરા ય આંચકો ખાધા વિના કહી દે છે કે, 'તપેલાં બધાં ભરેલાં છે !' અને પરિણામે એ તદ્દન ભૂખી રહે છે, એ જૂઠ નહીં તો બીજું શું ?' સુરેશ ને ઉપમા ત્રિવેદીની વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયાં.

'અથવા' ત્રિવેદીએ આગળ ચલાવ્યું: 'કદાચ એને જૂઠ ન પણ કહી શકાય. ખાલી તપેલાંમાં ય હવા તો ભરી જ હોય ને ? સ્ત્રી પત્ની તરીકે જૂઠી છે એના કરતાં ય માતા તરીકે વધારે જૂઠી છે. જે છોકરાંનો બાપ તમને પૂરતું ખાવાનું ન આપી શકતો હોય તેમને કહેવું કે તારો બાપ તને બેરિસ્ટર બનાવશે, એ જૂઠ નહિ તો બીજું શું ?' કહી એ હસી પડયો.

ઉપમા કે સુરેશ હસી ન શક્યાં.

'કેમ તમે હસવાં નથી ?' ત્રિવેદીએ પૂછ્યું.

'આવી વાત સાંભળી હસવું કેમ આવે ?' ઉપમાએ સામું પૂછ્યું.

'આવી વાતો તો હિન્દી સંસારમાં ઘરઘરે બને છે. પોતે ભૂખી રહી, જૂઠું બોલી, પતિને ખવડાવે તેવી બોટાબોળી સ્ત્રીઓ તો સમાજને ચૂલેચૂલે બેઠી છે.' ત્રિવેદીએ દેખિતા કટાક્ષમાં હિન્દી સ્ત્રી-વર્ગ પ્રત્યેનો પોતાનો પૂજ્યભાવ વ્યક્ત કરી દીધો.

'એવી સ્ત્રીઓને-હું તો જેમને પૂજું-ખોટું તો ઘરમાં પૂરતી ચીજનો અભાવ હોવાને કારણે જ બોલવું પડે છે ને ? એ પરિસ્થિતિ કેટલી દુઃખજનક છે!' ઉપમાએ કહ્યું.

'પૂરતી ચીજનો અભાવ એ તો હિંદને કોઠે પડી ગયેલું દર્દ છે. એનો અફસોસ કરવાપણું હોય જ નહીં. જે પરિસ્થિતિ કાયમી છે તેનો અફસોસ શો ?' ત્રિવેદીએ કહ્યું.

ઉપમાનો અવાજ સાંભળી ત્રિવેદીનાં પત્ની—શારદાબ્હેન ઘરમાંથી બહાર આવ્યાં.

'આ અમારા માસ્તરસાહેબ સુરેશભાઇ ને' ત્રિવેદીએ શારદાબ્હેન સામે જોઈ કહ્યું: 'આ તેમનાં પત્ની...નામ તો હજી સુરેશભાઇએ કહ્યું નથી'

'ઉપમા.' સુરેશે હસતાં કહ્યું.

'આવો, બ્હેન !' શારદાબ્હેને કહ્યું.

શારદાબ્હેન પ્રેમાળ બાઇ હતી. ત્રિવેદી જીવનની મુશ્કેલીઓને હસી કાઢવામાં માનનારો હતો. શારદાબ્હેન મુશ્કેલીઓ સહી ગંભીર બન્યાં હતાં, છતાં ત્રિવેદીના સાથમાં એ ગંભીરતાને કોરે મૂકી શકતાં.

શારદાબ્હેનના મુખ પર અસંતોષની છાયા સરખી યે ન હતી. પૈસા મેળવી લેવા કરતાં પૈસા મેળવવાના પ્રામાણિક પ્રયત્નથી શારદાબ્હેનને વિશેષ સંતોષ થતો. ત્રિવેદી શારદાબ્હેનને લાડ લડાવતો નહીં, તેમને માટે અવનવી ચીજો લઇ શકતો નહીં, છતાં શારદાબ્હેન તો સદાય ત્રિવેદી પર વારી જતાં, કારણ કે તે તેનું હૃદય બરાબર સમજી શક્યાં હતાં. ગદ્ધાવૈતરૂં કરતાં કરતાં ત્રિવેદી જે મજાકો કર્યે જતો તેનું સાચું રહસ્ય શારદાબ્હેન સમજતાં. એવી મજાકો જો ન કરી શકાતી હોત તો આર્થિક વિટંબણાઓએ ત્રિવેદીને ક્યારનો ય ગાંડો બનાવી દીધો હોત, તેનો શારદાબ્હેનને ખ્યાલ હતો.

ઉપરઉપરથી શારદાબ્હેનની મશ્કરી કરવા છતાં ત્રિવેદીનું હૃદય શારદાબ્હેનથી ભર્યુંભર્યું રહેતું. ત્રિવેદીને ક્યારેક એવાં લાસડિયાં ઘરાક મળી જતાં કે તનતોડ

મહેનત કરવા છતાં તેને પાઇની ય પેદાશ ન થતી. એવે પ્રસંગે શારદાબેનનો થોડો ઉપહાસ કરી લઇને ત્રિવેદી ગ્લાનિ માત્ર ખંખેરી નાંખતો—જાણે કોટ પરથી ધૂળ ખંખેરતો હોય તેમ.

ગમે તેવી મુસીબતમાં ય જરા હસી લેતાં–ટીખળ કરી લેતાં ત્રિવેદી રંગમાં આવી જતો. મુશ્કેલીઓ તેમનાં હૃદયની મહત્તાને સ્પર્શી ન શકતી, કારણ કે ત્રિવેદીની તીક્ષ્ણ બુદ્ધિ મુશ્કેલીઓને ઘણી સહેલાઇથી હસી કાઢી શકતી.

હમણાં જ ત્રિવેદીના પિતાનો પત્ર હતો કે, 'તારી મા માંદી છે, માટે વીશ રૂપિયા મોકલજે.' વીશ રૂપિયા મેળવવાની મુશ્કેલીનો પાર ન હતો. છતાં માતૃભક્ત ત્રિવેદી એ રકમ ગમેતેમ કરીને ય મોકલશે તેની શારદાબેનને ખાતરી હતી. શારદાબેનનાં ઘરેણાં એકએક કરી લગભગ બધાં વેચાઇ ગયાં હતાં, હવે વેચવા જેવું બહુ થોડું બાકી હતું. આવી પરિસ્થિતિમાં ય પતિ નિર્દંશ હસી શકે તેને શારદાબેન શુભ ચિહ્ન ગણતાં હતાં. હાસ્ય એમના જીવનમાં કટુતાને પેસવા જ ન દેતું.

ત્રિવેદી જેટલો બાપો હતો તેટલો જ બહાદુર ને પ્રેમાળ હતો. પૈસો તેની પાસે ન હતો, પણ વહાલસોયી પત્ની ને નિખાલસ હૃદય તેને પૈસાથી ન મળી શકે તેવો ઉચ્ચ કક્ષાનો આનંદ આપી શકતાં

છ છોકરાંનાં માબાપ શારદાબેન ને ત્રિવેદી હજી ગઇ કાલે જ પરણ્યાં હોય એટલા પ્રેમપૂર્વક જીવતાં હતાં. તેમનું દાંપત્ય ઉપમા–સુરેશને ધન્ય લાગ્યું. ઉપમા તો શારદાબેનનું મુખ જોતાં જ તેમના પર વારી ગઇ હતી. એ મુખ પર ચીમળાએલી આધેડ વયનો કંટાળો ન હતો, પણ જીવનને ધબકારે ધબકારે પ્રેમનો ઉન્માદ અનુભવતી નવોઢાશો પ્રણય–તરવરાટ હતો.

ત્રિવેદી અને શારદાબેન બંનેને લોકો ગાંડાં કહેતાં, પણ એ ગાંડપણમાં ય કેવી ભવ્યતા હતી! શારદાબેન તો પ્રમાણમાં ડાહ્યાં હતાં, વ્યવહારકુશળતા ય તેમનામાં હતી, પણ એ વ્યવહારકુશળતા તેમની પ્રેમ–ઉષ્માને જરા ય ઠંડી નહોતી કરી શકી.

'હમણા જ હું તારાં વખાણ કરતો હતો.' ત્રિવેદીએ શારદાબેનને કહ્યું.

'પતિને ખવડાવી ભૂખી રહેનાર પત્નીને જૂઠી કહેનારને તો છ મહીના સુધી ભૂખ્યા જ રાખવા જોઇએ!' ઉપમાએ ગમ્મત કરતાં કહ્યું.

'અરે, બેન! તમે એમની વાત ક્યાં સાચી માની બેઠાં!' શારદાબેને કહ્યું: 'રમવા બેસે તો ભૂખ ને દુઃખ બધું ય ભૂલી જાય એવા છે. એમને હાથ ઝાલીને ભાણા પર ન બેસાડ્યા હોય તો પાંચ દિવસ સુધી જમવાનું માગે એવા નથી.'

'હું તો કહું છું કે પૈસા મળતા હોય તો હું તમારી છોકરાંઓની કે કોઈની દરકાર કરું એવો નથી. મારા જેવા નઠોરને તો તમે જ સાચવો' ત્રિવેદીએ કહ્યું.

'એ પૈસા કોને માટે રળો છો ? અમારે જ માટે ને ?' શારદાબેને પૂછ્યું. શારદાબેન ત્રિવેદીને ય બોલવે પહોંચી વળે તેવાં નીકળ્યાં.

મુશ્કેલીમાં ય આટલી મિઠાશથી સંસાર ચલાવ્યે જતાં દંપતી પ્રત્યે ઉપમા અને સુરેશને પૂજ્યભાવ ઉત્પન્ન થયો. ઘરમાં અછત હતી એ દેખિતું હતું, છતાં બંને એકબીજાની ભૂલો શોધવાને બદલે વખાણ જ કર્યા કરે એ દૃશ્ય દૈવી હતું.

ઉપમાએ શારદાબેન સાથે ખૂબખૂબ વાતો કરી. સાંજસુધી ઉપમા ને સુરેશ ત્રિવેદીને ત્યાં રોકાયાં. બપોરે ચા-નાસ્તો પણ લીધો, શારદાબેન ચંચળબેન કરતાં ઊલટા સ્વભાવનાં હતાં. પોતાની નબળાઈ તે પહેલી વર્ણવી બતાવતાં, પણ ઉપમા-સુરેશની સરભરામાં તેમણે જરા ય મોળપ નહોતી રહેવા દીધી.

ફોટો પડાવી ઘેર જતાં સુરેશે ખિસ્સામાંથી પચીશ રૂપિયા કાઢી ત્રિવેદીના હાથમાં મૂકયા.

'આ શું ?' ત્રિવેદીએ પૂછ્યું.

'અમારી જીંદગીનો આ પહેલો ફોટો છે.' સુરેશે કહ્યું: 'મારે તેની ઘણી નકલો જોઈએ છે. આટલા પૈસામાંથી થઈ શકે તેટલી નકલો કરી આપજો.'

ટીખળી ત્રિવેદીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'સુરેશભાઇ,' ત્રિવેદીએ કહ્યું: 'મને પૈસાની જરૂર છે. તમે આટલી બધી નકલો મને મદદ કરવા જ કઢાવો છો તે હું જાણું છું. પણ આવડી મોટી રકમ પાછી આપવાની મારી શક્તિ નથી. હું સુંદર કામ કરી આપીશ.'

સુરેશને કંઇ વધારે બોલવાનું યોગ્ય ન લાગ્યું.

ઘેર પહોંચી સુરેશે ઉપમાને પૂછ્યું: 'ઉપમા, તને કેમ લાગ્યું ?'

'સારૂં કર્યું'. શારદાબેન જેવી ખાનદાન સ્ત્રી મેં જીવનભરમાં જોઇ નથી.' ઉપમાએ કહ્યું: 'મુશ્કેલીમાં ય એ બંને કેટલાં પ્રેમપૂર્વક એકમેકને ચાહે છે ! દુઃખ તો તેમને સ્પર્શી ય શકતું નથી.'

'છોટુભાઇના પચીસ રૂપિયા યોગ્ય સ્થળે પહોંચ્યા. આપણને ફોટા મળશે તે વધારામાં !' સુરેશે કહ્યું.

●

૧૪ : અથડામણ

શાળામાં નવા વર્ગો શરૂ કરતાં પહેલાં નગીનદાસે સુરેશને સવારમાં વહેલો પોતાને ઘેર બોલાવ્યો. ઘણા થોડા વખતમાં સુરેશ વિદ્યાર્થીવર્ગમાં માનીતો થઈ પડયો હતો. તે જે જે વિષયો લેતો તેનું પરિણામ ઘણું સંતોષકારક આવ્યું હતું. નગીનદાસે નવી ગોઠવણી વખતે સુરેશનો અભિપ્રાય પૂછવાનું ઠીક માન્યું. વર્ગો અને વિષયોની ગોઠવણીની ચર્ચા પૂરી થયા પછી સુરેશે કહ્યું, 'મારે આપને એક વાત કરવી છે.'

'બોલો ને!' નગીનદાસે કહ્યું.

'માફ કરજો, મારે આપને થોડું અપ્રિય લાગે તેવું કહેવું પડે છે, પણ...'

'હું અપ્રિય વાત પચાવી શકું છું.' નગીનદાસે કહ્યું.

'આપને મ્યુનિસિપાલિટી તરફથી બહુ સારો પગાર મળે છે.' સુરેશે કહ્યું.

'એમ. એ. થયો છું ને?' નગીનદાસે હસતાં કહ્યું.

'આપે શિક્ષકો પ્રત્યે ઉદાર થવું ઘટે.' સુરેશે કહ્યું.

'મને અનુદાર કહેનારા તો તમે જ નીકળ્યા.'

'શિક્ષકોની ફાલતુ આવકમાંથી ભાગ પડાવવાની મનોદશા આપે છોડવી જોઈએ.'

'એટલે?'

'ટ્યુશનની આવકમાંથી આપે ભાગ ન પડાવવો જોઈએ.'

'હવે મારી વાત સાંભળશો?'

'હા—જી!'

'વકીલને ત્યાં કેસ લઈ જનારને વકીલાત–ફીમાંથી ભાગ મળે છે એ વાત તો જાણો છો ને? હું તમને ટ્યુશનો મેળવી આપું તો પછી મારો ભાગ શા માટે ન માગું? દડસદ જેવાં ગામમાં ટ્યુશનો મળે એવું ક્ષેત્ર તો મેં જ તૈયાર કર્યું છે. પછી હું મારું મહેનતાણું માગું તેમાં ખોટું શું છે?'

'એ જ રીતે ત્રિવેદીની ફોટોગ્રાફીમાંથી ભાગ પડાવવાનું આપને વાજબી લાગે છે?' સુરેશે લાંબી ચર્ચામાં ન ઊતરવા હેડમાસ્તરના સૌથી મોટા અન્યાયને આગળ કર્યો.

'તમે કહેતા હો તો ત્રિવેદી પરનો મારો હક હું જતો કરું. પણ એમ થાય તો પછી તમારે છોટુ પાસેથી મળેલી રકમમાંનો મારો ભાગ મને આપવો પડશે.'

'છોટુ પાસેથી?' સુરેશે પૂછ્યું.

'તમને કંઇ નથી મળ્યું ?'

'મળ્યું છે પણ તેમાંથી હું આપને એક પાઇ પણ ન આપું. આપનો એ રકમ પર કોઇ અધિકાર નથી. મને પૈસાનો લાલચુ ન માનશો. પૈસા મારે મન કોઇ ચીજ નથી. મને મળેલા પચીસે રૂપિયા હું ગરીબ વિદ્યાર્થીઓના પુસ્તક–ફંડમાં આપી દેવા તૈયાર છું. પણ મહા મુસીબતે પેટનું પૂરૂં કરતા ત્રિવેદી જેવા પાસેથી પૈસા લેવાની હલકી મનોદશા ધરાવનાર વ્યક્તિ સામે તો મારે વિરોધ કરવો જ જોઇએ !' સુરેશ ઉશ્કેરાઇ ગયો.

'સુરેશભાઇ, મેં કહ્યુંને કે, ત્રિવેદી પરનો મારો હક્ક હું જતો કરૂં છું. આજ-સુધી એવા ગરીબ માણસને ત્રાસ આપ્યો તેના પ્રાયશ્ચિત્ત બદલ તમારા જેટલી જ રકમ હું ય પુસ્તક–ફંડમાં આપું છું. પણ તમને તો એક વાત કહી જ દઉં, હવેથી તમે કોઈ ટયુશન રાખશો અને મારો ભાગ મને નહીં આપો તો આ શાળામાં આપણે બંને સાથે નહીં રહી શકીએ. કાં તમે નહીં, કાં હું નહીં. જાત પર વાત આવે ત્યારે સૌ કોઇ લડે જ !' નગીનદાસના રૂપરંગ ફરી ગયા.

સુરેશ તેમની સામે જોઈ રહ્યો.

પણ થોડી જ વારમાં નગીનદાસ પાછા સ્વસ્થ બની ગયા.

'તમારા મેં પચાસના સાઠ કરાવી આપ્યા'તા તેનો બદલો તો તમે બહુ સારો આપો છો !' નગીનદાસે હસતાં કહ્યું.

'આપે મને ખરીદી લેવાની ધારણા રાખેલી ?' સુરેશે પૂછ્યું

'ના—ના, તમને ઠીક લાગે તેમ કરો.' કહી નગીનદાસ ઉભા થયા.

સુરેશ પણ ઉભો થયો.

'આ વાત આપણા બે સિવાય બીજું કોઇ ન જાણે તો સારૂં.' નગીનદાસે કહ્યું.

'હૃદયની એટલી વિશાળતા મારામાં છે જ !' સુરેશે કહ્યું.

'હવે ક્યાં જશો ?' નગીનદાસે આળસ મરડતાં પૂછ્યું.

'નિશાળના સમયને તો ઘણી વાર છે, એટલે ઘેર જ જઇશ.'

'એક કામ સોંપું ?'

'ખુશીથી.'

'પુસ્તક ફંડમાં રૂ. ૫૦) તો ભરાઇ ગયા. શરૂઆત સારી થઈ કહેવાય. તમે જ ફાળો લઇને ગામના મુખ્ય મુખ્ય માણસો પાસે જઇ આવો ને !'

'ભલે.'

સુરેશ પુસ્તક–ફંડ માટે ફાળો કરવા નીકળ્યો. ચાર–છ જગ્યાએથી તેને પાંચ-પાંચ રૂપિયા મળ્યા. પૈસા આપતાં પહેલાં સૌ કોઇ માથાકૂટ તો કરતું, પણ સુરેશ

તેમને ઘણી સરસ રીતે ગરીબ વિદ્યાર્થીઓની મુશ્કેલીઓનો અને આવા ફંડની આવશ્યકતાનો ખ્યાલ આપી શકતો.

થોડી જગ્યાએથી પૈસા ઉઘરાવ્યા પછી તેને માગવાની લઢ આવી ગઇ. ઘેર જતાં પહેલાં તે એક અગ્રણી વકીલ–જગુભાઇને ત્યાં ફંડ માટે પૈસા માગવા ગયો. વકીલ શાળા–સમિતિના સભ્ય હતા. શહેર–સુધરાઇમાં તેમની જબરી લાગવગ હતી.

'પધારો ! શું કામ છે ?' જગુભાઇએ દમામપૂર્વક કહ્યું.

'આપણી શાળાના ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકોની મદદ કરવા માટે અમે એક નાનું સરખું ફંડ ઊભું કરીએ છીએ. તેમાં આપની પાસેથી પણ કંઇક લેવા આવ્યો છું. આપ તો જાણો છો કે આધુનિક કપરા સંજોગોમાં...'

'મારી એક વાત સાંભળશો ?' જગુભાઈએ જરા તોછડાઇથી વચ્ચે કહ્યું.

'હા–જી !'

'મારો સમય ઘણો કિંમતી છે, માટે તમારે જે કંઇ કહેવાનું હોય તે ટૂંકેથી પતાવજો.'

સુરેશ તો આ વાયડા માણસની તોછડાઇથી ડઘાઇ ગયો. પોતે આવ્યો ત્યારે તેણે જ તેને માખીઓ મારતો જોયો હતો. અત્યારે તેનો ઘમંડ જોતાં સુરેશને રોષ ચડયો, છતાં તેણે શાંતિપૂર્વક માત્ર એટલું જ કહ્યું: 'મારે કંઇ કહેવાનું નથી. આપ આ ફંડમાં કંઇક આપો '

'બહુ સારૂં.' જગુભાઇએ કહ્યું, 'તમે ઘણા સમજુ માણસ છો.'

'જી !' સુરેસે ધૂંધવાટ છુપાવતાં કહ્યું.

'પૈસા આપવામાં મને હરકત નથી.' જગુભાઇએ કહ્યું, 'તમારા જેવા માગવા આવે તેને ના કહેવી એ ઠીક નહીં. પણ આધુનિક કેળવણીની કિંમત શી ? આ કેળવણીએ રાષ્ટ્રીય પ્રગતિમાં શો ફાળો આપ્યો ? આ કેળવણી પામેલા જુવાનોએ ક્યાં ક્ષેત્રમાં સાચું હીર બતાવ્યું ? જ્યારે આ કેળવણી જ નકામી–ભારરૂપ અને અનર્થકારી છે ત્યારે...'

'આપ મારી એક વાત સાંભળશો ?' સુરેશે શાંતિપૂર્વક વચ્ચે પૂછ્યું.

'શું ?'

'જેમ આપનો સમય કિંમતી છે તેમ જ મારો સમય પણ કિંમતી છે. હું આપની પાસે આધુનિક કેળવણીના લાભાલાભનું વ્યાખ્યાન સાંભળવા નથી આવ્યો. તો પૈસા લેવા આવ્યો છું. આપ હા કે ના કહી શકો છો.'

વકીલ મહાશય તો સ્તબ્ધ થઈ ગયા. નિશાળનો પંતુજી–વેદિયો ઢોર તેને આટલો પાછો પાડી શકે એ તેની કલ્પનામાંય ઊતરે તેમ ન હતું. ઘડીભર તો તેને કંઇ જવાબ ન જડયો.

સુરેશ શાંતિપૂર્વક ઊભો રહ્યો.

'તમે મારૂં અપમાન કર્યું છે.' જગુભાઇએ કંઇવારે કહ્યું.

'કોઈનું અપમાન કરવા જઇએ તો અપમાન સહેવા ય તૈયાર રહેવું પડે.' સુરેશે તિખાશથી કહ્યું.

આ જવાબ વકીલને પહેલા કરતાં ય આકરો લાગ્યો.

'તમને આ મોંઘું પડી જશે.' જગુભાઇએ કહ્યું.

'બહુ સારૂં !'

'તમારે માફી માફી માગવી પડશે.'

'આપ મારા પર દાવો માંડી શકો છો. પણ એ વાતનું અત્યારે શું છે? આપ કંઇ આપો છો કે હું જઉં?' સુરેશે પૂછ્યું.

'તમે અત્યારે જઈ શકો છો,' જગુભાઇએ તોરથી કહ્યું: 'મારે આ બાબત નગીનભાઈને મળવું પડશે.'

'સારૂં ! ત્યારે સાહેબજી!' કહી સુરેશે રજા લીધી.

સુરેશ ઘેર પહોંચ્યો ત્યારે અગિયાર વાગી ગયા હતા.

'આજે તો બે માંધાતાઓ સાથે તકરાર કરી' સુરેશે જમવા બેસતાં કહ્યું.

''શું થયું?' ઉપમાએ રસપૂર્વક પ્રશ્ન કર્યો.

સુરેશે નગીનદાસ અને જગુભાઈ સાથેના પ્રસંગ વર્ણવી બતાવ્યા અને ઉમેર્યું: 'રૂપિયા પચીસનું નુકસાન કરતો આવ્યો.'

'પચીસ–પચાસ રૂપિયામાં જો તમે ત્રિવેદીસાહ પરનો કાયમી બોજો ઓછો કરાવી આવ્યા હો તો એ ખોટનો સોદો ન કહેવાય.' ફોટો પડાવ્યો ત્યારથી ઉપમાએ શારદાબેન સાથે ખાસ મૈત્રી બાંધી લીધી હતી. શારદાબેનનાં બે–ત્રણ બાળકો તો શારદાબેન સાથે રહેતાં એથી વિશેષ ઉપમા પાસે રહેતાં થઈ ગયાં હતાં. તેમને ખવરાવવાં, શણગારવાં, રમાડવામાં ઉપમાને મજા પડતી.

'કોઇના બોજ ઓછા કરવાની આપણી હેસિયત છે કે?' સુરેશે પૂછ્યું.

'હેસિયતનું માપ આવક પરથી નહીં, હૃદય પરથી નીકળે છે.' ઉપમાએ કહ્યું.

સુરેશ નિશાળે જવા ઊપડયો ત્યારે ઉપમાએ હસતાં કહ્યું: 'હવે નિશાળમાં કોઇ ત્રીજા સાથે ન લડી પડતા!,

'લાગ આવશે તો તો નહીં મૂકું. દુશ્મનની યે ત્રિપુટી સારી!'

નિશાળમાં નવા વર્ગો ચડાવી દેવામાં આવ્યા હતા, પણ હજી રીતસરનો અભ્યાસ શરૂ થયો ન હતો. વિદ્યાર્થીઓ નવાં નવાં પુસ્તકો લેવામાં પડયા હતા. શિક્ષકો આરામ લેતા હતા.

સુરેશ મેટ્રિકના વર્ગમાં સામાન્ય વિષયો પર આડાંઅવળાં ગપ્પાં મારી રહ્યો હતો ત્યાં એક ભાઇ એ વર્ગમાં આવી ચડ્યા.

'તમારૂં નામ?' એ ભાઇએ વગર પરવાનગીએ વર્ગમાં પ્રવેશ્યા છતાં અધિકારીની ઢબે પૂછ્યું.

'સુરેશ!' સુરેશને એ માણસની વિચિત્રતા જોઇ હસવું આવ્યું: 'અને આપનું નામ?'

'મારૂં નામ સુલેમાન.'

'સારૂં! બોલો શું કામ છે?' સુરેશે હાસ્યાસ્પદ ગંભીરતા ધારણ કરી પૂછ્યું.

'શું કરો છો?' સુલેમાને દમામપૂર્વક પૂછ્યું.

'છોકરાં ભણાવું છું.' સુરેશે કહ્યું.

વિદ્યાર્થીઓ હસી પડયા.

'મને ઓળખો છો?'

'ના—જી! આપને ઓળખવાનું મારે કોઇ પ્રયોજન નથી.'

'હું મુસલમાન છું એટલું તો જોઇ શકો છો ને?'

'હા જી, એમાં શંકાને સ્થાન નથી.'

'તમે—શિક્ષકો ટ્યુશન માટે દોડાદોડી કરવામાં વિદ્યાર્થીઓનું હિત કેવું બગાડો છો તે બાબત મારે વર્ગમાં કંઇક કહેવું છે.'

'આપ અહીં કશું બોલી નથી શકતા.'

'મને બોલતો બંધ કરવાની કોની તાકાત છે?'

'આ વર્ગ પૂરતી તો મારી.' સુરેશે કહ્યું: 'હું તમને આ વર્ગ છોડી ચાલ્યા જવાનું ફરમાન કરૂં છું.'

'શું? શું?' સુલેમાન તાડૂક્યો: 'તમને ખબર છે, તમે કોનું અપમાન કરો છો? મારો ભાઈ શાળાસમિતિનો સભ્ય! માસ્તર તમારૂં આવી બન્યું લાગે છે.'

'મારૂં જે થવાનું હશે તે થશે, પણ તમે તો અહીંથી જાઓ જ! નહીં તો મારે તમને હાથ ઝાલી બહાર કાઢવા પડશે.'

સુલેમાન ગયો સીધો હેડમાસ્તર પાસે.

સુલેમાન અવારનવાર શાળાનું તંત્ર તપાસવા આવી ચડતો. બીજા શિક્ષકો તેની દરેક વાતમાં હા—માં—હા કહે જતા. શાળાનું તંત્ર સુધરે કે બગડે તે સાથે

સુલેમાનને ઝાઝી નિસ્બત ન હતી. તેનું તો પોતાની વાત સંભળાય તે જ પૂરતું હતું. તેના આ કાર્યક્રમમાં સુરેશે વિક્ષેપ પાડી દીધો.

નગીનદાસે સુલેમાનને શાંત પાડયો અને સમજાવ્યું, 'તમે બેફિકર રહો. એ ઉદ્ધત માસ્તરને આપણે કઢાવી મૂકશું.'

'પણ તેણે મારી માફી માગવી જોઈએ.' સુલેમાને કહ્યું.

'માફી માગીને એ નિશાળમાં રહે તેના કરતાં શાળા સમિતિની બેઠકમાં તમે મોટાભાઈને કહી તેને બરતરફ કરાવો તે જ ઠીક કહેવાય.' સુલેમાનને નગીનદાસની વાત ઠીક લાગી. પોતાના ભાઈની શક્તિમાં તેને લવલેશ શંકા ન હતી.

'તમે આજે એક સંભાવિત વ્યક્તિનું અપમાન કર્યું છે' નગીનદાસે સુરેશને બોલાવીને કહ્યું.

'એવા લોકોને શાળામાં પેસવા જ ન દેવા જોઈએ.' સુરેશે કહ્યું: 'ગામનાં બધાં માણસો એમ અમારા વર્ગમાં ડખલ કરવા લાગે તો અમે તો કંઈ જ કામ ન કરી શકીએ.'

'આવા લોકો સાથે જરા કુનેહથી કામ લેવું જોઇએ.' હેડમાસ્તરે કહ્યું.

'એમ જ એ લોકોનું ચડી વાગે છે ને? એક વાર બરાબર ગંઝેડયા હોય તો ફરી ગરબડ કરતા મટી જાય.'

'મુસીબત ઊભી કરવાની એ લોકોમાં સારી આવડત હોય છે.'

'મુસીબતોથી ડરી ડરીને ચાલનાર મુસીબતોનો ગુલામ બની જાય છે. જ્યારે મુસીબતોની અવગણના કરનાર મુસીબતોનો માલિક થઇ શકે છે.'

'તમારી શક્તિ માટે મને માન છે, વ્યાવહારિકતા માટે નથી.' નગીનદાસે ટકોર કરી.

'વ્યાવહારિકતાને નામે હૃદયને બૂઠું બનાવી દેવામાં હું નથી માનતો.' સુરેશે કહ્યું.

અને પછી વાત બંધ પડી.

'ઉપમા, ત્રિપૂટી પૂરી કરી છે.' ઘેર પહોંચી સુરેશે કહ્યું.

'બ્રહ્મા-વિષ્ણુ ને મહેશ?' ઉપમાએ હસતાં પૂછ્યું.

સુલેમાન સાથેની અથડામણની વાત કર્યા પછી સુરેશે ઉમેર્યું: 'આ ત્રણ અથડામણોએ મને વિચાર કરતો કરી મૂકયો છે.'

'શો વિચાર કરો છો?' ઉપમાએ પૂછ્યું, 'દ્વન્દ્વનું આહ્વાહન કરવું છે?'

'સમાજમાં આજે શિક્ષકોને જે રીતે હડધૂત કરવામાં આવે છે, એ જોતાં મારું લોહી તપી જાય છે. પામર પંતુજીને હેડમાસ્તર દબાવે, ગામના અગ્રણીઓ તેને

અપમાનને લાયક ગણે, રસ્તે ભટકતા રેંજીપેંજી પણ તેને દબડાવવાં આંચકો ન ખાય. શિક્ષકની આવી હીનદશા શોચનીય છે.'

'કારણ કે આ ધંધામાં સારા માણસો પડતા નથી.' ઉપમાએ કહ્યું.

'હાથે કરીને લાતો ખાવાનો ધંધો કોણ પસંદ કરે ?'

'આ ધંધાનો ય કોઈએ તો ઉદ્ધાર કરવો જોઈશે ને ?'

'મને તો લાગે છે કે આપણે આપણી જીંદગીનું હીર માત્ર આ કામમાં ગુમાવી બેસવું પડશે.'

'તમે શું જીવનભર આસીસ્ટંટ માસ્તર જ રહેવા સર્જાયા છો ?'

'તને આંગળી સૂણીને થાંભલો થવાની શક્યતા દેખાય છે ?'

'તમે 'એમ. એ.' શા માટે ન થાઓ ?'

'એમ. એ. થવાથી કે બીજી કોઈ પણ પદવી મેળવ્યાથી શિક્ષણની શક્તિનો વિકાસ નથી થતો.'

'તમે સાદા શિક્ષક જ હો તેના કરતાં શિક્ષકોના ઉપરી બનો તો જરૂર કંઈક ફેર પડે. પણ એ માટે એમ. એ.નું પુછડું જરૂરી છે.'

'નગીનદાસ એમ. એ. હોવા છતાં તેમનામાં શીખવવાની ચાલાકી હું તો નથી જોતો.'

'એ હેડમાસ્તર તો છે ને ?' ઉપમાએ કહ્યું, 'એમની જગ્યાએ તમે હો તો કેટલા ત્રિવેદીભાઈ ને છોટુભાઈનાં હીર હણાઈ જતાં બચે ?'

ચર્ચાને અંતે સુરેશે બીજા જ દિવસથી એમ. એ. માટે વાંચવાનું શરૂ કરવું એમ નક્કી થયું.

ઉપમાને સંતોષ થયો. સુરેશની પ્રતિભા સામાન્ય માસ્તરગીરીમાં જ સમાઈ રહે તેના કરતાં તે શાળાની વ્યવસ્થામાં ય પોતાની છાપ પાડી શકે તો સારું, એમ ઉપમાનું માનવું હતું. સુરેશ બરાબર પ્રયત્ન કરે તો તે જરૂર એમ. એ. માં પહેલા વર્ગમાં પાસ થાય તેની ઉપમાને ખાતરી હતી.

સુરેશે ગુજરાતી મુખ્ય અને અંગ્રેજી એમ વિષયો રાખવા તે ય નક્કી થઈ ગયું. છેલ્લા થોડા મહીનાઓથી ગુજરાતી સામયિકોમાં તેનું નામ જાણીતું થઈ ગયું હતું. તેના ચિંતનાત્મક લેખો અને સચોટ ચર્ચાપત્રોએ સાહિત્યરસિક જનસમુદાય પર સરસ છાપ પાડી હતી.

એમ. એ.ના ગુજરાતીના પરીક્ષકો પર સુરેશની લેખનપ્રતિષ્ઠાની અસર થાય તેવું હતું. ઊંચે નંબરે પાસ થવા માટે તેને ઘણા સાનુકૂળ સંજોગો હતા. દડસદની શાંતિમાં વાંચવાની સગવડ હતી. ઉપમાના પ્રોત્સાહનથી તેનામાં નવું જોમ પુરાયું હતું. લેખક તરીકેની પ્રતિષ્ઠાએ તેનો માર્ગ સરળ કરી આપ્યો હતો.

સુરેશનો એમ. એ.નો અભ્યાસ ઝપાટાબંધ આગળ વધવા લાગ્યો.

૧૫ : એમ. એ.

સુરેશે એમ. એ. માટે વાંચવાનું શરૂ કર્યું, અને તેની દુશ્મન ત્રિપુટીએ તેની વિરૂદ્ધ ખટપટ શરૂ કરી. જગુભાઇ અને સુલેમાન છડેચોક સુરેશની વિરૂદ્ધ પ્રચાર કરતા : નગીનદાસ જરા હોશિયારીથી કામ લેતા : સુરેશને હેડમાસ્તરની નજરમાં હલકો પડેલો જોઇ શાળાના બીજા શિક્ષકોએ પણ સુરેશ વિરૂદ્ધ ખુલ્લી દુશ્મનાવટ શરૂ કરી દીધી હતી.

વિદ્યાર્થીઓ સુરેશ માટે મરી પડતા. શિક્ષકો સુરેશને નિંદવાનો એક પણ પ્રસંગ જતો ન કરતા. સુરેશ સાથે ભળનાર વિદ્યાર્થી પર બીજા શિક્ષકો ગુસ્સે થતા, મેણાં મારતા અને મોકો મળ્યે નાપાસ કરવાની ધમકી પણ આપતા.

સુરેશ માટે આ બધું નવીન હતું. તેણે કોઇની નિંદા કરવામાં કદી રસ નહોતો લીધો. તડફડ કરનારો સુરેશ મોઢામોઢ ગમે તટલી આકરી વાતો સુણાવી શકતો. કોઇની પીઠ પાછળ ખરાબ બોલવાનું તેને ન ગમતું શાળાને તે સરસ્વતી દેવીનું પવિત્ર મંદિર માનતો. શાળાનું વાતાવરણ ખટપટોથી કલુષિત બને એ તેને પસંદ ન હતું. શિક્ષણના વ્યવસાયને તે ઘણો પવિત્ર માનતો હતો. શિક્ષકોની નમાલી અદેખાઇને કારણે, શાળામાં જે કચવાટ ને કડવાશ ફેલાતાં હતાં તેથી સુરેશને ભારે દુ:ખ થતું.

શરૂઆતમાં તો સુરેશે આ પંતૂજીઓની વેવલી ખટપટો પ્રત્યે આંખ–આડા–કાન કર્યાં પણ શિક્ષકો અટકયા નહીં. શિક્ષકોની મેલી મુત્સદ્દીગીરીની અસર વિદ્યાર્થીઓ પર પણ થવા લાગી. જુદા જુદા શિક્ષકોના પક્ષ લઇ છોકરાઓ આપસમાં લડવા લાગ્યા. સુરેશ આ રીતે વધતી કડવાશ સાંખી ન શકયો.

સુરેશે શાળાની ધમાલમાં ભાગ લેવાનું શરૂ કર્યું, સુરેશને પક્ષે વિદ્યાર્થીઓની બહુમતિ હતી. શિક્ષકોને પક્ષે હેડમાસ્તરની છૂપી સહાનુભૂતિ અને સુરેશના સપાટામાં આવી ગયેલા અસંતુષ્ટોનો સહકાર હતો.

તકરારો ને ખટપટો વધતી ચાલી.

એક તરફથી શાળાનું વાતાવરણ બગડી રહ્યું હતું અને બીજી તરફથી સુરેશ પર વાંચવાનો બોજો વધતો જતો હતો. સુરેશ જેમ તેમ પાસ થઇ જાય એવું ઉપમા નહોતી ઇચ્છતી. તેને તો સુરેશને પહેલે નંબરે પાસ થતો જોવો હતો.

શાળાના ત્રાસે સુરેશને જરા ચીડિયો બનાવી દીધો હતો. નિશાળેથી થાકયો પાકયો સુરેશ આવે ત્યાં ઉપમાએ તેને માટે વાંચવાની સગવડ કરી રાખી હોય.

નિશાળનાં કામમાંથી રસ ઓછો થયા પછી સુરેશને વાંચવું ય ગમતું ન હતું. વ્યુત્પત્તિ–શાસ્ત્ર પરનાં થોથાં તેને ત્રાસજનક લાગતાં. મોડી રાત સુધી વાંચવાનું રાખવાં અને ખાવાપીવામાં અનિયમિત થવાં તેનું શરીર જરા લથડયું હતું. કબજિયાત રહેતી. અને કબજિયાત રહે ત્યારે માણસનો સ્વભાવ તીખો બની જાય છે.

ક્યારેક રાત્રે વ્યાકરણ કે પ્રાચીન સાહિત્યનાં થોથાં વાંચતાં સુરેશ કંટાળતો ત્યારે રીસમાં પુસ્તકોનો ઘા કરી દેતો, ને કહેતો: 'જહાન્નમમાં જાય એમ. એ. થવાનું! હું તો આ પોથાં વાંચીને ગળાંસુધી ધરાઇ ગયો છું'

બાજુમાં જ સુતેલ ઉપમા બેઠી થઇ જઇને પૂછતી: 'તમને ચા બનાવી આપું?'

'નથી પીવી ચા.' સુરેશ તરડાયેલ સ્વરે કહેતો: 'મારે તો ઊંઘી જવું છે.'

'અત્યારમાં?' ઉપમા શાંતિપૂર્વક પૂછતી: 'હજી તો દશ જ વાગ્યા છે.'

'તારે ક્યાં જાગવું પડે છે!'

'કહેતા હો તો હું ય તમારી સાથે જાગતી જઉં!'

'તું મને વહેલો મોડો મારી નાખીશ, આ ગદ્ધાવૈતરું, નિશાળમાં પાંચ કલાક ચક્કીમાં પોસાયા પછી, નથી કરાતું.'

ઉપમા શાંત રહેતી. તેનો ય સ્વભાવ તેજ હતો, પણ સમયાનુસાર શાંતિ ગ્રહણ કરતાં તે શીખી હતી, મનમાં જે આવ્યું તે બોલી નાખવાનો તેનો સ્વભાવ ન હતો. બોલી નાખવા કરતાં કરી બતાવવામાં તે માનનારી હતી. શાંતિપૂર્વક પ્રાઇમસ ચેતાવી તે ચા બનાવી લાવતી, અને ચ નો પ્યાલો પાઇ સુરેશને પાછો એક કલાક વાંચવા બેસાડતી.

જરા શાંત થયા પછી સુરેશને પણ ઉપમા પર રોષ કર્યાનું દુ:ખ થતું, અને તે કહેતો: 'ઉપમા હું જાનવર જેવો છું, કાં?'

'તમે અત્યારે બીજી કોઇ વાતનો વિચાર કરવા કરતાં તમારા અભ્યાસનો જ વિચાર કરો એ મને ગમે!'

'ઉપમા–ઉપમા! તું મારી દેવી છે. તારે માટે તો મારે શું નું શું કરવું જોઇએ! પણ હું તો ઉલટો તને ગાળો આપવા બેસું છું! ઉપમા, મને માફ નહીં કરે?' સુરેશની આંખમાં ઝળઝળિયાં હોવાનો ઉપમાને ભાસ થતો.

'જાવ રે! તમે તો પાગલ થયા છો.' ઉપમા હસીને કહેતી, બંને એ રીતે રીસાતાં મનાતા ઊંઘી જતાં.

અને પાછી બીજી સવારે ઉપમા આળસ કરતા સુરેશને ઉઠાડી વાંચવા બેસાડી દેતી. વળી સુરેશ ચીડાતો ને ઉપમા ચા બનાવી આપતી. ગમે તે રીતે પણ સુરેશનું વાંચન નિયમિત ચાલવું જોઈએ તેવો ઉપમાનો ખાસ આગ્રહ હતો.

ચીડાતાં, ચા પીતાં, માંદાં પડતાં ને શિક્ષકો સાથે લડતાં સુરેશનું વાચન આગળ વધતું ગયું. ત્રીજે મહીનેથી તો વડોદરાના મધ્યવર્તી–પુસ્તકાલયમાંથી પુસ્તકોનાં પારસલો આવવા લાગ્યાં. તે બધાં વાંચી જઇને તેમાંથી નોધો ઉતારી લેવામાં સુરેશનો સમય વીતવા લાગ્યો. વળી જ્યારે તે થાકતો ત્યારે ઉપમા પર રોષ ઠાલવી લેતો, ને ઉપમા તેને યેનકેનપ્રકારેણ શાંત કરી દેતી

દરરોજ સાંજે ઉપમા સુરેશને છોટુ સાથે ફરવા મોકલતી. છોટુને સુરેશના સ્વભાવમાં થઇ રહેલું પરિવર્તન સમજાતું નહીં. ગમ્મતી સુરેશભાઇને ચીડિયા બની જતા જોઇ તેને દુઃખ થતું. પણ ફરવામાં તેને એ વાત કરવાની તક જ ન મળતી. સુરેશ ભાષાનો વિકાસ, તેનું ઘડતર, સાહિત્યના જુદા જુદા તબક્કા વગેરે વિષયો પર વાતો કર્યે જતો. છોટુને એ બધી વાતો સાંભળવામાં રસ પડતો. ગુરુ–શિષ્ય બંને ત્રણેક માઈલ ફરી આવતા, અને સુરેશ પાછો ઘાણીના બળદની માફક થોથાંમાં પરોવાઇ જતો.

પરીક્ષા જેમ જેમ નજદીક આવતી ગઇ તેમ તેમ સુરેશના વાચનના કલાક વધતા ગયા, અને તેનો સ્વભાવ વધારે ચીડિયો થતો ગયો.

ક્યારેક ત્રિવેદીનાં છોકરાં ગડબડ કરતાં તો સુરેશ ચીડાઇને કહેતોઃ 'આ બધી લપ હોય ત્યાં વાંચવાની સ્થિરતા કેમ રહે?'

ઉપમા કંઈ જ બોલ્યા વિના છોકરાંઓને ચાલાકીપૂર્વક દૂર કરી દેતી. નિર્દોષ બાળકો ખાવાનું લઇ બીજા ઓરડામાં જતાં રહેતાં. તેમને સુરેશના ગુસ્સાની કે ઉપમાની ચાલાકીની ખબર ન પડતી. વાંચવામાંથી થોડો વખત મળતો ત્યારે પાછો એનો એ સુરેશ ત્રિવેદીનાં છોકરાંઓ સાથે ધીંગામસ્તી કરવા બેસી જતો, અને પોતે તેમના પર થોડા જ વખત પહેલાં ચીડાયો હતો એ વાત તદ્દન ભૂલી જતો. સુરેશને છોકરાંઓ સાથે રમતો જોઇ ઉપમા જરા હસી લેતી અને પોતાને કામે વળગતી.

એમ. એ. ની પરીક્ષાને બેક મહીનાની વાર હશે એ વખતે મુક્તાનો પત્ર આવ્યો. તેમાં જયાશંકરભાઇની ગંભીર માંદગીના ખબર હતા, અને ઉપમાને ચાકરી માટે તેડાવી હતી.

'શું કરવું છે?' પત્ર વાંચી સુરેશે ઉપમાને પૂછ્યું.

'વિચારૂં છું.' ઉપમાએ ગંભીરતાપૂર્વક કહ્યું.

'શું વિચારિ છો?'

'તમને એકલા મૂકીને જવું......'

'તું અહીંથી થોડા વખત માટે જા એ જ ઠીક છે.' સુરેશે કહ્યું.

'કેમ ?' ઉપમાએ પૂછ્યું.

'હમણાં આપણે બંને ઘણીવાર લડી પડીએ છીએ. થોડા દિવસ જુદાં રહેવાય તો સારું એમ મારું માનવું છે.'

'પણ તમારું વાંચવાનું......'

'હવે પલાળ્યા પછી મુંડાવ્યા વિના છૂટકો નથી. હવે તો કાર્યમ્ સાધયામિ વા દેહમ્ પાતયામિ ! એમ. એ. થવું જ છે !'

'પણ હું નહીં હોઉં તો તમારું...'

'મારી ચિંતા તું મૂકી દે ! હું કંઇ કીકલો નથી. કામવાળીને બરાબર સૂચનાઓ આપી દેજે ! થોડા દિવસ એકલા રહેવાની ય મજા મને માણી લેવા દે. તને જયાશંકરભાઇની ચાકરી કરવાનો લહાવ મળશે તે વધારામાં !'

ઉપમાએ બિમાર પિતાની માંદગીના બિછાને જવાનું નક્કી કર્યું. જતાં પહેલાં તેણે છાટુને બોલાવ્યો.

'તમે પિયર જાઓ છો ?' છાટુએ પૂછ્યું.

'હા, ભાઇ ! તમારા ભાઇનું ધ્યાન રાખજો. હમણાં તેમની તબિયત સારી નથી રહેતી.'

'શું થયું છે ?' છાટુએ પૂછ્યું.

'થયું તો કંઇ નથી. પણ વાચવાનું ઘણું રહે એટલે તેની અનિયમિતતાને અંગે...'

'એ બાબતની તમે લવલેશ ફિકર ના કરશો. મારે ય મેટ્રિક માટે વાંચવાનું છે. અમે બંને સાથે વાંચીશું.'

'તો તો ઘણું સારું !' ઉપમાએ કહ્યું.

છોટુ અને કામવાળીને ઝીણીઝીણી બાબતોની ય સૂચના આપી ઉપમા ભારે હૈયે આજાર પિતા પાસે જવા ઊપડી. સુરેશ તેને વળાવવા હોંશેહોંશે સ્ટેશન પર ગયો. તે એમ ધારતો હતો કે, થોડા વખત છુટા રહેવાથી તેને શાંતિ મળશે. પણ થયું તો એથી ઉલટું જ ! ઉપમા ગયા પછી બીજી જ કલાકે તેને ઉપમાની ખોટ સાલવા માંડી.

ઉપમા જે ચીવટપૂર્વક સુરેશની સંભાળ લેતી તે કામવાળીમાં ક્યાંથી હોય ? ઉપમા સુરેશની માત્ર સંભાળ લેનારી જ ન હતી. ઉપમા તો સુરેશની પ્રેરણા હતી, ઉપમા તો સુરેશના પ્રાણ ! ઉપમાની ગેરહાજરીમાં પોતે સ્વસ્થતાથી વાંચી શકશે એવા સુરેશની ભ્રમણાને ભાંગી પડતાં વાર ન લાગી. હવે તેને સમજાયું કે

ઉપમા તો તેનું અંગ છે. ઉપમાને પળવાર માટે ય દૂર કરીને તે સુખી ન થઇ શકે. કામવાળી ને છોટુ તેનું બરાબર ધ્યાન રાખતાં છતાં એ ઉપમાને તોલે ન આવી શકે.

- ઘરની પ્રત્યેક ચીજ ઉપમાની ગેરહાજરીની જાણે ફરિયાદ કરતી હોય, તેમ સુરેશને લાગ્યું.

ત્રિવેદીનાં બાળકો આવતાં બંધ થઇ ગયાં પણ હવે તો સુરેશને તેમની ગેરહાજરી અકારી લાગવા માંડી.

સુરેશ વાંચતો, ચીડાતો નહીં, છતાં ઉપમાની હાજરીમાં તે જેવી સુંદર નોંધો તૈયાર કરી શકતો તેવી નોંધો હવે ન થતી. પણ હવે તો નોંધ કરવાની ઝાઝી જરૂર પણ ન હતી. પરીક્ષા ઘણી પાસે આવી ગઇ હતી. તેની તૈયારી લગભગ સંપૂર્ણ થઇ ગઇ હતી.

સુરેશ એમ. એ. ની પરીક્ષા આપવા ઊપડયો ત્યારે તેનો કૉલેજનો કોઇ મિત્ર મળે તો તેને તરત ઓળખી ન શકે એટલો બધો ફેરફાર તેનામાં થઇ ગયો હતો. તેનું માથું ભારે રહ્યા કરતું: શરીર ફીક્કું થઇ ગયું હતું: ડાચાં બેસી ગયાં હતાં: આંખો જરી ઊંડી ઊતરી ગઇ હતી.

પરીક્ષા આપવા જતાં ઉપમાને પત્ર લખવાનું ય સુરેશને યાદ ન રહ્યું, એટલો એ તેનાં અભ્યાસ–પોથાંમાં તન્મય થઇ ગયો હતો.

મુંબઇ અનન્તને ત્યાં પહોંચ્યા પછી બીજે જ દિવસે સુરેશને સખ્ત તાવ આવ્યો. બે દિવસ પછી તો પરીક્ષા હતી. સુરેશે ખૂબ દવાઓ લીધી–ઇન્જેકશનો લીધાં, અને તાવને હટાવ્યો. તાવ તો ગયો પણ નબળાઇ ઘણી આવી ગઇ. સુરેશે પહેલેથી જ એવી સરસ તૈયારી કરી હતી કે તાવમાં તેના બેક દિવસ બગડયા પણ પરીક્ષા પૂરતો વાંધો ન આવ્યો.

લેખિત પરીક્ષામાં સુરેશે સારૂં કર્યું. પણ તાવની અશક્તિ તથા છ–સાત કલાક સતત એકધારૂં લખ્યે જવાની મહેનતે તેને તોબાહ પોકરાવી દીધી. ક્યારેક તો તેને પરીક્ષા પડતી મૂકીને નાસી જવાનું મન થઇ જતું. પણ ઉપમાનું મ્હોં યાદ આવતાં તે મનની એવી નબળાઇને હટાવી દેતો.

મૌખિક પરીક્ષા દેવા જતી વખતે તે આવી રહ્યો. હેય એમ તેના મોઢા પરથી લાગતું હતું.

પરીક્ષા લેનાર બે પરીક્ષકોમાં એક હર્ષદરાય હતા અને બીજા હતા પારેખ. હર્ષદરાય પૂરતી તો સ્વાભાવિક જ સુરેશને ઓછી બીક હતી, પણ પારેખ કાંઇક વિચિત્ર મનાતા.

થોડા સામાન્ય પ્રશ્નો પૂછ્યા પછી પારેખે સુરેશને શબ્દોની વ્યુત્પત્તિ પૂછવા માંડી. પારેખ પોતે ફારસી અને અરબી ભાષાના ખાસ અભ્યાસી હતા, એટલે તેમણે એ ભાષામાંથી ગુજરાતીમાં આવેલ શબ્દો પર વધારે ધ્યાન આપવા માંડ્યું.

'અમ્માડી' શબ્દની વ્યુત્પત્તિ કહી શકશો કે?' પારેખે પૂછ્યું.

''અમ્બાડી' શબ્દ 'અમારી' પરથી આવ્યો લાગે છે.' સુરેશે કહ્યું.

'કયા નિયમાનુસાર આ ફેરફાર થયો હોય એમ માનો છો?'

'જેમ પાન+ડું પરથી પાંદડું, મીંડી+ડી પરથી મીંદડી, અને આમલક—આમલઉ પરથી ગુજરાતીમાં 'આંમળું' શબ્દ થાય છે: તેમ 'અમારી' પરથી 'અમ્બાડી' થયું લાગે છે. ન—મ—ણ અનુનાસિક પર સ્વરભાર આવતાં તે, ન્દ—મ્બ—ણ્ડ—માં ફેરવાઈ જતા લાગે છે.'

'મૂળ 'અમારી' શબ્દ કઈ ભાષાનો છે?'

'ફારસી હશે.'

'અરબી નહીં?'

'અરબી ય હોય.'

'આવી દ્વિધાવૃત્તિ કેમ રાખો છો? તમને કંઈ ખાતરી નથી?'

'ના—જી! અરબી કે ફારસી ભાષાનો મારો અભ્યાસ નથી. સંસ્કૃત ભાષા માટે કે પ્રાકૃત માટે જેટલી ખાતરીથી કહી શકું તેટલી ચોક્કસાઈ આમાં કેમ જ રાખી શકાય?'

'એવા અધૂરા અભ્યાસથી એમ. એ. થવા માગો છો?' પારેખે કટાક્ષપૂર્વક પૂછ્યું.

'ગુજરાતી ભાષામાં પારંગત થવા માટે અરબી ને ફારસીમાં પણ પ્રાવીણ્ય પ્રાપ્ત કરવું આવશ્યક હોય તો ગુજરાતમાં કોઈએ એમ. એ. ન થવું જોઈએ.' સુરેશે કહી જ નાખ્યું.

'ખરું છે!' હર્ષદરાયે ધીમું હસતાં કહ્યું, 'ભાઈ પારેખ, તમે પોતે ય અરબી ને ફારસી બાબત જેટલા અધિકારથી બોલો છો તેટલા અધિકારથી સંસ્કૃત બાબત નહીં બોલી શકો. બધી ભાષામાં એકીસાથે પારંગત થવાનું બહુ ઓછાના નસીબમાં હોય છે. ભાઈ સુરેશની લાયકાતનું માપ તેમણે અત્યારસુધી જે રીતે ઉત્તરો આપ્યા છે એ પરથી નીકળવું જોઈએ; અને નહીં કે તેમના ફારસી કે અરબીનાં જ્ઞાન કે અજ્ઞાન પરથી!'

હર્ષદરાય સમક્ષ પારેખ પણ ચૂપ થઈ ગયા.

સુરેશની બાજી સફળ થઈ.

'ભાઇ સુરેશ !' હર્ષદરાયે કહ્યું: 'હવે હું કંઇક પૂછું.'

'જી ! ખુશીથી પૂછો.' સુરેશે કહ્યું.

હર્ષદરાયે સુરેશને થોડા સવાલો પૂછ્યા. તેથી તેમને બરાબર સંતોષ થયો.

'અત્યાર સુધી તમે બરાબર જવાબ દીધા છે. હવે એક જ સવાલ પૂછી લઉં.' હર્ષદરાયે કહ્યું.

'જી !'

'જૈન-આગમોની અર્ધમાગધી ભાષા ને ગુજરાતી...'

'બેઅદબી, માફ કરજો !' સુરેશે વચ્ચે જ કહ્યું: 'પણ જૈન આગમોની ભાષા અર્ધમાગધી છે જ નહી. એ તો તૂત ચાલ્યું એટલે કોઇ તેનો ઇન્કાર નથી કરતું'

'આવું વિચિત્ર વિધાન શા ઉપરથી કરો છો ?'

'આચાર્ય હેમચંદ્રજી જૈન ધર્મનાં પ્રખર વિદ્વાન મનાય છે. તેમણે નવું વ્યાકરણ, નવું અલંકારશાસ્ત્ર, નવું છંદશાસ્ત્ર, નવા કોશો, નવો નિઘંટુ, નવું યોગશાસ્ત્ર, વગેરે બધું જૈનોની વિશેષતા દર્શાવવા જ લખેલ છે. જૈનોનાં આગમો અર્ધમાગધી ભાષામાં હોત તો તેમણે અચૂક તેનું વ્યાકરણ લખ્યું હોત ! પણ આગમો એકાદ નિયમ માગધીનો અનુસરવા છતાં, મુખ્યત્વે તો પ્રાકૃતમાં જ લખાયેલાં છે, એટલે હેમચંદ્રાચાર્યને જુદું વ્યાકરણ લખવાની જરૂર નથી લાગી. સાચી વાત આ છે. પરંતુ જૈનોની લાગણી ન દુઃખાય એટલા માટે આપણે બધા આગમોની ભાષાને અર્ધમાગધી કહે રાખીએ છીએ.'

'ભાઇ સુરેશ !' હર્ષદરાયે કહ્યું: 'આજે તમે મને ખરેખર નવીન વાત કહી છે. મારે આ બાબત ઉંડાણથી જોઈ જવી પડશે. મારે હવે તમને કઇ પૂછવાનું રહેતું નથી. તમે જઇ શકો છો. તમે ખરેખર મૌલિક વાત કરી છે.'

'નમસ્તે !' કહી સુરેશ ઉભો થયો.

હર્ષદરાય પર સારી છાપ પાડી શકાઇ તેનો ગર્વ સુરેશનું અંતર ભરી રહ્યો હતો. પરીક્ષા પતી ગઇ. ભાર બધો ઊતરી ગયો. પણ જે ઘડીએ સુરેશ હળવો ફૂલ બની જવો જોઇએ તે ઘડીએ જ તેને આટલા બધા મહીનાનો થાક એકાએક ઘેરી વળ્યો.

બહાર નીકળતાં સુરેશની આંખ સમક્ષ રાતાંપીળાં દેખાવા લાગ્યાં. બહુ દૂર તે જઇ ના શક્યો. બાજુના જ ઓરડાની એક ખુરશી પર તેને બેસી જવું પડયું. તેનાં માથાંમાં ધમમધમમ અવાજ થવા લાગ્યો. પરસેવાના મોતિયા બાઝવા

લાગ્યા, આંખો મીંચી તે થોડી વાર બેસી રહ્યો. આજુબાજુની ધરતી તેને ચક્કરચક્કર ફરતી લાગી. જીવ ઊંડોઊંડો ઊતરતો લાગ્યો.

બાજુના ઓરડામાં પારેખ અને હર્ષદરાય સુરેશને પ્રથમ વર્ગમાં મૂકવો કે નહીં તેની ચર્ચા કરી રહ્યા હતા.

'હજી સુધી કોઇ એમ. એ. માં પહેલા વર્ગમાં નથી આવ્યું, તો આ ભાઇને એવડું મોટું માન દેવું મને વાજબી નથી લાગતું.' પારેખ કહેતા હતા.

'આપણને દૃષ્ટિ-શૂન્યતાનો રોગ લાગુ પડયો છે. આ વિદ્યાર્થીની વેધક બુદ્ધિ અને મૌલિક વિચારસરણીને ઓળખવાની આપણે દરકાર ન કરીએ તો આપણે પરીક્ષક રહેવાને લાયક નથી. આવી પ્રતિભાને કચડી નાખવાની ન હોય. તેને તો ઉત્તેજવી ઘટે. ગુર્જરી આવા અભ્યાસીઓથી સમૃદ્ધ થશે.' હર્ષદરાય કહેતા હતા.

ચર્ચાને અંતે સુરેશને પહેલા વર્ગમાં મૂકવાનું નક્કી થયું.

'ભાઇ સુરેશ!' બહાર નીકળતાં સુરેશને બેઠેલ જોઇ હર્ષદરાયે કહ્યું.

'જી ?' સુરેશે થાકેલી આંખો ઊંચી કરી.

'ઊંઘી ગયા હતા ?' હર્ષદરાયે સહાનુભૂતિપૂર્વક પૂછ્યું.

'બહુ જ થાકી ગયો છું.' સુરેશે પોતાને પણ ન પરખાય તેવે સ્વરે કહ્યું.

'તમારા થાકનો યોગ્ય બદલો તમને મળ્યો છે. તમે પહેલા વર્ગમાં આવો છો.' હર્ષદરાયે સુરેશના માથા પર હાથ ફેરવતાં મિઠાશથી કહ્યું.

સુરેશ તેમનો આભાર માનવા ઊભો થયો, પણ કંઇ બોલી શકયો નહીં.

'જાઓ, હવે થાક ઉતારો.' કહી હર્ષદરાય જતા રહ્યા.

પળવાર તો સુરેશ શું થયું તે સમજી શકયો નહીં. ગુજરાતી લઇ એમ. એ.માં કોઇ પહેલા વર્ગમાં હજી સુધી આવ્યું ન હતું. પોતાને મળેલું એ માન ઘણી મોટી વાત કહેવાય, પણ તેની અત્યારની માનસિક ને શારીરિક થાકની સ્થિતિમાં તે પૂરતો આનંદ અનુભવી શકવા અસમર્થ હતો. હર્ષદરાયે તેનો થાક ઉતારી દેવા તેને આગળથી પરિણામ જણાવી દીધું, છતાં સુરેશ નિર્લેપ આનંદ અનુભવી શકયો નહીં. ધીમે ધીમે પગલે તે બહાર નીકળ્યો અને ગાડી કરી અનન્તને ઘેર જવા ઊપડયો.

ગાડીમાં તેને પોતાની સિદ્ધિનો બરાબર ખ્યાલ આવ્યો. હર્ષદરાય તેને ધારણ વિરુદ્ધ પરિણામ જણાવી ગયા, છતાં પોતે તેમનો ઉપકાર ન માની શકયો તેનો અફસોસ હવે તેને થવા લાગ્યો.

૧૯ : નવી ઓળખાણ

મુંબઇમાં ય અનન્ત સંકડાશથી નહોતો રહેતો. બે ઓરડા, રસોડું, નાવાની ઓરડી, અગાશી વગેરે પૂરતી સગવડવાળું તેનું મકાન હતું. ભાડું થોડુંક વધારે આપવું પડતું, પણ અનન્ત તેની દરકાર ન કરતો. વટ પાડવો હોય તો ઠાઠમાઠથી રહેવું જોઇએ એમ તે માનતો અને એ માન્યતા મુજબ ભપકાથી રહેતો.

કપડાં-ભાડાં કે કામવાળાંમાં ચાલીસ-પચાસ રૂપિયાનું જે વિશેષ ખર્ચ થાય એ તો એક જ ટ્યુશનમાંથી મેળવી શકાય તેવો અનન્તનો અનુભવ હતો. કંગાલિયતથી રહેનારને ટ્યુશનો પણ કંગાલ મળે. ભપકાબંધ રહેનારને ભાગે કસદાર ટ્યુશનો આવે. ખાનગી ભણાવવા માટે માસ્તર રાખતી વખતે મા-બાપો શિક્ષકની બુદ્ધિનું માપ કાઢવા નથી બેસતાં. શિક્ષકના દેખાવથી જ મોટો ભાગ તો અંજાઇ જાય છે.

આવી રીતે જ અનન્ત માત્ર સાદો-સીધો સ્નાતક હોવા છતાં મુંબઇમાં કૂદકે ને ભુસકે આગળ વધી શકયો હતો. કયા માણસની ખુશામત કરવી, કોની સાથે સાહેબજી-સલામનો વ્યવહાર રાખવો, કોને દમડાવવા એનો તો જાણે પદ્ધતિસરનો અભ્યાસ કર્યો હોય તેવું અનન્તના વર્તન પરથી જણાતું. તે કોઇ કામમાં પાછો ન પડતો, કારણ કે તેને કામ કરાવતાં આવડતું.

પટાવાળા પાસેથી કામ લેવું હોય તો તેને તુંકારે બોલાવી, થોડા પૈસા ફેંકી દઇને જ અનન્ત પોતાનું કામ કરાવી લેતો. પોતાની હરોળની કોઇ વ્યક્તિ પાસેથી કામ લેવું હોય તો અનન્ત એ વ્યક્તિને ફુલાવીફુલાવીને કામ કાઢી લેતો. કોઇ મોટા માણસ પાસેથી લાભ મેળવવો હોય તો અનન્તના જીભે ખુશામતના બોલ રમી રહેતા.

મોટા માણસના ઉંબરા ઘસવાનો અનન્તને શોખ હતો. એમ કરવાથી બે લાભ થતા. એક તો મોટા માણસની નજરે વારંવાર આવવાથી તેમની મારફત લાભ મેળવી શકાતા તે અને બીજો પોતાને મોટા માણસો સાથે સારો સંબંધ છે એમ દેખાડીને સામાન્ય માણસો પર પોતાનો વટ પાડી શકાતો.

સુરેશ અનન્તથી ઉલટા સ્વભાવનો હતો. અનન્ત અને સુરેશ વચ્ચે મૈત્રી કેમ ટકી શકી હશે એ જ કેટલાકને તો કોયડારૂપ લાગતું. સુરેશને અનન્તની કેટલીક રીતભાત ગમતી નહીં, પણ જેની સાથે કૉલેજજીવનનાં થોડાં વર્ષો વીતાવ્યાં, તેની સાથેનો સંબંધ તોડી નાંખતાં સુરેશનો જીવ ન ચાલતો. અનન્ત સાથેનાં મૈત્રી બંધનને સુરેશ પવિત્ર માનતો. ઉપમાના અણગમા છતાં તે અનન્ત સાથેનો સંપર્ક છોડતો નહીં.

અનન્તનું તેથી ઉલટું હતું. કૉલેજમાં થોડાં વર્ષ સાથે રહ્યા એટલા ખાતર જ એ મૈત્રી જીવનભર નભાવ્યે જાય એવો અનન્ત ન હતો. પણ તેને પોતાની ખામીનો ખ્યાલ હતો. સુરેશની બુદ્ધિમત્તાથી પણ તે પરિચિત હતો. સુરેશ જરૂર આગળ વધશે એમ તેનું માનવું હતું. સુરેશના વિકાસમાં પોતાનો હિસ્સો પુરાવી, સુરેશ જ્યારે ખરેખર કંઇક મોટું પદ મેળવે ત્યારે તેની પાસેથી લાભ લેવાની લાલચે અનન્ત સુરેશને વળગી રહ્યો હતો.

સુરેશ એમ. એ. ની પરીક્ષા આપવા આવ્યો ત્યારે અનન્તે તેને માટે એક ઓરડો અલાયદો કાઢી આપ્યો હતો. સુરેશને તાવ આવ્યો ત્યારે તેણે ડૉક્ટરને બોલાવવા વગેરેમાં ઠીક દોડાદોડી કરી હતી.

મૌખિક પરીક્ષા આપીને સુરેશ આવ્યો ત્યારે અનન્ત બહારથી આવીને કપડાં ઉતારી રહ્યો હતો.

‘નાપાસ થયો કે શું ?’ અનન્તે પૂછ્યું.

‘કેમ ?’ સુરેશે કપડાં કાઢતાં ધીમે સ્વરે સામો પ્રશ્ન કર્યો.

‘કેમ શું ? તારું મોઢું કહી દે છે. મોઢા પર નૂર ક્યાં છે ?’

‘બહુ ફીક્કો લાગું છું ?’ સુરેશે ધ્રુજતે સ્વરે પૂછ્યું.

‘ઠીક નથી ?’ અનન્તે સચિંત સ્વરે પૂછ્યું.

‘નબળાઈ જણાય છે.’

‘તો થોડીવાર આરામ લે.’ કહી અનન્ત તેને ઘસડીને પથારીમાં લઇ ગયો.

સુરેશને પથારીમાં સુવડાવી અનન્ત બાજુની ખુરશીમાં બેઠો અને તેને પવન નાખવા લાગ્યો.

‘તમે રહેવા દો.’ સુરેશે અનન્તનો હાથ પકડી લેતાં કહ્યું.

‘શા માટે ? તેં છાત્રાલયમાં કેટલીવાર અમારા પગ દાબ્યા છે તે યાદ છે ને ?’ અનન્તે કહ્યું

સુરેશ થોડીવાર આંખો મીચીને પડયો રહ્યો. થોડીવારે આંખો ઉઘાડી તેણે કહ્યું, ‘પરીક્ષા એક ભીષણ યાતના છે ! ન ખાવાના, ન પીવાના, ન ઊંઘવાના ! દિન ને રાત મગજ પર એ જ બોજો ! અનન્તભાઇ, મારો તો છેલ્લા આઠ મહીનામાં સ્વભાવ બદલાઇ ગયો છે. સારું છે કે ઉપમાસમી સ્ત્રી પામી શક્યો છું ! નહીં તો આ પરીક્ષા તો ક્યાંક અમારું સહજીવન વિષમય બનાવી દેત !’

‘આટલા લોહીઉકાળા પછી પાસ તો થઇશ ને ?’ અનન્તે પૂછ્યું.

‘પાસ ?’ સુરેશે પથારીમાંથી અડધા ઉભા થઇ જતાં કહ્યું.

'કેમ ઉભો થઇ ગયો ?'

'અત્યાર સુધી કોઈ નથી મેળવી શક્યું તે હું પામ્યો છું.' કહી સુરેશે હર્ષદરાય મારફત જાણેલ પરિણામની વાત કહી.

સુરેશની વાત સાંભળી અનન્ત મુગ્ધ થઈ ગયો, અને એકાએક બોલી ઊઠયો: 'તેં ગજબ કરી, દોસ્ત ! હવે મુંબઇ આવી જા. આપણે બે ભેગા મળિયે તો ચોક્કસ મુંબઇ માથે લઇએ. પછી સેનેટ-સીંડીકેટમાં આપણો જ કક્કો ખરો થાય !'

'અહીં આવવાનું તો જ્યારે બને ત્યારે ખરૂં !'

'તું શું હજી ય દડસદનો પાંચમો આસિસ્ટંટ રહીશ ? દડસદથી હજી ધરાયો નથી ?'

'દડસદ કદાચ છોડીશ, પણ મુંબઈ આવીશ કે નહીં એ ન કહી શકાય.'

'મુંબઇથી આટલો ડરે છે શા માટે ?'

'હું ડરતો નથી, પણ ઉપમાને મુંબઇ પસંદ નથી.'

'ઉપમાબેનને મુંબઇ પસંદ ન હોય તો લાચાર ! તારે તેમનું તો માન રાખવું જ જોઇએ.' અનન્તે કટાક્ષ કર્યો.

'મુકુલિકાબેન આવે છે.' અનન્તના નાના પુત્રે આવી કહ્યું

'તેમને અહીં જ મોકલજે.' અનન્તે કહ્યું.

મુકુલિકા પૈસાદાર પિતાની પુત્રી હતી. મેટ્રિક ભણતી હતી. અનન્તનું ટયુશન હતી. તેના પિતા દામોદરદાસ મિલએજંટ હતા. જાણીતા અગ્રેસર હતા. મુંબઇની મ્યુનિસિપલ કોરપોરેશનની શાળાસમિતિના અધ્યક્ષ હતા. બેએક વીમા કંપનીઓના ડાયરેકટર હતા, સુધારક હતા, ઉદાર હતા, મળતાવડા હતા. મૂળ તો પૈસાદાર હતા, એટલે તેમના નાના-નાના ગુણો પણ બહુ જ મોટે રૂપે પ્રજાને દેખાતા-કે દેખાડવામાં આવતા. મુકુલિકા તેમની લાડકી પુત્રી હતી. ચાર દીકરા પર આવેલી આ પુત્રી દામોદરદાસને અત્યંત વહાલી હતી, તેની દરેક ધૂન સંતોષાતી.

મુકુલિકા મળવા આવે અને અનન્ત તેને સુરેશની પાસે બોલાવે એ નવાઇ જેવું હતું. સામાન્ય રીતે મુકુલિકાનું નામ સાંભળીને અનન્ત પોતે તેને લેવા બહાર સુધી દોડયો જતો અને તેને ખુશ કરવા સદા તત્પર રહેતો પણ આજે સુરેશે એમ. એ માં પહેલો વર્ગ મેળવ્યાના સમાચાર સાંભળીને તે સુરેશ પર એટલો તો ખુશ થઇ ગયો હતો કે તેને સુરેશની ઓળખાણ મુકુલિકાને કરાવવાનું વાજબી લાગ્યું.

મુકુલિકા આવી. ફેશનની છેલ્લામાં છેલ્લી ઢબ મુજબનો તેનો પોષાક હતો. રૂપાળી તે હતી, પોષાક-પફ-પાઉડર-વગેરેનો ટઠારો ન કર્યો હોય તોય રૂપાળી

લાગે એટલું ઇશ્વરદત્ત સૌંદર્ય તેનામાં હતું. પણ ટાપટીપના અતિરેકે તેનું આકર્ષણ બહારની ફેશનને અંગે છે કે તેનાં કુદરતી સૌંદર્યને અંગે તે નક્કી કરવાનું મુશ્કેલ બનાવી દીધું હતું.

'આવો, મુકુલિકાબેન!' અનન્તે કહ્યું.

'કેમ છો, માસ્તર?' મુકુલિકાએ હસતાં પૂછ્યું.

'મજા છે.' અનન્તે કહ્યું.

'આજે સાંજે હું બહાર જવાની છું એટલે તમે ભણાવવા ધક્કો ન ખાશો.'

'સારું' અનન્તે કહ્યું.

'આ ભાઈ કોણ છે?' મુકુલિકાએ સુરેશ તરફ નજર ફેરવી પૂછ્યું.

'મારા મિત્ર છે.' અનન્તે કહ્યું.

'એમ કે?' અનન્તનો મિત્ર સામાન્ય માણસ જ હોવો જોઇએ એ ખ્યાલ-સહ મુકુલિકાએ કહ્યું.

'ઉપરાંત શિક્ષક છે.'

'એમ કે?' શિક્ષક એટલે તો પંતુજી ને? મુકુલિકાને મન માસ્તરનું સ્થાન ઘણું નીચું હતું.

'એમ. એ. ની પરીક્ષા દેવા આવ્યા છે.'

'એમ કે?' મુકુલિકાએ 'હોય! વેદિયા લોકો પરીક્ષા ન દે તો બીજું કરે શું?' એવા ભાવથી કહ્યું.

અનન્ત મુકુલિકાના આવા સ્વભાવથી ટેવાઇ ગયો હતો. તેને તોછડા 'એમ કે?'માં કશું અપમાનજનક નહોતું લાગતું. પણ સુરેશ તો ખાટલામાં પડયો ય મુકુલિકાની વર્તણુકથી બળી રહ્યો હતો.

'બનતાંસુધી તો ગુજરાતમાં કોઇ નથી કરી શકયું તેવું એ કરી બતાવશે.'

'શું?' મુકુલિકાએ આટલી વારે જીજ્ઞાસાસૂચક પ્રશ્ન કર્યો.

'આજસુધી એમ. એ. માં ગુજરાતી લઇ કોઇ પહેલા વર્ગમાં આવ્યું નથી. આ ભાઇ એ રેકર્ડ જરૂર તોડશે. મારા ખાસ મિત્ર છે. મારી સાથે રહેતા. હું બી. એ માં હતો ત્યારે એ મારી પાછળ........'

'માસ્તર, તમે ઉતાવળમાં કે હોંશમાં એમનું નામ કહેવાનું તો તદ્દન વિસરી ગયા છો.' મુકુલિકાએ સસ્મિત કહ્યું.

સુરેશને આ સોળ વર્ષની છોકરીની ચાંપલાશ પ્રત્યે જે કંટાળો આવ્યો હતો, તે તેનો છેલ્લો પ્રશ્ન સાંભળી દૂર થઇ ગયો. વાતોડિયા અનન્તને બોલતો અટકાવવાની તેની યુક્તિથી સુરેશ ખુશ થયો.

'મારું નામ સુરેશ!' સુરેશે કહ્યું: 'અને તમારું નામ તો મુકુલિકા ને?'

'હા, મારું નામ મુકુલિકા!'

'સુરેશ! તેં આમના પિતા દામોદરદાસભાઈનું નામ તો સાંભળ્યું જ હશે. ઘણા ...ાઢા માણસ! હૃદય અને બુદ્ધિ બંને...' અનન્તે પાછું પોતાનું પારાયણ શરૂ કર્યું.

'તમને હું શું કહીને બોલાવું તો તમને ગમે?' મુકુલિકાએ પાછું વચ્ચે પૂછ્યું: ...સુરેશભાઇ કે માસ્તર સાહેબ?'

'માસ્તર સાહેબ બનવા કરતાં મને સુરેશ રહેવું ગમે.'

અનન્ત પાછો કંઇ બોલવા જતો હતો, પરંતુ તેને રોકીને મુકુલિકાએ પૂછ્યું: ...મ તમે સુતા છો?'

'પરીક્ષાનો લતાડ લાગ્યો છે.' સુરેશે કહ્યું.

'ત્યારે પરીક્ષા થકવી દેનાર પ્રસંગ છે એ તો તમે કબૂલો છો, કા?'

'આપણી પરીક્ષાની પદ્ધતિ ધરખમ ફેરફારો માગી રહી છે.'

'તમે મારા વિચારો સાથે સંમત થાઓ છો.' મુકુલિકાએ કહ્યું.

સુરેશ આ છોકરીની ધૃષ્ટતા જોઇ રહ્યો. સાતમી ચોપડી ભણતી ધનાઢ્ય પિતાની ... લાડકી છોકરી તેના શિક્ષક જેવાને ય પોતાના અભિપ્રાયો સમજાવવા બેસી જતી, ...તી તો બીજાનું તો સાંભળતી જ શેની હશે!

અનન્તે નાસ્તો મગાવ્યો.

વાતો ને ચર્ચા કરતાં ત્રણેયે નાસ્તાને ન્યાય આપ્યો. તાવ પછી ગળપણ ન ...ાતા સુરેશે ય અત્યારે તો ગળ્યું ખાવાની હિંમત કરી નાખી.

'તમે રોકવાના છો ને?' મુકુલિકાએ સુરેશને પૂછ્યું.

'કેમ?' સુરેશે સામું પૂછ્યું.

'આવતી કાલે......ના, આવતી કાલે તો કોન્સર્ટ છે. પણ પરમ દિવસે ...ાસ્તર સાથે મારે ત્યાં આવજો ને!'

'હું કાલે સાંજે જવાનો છું.'

'બાપુજીને મળવા એકાદ દિવસ રોકાઈ જાઓ ને!' મુકુલિકાએ કહ્યું.

'હા—હા, સુરેશ!' અનન્તે કહ્યું: 'રોકાઇ જા.'

'ના—ના! દામોદરદાસભાઇને વળી ક્યારેક મળીશ. કાલે તો મારે જવું જ ...' સુરેશે કહ્યું.

'બહુ સારું! મુંબઇ ફરી આવો તો મળજો. નમસ્તે!' કહી મુકુલિકાએ ...દાય લીધી

'નમસ્તે !' સુરેશે કહ્યું.

મુકુલિકા ચારે બાજુ સુવાસ ફેલાવતી ચાલી ગઈ.

'તું હજી ય વેદિયો ઢોર રહ્યો ! ક્યારે સુધરીશ ?' એકલા પડતાં અનન્તે ચીડપૂર્વક કહ્યું.

'કાં ?' સુરેશે હસતાં પૂછ્યું.

'દામોદરદાસભાઈ જેવા મોટા માણસને મળવાના પ્રસંગ જીવનમાં વારંવાર નથી આવતા. એક દિવસ મોડો ગયો હોત તો શું ખાટુંમોળું થઈ જવાનું હતું ? ઉપમાબેન લાકડી લઈને મારવા દોડત ?'

'તમે કહેતા હો તો હું હજી એક મહીનો અહીં રોકાઉં. પણ એ ચીબાવલી છોકરીને તો મારે દેખાડવું જ હતું કે તેનો બાપ મારે મન કોઈ વિસાતમાં નથી.'

'નાને મોઢે મોટી વાતો કરતો તું કદી મટ્યો નહીં.'

'આપણે નાના છીએ એમ શા માટે માની લેવું ? એવી લઘુતાગ્રંથી શા માટે ? પૈસાથી જ મોટપ મળે એવું કોણે કહ્યું ? સંસ્કારધન જરા ય કમ ન ગણાય. હું મારી જાતને કોઈથી યે ઊતરતી માનવા તૈયાર નથી.'

'આવા વિચિત્ર સ્વભાવને લીધે જ દડસદમાં સડો છો ને !' અનન્તે કંટાળાપૂર્વક કહ્યું: 'કોઈની સાથે ભળતાં તો આવડતું નથી.'

'અનન્તભાઈ, એમ ચીડાઈ નાજાઓ. મારે માટે મારૂં નાનું દડસદ-મજાનું છે. દડસદ છોડીશ તો એથી ય કોઈ નાના ગામડાંમાં જઈશ, અને કદાચ કોઈક દહાડો મુંબઈ આવીશ તો ય દામોદરદાસ જેવાની ખુશામત કરવાનું તો આપણાથી નહીં બને !'

અનન્ત શાંત થઈ ગયો.

●

૧૭ : પુનર્મિલન

સુરેશ દડસદ સ્ટેશને ઊતર્યો ત્યારે ત્રિવેદી ને છોટુ તેને જોઈ હેબતાઈ ગયા. પંદર દિવસનો મુંબઈ–વસવાટ સુરેશને આટલી હદ સુધી સરખી જશે એ તેમની કલ્પનામાં ય ક્યાંથી હોય ?

'મુંબઈમાં ખાવા તો મળતું ને ?' ત્રિવેદીએ તેની કાયમી રમૂજી રીતે પૂછ્યું.

'ખાવાનું દેખાતું તો ઘણું, પણ ખાઈ શકાતું લગભગ નહીંવત્ !' સુરેશે જવાબ દીધો.

'માંદા પડી ગયા'તા ?' છોટુએ પૂછ્યું.

'પરીક્ષા પહેલાં માંદા પડવાનો ય વારો કાઢી લીધો.'

'જલદી પાછા આવતા રહ્યા એ સારૂં કર્યું.' છોટુએ કહ્યું.

'અહીંના શા નવીન છે?' સુરેશે પૂછ્યું.

'તમે એમ. એ. પાસ થાઓ એટલે જગુભાઈ અને સુલેમાનભાઇ તમને માનપત્ર આપવાના છે.' ત્રિવેદીએ કહ્યું.

'એમ કે?' સુરેશે હસતાં પૂછ્યું: 'બધી તૈયારી કરી રાખી છે કે?'

'હોવે! પરિણામ આવે એટલી વાર છે.'

'તો હું પરિણામ આગળથી કહી દઉં. હું પાસ થઉં છું.'

'ના—ના, એમ કંઇ ચાલે? એ લોકો પરિણામના દિવસ સુધી થોભી શકશે. ઉતાવળા થવાનું એમના સ્વભાવમાં નહીં. પરિણામ પછી ય બે પખવારવધારો માગશો તો જ માનપત્ર મળશે.' ત્રિવેદીએ હાસ્યજનક ગંભીરતાથી કહ્યું.

'સારૂં, ત્યારે હું ય માનપત્રનો વળતો જવાબ આપવાની તૈયારી કરી રાખું.' સુરેશે મશ્કરી ચાલુ રાખતાં કહ્યું.

'શું કરવા ધાર્યું છે?'

'રાજીનામાનો મુસદ્દો તૈયાર કરી રાખીશ.'

'સારૂં—સારૂં!' છોટુએ વચ્ચે કહ્યું: 'એ તો થવું હશે તે થશે. હમણાં તો ચાલો આપણે ઘેર!'

'મારૂં મકાન સાફ કરાવી રાખ્યું છે?'

'હા, મકાન તો સાફ કરાવ્યું છે, પણ તમારે એ ઘેર નથી જવું. આવી નાજુક તબિયતે એકલા ન રહેવાય. ચાલો મારી સાથે.' ત્રિવેદીએ કહ્યું.

'મારે ઘેર આવે તો શો વાંધો છે?' છોટુએ પૂછ્યું.

'તમે બંને અંદરઅંદર નક્કી કરીને આવ્યા લાગો છો.' સુરેશે કહ્યું: 'એવો તે હું શો માંદો પડી ગયો છું કે તમે બેઉ ગભરાઇ ઊઠયા છો?'

'બહુ સારૂં!' ત્રિવેદીએ કહ્યું: 'ત્યારે આ પ્રશ્ન લવાદી પર છોડવો પડશે. તમને એ છે કબૂલ?'

'લવાદ તટસ્થ હોય તો જ...' સુરેશે કહ્યું

'શારદાને લવાદ નીમીએ.' ત્રિવેદીએ કહ્યું.

'શારદાબેન?' સુરેશે સાશ્ચર્ય પૂછ્યું.

'એમાં ચમકો છો શું? શારદા કંઇ એવી બહુ જૂઠી નથી!'

'સુરેશભાઈ તમારે ત્યાં રહે કે મારે ત્યાં એ પ્રશ્ન પણ લવાદી પર છોડવો પડશે.' છોટુએ કહ્યું.

'કબૂલ—કબૂલ! શારદા કહે તે બધું કબૂલ!'

ત્રણે યે મિત્રો ગમ્મત કરતા ત્રિવેદીને ઘેર પહોંચ્યા. સુરેશને ખરેખર થાક લાગ્યો.

સુરેશે ક્યાં રહેવું એ વાત શારદાબેન પાસે મુકાતાં તેમણે કહ્યું: 'ઉપમાબેનની ગેરહાજરીમાં સુરેશભાઇ માંદા થાય તો તેમની સારવાર કરવાનો અધિકાર મારો છે. છોટુભાઇ પરણે ત્યારે તેમની પત્ની સાથે એ અધિકાર માટે તકરાર કરવી પડે તો હું કોર્ટે ચડવા તૈયાર છું. અત્યારે તો છોટુભાઈને કંઇ બોલવાનો હક નથી.'

શારદાબેન પાસે બધા ચૂપ થઇ ગયા, અને પછી હમણાં તો સુરેશે ત્રિવેદીને ત્યાં રહેવું એમ નક્કી થયું.

સુરેશ અને છોટુભાઇ શારદાબેનના હૃદયની મહત્તા જોઇ રહ્યા. આવાં દિલ પાસે કંગાલિયત ડોકિયું પણ કેમ કરી શકે? શારદાબેનને ત્યાં સાધનોનો ભલે અભાવ હોય, દિલની દિલાવરી તો ત્યાં સભર ભરી હતી.

સુરેશની માવજતમાં શારદાબેને કંઇ કમીના ન જણાવા દીધી. તાણ કરીકરીને તે સુરેશને દૂધ પાતાં, પોતે પાસે બેસીને તેને વધારે ઘી ખવડાવતાં, અને સમ-સોગન આપીને ય બપોરે થોડાંક ફળ ખવડાવતાં.

શારદાબેનના આગ્રહમાં સુરેશ માતાનો પ્રેમ જોઇ શકતો સુરેશ રહ્યો એટલા દિવસ શારદાબેને કોઈ બાબતનો અભાવ ન જણાવા દીધો. સુરેશ નાવા બેસે ત્યારે 'ટરકીશ-બાથ સોપ'થી માંડી સુરેશ ઊંઘવા જાય ત્યારે તેને માટે કલાત્મક રીતે ભરેલું ઓશિકું મૂકવા સુધીની ચીવટ શારદાબેન દાખવતાં.

ઉપમાને જે કલા-શોખ હતો તેથી શારદાબેન પરિચિત હતાં. સુરેશ માટે બધું સરસ સરસ બનાવવા ને ગોઠવવાની ઉપમા જે ચીવટ રાખતી તે શારદાબેન જાણતાં હતાં. શારદાબેને સુરેશનું બહુ સારી રીતે જતન કર્યું. શારદાબેનની માવજતથી સુરેશનું વજન વધ્યું, ફીક્કાશ જરા ઓછી થઈ.

સુરેશ થોડા વખતમાં કુટુમ્બના અંગ જેવો બની ગયો.

'ઉપમાનો કાગળ કેમ નહીં હોય?' એક દિવસ સુરેશે શારદાબેનને પૂછ્યું.

'કેટલા વખતથી કાગળ નથી?'

'એકાદ મહીનાથી તેના કંઇ ખબર નથી.'

'તમે તો નિયમિત પત્ર લખો છો. ને?'

'હેં!' સુરેશે કહ્યું: 'મેં ય હમણાં દોઢેક મહીનાથી કાગળ નથી લખ્યો.'

'તો પછી કયે મોંએ એમના કાગળની આશા રાખો છો?'

'ખરૂં છે! વાંક તો મારો જ છે.'

'આજે જ આપણે બધાં ઉપમાબેનને કાગળ લખીએ અને તેમના બાપુજીને ઠીક હોય તો પાછાં બોલાવીએ.' શારદાબેને કહ્યું.

સાંજે સુરેશ, ત્રિવેદી, શારદાબેન, છોટુ તથા ત્રિવેદીનાં લખી શકે એ બધાં છોકરાંઓએ મળીને ઉપમા પર થોકડો એક કાગળ લખ્યા. સુરેશે લખ્યું: 'હું તો માંદો પડી શારદાબેનને ત્યાં ધામા નાંખી પડયો છું. પડયો પડયો ખાઉં–પીઉં છું ને મજા કરું છું. મને ઘેર જવા જ નથી દેતાં.' વગેરે. શારદાબેને સુરેશભાઇ સાથે કેવી મજા પડે છે તે લખ્યું. ત્રિવેદીએ તેની ટેવ મુજબ ટીખળ કર્યું. છોકરાંઓએ પોતપોતાને જોઇતી ચીજો મંગાવી.

ઉપમાને પત્ર મળ્યો ત્યારે તે દ્વિધામાં પડી ગઇ. જયાશંકરભાઇને હજી સંપૂર્ણ આરામ નહોતો થયો. ઉપમાની ચાકરીથી તેમની તબિયતમાં સુધારો થતો આવતો હતો. ઉપમાની સારવાર તેમને ગમતી હતી. ઉપમા જ તેમની પાસે રહેતી. ઉપમાની હાજરીને લીધે મુક્તાને ય ઘણી રાહત મળતી. ઉપમાનાં માન વધ્યાં હતાં.

પણ સુરેશ માંદો પડી શારદાબેનને ત્યાં રહે છે એ ખબરથી ઉપમાનો જીવ ઉચક થઇ ગયો. સુરેશની ચાકરી કરવાની તેની પ્રથમ ફરજ હતી. તેને બદલે શારદાબેનને સુરેશની સંભાળ લેવી પડી તે ઉપમાને ન ગમ્યું. બે રીતે: એક તો સુરેશના મંદવાડમાં પોતે હાજર ન રહી શકી તેથી; અને બીજું સુરેશ માટે ત્રિવેદીને ખર્ચમાં ઊતરવું પડયું તેથી.

ઉપમાએ પહેલી તક દડસદ પહોંચી જવાનો નિર્ણય કરી લીધો. 'બાઇ, મારે જવું પડશે.' તેણે મુક્તાને કહ્યું.

'ક્યાં?' મુક્તાએ પૂછ્યું.

'દડસદ.'

'કેમ એકાએક?'

'તેમને ઠીક નથી રહેતું.'

'શું થયું છે?'

'પરીક્ષા આપીને આવ્યા પછી એ એક માસ્તરને ઘેર જ રહે છે. હમણાં ઘણા વખતથી તેમનો પત્ર ન હતો તેનું કારણ પણ હવે સમજાયું.'

'રજાઓ પડવાને હવે ઝાઝી વાર નથી.' મુક્તાએ કહ્યું: 'આપણે સુરેશભાઇને જ અહીં બોલાવીએ તો?'

'બાઈ, મને તો ચિંતા થાય છે!' ઉપમાએ કહ્યું: 'એક વખત હું જઇ આવું. પછી બનશે તો અમે બંને રજામાં અહીં આવશું.'

સુક્તાના આગ્રહ છતાં અને જયાશંકરભાઇની ઇચ્છા છતાં ઉપમા દદસદ જવાનું બંધ ન રાખી શકી. તેણે પોતાના ઉપડવાના ખબર સુરેશને આપી દીધા.

ઉપમાનો પત્ર વાંચી દદસદમાં બધાં આનંદમાં આવી ગયાં.

ઉપમા આવવાની હતી તે દિવસે બધાં સ્ટેશને જવા તૈયાર થઇ ગયાં.

'છોકરાંઓ !' શારદાબેને કહ્યું, 'તમે ન આવો તો ?'

'ના ! અમે તો આવશું.'

'ભલે આવે !' સુરેશે કહ્યું: 'હું પણ આવવાનો છું.'

'તમે ?' ત્રિવેદીએ પૂછ્યું.

'એટલું નહીં ચાલી શકું ?' સુરેશે કહ્યું

'ઉપમાબેન સ્ટેશનેથી પાછાં નહીં ચાલ્યાં જાય તેની તો ખાતરી છે ને ?' ત્રિવેદીએ હસતાં કહ્યું: 'કે મળવાની અધીરાઇ વધી પડી છે ?'

'તમે કોઇ દિવસ શારદાબેનથી જુદા પડયા છો કે ?' સુરેશે પૂછ્યું.

'હું ?' ત્રિવેદીએ કહ્યું, 'શારદા મને છોડે છે જ કયાં ?'

બધાં સ્ટેશને ગયાં. સુરેશ પણ. અને છોટુ પણ આવી ગયો હતો.

ગાડી આવી અને ઉપમા ઊતરી. ત્રિવેદીનાં છોકરાં તેને ઘેરી વળ્યાં, પણ ઉપમાનુ ધ્યાન અત્યારે તેમનામાં ન હતું. તે તો સુરેશને જોઇ રહી હતી. સુરેશનું કૃશ શરીર જોઇ તેનું મોઢું પડી ગયું.

'કેમ છે તમને ?' ઉપમાએ સુરેશને પૂછ્યું.

'તને કેમ લાગે છે ?' સુરેશે સામું પૂછ્યું.

'ઘણા દુબળા થઇ ગયા છો.'

'હવે તો સારો થયો છું. શારદાબેનને ખૂબ ત્રાસ આપ્યો છે.'

વાતો કરતાં બધાં ત્રિવેદીને ઘેર પહોચ્યાં.

'શારદાબેન, તમે ખરી બેનની ગરજ સારી છે.' ઉપમાએ કહ્યું.

'તમારે શારદાને માનપત્ર આપવુ હોય તો તેમાં મારો પણ ભાગ રાખવો પડશે.' ત્રિવેદીએ કહ્યું.

'છેવટ છેવટના દિવસોમાં સુરેશભાઈ ઘણા અનિયમિત થઈ ગયા હતા.' છોટુએ કહ્યું.

'આવું એમ. એ. તો આપણને મોંઘું પડી જાય.' ઉપમાએ કહ્યું.

ઉપમાએ છોકરાં માટે લીધેલી જુદી જુદી ચીજો તેમને વહેંચી દીધી. બીજે દિવસે ઉપમા અને સુરેશ તેમને ઘેર જવા તૈયાર થયાં. શારદાબેન અને ત્રિવેદી તેમને મૂકવા ગયાં. ઘેર પહોંચ્યા પછી સુરેશે દશ દશ રૂપિયાની ત્રણ નોટો કાઢી શારદાબેન સમક્ષ ધરી.

'શું છે?' શારદાબેને પૂછ્યું.

'ભાઇ તરફથી બેનને પસલી.' સુરેશે કહ્યું.

'મારી વાત સાંભળશો કે?' ત્રિવેદીએ વચમાં કહ્યું.

'બોલોને!'

'તમે મને શું ધારો છો?'

કોઇએ કંઇ જવાબ ન દીધો.

'તે દિવસે મેં તમારી પાસેથી પચીસ રૂપિયા લઈ લીધા એ પરથી તમે મારે માટે ઘણો હલકો અભિપ્રાય બાંધ્યો લાગે છે.'

'ના–ના, એવું તમને કોણે કહ્યું?' સુરેશે કહ્યું.

'ત્યારે આ શું કરો છો?'

'એમાં તમારે વચ્ચે પડવાની શી જરૂર છે? એ તો અમારે ભાઇબેને સમજવાની વાત છે.'

'સુરેશભાઇ, તમે મને ગમે તેવી ગાળ આપી શકો છો, પણ કૃપા કરી મને વીશીવાળો ન કહેશો!' ત્રિવેદીએ વેદનાભર્યે સ્વરે કહ્યું.

'તમને વીશીવાળા કોણ કહે છે?' ઉપમાએ કહ્યું.

'ત્યારે આ સુરેશભાઇ શું કરે છે? મારે ઘેર થોડા દિવસ જમ્યા તેનું બીલ ચૂકવવા બેઠા છે? સુરેશભાઇ, એ કદી ન બને! તમે માંદા હો અને થોડા દિવસ મારે ત્યાં રહો તેના હું પૈસા લેવા બેસું? તેના કરતાં મરી જવાનું હું વધારે પસંદ કરીશ! તો તો પછી મારે ય મારાં છોકરાં તમારે ત્યાં નાસ્તા–પાણી ઉડાવી જાય છે તેના પૈસા ભરી દેવા રહ્યા ને? એ આપણને ન પોસાય! તમારે મારી સાથે વહેવાર ન રાખવો હોય તો કાંઇ નહીં, પણ આ રીતે મારું અપમાન કદી ન કરશો.'

ત્રિવેદીએ સાદી વાતને એવું મોટું સ્વરૂપ આપી દીધું કે સુરેશ તો ચૂપ થઈ ગયો. કાયમ નાણાંભીડ ભોગવતા ત્રિવેદીએ પળમાત્રમાં પૈસાની તુચ્છતા દેખાડી દીધી. માનવતાને હીસાબે પૈસો તો ઘણી પામર વસ્તુ છે એમ તેણે અલ્પ પ્રયત્ને સિદ્ધ કરી દીધું.

ત્રિવેદી ભાગ્યે જ ગંભીર થતો, પણ એ ગંભીર બનતો ત્યારે તેના ભાવ સામાને અચૂક અસર કરી જતા.

શારદાબેન ને ત્રિવેદી ગયાં.

'ઉપમા!' એકલા પડતાં સુરેશે કહ્યું. આ સાદા નામના સંબોધનમાં સુરેશે પ્રાણ ઠાલવીને ભરી દીધો હોય તેવો મધુર રણકો ઊઠયો. હૃદયની સાચી લાગણીને વ્યક્ત થવા ઓછામાં ઓછા શબ્દોની જરૂર પડે છે!

'સુરેશ, મને ભૂલી ગયેલ કે શું?' ઉપમાએ પૂછ્યું.

'ખરૂં છે. પરીક્ષાની હાડમારીએ મને બેવકૂફ બનાવી દીધો હતો.' સુરેશે કહ્યું.

'મંદવાડમાં ય હું ન સાંભરી?' ઉપમાએ 'હું' શબ્દ પર ભાર મૂકી પૂછયું.

'સાંભરી એટલે તો બોલાવી. અત્યારે તો મને સમજાતું ય નથી કે હું આટલા દિવસ તારા વિના રહી શી ચક્યો? ઉપમા, તું મારી બાજુમાં ન હો તો હું તો તદ્દન પામર બની જઉં એવો છું.'

બંને, જાણે જીવનમાં પહેલી જ વખત મળતાં હોય એટલા પ્રેમપૂર્વક મળ્યાં. તેમનું મિલન–પુનર્મિલન કોઇ લાંબી તપશ્ચર્યાનું ફળ હોય એવું તેમને લાગ્યું.

થોડાં જ અઠવાડિયાં પહેલાં લડતા–ગુસ્સે થતા–ચીડાતા સુરેશનું આવું પ્રેમ ને ઉષ્માભર્યું પુનર્મિલન ઉપમાને મધુરૂં લાગ્યું. થોડા દિવસના વિરહે સુરેશના હૃદયને સ્વચ્છ બનાવી દીધું હતું. એ સ્વચ્છતામાં ઉપમાના પ્રેમાળ હાસ્યની છાપ રસભરી ઊઠી.

'કેમ છે તારા બાપુજીને?' સુરેશે પૂછ્યું.

'એમને હજી સંપૂર્ણ આરામ નથી થયો; પણ અત્યારે મને મારા બાપુજી નથી સાંભરતા. અત્યારે તો હું સુરેશમય બની ગઇ છું' ઉપમા હસી.

આ બંને પ્રેમીઓ વચ્ચે પ્રેમનાં લાંબાંચોડાં સંભાષણો ન થયાં. તેમનાં હૃદયની ઊભરાતી લાગણી કુસુમના આંખમાં આવીને વસી હોય તેવું લાગતું હતું. વાચા નહીં પણ શાંતિ તેમના પ્રેમને બરાબર વ્યક્ત કરી રહી.

•

૧૮ : લગ્ન માણ્યાં

ઉનાળાની લાંબી રજાઓમાં કયાં જવું તેનો નિર્ણય સુરેશ નહોતો કરી શકતો. ત્રિવેદી અને શારદાબેન તેમને દડસદમાં રોકાવાનું કહેતાં હતાં. દોઢેક મહીના સુધી નિરાંતે સાથે રહેવાનું મળશે તો ખૂબ મજા પડશે–એ તેમની દલીલ હતી.

નવાપુરથી ગૌરીશંકરનો પત્ર હતો. તે પુત્ર અને પુત્રવધૂને પોતાની પાસે આવવા આગ્રહ કરતા હતા. પિતાની મરજીને પૂજ્યભાવે અનુસરતાં ઉપમા–સુરેશ નવાપુર જવાનો નિર્ણય કરી રહ્યાં હતાં, ત્યાં છોટુ તરફથી જુદી દરખાસ્ત લાવ્યો.

'મારી એક વાત સાંભળશો કે?' છોટુએ પૂછ્યું.

'બોલોને!' ઉપમાએ કહ્યું.

'મારા મામા આ ઉનાળામાં મહાબળેશ્વર જવાના છે. તમે ય ત્યાં આવવાનું રાખો તો ?'

'અમે ?' ઉપમા ને સુરેશ બંને એકી સાથે બોલી ઊઠયાં.

'એમાં ચીસ શેનાં પાડી ઉઠો છો ?'

'મહાબળેશ્વર જવાનું અમારૂં ગજું ખરૂં કે ?'

'એટલું ય હું નહીં સમજતો હોઉં ? ખર્ચ તમારે કરવાનું નથી. મામા-મામીને તમારી બંનેની સાથે રહેવાનું મન થયું છે. તેમને તમારા જેવી કોઇ સોબત જોઇએ છે. તમે રજા આપો તો હું પણ તમારી સાથે આવું.'

'ના-ના, છોટુભાઇ ! એ બધી માથાકૂટમાં ક્યાં પડવું ?' ઉપમાએ કહ્યું.

'સુરેશભાઇ આટલા દુબળા ન થઈ ગયા હોત તો હું તમને આગ્રહ ન કરત. પણ...'

'થોડા દિવસ નવાપુર રહી આવશું એટલે સારૂં થઇ જશે.' સુરેશે કહ્યું.

'ના, સુરેશભાઇ ! મારી ખાસ ઇચ્છા છે કે તમારે મહાબળેશ્વર આવવું. ખોટી વાણાતાણ કરવાનો મારો સ્વભાવ નથી. આ વખતે તો તમારે ક્યાંક હવાફેર માટે જવું જ જોઈએ !'

'એ ખરૂં, છોટુભાઇ ! પણ બાપુ અમને નવાપુર તેડાવે છે.' ઉપમાએ કહ્યું.

'બાપુને હું પુછાવી જોઉં !' છોટુએ કહ્યું : 'તમારી તબિયત સુધારવા તમે મહાબળેશ્વર જવાનું રાખો એ વાતની બાપુ ના પાડે જ નહીં, તેની મને ખાતરી છે.'

ચાર દિવસ પછી ગૌરીશંકરનો જવાબ આવી ગયો. તેમણે સુરેશ-ઉપમાને મહાબળેશ્વર જવાની છૂટ આપવા ઉપરાંત ત્યાં જવા આગ્રહ પણ કર્યો હતો. છોટુ જોરમાં આવી ગયો. બધાંએ મહાબળેશ્વર જવાની તૈયારીઓ કરવા માંડી. વાંચવા માટે શું શું સાથે લેવું તેની નોંધ પણ તૈયાર થઇ ગઇ. છોટુના મામાને ખબર અપાઇ ગયા કે સુરેશ ને ઉપમા તેમની સાથે આવવાનાં હતાં. મામીનો જવાબ પણ આવી ગયો કે મહાબળેશ્વર જતાં પહેલાં ઉપમા-સુરેશે બે ચાર દિવસ અગાઉથી અમદાવાદ આવી જવું. ઉપમા સાથે જેટલા દિવસ વધારે રહેવાશે તેટલો તેમને વિશેષ આનંદ થશે.

ત્રિવેદીએ મશ્કરી કરી : 'ભાઈ, તમે દડમદડમાં શું કામ પડયાં રહો ! નવાપુર-નવાપુર કરતાં ઊપડયાં સીધાં મહાબળેશ્વર ! પણ જો મહાબળેશ્વરથી પંદર શેર વજન વધાર્યા વિના આવ્યા છો, સુરેશભાઇ ! તો યાદ રાખજો-છ મહીનાની ફાંસીની સજા થશે !'

મહાબળેશ્વરની બધી તૈયારી સંપૂર્ણ થઇ ગઇ અને અમદાવાદ જવાનો દિવસ પણ નક્કી થઇ ગયો ત્યાં જયાશંકરભાઇનો પત્ર આવ્યો.

ચિ. સુરેશભાઇ,

'તમારી નબળી તબિયતના સમાચાર જાણી ખૂબ ચિંતા થાય છે ઉપમા લખે છે કે, હવે તમને ઠીક છે; પણ મને તેથી સંતોષ નથી થયો. મારૂં મન તો તમારી પાસે વળગ્યું છે. એક મહીના ખાટલો ભોગવી હવે તો સાજો થઇ ગયો છું, એટલે ઉપમાની બાઇએ ન રોક્યો હોત તો હું તો આ કાગળ લખવાને બદલે જાતે જ તમારી તબિયત જોવા આવી પહોંચ્યો હોત. હજી ય તમને જોવા મન તલપાપડ થઇ રહ્યું છે. તમે અહીં આવી શકશો ? ન આવી શકો તેમ હો તો તરત જણાવશો. એટલે હું પોતે ત્યાં આવી જઇશ. જવાબ તુરત લખશો.' વગેરે.

જયાશંકરભાઇના પત્રે મહાબળેશ્વરનો આખો કાર્યક્રમ રદ કરાવી દીધો, છાહુને દુઃખ થયું. તેણે કહ્યુંઃ 'જયાશંકરભાઈ ભલેને દડસદ આવતા ! તેમને ય મહાબળેશ્વર લઇ જશું.'

'બાપુજીને ?' ઉપમાએ પૂછ્યું.

'કાં, એ આવે તો શો વાંધો છે ?'

'માંડ સંધીવા મટયો છે. તેમને વળી તકલીફમાં ક્યાં મૂકવા ! એ તો અમારે જ તેમની પાસે જવું જોઇએ.' ઉપમાએ કહ્યું.

બાંધેલ સામાને ઉપમા ને સુરેશ અમદાવાદ કે મહાબળેશ્વરને બદલે નવાપુર જવા ઊપડયાં.

લગનગાળાને લીધે ગાડીમાં ગજબ ગીરદી હતી, ક્યાંય બેસવાની જગ્યા મળે તેવું ન હતું. એક ડબ્બામાં પેસી ઉપમા અને સુરેશ સંકોડાતાં ઊભાં રહ્યાં. ગાડીમાં ઘણી ભીડ હતી, છતાં ય બેઠેલા લોકો થોડાથોડા સંકોડાઈને બેસે તો બે જણની જગ્યા થઇ શકે તેવું હતું, પણ કોઇએ એટલું સૌજન્ય દાખવ્યું નહીં. સુરેશ બેસવાની જગ્યા મેળવવા શું કરવું તેના વિચારમાં હતો, ત્યાં એક મુસ્લીમ બિરાદરે પોતાની જગ્યા પરથી ઊભા થઈ જઇ કહ્યું: 'બેન, આવો અહીં બેસો ! અને ભાઇ, તમે પણ બેસો !'

'પછી તમે ?' સુરેશે પૂછ્યું.

'મારી ચિંતા તમે કરો મા !'

'ના—ના તમને ઉભા રાખીને અમે બેસીએ એ મને ઠીક નથી લાગતું.'

'ભાઇ, ઓરત–લોક ઉભાં હોય એ મને ઠીક નથી લાગતું.' મુસ્લીમે કહ્યું.

'તો એ ભલે બેસતી. આપ બેસો, હું ઊભો રહીશ.' સુરેશે કહ્યું.

'ભઇ, બેસોને!' મુસલીમે સુરેશને હાથ ઝાલી બેસાડતાં કહ્યું. 'હું તો ગમે ત્યાં જગ્યા કરી લઇશ.'

એ બિરાદરે બાજુના ખાનામાં બેઠેલ એક વણિક શેઠનો બીસ્તરો જરા આઘો પાછો કરી પોતાની જગ્યા કરી લીધી.

સુરેશ કે ઉપમાને બેસવાનું કહેવાની સુજનતા ન દેખાડી શકતા શેઠે મુસલીમ માટે કચવાતાં ય જગ્યા કરી આપી. સંકડાશ તો બધાંને થઇ, પણ કોઇને ઊભવું ન પડ્યું.

નવાપુર ગૌરીશંકર દીકરા–વહુને લેવા આવ્યા હતા. સુરેશનું દુબળું શરીર જોઇ એ મનમાં તો લેવાઇ ગયા, પણ ઉપર ઉપરથી 'હોય એ તો! પરીક્ષાના મામલા છે.' એવી વાતો કરવા લાગ્યા.

ગૌરીશંકરે જ્યારે જયાશંકરભાઇના પત્રની વાત જાણી ત્યારે તેમણે કહ્યું: 'ભાઇ! તારે સીધું જયાશંકરભાઇ પાસે જવું જોઈતું હતું.'

'તમને મળ્યા પહેલાં મને ત્યાં જવાનું ન ગમ્યું.' સુરેશે કહ્યું.

'ભાઇ, એમની નાદુરસ્ત તબિયતમાં તું એમનું ધ્યાન ન રાખે તો તું તારી ફરજ ચૂક્યો એમ કહેવાય!'

બીજે જ દિવસે ગૌરીશંકરે ઉપમા–સુરેશને જયાશંકરભાઈ પાસે મોકલી દીધાં.

જયાશંકરભાઇ સુરેશને જોઈ બહુ ખુશ થયા.

'થોડા દુબળા થયા છો.' જયાશંકરભાઇએ સુરેશને જોઇ કહ્યું: 'પણ મેં ધાર્યું હતું એવું કંઇ નથી. સ્નેહીઓને હંમેશાં અવળી કલ્પનાઓ જ આવે. તમે આવી ગયા તે બહુ સારૂં થયું, મને નિરાંત થઇ.'

'અમે તો મહાબળેશ્વર જવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો, પણ તમારો કાગળ આવ્યો એટલે......'

'મહાબળેશ્વર!' જયાશંકરભાઇએ સાશ્ચર્ય પૂછ્યું: 'દડસદમાં એટલી બધી કમાણી થાય છે?'

'ના–જી, ના–જી!' સુરેશે હસતાં કહ્યું: 'એ તો એક વિદ્યાર્થી મિત્રની સાથે મફત જવાનું હતું.'

'મહાબળેશ્વર ન જવાયું તેનું કંઇ નહીં. મહાબળેશ્વર તો તમે જીવનમાં બીજે ગમે તે વખતે જઈ શકશો. આ વેકેશન તો તમે મારી સાથે જ રહો એવી મારી ઇચ્છા છે.'

'થોડો વખત નવાપુર અને થોડો......' સુરેશે કહ્યું.

'નવાપુર તમને નહીં ફાવે હશે. મને હમણાં બહુ એકલું એકલું લાગે છે. તમારી સોબત મળે તો બહુ ઠીક પડશે.'

જયાશંકરભાઇએ પત્ર લખી ગૌરીશંકરને તેડાવ્યા. તેમના જ આગ્રહથી સુરેશે આખી રજા જયાશંકરભાઇ પાસે ગાળવી એમ નક્કી થયું.

'હું તમારી ઉદારતા સમજી શકું છું.' જયાશંકરભાઇએ કહ્યું.

'એમાં ઉદારતા શાની ?' ગૌરીશંકરભાઇએ કહ્યું.

'બાપ પાસેથી દીકરાને ખેંચી લેવો એટલે શું, તેનો મને બરાબર ખ્યાલ છે. પણ મારી આવી તબિયતને અંગે મારા પ્રેમને બળે–સત્તા કે પૈસાને બળે નહીં જ હો !–હું સુરેશને મારી પાસે રોકી લઉં છું. એ બદલ મને ક્ષમા કરજો.'

'નવ રે !' ગૌરીશંકરભાઇએ કહ્યું- 'આવું બોલી મને શરમાવી શું દો છો ? સુરેશ શું તમારો દીકરો નથી ? તમારી સેવા કરવાની એની ફરજ નથી ?'

ગૌરીશંકરભાઇ ગયા.

સુરેશને જયાશંકરભાઈ પાસે મજા પડતી. એ તેને પોતાના અનુભવની વાતો કરતા. સુરેશ તેમની વાતો રસપૂર્વક સાંભળતો. બંનેને એકબીજાની સોબતમાં ફાવતું. જયાશંકરભાઈની મુત્સદ્દીગીરી પર સુરેશ ક્યારેક તો રીઝી થઇ જતો.

ઉપમાને તો બાપનું ઘર અને તેમાં વળી સુરેશ તેની સાથે ! એટલે પછી તેના આનંદનું તો પૂછવું જ શું ?

સુરેશની રજાના થોડા દિવસો બાકી રહ્યા ત્યારે જયાશંકરભાઇની સૌથી મોટી દીકરીની દીકરીના લગ્નના ખબર આવ્યા. નબળી તબિયતે જયાશંકરભાઇ પોતે લગ્ન પર જાય તે ઇચ્છવા જોગ ન હતું. ઉપરાંત એ પૈસાદાર વેવાઇઓ જયાશંકરભાઇના ખાસ ભાવ ન પૂછતા, એટલે ય તેમને ત્યાં જવું ન ગમતું. પણ ભાણેજના લગ્ન પર મોસાળું લઇ કોઇએ તો જવું જ જોઇએ ને ?

'તમે તો ન આવો તે જ ઠીક.' મુક્તાએ કહ્યું.

'તો કોણ જશે ?'

'હું, ઉપમા ને રમુ જઇ આવીએ.' મુક્તા એ કહ્યું.

'તું ને ઉપમા બંને ?'

'કેમ ? એમાં કંઇ વાંધો છે ?'

'તમે બંને ચાલ્યાં જાઓ તો મને ઠીક ન પડે. તારે અથવા ઉપમાએ બેમાંથી એકે તો મારી પાસે રહેવું જ જોઇએ.'

'તો શું કરવું ?' મુક્તાએ પૂછ્યું.

'તું, સુરેશભાઇ ને રમુ જાઓ તો ?'

'હા, એ ઘણું સરસ !'

'સુરેશભાઇ, તમને હાડમારી તો પડશે. પણ મારા પ્રતિનિધિ તરીકે તમારે ચારેક દિવસ જઈ આવવું પડશે. જશો ને ?'

'ભલે ! બીજો ઉપાય જ ન હોય તો હું જવા તૈયાર છું.'

મુક્તા, રમુ અને સુરેશ માંડવે પહોચ્યાં ત્યારે બધાં તેમને ઘેરી વળ્યાં.

'બાઈ, મારા બાપુજી ન આવ્યા ?' ઉપમાની બેન શશીએ પૂછ્યું.

'ના, બેન ! તેમની તબિયત હજી બરાબર નથી.'

'ઉપમા માશી પણ ન આવ્યાં ?' કન્યા સરયુએ પૂછ્યું.

'અમે બંને આવીએ તો પછી તારા બાપુજીનું ધ્યાન કોણ રાખે ?' મુક્તાએ કહ્યું.

'બાપુજી કે માશી બેમાંથી કોઇ ન આવ્યું એ અમને જરાય નથી ગમ્યું !' સરયુએ લાડ કરતાં કહ્યું

'તારા બાપુજીના પ્રતિનિધિ તો આ રહ્યા !' મુક્તાએ સુરેશ સામે જોઇ મજાકભર્યે સ્વરે કહ્યું.

બસ ! આ એક નાનાંશાં સૂચનથી બધાં રંગમાં આવી ગયાં. યુવાન સુરેશને બાપુજી ગણી બનાવવાની મજા પડશે એ વિચારથી બધાં ખુશ થઇ ગયાં.

'ત્યારે સૌથી પહેલાં તો હું જ બાપુજીને બાપુજીના પ્રતિનિધિ મારફત મારા પ્રણામ પહોંચાડી દઉં !' કહી શશી સુરેશનાં પગમાં પડી. બધાં ખડખડાટ હસી પડયાં.

પળવાર તો સુરેશ હેબતાઈ ગયો, પણ તરત જ સ્વસ્થતા મેળવી તેણે કહ્યું, 'પુત્રી શશીને બાપુજી તેમના પ્રતિનિધિ મારફત આશિષ કહેવડાવે છે, અને એક પછી એક પાંચેય દીકરીઓનાં લગ્ન આમ જ હેમખેમ પતાવો એમ ઇચ્છે છે !'

'બેકા, સરયુ ! બાપુજીને પગે લાગ !' શશીએ સુરેશ તરફ આંગળી ચીંધીને કહ્યું.

'ના—ના !' સુરેશે કહ્યું: 'મુરબ્બીને ખાલી હાથે પગે ન લગાય.'

'શું છે ? શું છે ?' કરતા સરયુના પિતા કનુભાઇ આવ્યા.

'મારા માસા આવ્યા છે.' સરયુએ મલકતાં કહ્યું: 'એ બાપુજીના પ્રતિનિધિ બનીને આવ્યા છે.'

'પધારો—પધારો ! ત્યારે તો તમે અમારા મુરબ્બી ઠર્યા.' કનુભાઇએ કહ્યું.

સુરેશ આવી ગમ્મતોથી ગભરાઇ જાય તેવો ન હતો. તેણે પોતાને સૂઝે તેવા જવાબો દેવાનું ચાલુ રાખ્યું.

સરયુ ધનાઢય કુટુમ્બની દીકરી હતી. તેનાં સાસરીયાં પણ શ્રીમંત હતાં. આ કંઇ સરયુ અને તેના પતિનાં લગ્ન ન હતાં. આ તો પૈસે પૈસા પરણતા

હતા: કુટુમ્બને કુટુમ્બ પરણતું હતું. બંને કુટુમ્બો પોતાની સાહ્યબીનો દેખાવ કરવામાં પડી ગયાં હતાં.

સાંભળ્યું છે કે ફરજિયાત સતીના જમાનામાં જ્યારે સતીને ચિતા પર ધકેલવામાં આવતી ત્યારે અબીલ ગુલાલની છોળો ઊડતી, અને મૃદંગ ઝાંઝ ઇત્યાદિનો એવો તો શોર મચી રહેતો કે કાને પડયું કંઇ સંભળાય જ નહીં. આટલો મોટો દેકારો કરવાનું એક પ્રયોજન કદાચ એ પણ હોય કે ફરજિયાત સળગી મરતી સ્ત્રી અગ્નિમાં દાઝતાં ચીસો પાડે તો તેનો આર્ત્તસ્વર કોઈ સાંભળી ન શકે.

આજે સતીનો રીવાજ તો બંધ પડયો છે, પણ લાકડે–માંકડાંનાં આધુનિક લગ્નો પણ યાતનાસમાં હોય છે. તેમાં કુમળી બાળા અને ખીલતા યુવાનનાં જીવનને હોમી દેવામાં આવે છે, તે સામે યુવક યુવતી બૂમ ન પાડી શકે એટલા ખાતર જ લોકોએ લગ્નના પ્રસંગને ધાંધલનો પ્રસંગ બનાવી દીધો લાગે છે.

લગ્ન સમી ગંભીર જવાબદારી ગ્રહણ કરતી વખતે જે ગાંભીર્યનું વાતાવરણ હોવું જોઇએ તેનો ઘણે સ્થળે અભાવ હોય છે. આનંદ નહીં, નર્યું ટીખળ હોય છે.

સરયુએ તેના ભાવી પતિને નહોતો જોયો. એ ભાઇએ સરયુને નહોતી જોઇ. બંને કુટુંબના વડાઓએ વેવિશાળ નક્કી કરી નાખ્યું હતું. અને આજે બે વ્યક્તિઓ વગર સમજ્યે વડીલોની ઇચ્છા મુજબ પરણી રહી હતી.

સુરેશને આ ધાંધલ ગુંગળામણભરી લાગતી. મશ્કરી સામે તેનો ખાસ વિરોધ ન હતો, પણ પોતાની લક્ષ્મીના ઘમંડમાં બીજાં સૌ કોઈને તુચ્છ માનતા કનુભાઇ અને તેનાં ઘરનાંઓ તેને ન ગમ્યાં. 'આવો, સુરેશભાઇ ! શાક સમારી નાખીએ !' કનુભાઇ સુરેશના હાથમાં ચપ્પુ પકડાવી દઈ કહેતા, અને થોડીવાર પોતે પણ શાક સુધારવા બેસી જતા. પણ તેમને તો કંઈને કંઈ કામ આવી જ પડે, એટલે તે ઊભા થઈને ચાલ્યા જતા, અને સુરેશને તેના જેવા બીજા વેઢિયાઓ સાથે સાતસો માણસની રસોઇ પૂરતું શાક સમારતાં ખાસ્સા બે કલાક લાગતા.

ઉપમાની બીજી બેનના વર–જે કનુભાઈ કરતાં ય વધારે પૈસાદાર હતા–આવ્યા ત્યારે સૌ કોઈ તેની તહેનાતમાં રહેવાનું મળે તેને સદ્‌ભાગ્ય માનવા લાગ્યું. સુરેશ થોડા વખતમાં પૈસાદારોની આવી ખુમારીથી કંટાળી ગયો.

'આવો, સુરેશભાઇ ! શાક સમારી નાખીએ !' એમ કનુભાઇએ બીજી વખત કહ્યું ત્યારે સુરેશે તદ્દન નફટાઇપૂર્વક કહી દીધું: 'મને શાક સુધારવાનું નથી ફાવતું.'

'ખરૂં છે–ખરૂં છે ! તમે તો બાપુજીના પ્રતિનિધિ ! તમને કંઇ પણ કામ ન ચીંધવું જોઇએ.' કનુભાઇએ મશ્કરીમાં કહ્યું. આવી ધમાલમાં લગ્ન પત્યાં.

જાન ગયા પછી બીજે દિવસે બધાં જમવા બેઠાં હતાં હતાં ત્યાં કનુભાઈ વાત છેડી, 'આજકાલની કેળવણીએ આપણને પાંગળા–રળવાની તેવડ વગર બનાવી દીધા છે.'

કનુભાઈ ત્રીજી અંગ્રેજીમાં ત્રણ વાર નાપાસ થવાથી, દુકાન સંભાળવા બેસ ગયા હતા.

'ખરી વાત છે! ભણેલાઓ તદ્દન અવહેવારૂ અને વેદિયા હોય છે.' કોઈએ કહ્

'તમે શું ધારો છો?' શશીએ સુરેશને પૂછ્યું.

'એમાં હું શું કહું?' સુરેશે કહ્યું.

'વાહ! તમારો અભિપ્રાય તો ઘણો મહત્ત્વનો કહેવાય.' કનુભાઈએ કહ્યું.

'એ બાબત કશો અભિપ્રાય આપવા કરતાં મને તો બીજી જ વાત સૂઝે છ

'શી વાત ?'

'હું તો માનું છું કે પૈસાને વધુપડતું મહત્ત્વ આપી, આપણે જીવનનાં સાચ મૂલ્યો વિસરી ગયા છીએ. પૈસો દેખ્યો એટલે આંધળાભીંત બની જઈએ છીએ પૈસો એ સાધ્ય નથી, સાધન માત્ર છે, તેનું આપણને ધ્યાન નથી રહેતું.'

'એ કદાચ ખરૂં હશે.' કનુભાઈએ હસતાં કહ્યું: 'પણ નમાલી કેળવણી પાછ વર્ષો બગાડવામાં આપણે ભીંત ભૂલીએ છીએ એ વાત તમે કબૂલશો ને?'

'ન ભણી શકેલ ઠોઠાઓ જ મુખ્યત્વે કેળવણીના વિરોધી હોય છે. આધુનિ કેળવણીમાં ખામીઓ હશે, પણ એ બાબત બોલવાનો અધિકાર ભણેલાને જ હો શકે.' સુરેશે કડવાશથી કહ્યું.

બધાં પળવાર સ્તબ્ધ થઈ ગયાં. સુરેશે આટલી બધી કડવાશ ક્યાં સંઘ રાખી હશે તે જ કોઈ ન સમજી શક્યું.

'હવે એક વાત કહું?' કનુભાઈએ કંઈવારે પૂછ્યું.

'કહોને!'

'માઠું ન લગાડતા.'

'ના–ના, મારામાં કટાક્ષ જીરવવાની શક્તિ છે: સામો જવાબ વાળવાની પણ

'સારૂં તો સાંભળો!' કનુભાઈએ બેપરવાઈપૂર્વક કહ્યું: 'જિંદગીભર પાંચ પાંચ સાત–સાત રૂપરડીનાં ટ્યુશનો ભણાવી, જીવનમાં કદી લક્ષ્મીનો સહારો પામતા ભીખારડાઓ જ પૈસાને વગોવે છે. પૈસો ખરાબ વસ્તુ છે એમ બોલવાને હક જેણે પૈસો જોયો હોય તેને જ હોવો ઘટે.'

ચર્ચામાં જે ઉશ્કેરાટ પેદા થયો હતો તેથી બધાંનાં મન ઉચક થઇ ગયાં. કોઈ લાગ્યું. કે આ ચર્ચા આગળ ચાલશે, તો તેનું પરિણામ વિપરીત આવશે.

'સુરેશભાઇ, જવાદો ને વાત !' મુક્તાએ કહ્યું.

'ના–ના, તેનું કંઇ નહીં !' સુરેશે હસતાં કહ્યું: 'કનુભાઇએ સાચું કહ્યું, પણ...'

'મૂકોને ચર્ચા !' મુક્તાએ કહ્યું.

'બસ, એક જ વાત કહી દઉં !' સુરેશે કહ્યું, 'કનુભાઇ, હું તમારી વાત સ્વીકારૂં છું. હું જ્યાંસુધી તમારા જેટલા પૈસા નહીં રળું ત્યાંસુધી તમારી સાથે પૈસાને લગતી કોઇ ચર્ચા નહીં કરૂં. મહેરબાની કરી તમે 'એમ એ.' ન થાઓ ત્યાંસુધી મારી સાથે કેળવણી બાબત એક શબ્દ પણ ન બોલશો.'

બધાં ઉભાં થઇ ગયાં. સુરેશ ત્યાંથી ખસી ગયો. લગ્નનો રંગ છેલ્લે છેલ્લે જરા બગડી ગયો.

સુરેશે કનુભાઇ સાથેની તકરારની વાત જ્યારે ઘેર આવી ઉપમાને કહી ત્યારે તે ગુસ્સાથી લાલ બની ગઈ.

●

૧૯ : પગારવધારો

રજાઓ પૂરી થતાં પાછું દડસદનું જીવન શરૂ થયું : ઉપમા, સુરેશ, શારદાન, ત્રિવેદી અને છોટુ પાછાં પ્રેમપૂર્વક મળ્યાં. સુરેશ એમ. એ. માં પ્રથમ વર્ગમાં આવ્યો હતો, તો છોટુએ મેટ્રિકમાં ઊંચે નંબરે પાસ થઈ નામના મેળવી હતી.

'આપને અધ્યક્ષ સાહેબ યાદ કરતા હતા.' પુનાએ સુરેશને કહ્યું.

પુનો સુરેશનો ખાસ માણસ થઇ ગયો હતો. શાળા અને ગામની નવાજૂની સુરેશ તેની મારફત જાણી લેતો. વાર–પરબે પુનાને સુરેશ તરફથી આઠ આના મળતા એ આઠ આનામાં તો પુનો ઘણી વફાદારીપૂર્વક સુરેશની સેવા બજાવતો. બીજા શિક્ષકો કહી કહીને થાકે તો ય દાદ ન દેતો પુનો સુરેશનો બોલ પડતાં દોડીને તેનું કામ કરી આવતો. સાકરલાલભાઈએ સુરેશને જરા યાદ કરતાં તે સુરેશ પાસે પહોંચી ગયો હતો.

'આજે સાંજે હું જઇ આવીશ.' સુરેશે કહ્યું.

નિશાળ ચાલૂ થયાં ત્રણ દિવસ થયા હતા.

'ઠીક, સાહેબ !' કહી પુનો ઉભો થયો.

'હાં–હાં !' સુરેશને યાદ આવતાં તે બોલ્યો, 'ઉપમા, પુનાએ મંગાવેલ સૂડી તો તને યાદ રહી છે ને !'

'હા !' ઉપમાએ બહાર આવતાં કહ્યું: 'પુનાભાઇ આવ્યા છે કે? તેમની સૂડી તૈયાર જ છે.'

સુરેશ પાસેથી સૂડી મેળવી પુનો ખુશખુશ થઈ ગયો. ઉપમાના પિયરની વખણાતી સુડી વાપરવાનો પુનાનો શોખ પૂરો થયો. સુરેશને લળીલળીને સલામો ભરતો તે ગયો.

'સાકરલાલભાઇ મને બોલાવે છે.' સુરેશે ઉપમાને કહ્યું.

'તો જઈ આવવું' ઉપમાએ કહ્યું.

'શા માટે બોલાવતા હશે?'

'એમાં નવાઇ પામવા જેવું શું છે? એક વર્ષે તમને બોલાવે નહીં?'

સાંજે નિશાળમાંથી છૂટી સુરેશ સીધો સાકરલાલભાઇ પાસે ગયો.

'પધારો, સુરેશભાઇ !' સાકરલાલભાઇએ ઉમળકાભેર કહ્યું: 'તમે તો કોઇ દિવસ દેખાતા ય નથી !'

'વિના પ્રયોજન આપનો સમય ક્યાં બગાડવો?' સુરેશે કહ્યું.

'તમારાં કામથી અમને બધાને સંતોષ થયો છે.'

'આપનો સંતોષ મારે મન મોટી વાત છે.' સુરેશે કહ્યું.

'તમે શિક્ષણકાર્યમાં જે તદ્રુપતા સાધો છો તે પ્રશંસનીય છે.' સાકરલાલભાઇએ કહ્યું: 'હવે મારે તમને એક કામ સોંપવું છે.'

'આપને?'

'કેમ, હું તમને કામ ન સોંપી શકું?' સાકરલાલભાઇએ હસતાં પૂછ્યું.

'તમે ફરમાન કરી શકો છો.'

'મારા પુત્ર–જયંતિને તમે ખાનગી ભણાવો એવી મારી ઇચ્છા છે. બોલો, એ બદલ શું લેશો?'

'લેવાનું શું હોય?'

'એનો અર્થ એ થયો કે તમે ભણાવવા નહીં આવો.'

'ના–જી ! જયંતિભાઈને ભણાવવા હું જરૂર આવીશ. પણ વેતન કંઈ નહીં લઉં.'

'વિના વેતન મારાથી કામ લઇ શકાય કે?' સાકરલાલભાઇએ 'મારાથી' શબ્દ પર ભાર મૂકી કહ્યું.

'વેતન લેવામાં એક મુસીબત ઊભી થાય તેમ છે.' સુરેશે કહ્યું.

'શી?'

સુરેશે નગીનદાસના અર્ધા ભાગની વાત કરીને ઉમેર્યું,' એટલા માટે તો હું કોઇને ખાનગી ભણાવતો નથી. છોટુભાઈ પાસેથી પચીસ રૂપિયા મળેલા તે પણ

ગરીબ વિદ્યાર્થીઓનાં પુસ્તક ફંડમાં આપી દીધા. મહેનત હું કરૂં અને હેડમાસ્તર તેમાંથી ભાગ પડાવી જાય એવો અન્યાય હું કેમ કબૂલું ? એ મને ન ફાવે. હું કાંઇ ગર્ભશ્રીમંત નથી. પૈસાની મને ઘણી જરૂર છે. પણ નગીનભાઇની શરતે ખાનગી ભણાવવા તૈયાર નથી.'

'સારૂં ત્યારે !' સાકરલાલભાઇએ કહ્યું: 'મારા ઘરથી તમારા બંડની શરૂઆત કરો. વેતન લેજો અને નગીનદાસને ભાગ ન આપજો. જોઇએ તો ખરા એ શું કરે છે ?'

સુરેશે જયતિને ખાનગી ભણાવવા જવાનું શરૂ કર્યું. હેડમાસ્તરની આંખો ચાર થઇ ગઇ. શાળાસમિતિના અધ્યક્ષ પોતે ઊઠીને સુરેશને આટલું બધું મહત્ત્વ આપે એ નગીનદાસને ન ગમ્યું. પણ તેમાં એમનો ઉપાય શો ? બીજો કોઇ હોત તો તેને ધમકાવી શકાત કે, 'સુરેશને રાખ્યો તો છે ભણાવવા, પણ છોકરો નાપાસ થશે.' સાકરલાલભાઇને એ ધમકી કેમ આપી શકાય ?

આ રીતે સુરેશ સામે સીધી લડત ચલાવવા અસમર્થ થયા એટલે નગીનદાસે આડકતરી ખટપટ શરૂ કરી. જગુભાઇ તેમ જ લેમાનને સાધી તેણે સુરેશનો પગાર–વધારો અટકાવવાના પ્રયત્નો આદર્યા.

શાળા સમિતિની બેઠક મળી. શરૂઆતમાં થોડાં કામ પતાવ્યા પછી સુરેશને પગારવધારો આપવાનો પ્રશ્ન આવ્યો.

'કોણ છે એ સુરેશ ?' સુલેમાનના ભાઇ–ઈસ્માઇલે પૂછ્યું.

'તમે એને નથી ઓળખતા ?' જગુભાઇએ વ્યંગમાં કહ્યું.

'ના–રે ! હું તો એને દીઠો ઓળખું ય નહીં' ઇસ્માઇલે કહ્યું.

'એટલા નસીબદાર છો.'

'કેમ ?'

'એ નામદાર જેને મળે છે તેનું એવું તો અપમાન કરે છે કે સામો માણસ જિંદગીભર યાદ કરે !'

'એવો બધો તોછડો છે ?'

'પૂછજો ને સુલેમાનભાઇને !' જગુભાઈએ કહ્યું.

'એવા નાલાયકને નોકરીમાં શા માટે રાખ્યો છે ?' ઇસ્માઇલે પૂછ્યું.

'એ વાત આપણા અધ્યક્ષ મહાશયને પૂછો !' જગુભાઇએ કહ્યું.

'તમને આ માસ્તર કેવો લાગે છે ?' ઈસ્માઇલે સાકરલાલભાઇને પૂછ્યું.

'ઉત્તમ !' સાકરલાલભાઇએ ભારપૂર્વક કહ્યું.

'આપણે હેડમાસ્તરને પૂછી જોઇએ તો વધુ ઠીક !' જગુભાઈએ કહ્યું: 'નગીનભાઇને માસ્તરનો ખરો અનુભવ હોય'

'એમાં નગીનદાસને શું પૂછવાનું છે?' સાકરલાલભાઇએ કહ્યું. જગુભાઇની ચાલબાજી તે સમજી ગયા હતા. નગીનદાસ સુરેશ માટે ખરાબ અભિપ્રાય આપે તે દેખીતું હતું.

'પૂછવામાં આપણું શું જાય છે?' જગુભાઈએ કહ્યું.

'સારૂં! તો બોલાવો નગીનદાસને!' સાકરલાલભાઇએ કહ્યું.

થોડીવારે નગીનદાસ આવ્યા.

'તમારી નિશાળમાં કોઇ સુરેશ નામે શિક્ષક છે?' જગુભાઇએ નગીનદાસને પૂછ્યું.

'હા–જી!'

'શાળા સમિતિના સભ્યોને લાગે છે કે એ ભાઇ ઉદ્ધત છે. તમારે એ બાબત શું કહેવાનું છે?'

'હું સમિતિના અભિપ્રાય સાથે સંમત છું.'

'બરાબર છે!' ઈસ્માઈલ ગાજી ઊઠયો: 'એ માસ્તરને બરતરફ કરો.'

'નગીનદાસ!' સાકરલાલભાઇ ગંભીર સ્વરે બોલ્યા: 'હવે મારા પ્રશ્નોના તમે જવાબ આપો!'

'જી!' નગીનદાસે કહ્યું.

'સુરેશ આવ્યા પછી શાળાના ભણતરનું ધોરણ ઊંચું આવ્યું છે કે નહીં? વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે કે નહીં?' સાકરલાલભાઇએ પૂછ્યું:

'હા–જી! પરિણામ સંતોષજનક આવે છે. પણ તોફાનો ય વધ્યાં છે.'

'સુરેશે તમારી સમક્ષ તોફાનો માટે કેટલી વખત ફરિયાદ કરી?'

'એક પણ વખત નહીં.'

'તો પછી તેના આવવાથી તોફાન વધ્યાં એમ કેમ કહો છો?'

'જેમ આપ તેના આવ્યાથી ભણતર સુધર્યું કહો છો એમ.' નગીનદાસે નફ્ફટાઇપૂર્વક કહ્યું: 'ખરી વાત તો એમ છે, સાહેબ! કે ભણતર સુધર્યું તે માટે બધા શિક્ષકો મહેનત કરે છે. એકલા સુરેશને બધો જશ આપી દેવાનું યોગ્ય ન ગણાય.'

'સારૂં!' સાકરલાલભાઇએ કહ્યું: 'સુરેશ મેટ્રિકમાં કયા કયા વિષયો લે છે?'

'અંગ્રેજી ગુજરાતી અને ગણિત.'

'એ ત્રણ વિષયોમાં આ વર્ષે કેટલા નાપાસ થયા?'

'એક પણ નહીં.'

'અને છતાં તમે કહો છો કે સુરેશે ભણતરનું ધોરણ નથી સુધાર્યું!' સાકરલાલભાઈ ગરજ્યા. બધા શાંત થઇ ગયા.

'ભાઇઓ !' સાકરલાલભાઇએ કંઇ વારે કહ્યું, 'આપ સૌ આ બાહોશ શિક્ષક વિરૂદ્ધ ખોટા દોરવાઇ ન જશો. આ સુરેશે છોટુ જેવા તોફાની છોકરાને આખી યુનીવરસીટીમાં બીજે નંબરે લાવી દીધો છે. હું કબૂલ કરૂં છું કે એ જરા ઉતાવળિયો છે. યુવાન છે ને ! પણ તેની ઉતાવળમાં ય એ સામાન્ય વિવેક તો નથી જ ભૂલતો તેવો મારો અનુભવ છે. તેને રૂ. ૬૦) નો માસિક પગાર આપવાનું લખ્યા પછી, જ્યારે તે અહીં આવ્યો ત્યારે મેં તેને પચાસ રૂપિયા આપવાની વાત કરી, એ વખતે ય તેણે મારી સાથે તોછડાઇ નહોતી કરી. હું નગીનદાસને પૂછું છું કે, સુરેશે તેમની સાથે શી તોછડાઈ કરી ? નગીનદાસ શિક્ષકોની ખાનગી આવકમાંથી ભાગ પડાવવાની વૃત્તિ સેવે તેની સામે કોઇ પોકાર કરે તેને તો આપ સૌ તોછડાઇ નહીં જ કહો !'

નગીનદાસ ઊંચાનીચા થવા લાગ્યા.

'કેમ, નગીનદાસ !' સાકરલાલભાઇએ પૂછ્યું: 'તમારે કંઈ કહેવાનું છે ? તમે ગરીબ શિક્ષકોનાં ટ્યુશનમાંથી ભાગ નથી પડાવતા ?'

નગીનદાસ સ્તબ્ધ થઇ ગયા. શાળાસમિતિની બેઠકમાં તેમની આવી ફજેતી થાય એ તો તેમણે કદી કલ્પ્યું ન હતું.

'અને જગુભાઈ !' સાકરલાલભાઇએ કહ્યું, 'તમે તમારે ઘેર આવનારનું અપમાન કરવા બેસો તો તમારે અપમાન સહેવું ય પડે !'

એ પછી સાકરલાલભાઇએ પુસ્તક–ફંડવાળો પ્રસંગ વર્ણવી બતાવ્યો અને કહ્યું: 'પરિણામે ગરીબ વિદ્યાર્થીઓને જ નુકસાન ગયું. એ ભાઇ પછી ક્યાં ય ગયા જ નહીં. મારી પાસે પણ ન આવ્યા.' સુલેમાનની ડખલગીરીની વાત પણ તેમણે કહી અને અન્તમાં ઉમેર્યું: 'હું તો દડસદને ભાગ્યશાળી માનું છું કે તેને સુરેશ જેવો શિક્ષક સાંપડયો છે. સુરેશ તો દૂઝણી ગાય છે. તેના પાટુયે સારી. સુરેશ આવ્યા પછી આપણા છોકરાઓના રંગઢંગ બદલી ગયા છે એ તમે નથી જોઈ શકતા ? આજસુધી કોઇ નથી મેળવી શક્યું એવું માન તેણે એમ. એ.માં મેળવ્યું છે. લેખક તરીકેની તેની નામના ચારેકોર પ્રસરી રહી છે. આપણે તો આવો શિક્ષક આપણી નાની શાળામાં હોય તેને ગૌરવની વાત માનવી જોઇએ. વારંવાર સુરેશ નથી મળી શકતા. તેનો પગારવધારો અટકાવીને તમે તેને કુણો પાડી શકો એ ખ્યાલ મનમાંથી કાઢી નાખજો. આ નોકરી છોડી દેતાં તેને કેટલી વાર ! એને તો બીજે નોકરી મળી જશે: આપણને બીજો સુરેશ નહીં મળે. હું તો દરખાસ્ત મૂકું છું કે આપણે સુરેશને પંદર રૂપિયા પગારવધારો

આપવો. જો સમિતિને મારામાં શ્રદ્ધા હોય તો આ પગારવધારો મંજૂર કરે. અને જો તમને મારામાં શ્રદ્ધા ન હોય તો આ પગારવધારાની ના કહી તમે મારૂં રાજીનામું મંજૂર કરજો.'

સાકરલાલભાઇનાં વક્તવ્યે સમિતિના સભ્યો પર જાદુઇ અસર કરી. જગુભાઇ ને નગીનદાસ ચૂપ થઇ ગયા. ઇસ્માઇલમાં તો લાંબી ચોડી વાત કરવાની શક્તિ જ ક્યાં હતી? સુરેશનો પગારવધારો મંજૂર થયો. સાકરલાલભાઇની જીત થઇ.

માથું ખંજવાળતા નગીનદાસ ને જગુભાઇ સમિતિની બેઠક પૂરી થતાં બહાર નીકળ્યા.

●

૨૦ : રાજીનામું

વળી દડસદ શાળાનું ગાડું રૂઢ ચીલામાં ચાલવા લાગ્યું. સુરેશનો ભાવ વધી ગયો હતો. ખુદ સાકરલાલભાઇએ તેનો પક્ષ ખેંચ્યો હતો, એટલે અન્ય શિક્ષકો હવે તેની સાથે સારાસારી રાખવા મથતા. નગીનદાસ હલકા પડયા હતા. સુરેશ જો તેના ટ્યુશનમાંથી નગીનદાસને અર્ધો ભાગ ન આપે તો શિક્ષકોએ રળીરળીને શા માટે તેમનાં ગજવાં ભરવાં જોઇએ?'

'સુરેશભાઇ,' શિક્ષકો કહેતાઃ 'તમે તો ગરીબ માસ્તરોના ઉદ્ધારક નીકળ્યા!'

'કોઇ કોઇનો ઉદ્ધાર કરી શકે એ વાત હું માનતો નથી.' સુરેશ કહેતો.

'હા–હા! તમે નગીનભાઇ સામે જેહાદ ન જગાવી હોત તો અમારો ઉદ્ધાર કોઇ દિવસ થાત ખરો કે? સવારથી સાંજસુધી માથામાં એક મણ ધૂળ ઘાલિયે ત્યારે પાંચ–પચીસ રૂપિયા મળે, તેમાંથી નગીનભાઇનો ભાગ આપતાં ઘણી આંખો ચાર થઈ જતી, પણ ના કહેવાની હિંમત ન ચાલતી.'

'હજી ય ભૂલી જાઓ કે મેં તમારા પર કોઇ ઉપકાર કર્યો છે. સિદ્ધિ સ્વપ્રયત્નથી જ સાંપડે. બીજાનું અપાવેલું ઝાઝું ટકતું નથી. મેળવેલ કે મળેલ અધિકાર માણવાની શક્તિ અંતરમાંથી સ્ફુરવી જોઇએ. નગીનભાઈના દાખલા પરથી ધડો લઇ આત્મશ્રદ્ધા નહીં કેળવો તો કાલે વળી કોઇ બીજા જુલ્મના ભોગ બનવું પડશે.'

'અમે તો તમારી ઓથેઓથે ટકી રહેવા મથીશું'

'મારી ઓથે આવતાં ય તમે ડરશો, જે દિવસે મને સત્તાવાળાઓની સામે ઊભેલો જોશો તે દી! હજી ગઇ કાલ સુધી આપણા જ ભાઇઓ નગીનભાઇને રૂડું

મનાવવા મારી વિરૂદ્ધ ખટપટ કરતા તે ભૂલી જાઓ છો ? આજે નગીનભાઇ જરા પાછા પડયા છે એટલે તમે મારે આડે ચઢી બેઠા છો. આવા અડુકદડુકવેડાથી જીવનમાં કોઇ જ ધ્યેય નથી સાધી શકાતું એ વાત આપણે શિક્ષકો નહીં સમજીએ તો કોણ સમજશે ?'

શિક્ષકો સુરેશનું વ્યાખ્યાન સાંભળતાં ચૂપ થઇ જતા, અને વાત બીજા વિષય પર વાળી દેતા.

'સુરેશભાઇ !' વર્ષ વીતવા આવ્યે એક દિવસ નગીનદાસે સુરેશને બોલાવી કહ્યું.

'જી !'

'યાદ છે તમે ત્રિવેદી માટે મારી સાથે લડવા આવ્યા'તા એ દિવસ ?'

'હા–જી !'

'ત્યારે ટયુશનના મારા ભાગ માટે મેં શું કહ્યું હતું તે ય યાદ છે ને ?'

'આપ આપનો ભાગ મેળવવા માટે ઘણા મક્કમ હતા.'

'તમે મારી સામે ખુલ્લું બહારવટું ખેલ્યું. મેં ય મારી રીત મુજબ તમને ઉખેડી નાખવા મારાથી બનતા પ્રયત્ન કરી જોયા. તમારૂં બહારવટું સફળ થયું. મારી માથાકૂટ એળે ગઇ. હવે મારે શું કરવું એ બાબત તમે સલાહ આપી શકશો?'

'આપને સલાહ આપવાની લાયકાત મારામાં કદાચ નહીં હોય, છતાં ય આપ પૂછો તો કહું છું કે, આપે મોટું મન રાખવું ઘટે.'

'સુરેશભાઇ, આવા પ્રસંગે મોટું મન નથી રાખી શકાતું. તમારી ધ્યેયનિષ્ઠા હું સમજી શકું છું. તમને દુશ્મન તરીકે ય હું નિભાવી શકું. પણ ગઇ કાલ સુધી મારી ખુશામત કરતાં જેનાં ગળાં સુકાઇ જતાં હતાં એ પંતુજીઓના કટાક્ષ મારાથી સહન નથી થતા. એટલે તો મેં નિર્ણય કરી લીધો છે.'

'શો ?'

'રાજીનામું આપવાનો.'

'આ ઉંમરે ?' સુરેશે સાશ્ચર્ય પૂછ્યું, 'હવે નોકરી માટે અરજીઓ કરવાનું આપને ફાવશે ?'

'એ તો જોયું જશે. પણ હું રાજીનામું આપું એ પછી મારી જગ્યાએ તમે આવો એ જોવા હું ઉત્સુક છું. તમને હું મારાથી બનતી મદદ કરીશ.' નગીનદાસે કહ્યું.

'પાડ આપનો ! પણ મારે લીધે તમે રાજીનામું આપશો તેથી મને દુ:ખ થશે.'

'મારે માટે બીજો ઉપાય જ નથી.'

નગીનદાસના રાજીનામાની વાત એકદમ ફેલાઇ ગઇ. સુરેશે નગીનદાસના માનમાં મોટો સમારંભ ગોઠવવાનું નક્કી કર્યું. સુરેશની આગેવાની નીચે વિદ્યાર્થીઓએ સારૂં એવું ફંડ એકઠું કર્યું. નગીનદાસને ઘણું ભવ્ય વિદાયમાન મળ્યું. શાળાની ને ગામની વિદાય લેતાં નગીનદાસે છડેચોક સૂચન કર્યું કે, સુરેશભાઇના હાથમાં શાળાનું સુકાન મૂકીને જતાં મને હર્ષ થાય છે. સુરેશભાઇ જુવાન છે, ચતુર છે, અને પ્રેમાળ છે। તેમનો તમે બધા પૂરતો લાભ લેજો.'

નગીનદાસભાઈએ ખુલ્લું સૂચન કર્યા છતાં શાળાસમિતિ સુરેશને હેડમાસ્તરની પદવીએ સ્થાપવા તૈયાર નહતી. ગઇએ તો હજી ય સુરેશના પગારમાં પચીસ રૂપિયા વધારો કરવા તેઓ તત્પર હતા, પણ સુરેશસમા છોકરાને શાળાનું તંત્ર સોંપી દેવા સભ્યો તૈયાર ન હતા.

વળી શાળા સમિતિની બેઠક મળી. નવા હેડમાસ્તર કોને નીમવા એ નક્કી કરવાનું હતું. દરેક સભ્યને પોતાના કોઇ ને કોઇ ઓળખીતાને એ જગ્યા પર મૂકવો હતો. સાકરલાલભાઇને પણ પોતાના એક સગાને એ જગ્યાએ નીમવાની મુરાદ હતી.

'અત્યારે કોણે હેડમાસ્તરની જગ્યાનો ચાર્જ લીધો છે?' જગુભાઇએ પૂછ્યું

'અત્યારે તો સુરેશભાઇ કામ ચલાવે છે.' સાકરલાલભાઇએ કહ્યું.

'તમારો શો વિચાર છે?'

'કઇ બાબત?'

'સુરેશભાઇને કાયમી કરવા છે?'

'સુરેશભાઇ ગમે તેટલા બાહોશ છતાં આવી મોટી જવાબદારી ઉપાડવા માટે હજી નાના ગણાય, એમ મને લાગે છે.' સાકરલાલભાઇએ કહ્યું.

'ખરૂં છે.' ઇસમાઇલે કહ્યું: 'હેડમાસ્તર તે ટોપીવાળો શોભે કે પાઘડીવાળો?'

'નિશાળમાં ભણાવવું એ જુદી વાત છે, અને શાળાનું તંત્ર ચલાવવું એ જુદી વાત છે. હેડમાસ્તર તો ઠરેલ બુદ્ધિનો હોય તો જ ઠીક પડે!' જગુભાઇએ કહ્યું.

સર્વાનુમતે સુરેશને હેડમાસ્તર ન નીમવો એમ નક્કી થયું.

પછી દરેક સભ્યે પોતાના લાગતાવળગતા ઉમેદવારનો ચાલાકીપૂર્વક પક્ષ ખેંચવાનું શરૂ કર્યું. જબરી ખેંચાખેંચ મચી રહી. પણ અંતે સાકરલાલભાઇ ફાવ્યા, અને નગીનદાસની જગ્યાએ વેણીભાઇ શાહની નિમણુક કરવામાં આવી.

વેણીભાઇ બી. એ. એસ. ટી. સી. હતા. પંદરેક વર્ષથી નડિયાદની એક હાઇસ્કૂલમાં તે હતા. તેમને અનુભવી ગણીને નીમવામાં આવ્યા.

વેણીભાઈ ભલા માણસ હતા. વ્યવસ્થાશક્તિ તેનામાં નહોતી. શિક્ષક તરીકે પણ તે બહુ સફળ ન ગણાય, પણ સાકરલાલભાઈએ સૌ સભ્યોને એક યા બીજી

રીતે સમજાવી–ફોસલાવી, કે ભવિષ્યમાં કોઈ બીજા પ્રશ્ન પર લાભ કરી દેવાનું વચન આપીને વેણીભાઇની નિમણુક કરાવી દીધી.

આ રીતે સ્થાનિક–સ્વરાજ્યનો અમલ થઇ રહ્યો હતો. આ રીતે લોકોના પવિત્ર મત મેળવીને મ્યુનિસિપાલિટીમાં લોકહિત કરવા ચૂંટાએલા સભ્યો પોતાની જાહેર ફરજ અદા કરી રહ્યા હતા. આ રીતે મામા–ફઇનાને માટે ઊંડી ને ભેદી ખટપટો રમાઇ રહી હતી. નોકરશાહીના દુર્ગુણો લોકશાહીમાં ઘટવાને બદલે ક્યારેક તો વધારે વિકૃત બન્યા હોય તેવું જણાતું હતું. થોડા વખત પહેલાં સુરેશની શક્તિનાં મોઢે વખાણ કરનાર સાકરલાલભાઇએ અત્યારે તેને શાંતિપૂર્વક બાજુમાં હડસેલી દીધો. માથે ટોપી મૂકવાથી વ્યવસ્થાશક્તિ કુંઠિત થઇ જાય, અને પાઘડી મૂકવાથી વ્યવસ્થાશક્તિ ખીલી ઊઠે એવી મૂર્ખ વાત તો કોઇ માનતું ન હતું. પણ એ દલીલની ઓથે સુરેશને ગબડાવી શકાય તેમ હોવાથી બધાએ લવલેશ વાંધા વિના એ દલીલ સ્વીકારી લીધી. એ દલીલમાં સત્યનો અંશ પણ હોય તો પીટ કદી ઈંગ્લાંડનો વડોપ્રધાન નહોતો થવો જોઇતો. પણ શહેર–સુધરાઈના કામમાં કોઇ લાંબી અક્કલ ચલાવવા નથી બેસતું. 'સુધરાઇની ખુરશી મેળવ્યા છતાં આપણાં સગાંઓને આપણે થોડોઘણો લાભ ન અપાવી શકતા હોઇએ તો એવી ભાઇની પરવાઇ કરે કોણ?' એ હતી ઘણાખરા સભ્યોની વિચારસરણી. એ વિચારસરણીને દોરે ચાલતું હતું સુધરાઇનું તંત્ર!

'સુરેશભાઇ,' બીજે દિવસે સુરેશ જયંતિને ભણાવવા આવ્યો ત્યારે સાકરલાલભાઇએ મિઠાશથી કહ્યું, 'નવા હેડમાસ્તર નિમાઈ ગયા.'

'કોણ નિમાયું?'

'નડિયાદવાળા વેણીભાઇ શાહ બહુ ભલા માણસ છે. અનુભવી પણ છે.'

'શાહ તો માત્ર બી. એ. જ છે, કાં?' સુરેશે પૂછ્યું.

'હા; એસ. ટી. સી. પણ છે.'

'હં!' કહી સુરેશ શાંત થઇ ગયો.

'કેમ, તમને એમની સાથે ફાવશે ને?'

'મારે જરા વિચાર કરવો પડશે.'

'એમાં વિચારવાનું શું છ? વેણીભાઇ ઘણા સારા માણસ છે. તમારી સાથે મળીને જ કામ કરશે.'

'હું નગીનભાઇ નીચે કામ કરી શકું. વેણીભાઇ નીચે રહેવાં મને ક્ષોભ થાય.'

'એમાં ક્ષોભ શું?'

'એ હું આપને વિચારીને કહીશ.' સુરેશે તેમની રજા લીધી.

વેણીભાઇ દડસદમાં આવી સાકરલાલભાઇ પાસેથી સીધા સુરેશ પાસે ગયા.

'સુરેશભાઇ,' વેણીભાઇએ નરમાશથી કહ્યું: 'આવતી કાલે હું લોક-નજરે તમારી પાસેથી હેડમાસ્તર તરીકેનો ચાર્જ લઇશ, પણ વાસ્તવિક રીતે તો તમારે જ શાળાની વ્યવસ્થા સંભાળવાની રહેશે. તમારા એ કામમાં હું જરાય ડખલ નહીં કરૂં.'

'આપની એટલી ઉદારતા માટે આભાર! પણ હું હવે શાળાની વ્યવસ્થામાં માથું નહીં મારી શકું.' સુરેશે કહ્યું.

'કેમ?'

'કદાચ હું દડસદની શાળામાં ન પણ રહું.'

'તમે ન હો તો તો હું પાંગળો બની જઉં.'

'મેં હજી કંઇ નિર્ણય નથી કર્યો. એકાદ બે દિવસમાં કંઇ નક્કી કરી આપને જણાવીશ.'

મીઠી મીઠી વાતો કરી વેણીભાઇ ગયા.

શાળામાંથી રાજીનામું આપવાનું નક્કી કર્યા પહેલાં સુરેશે છોટુને બોલાવ્યો. છોટુ ફર્સ્ટ ઇયર પાસ થઇ ગયો હતો. હવે તેનો વિચાર હિંદમાં ભણવા કરતાં લન્ડન જવાનો હતો. લન્ડન મેટ્રિકની પરીક્ષા આપી તે બી. એસ સી. થવા માગતો હતો. તેણે સુરેશને પણ એકાદ વર્ષ પોતાની સાથે આવવા આગ્રહ કર્યો.

'પણ પૈસાનો જોગ ક્યાંથી કરવો?' સુરેશે કહ્યું.

'મામા પાસેથી લોન મળી શકશે.'

'ખરી મૂઝવણ ઊભી થઇ છે.'

'મને આમાં કંઇ મૂંઝવણ જેવું નથી લાગતું.' છોટુએ કહ્યું: 'તમે જિંદગી-ભર દડસદમાં સડયા કરો તેનો અર્થ શો? તમ સરખા પ્રતિભા આમ વેડફાઇ જાય તે ઠીક નહીં. એક વાર લન્ડન તો આવો જ! પછી પડશે તેવા દેવાશે.'

બંને કંઈ નિર્ણય ન કરી શકયા.

'તમે હમણાં ખૂબ ચિંતામાં રહો છો.' ઉપમાએ કહ્યું: 'એમાં મુંઝાવા જેવું શું છે?'

'ઉપમા,' સુરેશે કહ્યું, 'ઘણો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયો છે અહીંથી રાજીનામું આપવું પડે તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે, છોટુભાઈ મને તેમની સાથે લન્ડન જવાનો આગ્રહ કરે છે. હું કંઇ નિર્ણય કરી શકતો નથી. હું તો મુંઝાઇ ગયો છું. તારો શો મત પડે છે?'

ઘણી લાંબી વાટાઘાટને અંતે સુરેશે દડસદ છોડી ઇંગ્લાંડ જઇ આવવું, અને ઉપમાએ એટલો વખત નવાપુર રહેવું એમ નક્કી થયું.

સાકરલાલભાઇ ફરી વખત સુરેશને મળ્યા ત્યારે તેમણે પૂછ્યું: 'કાં, વેણીભાઇ તમને મળ્યા હતા કે ?'

'હા—જી !'

'તેમને બનતી મદદ કરજો !'

'જી, હું તો જઉં છું'

'ક્યાં ? ક્યારે ?'

'મેં ઇંગ્લાંડ જવાનું નક્કી કર્યું છે. આ મારૂં રાજીનામું !' સુરેશે રાજીનામાનો કાગળ સાકરલાલભાઇને સોંપ્યો.

'મને લાગે છે કે તમે ઉતાવળ કરો છો, તમે કહેતા હો તો હું તમારો પગાર વેણીભાઇ જેટલો જ કરી આપું, પણ તમે રાજીનામું પાછું ખેંચી લો !'

'ઘણા વિચારને અંતે મે દડસદ છોડવાનો નિર્ણય કર્યો છે । કદાચ આમાં જ મારૂં હિત સમાયું હશે.'

સાકરલાલભાઇએ ઘણો આગ્રહ કર્યો છતાં, સુરેશ તેના નિર્ણયમાંથી ડગ્યો નહીં. દડસદની શાળાએ થોડા જ વખતમાં નગીનભાઇ અને સુરેશ બંનેને ગુમાવ્યા.

સાકરલાલભાઈ વેણીભાઇને લાવવાની ઉતાવળમાં પોતાને હાથે થઇ ગયેલી ભૂલ સમજ્યા. પણ હવે કંઇ ઉપાય ન હતો. ખરા હૃદયપૂર્વક તેમણે સુરેશની વિદાય-મિજલસમાં તેને સફળતા ઇચ્છી.

સુરેશને દડસદ, ત્રિવેદી, શારદાબેન વગેરેને છોડતાં દુઃખ તો થયું, પણ એમને છોડવામાં જ તેનો ભાવિવિકાસ સમાયો હતો. ભારે હૈયે તેણે એ બધાંની વિદાય લીધી.

●

૨૧ : ગુરૂકુળ

સુરેશ ટી ડી થઈને પાછો ફર્યો. વિલાયતની ઉપાધિ મેળવ્યા પછી સુરેશનું માન વધી ગયું.

વેણીભાઇ દડસદની શાળામાં નિષ્ફળ નીવડયા હતા. વિદ્યાર્થીઓને તે સંતોષી નહોતા શક્યા. શાળાની શિસ્ત કથળી ગઇ હતી. ભણતર ખાડે ગયું હતું. વિદ્યાર્થીઓની સંખ્યામાં જબ્બર ઘટાડો થયો હતો.

સુરેશ દેશમાં પાછો આવ્યો કે તરત જ સાકરલાલભાઈએ તેને દડસદમાં હેડ-માસ્તર તરીકે આવી જવા પત્ર લખ્યો. સુરેશે જવાબ વાળ્યો કે, 'હું તો હજી ય ટોપી જ પહેરૂં છું, એટલે આપની શાળાનું તંત્ર શી રીતે સંભાળી શકું !'

બે ચાર બીજી જગ્યાએથી ય સુરેશ માટે માગણીઓ આવી હતી, તેમાંથી સુરેશે મહીતટે આવેલા એક ગુરૂકુળમાં મુખ્ય—આચાર્યની પદવીનો સ્વીકાર કર્યો.

ગુરૂકુળમાં વિદ્યાર્થીઓને રહેવાભણવાની સગવડ હતી. પ્રાચીન આર્યોના વૈદિક સિદ્ધાંતાનુસાર ગામથી દૂર, એકાંતમાં, શાંત-રમ્ય કુદરતને ખોળે, મહી નદીને કાંઠે ગુરૂકુળનાં મકાનો બાંધવામાં આવ્યાં હતાં.

ગુરૂકુલનો આદર્શ ભવ્ય હતો. વિદ્યાર્થીઓને સંપૂર્ણ બ્રહ્મચર્યપાલન ઉપરાંત સ્વાશ્રય, સાદાઈ અને આસ્તિકતાની કેળવણી આપવાનો એ ગુરૂકુળનો આદર્શ હતો. નજીકમાંનજીકનું શહેર ગુરૂકુળથી દશ માઇલ દૂર હતું. એટલે બ્રહ્મચારીઓને શહેરના ઝેરી પવનની અસર થવાનો સંભવ નહીંવત્ હતો, એમ વ્યવસ્થાપકો માનતા.

મહી નદીનું સાન્નિધ્ય બ્રહ્મચારીઓમાં બળ ને બુદ્ધિ પ્રેરતું એવો ગુરૂકુળનો દાવો હતો. પણ જુજજાજ વિદ્યાર્થીઓને જ તરતાં આવડતું એ વાત કદી ગુરૂકુળના અહેવાલોમાંથી ન મળતી. હા, એક વાત એ અહેવાલોમાંથી મળી આવતી. વર્ષો પહેલાં આશ્રમના કોઇ ગૃહપતિ શાળાના કોઇ છોકરાને ડુબતો બચાવવા જતાં જાતે ડૂબી મર્યા હતા અને તેમના નામ પર ગુરૂકુળે આશ્રમનું મોટું મકાન બંધાવ્યું હતું.

એ ગૃહપતિને તરતાં ન આવડતું પેલા વિદ્યાર્થીઓ પણ તરવાથી એટલા જ અજાણ હતા. પણ નદીને કાંઠે નાહી લેવામાં કંઇ જોખમ નહીં હોય એમ માની, સદાય નિસર્ગને ખોળે કુદરતમય જીવન ગાળતા, તરવરિયા બ્રહ્મચારીઓ નદીમાં—માત્ર કાંઠે જ—નાવા ઊતર્યા હતા. પણ છેલ્લાં પૂરે નદીને કાંઠે જે ભયંકર ધુનો પાડેલ તેનો એમને ખ્યાલ ન રહેવાથી એ બધા ડુબવા લાગ્યા હતા. તેમને ડુબતા જોઈને બાજુમાં જ લાઠીના પેંતરા શીખવતા ગૃહપતિ હાંફળા—ફાંફળા તેમને કાઢવા નદીમાં પડયા હતા. પણ ત્યાં ગૃહપતિ પોતે અને એ જે વિદ્યાર્થીને કાઢવા મથ્યા એ ભાઇ એમ બે જણા નદીમાં હોમાઇ ગયા: અને બાકીના બ્રહ્મચારીઓ તો જેમ તેમ કરીને ધુનામાંથી જીવતા નીકળી ગયા હતા.

આ પ્રસંગ પછી વિદ્યાર્થીઓને ગોઝારી મહી પાસે ન જવાની ખાસ સૂચના આપવામાં આવી હતી

આ ગુરૂકુળના વિદ્યાર્થીઓ દેશની ભાવી આશા છે તેમના ઓજસથી આકર્ષાઇને ભારતવર્ષનું સ્વરાજ્ય વધારે નજીક આવવાનું છે. યુનિવરસિટીના માયકાંગલા, નૂરહીણા, ફીકા, નિર્માલ્ય વિદ્યાર્થીઓ કરતાં ગુરૂકુળના ચેતનવંતા બ્રહ્મચારીઓ જ દેશનું અણમોલું-સાચું ધન મનાવા જોઇએ. એવો ગુરૂકુળના વ્યવસ્થાપકોનો ખાસ

મત હતો. આ વાતનો સતત પ્રચાર કરતા રહીને જ તેઓ ગુરૂકુળ માટે જોઇતું ફંડ એકઠું કરતા અને રાષ્ટ્રના ભાગ્યોદયની જ્યોત જ્વલંત રાખતા.

પણ એકએક વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે પૂછવામાં આવે તો વળી જુદો જ ઇતિહાસ નીકળી પડતો. ગુરૂકુળના વિદ્યાર્થીઓમાંથી નેવું ટકાને નવી મા હતી. અપરમાતાને ખુશ કરવા જ તેમના પિતાઓએ તેમને ગુરૂકુળનાં ભવ્ય, ઉદાત્ત અને પ્રેરણાત્મક વાતાવરણમાં મૂક્યા હતા, એમ ઘણાખરા વિદ્યાર્થીઓ ખાનગીમાં કહેતા. બાકીના આઠ ટકાનાં માબાપ આફ્રિકા કે એવે દૂર દેશ વસતા હોવાથી તેમણે છોકરાઓને, કેળવણીની બીજી કોઈ સગવડ ન હોવાથી જ, ગુરૂકુળને આશરે છોડ્યા હતા. અને છેવટના બે ટકાનાં માવતરો વ્યવસ્થાપકોની વાક્જાળમાં ફસાઇ જવાથી તેમણે પોતાના પુત્રોને 'માણસ' બનાવવા ગુરૂકુળના બ્રહ્મચારીઓ બનાવ્યા હતા. પણ એકાદ વર્ષમાં કે એકાદ સત્રમાં જ તેમની દીકરાને માણસ બનાવવાની અભળખા સંતોષાઇ જતી, ને પરિણામે એ બે ટકા વારંવાર બદલાયા કરતા.

સુરેશ આવા દેખાડવાના અને ચાવવાના જુદા દાંત ધરાવતા ગુરૂકુળમાં, આવી ચડ્યો : અઠ્ઠાણું ટકા વિદ્યાર્થીઓનાં માવતરે વ્યવસ્થાપકો પાસે માગણી કરી હતી કે પલટાતા સમયને માન આપીને ગુરૂકુળમાં અર્વાચીન વિભાગ દાખલ કરવો જોઈએ અને તેમાં વિદ્યાર્થીઓને મેટ્રિક સુધીનું શિક્ષણ અપાવું જોઈએ. વ્યવસ્થાપકો આ દલીલનું સચોટપણું બરાબર સમજ્યા હતા, અર્વાચીન વિભાગ શરૂ થતાં ગુરૂકુળના લગભગ બધા વિદ્યાર્થીઓ તેમાં દાખલ થઈ ગયા પ્રાચીન વિભાગ તો ભૂતકાળના કોઇ અવશેષ જેવો બની ગયો.

સુરેશચંદ્ર ગૌરીશંકર વ્યાસ, એમ. એ., ટી. ડી. (લન્ડન) અર્વાચીન વિભાગના પ્રથમ આચાર્ય નિમાયા. અર્વાચીન વિભાગ શરૂ કર્યો છતાં ગુરૂકુળે આર્યત્વને વળગી રહેવાનો પ્રયત્ન જારી રાખ્યો હતો. ત્યાં પ્રિન્સિપાલ આચાર્ય કહેવાતા, માસ્તર અધ્યાપકને નામે સંબોધાતા, 'May I come in Sir ?'ને બદલે વિદ્યાર્થીઓ 'અધ્યાપકજી, આવું કે ?' બોલતા.

સુરેશ અને ઉપમાને મહીના કાંઠે આવેલું ગુરૂકુળનું આશ્રમ ગમ્યું. સુરેશને રહેવાનાં મકાનમાં કેટલીક અગવડતાઓ હતી એ ખરૂ, પણ દડસરની પોળો કરતાં અહીં જે વિશાળતા હતી. તે ગમી જાય તેવું હતું. વિશાળ આંગણામાં ઉપમાએ નાનો સરખો બાગ બનાવ્યો, અને આંગણાની શોભા વધરી.

ગુરૂકુળના અર્વાચીન વિભાગમાં એકડે એકથી માંડી મેટ્રિક સુધીનો અભ્યાસ કરી શકાતો, એટલે નવ વર્ષથી માંડી વીશ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ આશ્રમમાં

રહેતા. માતાના ખોળામાં રમવા જેવડાં નાનાં નાનાં બાળકોની માતા મરી જતાં અપરમા તેમને પોતાના સહજીવનમાં આડખીલીરૂપ માની, ગુરૂકુળમાં પ્રેરણા પામવા મોકલી દેતી. ઉપમા એ કુમળાં બાળકોને જોતાં માતા બની જતી. અને તેમને પોતાની પાસે બોલાવી, તેમની સાથે પ્રેમપૂર્વક ગેલ કરતી. મા મર્યા પછી હડસેલા પામેલાં બાળકો ઉપમાનો પ્રેમ જોતાં તેને ઘેરી વળતાં અને મૃત મા સ્વર્ગમાંથી પાછી આવી હોય તેમ તેની સાથે લહેરપૂર્વક નાચતાં.

ઉપમાને તો નિર્દોષ બાળકો સાથે નાચતાં જીવન ધન્ય બની જતું લાગતું. આટલાં બધાં છોકરાંની માતા બનવાનો પ્રસંગ મળતાં તેનું હૈયું હર્ષથી ફાટફાટ થઈ રહેતું. બહુ થોડા વખતમાં ઉપમા અને આશ્રમનાં નાનાં બાળકો પક્કાં દોસ્ત બની ગયાં.

શહેરથી દૂર એકાંતમાં આવેલા આશ્રમમાં ઉપમાને શિક્ષકોની પત્નીઓ સિવાય બીજી કોઈ સોબત ન મળતી, છતાં તેને બાળકોના મધુરા સહવાસને લીધે કશી ઉણપ ન લાગતી. શારદાબેન ને તેનાં બાળકો ઉપમાને સાંભરતાં ખરાં, પણ તેમની ખોટ સાલે તેવું ન હતું. અહીં પ્રેમભૂખ્યાં કુડીબંધ કોમળ બાળકો ઉપમાને ઘેરી વળતાં.

સુરેશને ગુરૂકુળનું શાંત વાતાવરણ ગમ્યું તો ખરૂં, પણ વીસમી સદીના ધોધમાર વહે જતા જીવનથી આટલે દૂર પડયાં પડયાં કદાચ કટાઇ જવાશે એ બીક તેને બહુ થોડા વખતમાં લાગવા માંડી.

શરૂઆતના થોડા મહીના તો સુરેશે અર્વાચીન વિભાગને બરાબર વ્યવસ્થિત કરવામાં ગાળ્યા. પ્રાચીન વિભાગના જૂનવાણી શિક્ષકોને તેણે કેળવણીના અદ્યતન સુધારાઓ સમજાવ્યા. વિદ્યાર્થીઓમાંથી તેણે પોપટિયા ગોખણવૃત્તિ દૂર કરી.

સુરેશના કેટલાક વિચારો તો અન્ય શિક્ષકોને ગળે કેમે ય ન ઊતરતા. એવે વખતે સુરેશ શાંતિપૂર્વક તેમને સમજાવતો, દાખલા–દલીલો આપતો, અને ક્યારેક તો અખતરો કરી બતાવીને ય પોતાની વિચારસરણીની સચોટતા સાબિત કરી બતાવતો.

એક નાનું સરખું ય તંત્ર પોતાના હાથમાં આવે તો પોતે શું શું કરી શકે તેનો સુરેશને અનુભવ થવા લાગ્યો.

ગુરૂકુળ અર્વાચીન વિભાગને વ્યવસ્થિત કર્યા પછી સુરેશે એક દિવસ સંસ્થાના મંત્રીને કહ્યું: ' આપણે સરકાર પાસેથી નિયમિત મદદની માગણી કરીએ તો !'

' હેં ! ' મંત્રીએ સાશ્ચર્ય પૂછ્યું.

' આપણી શાળા માટે સરકાર પાસેથી મદદ મેળવવા આપણે હકદાર છીએ.'

'પણ સરકારની મદદ લઇએ તો તેની તપાસની માથાકૂટ ય ઊભી થાય ને ?'

'એમાં શું ? એથી તો આપણું તંત્ર વધારે ચોકખું રહી શકે. આપણે ગોઠા કરવા હોય તો જુદી વાત છે. આપણે જ્યારે સેવાભાવથી જ આ સંસ્થા ચલાવવી છે ત્યારે આપણા વહીવટનો હિસાબ જે માગે તેને આપવામાં શો વાંધો ? મને તો લાગે છે કે સરકાર આ સંસ્થાને કંઇક મદદ આપશે તો આપણી પ્રતિષ્ઠામાં વધારો થશે'

થોડી ચર્ચાને અંતે મંત્રીએ મદદ માટે સરકારી કેળવણી ખાતાને અરજી કરવાનું કબૂલ્યું.

થોડાં અઠવાડિયામાં ઉત્તર વિભાગનો કેળવણી અધિકારી ગુરૂકુળની તપાસ અર્થે આવ્યો. એ અધિકારી અંગ્રેજ હતો, જુવાન હતો. તેનું નામ હતું મી. સ્મીથ. કેળવણી અને બાલ-માનસના પ્રશ્નોનો તે અભ્યાસી હતો.

'તમે આ સંસ્થાના પ્રિન્સિપાલ છો ?' મી. સ્મીથે સુરેશને પૂછ્યું.

'હા-જી !'

'તમારા જેવા જુવાનને પ્રિન્સિપાલ તરીકે જોઇ મને ઘણો હર્ષ થાય છે.'

'આભાર આપનો !'

'આવી સંસ્થાઓને સરકારે મદદ કરવી જ જોઇએ. અને તમારા જેવા જુવાન માણસે આવી સંસ્થા હાથમાં આવતાં કેળવણીના ક્ષેત્રમાં શોધખોળ કરવી જોઇએ. હમણાં તમે કઇ શોધખોળનું કામ ચલાવો છો ?'

'શોધખોળ કરવા માટે અહીં સગવડ નથી. હું કંઇ નથી કરતો.'

'ઘણું ખોટું ! ઘણા જ દુ:ખની બીના ! ખરી રીતે તો હવે જ તમો તટસ્થ-વૃત્તિથી અભ્યાસ કરવાને લાયક થયા. અત્યારે તો તમારે નવા નવા અખતરાઓ કરવા જ જોઇએ. આવડીક સંસ્થાના આચાર્યપદથી સંતોષ માની બેસી તમે તમારી બુદ્ધિ પર કાટ ચઢવા દો એ યોગ્ય ન કહેવાય.

'સગવડ મળે તો 'બુદ્ધિમાપન'ના ક્ષેત્રમાં કંઇક કરવાની મારી ઇચ્છા છે.' સુરેશે શરમાતાં કહ્યું.

'હું મારાથી બનતી મદદ તમને કરીશ.'

મી. સ્મીથે ગુરૂકુળનું અવલોકન કરવાને બદલે સુરેશને કેળવણીના ક્ષેત્રમાં કેવી કેવી શોધખોળોને અવકાશ છે એ સમજાવવામાં જ પોતાનો સમય ગાળ્યો.

સરકારમાં તો તેણે સંસ્થા મદદને પાત્ર હોવાનું લખી નાખ્યું અને ગુરૂકુળને વાર્ષિક રૂપિયા બે હજારની મદદ મળતી થઇ ગઇ.

સુરેશને માટે તો વાર્ષિક મદદ મેળવવા કરતાં તેણે મી. સ્મીથ પાસેથી જે પ્રેરણા મેળવી તે જ ખરા મહત્ત્વની વાત બની ગઇ.

૨૨ : ગુરૂકુળ છોડયું

થોડા વખતમાં સુરેશે ગુરૂકુળને ઘણું આગળ વધારી દીધું. સુરેશ આવ્યા પછી ગુજરાતના કેટલાક સાહિત્યકારો ગુરૂકુળમાં આવવા લાગ્યા. તેમણે સંસ્થાનો વિકાસ જોઈ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો. અવારનવાર સામયિકોમાં પણ આ ગુરૂકુળના ઉલ્લેખ આવવા લાગ્યા.

મી. સ્મીથ પાસેથી પ્રેરણા પામ્યા પછી, સુરેશે કેળવણી અને માનસશાસ્ત્રનો ખાસ અભ્યાસ આરંભ્યો હતો. જેમ જેમ તેનું વાંચન આગળ વધતું ગયું તેમ તેમ તેને એમાં વધારે ને વધારે રસ પડતો ગયો. હવે તો તેને પોતાની સમક્ષ અનેક પ્રશ્નોની પરંપરા ઊભી થતી લાગી. એ પ્રશ્નોનાં નિરાકરણ માટે તે મોટે ભાગે પુસ્તકોમાં દટાએલો રહેતો.

સુરેશ ગુરૂકુળમાં દરેક રીતે સફળ થયો હતો, છતાં સંસ્થાના મંત્રીને તેનાથી પૂરો સંતોષ નહોતો થયો.

'આપ સંધ્યા–હવન સમયે હાજર રહેતા હો તો ?' એક દિવસ મંત્રીએ સુરેશને કહ્યું.

'હું ? હું સંધ્યા કરતો જ નથી' સુરેશે કહ્યું.

'આપ ? બ્રાહ્મણ થઈને ? સંધ્યા નથી કરતા ?' મંત્રીએ એક વાક્યના ત્રણ પ્રશ્નમાં ટૂકડા કરી પૂછ્યું.

'એમાં આપ એટલા નવાઇ કેમ પામો છો ?'

'વાહ ! સંધ્યા તો આર્યત્વનો સર્જનજૂનો સંસ્કાર છે.'

'હું ભણતો ત્યારે છાત્રાલયના ગૃહપતિ સાથે મારે સંધ્યા કરવા બાબત તકરાર થઇ હતી. એ વખતે ય મેં નમતું નહોતું આપ્યું. મને લાગે છે કે તમે ય મને સંધ્યા કરતો તો નહીં જ કરી શકો.' સુરેશે કહ્યું.

'ના—ના' મંત્રીએ કહ્યું: 'હું તમારા પર કોઇ ફરજ લાદવા નથી જ માગતો. પણ તમને સંધ્યા સામે આવડો વિરોધ શા માટે છે એ તો મારે જાણવું જોઇએ ને !'

'જાણીને આપને દુ:ખ થશે. એના કરતાં એ વિષય પડતો મૂકો તે જ ઠીક છે, મારે માથે ચોટલી નથી એ વાત પણ આપને કહી દઉં.'

મંત્રી શાંત થઇ ગયા. સુરેશ અર્વાચીન વિભાગ માટે અનિવાર્ય હતો. સંધ્યાના પ્રશ્ન પર તેની સાથે બગાડી નાખવા માટે મંત્રી મહાશય તૈયાર ન હતા. તેમણે વાત વાળી લીધી.

સુરેશ પોતે સંધ્યા કરતો નહીં અને વિદ્યાર્થીઓનાં સંધ્યાહવન આડે આવતો નહીં. સુરેશની ગેરહાજરીમાં આશ્રમના ગૃહપતિ સંધ્યા–હોમ–હવનનું ધ્યાન રાખતા અને વ્યવસ્થા જાળવતા.

વિદ્યાર્થીઓની સંધ્યા પ્રત્યે બેદરકાર રહેતો સુરેશ વિદ્યાર્થીઓનાં જમવાને સમયે અચૂક પાકશાળામાં હાજર થઇ જતો. રસોઇમાં જરા સરખું કહેવાપણું લાગતું તો તે રસોયાની ધૂળ કાઢી નાખતો. ક્યારેક તો તે વિદ્યાર્થીઓની સાથે જમવા બેસી જઇને રસોઇ કેવી થાય છે તેનું જાતઅનુભવથી માપ કાઢી લેતો.

કોઇ વિદ્યાર્થી માંદો પડતો તો સુરેશ દિવસમાં ચાર વખત તેને જોવા આવી જતો. વિદ્યાર્થીના દવાનો પ્રબંધ કરવો, તેને મોસંબી કે દૂધ આપવાં, તેની માવજતની વ્યવસ્થા કરવી એ બધાંનું સુરેશ ખૂબ જ ચીવટપૂર્વક ધ્યાન રાખતો. માંદો વિદ્યાર્થી જ્યારે હરતો ફરતો થાય ત્યારે જ તેને નિરાંત વળતી.

માંદાઓની સારવારમાં ઉપમા ય ઘણી મદદરૂપ થઇ શકતી. ડૉક્ટર ન આવ્યા હોય ત્યાંસુધી ઘરગથ્થુ ઓસડિયાંથી ઉપમા માંદા છોકરાઓને ઘણી રાહત આપી શકતી. ઘરગથ્થુ ઓસડિયાંનું જ્ઞાન ઉપમાને સારું હતું. સુરેશ એ વિષયમાં ઠોઠ હતો. કેળવણી અને સાહિત્યને પોતાના ખાસ વિષયો બનાવવા જતાં એ સિવાયના કેટલા ય ઉપયોગી વિષયોનું સુરેશનું જ્ઞાન શૂન્યવત રહી જવા પામ્યું હતું. પણ સુરેશની એવી ઉણપ ઉપમા બરાબર પૂરી શકતી.

સામાન્ય રીતે રજાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં મન લહેર કરવા તરફ જ દોરાય છે. રજાઓમાં ક્યાં જવું, કોને મળવું વગેરેના કાર્યક્રમ આગળથી નક્કી કરવામાં આવે છે. પણ ગુરૂકુળમાં તેથી ઉલટું હતું. રજાઓમાં ઘેર જવાની સગવડ હોય તેવા વિદ્યાર્થીઓ આશ્રમમાં નહીંવત્ હતા. મોટા ભાગના વિદ્યાર્થીઓને તો ઘરને દુઃખે જ આશ્રમનું શરણુ શોધવું પડયું હતું. અનાથાશ્રમના બાળકોને જેમ પરાણે 'આ બાલ્યવયમા કોઇનાં માતા-પિતા મરશો નહીં!' વાળું ગીત લાંબા રાગડા તાણીને કરૂણ સ્વરે જ્યારે ને ત્યારે ગાવું પડે છે, તેમ ગુરૂકુળમાં ફંડ ઉઘરાવવા માટે વિદ્યાર્થીઓને અંગકસરત અને યોગના પ્રયોગો કરવા પડતા. એક મહીનાની રજા દરમિયાન એકાદ શિક્ષક સાથે ચૂંટી કાઢેલા પાંચ–સાત વિદ્યાર્થીઓ ગામોગામ ફરતા, અંગબળના ને યોગશક્તિના પરચા બતાવતા, છાતી પર પથ્થરો તોડાવતા, નેતીધોતીના પ્રયોગો કરતા. જમીનમાં દટાતા અને સંસ્થા માટે પૈસા ઉઘરાવતા.

'આ વખતની રજામાં તમે જવાનું રાખો તો?' મંત્રીએ દિવાળીની રજાઓ પડવાને વખતે સુરેશને કહ્યું.

'ક્યાં ?' સુરેશે પૂછ્યું.

'વિદ્યાર્થીઓ સાથે.'

'પર્યટનમાં ?'

'હા, પર્યટનનું પર્યટન અને સંસ્થાને આર્થિક લાભ થશે તે વધારામાં! તમારામાં સમજાવવાની અજબ શક્તિ છે. તમે જાઓ તો ઓછામાં ઓછા પાંચ હજાર તો ચોક્કસ લેતા આવો.'

'તમે આ શી વાત કરો છો ?'

'કેમ ?'

'તમે મને ભીખ માગવા નીમ્યો છે કે વિદ્યાર્થીઓને ભણાવવા ?'

'સંસ્થા માટે કોઇ ભીખ માગનારૂં ન જ હોય તો તમે છોકરાઓને ભણાવી શકો એ ખ્યાલ મનમાંથી કાઢી નાંખજો.'

'એમ ભીખ માગીને સંસ્થા ચલાવવાનો અર્થ શો ?'

'કારણ કે આ સંસ્થાથી જનતાને લાભ છે, આવી સંસ્થામાં તૈયાર થયેલ વિદ્યાર્થીઓ જ દેશનું ખરૂં ધન છે. દેશના ભલા માટે, જનતાના ઉદ્ધાર માટે, આર્યત્વના રક્ષણ માટે ગુરૂકુળો અનિવાર્ય છે.'

'જનતાને જો આવી સંસ્થા અનિવાર્ય લાગતી હોય તો જનતાએ તેને પગભર કરી દેવી જોઇએ. બાકી વારંવાર ભીખ જ માગ્યા કરવી પડે તેવી સંસ્થા જીવે કે મરી જાય એ બધું સરખું છે.'

'ભઈ, જનતાને સત્યદર્શન સહેલાઇથી નથી થતું. આપણા સતત પ્રયાસ ચાલૂ રહે તો લાંબે ગાળે જનતા જાગે ખરી!'

'એ વાતમાં હું ન સમજું.' સુરેશે કહ્યું: 'પણ સંસ્થાના વિદ્યાર્થીઓનો ફાળો ઉઘરાવનારા તરીકે ઉપયોગ થાય, તે મને પસંદ નથી. ગુરૂકુળનો બ્રહ્મચારી તો તેજસ્વી, કોઇની ય સામે ઓશિયાળો ન બને તેવો આઝાદ હોવો જોઇએ. સંસ્થાને જીવતી રાખવા માટે તે ભવાયા—ભાંડની માફક ખેલો કરવા બેસે એ મને કોઇ રીતે ઉચિત નથી લાગતું.'

'ખેલ કર્યા વિના કોઇ પૈસા કાઢી આપે ખરૂં કે ? પૈસા જોતા હોય તો ઘડીભર નાચવું ય જોઇએ. એક કન્યાઓની સંસ્થા છે, તે તો બાળાઓને લઇ પ્રવાસે નીકળે છે; પરિણામે એ સંસ્થા પાસે પૈસાનો જરા ય અભાવ નથી. બ્રહ્મચારિણીઓ ત્યાં રાજરાણીઓ જેમ રહે છે!'

'એ શું પ્રાચીન આર્યોનો આદર્શ છે કે ? કન્યાઓ પાસે નાટક કરાવી.

તેમાંથી પૈસા મેળવી, છોકરીઓને છત્રીપલંગોની ટેવ પાડવી એવું વેદમાં લખ્યું છે કે?'

મંત્રી ખરેખર શરમાઈ ગયા.

'આ મુદ્દા પર હું તમારી સાથે સંમત થઇ શકું નહીં. આ ચર્ચા અહીંથી અટકે તો જ સારૂં. ઝાઝી ચર્ચા થશે તો ઝાઝું મનદુ:ખ થશે. વિદ્યાર્થીઓને ફાળા ઉઘરાવવા ન મોકલો તો સારૂં એમ મારો મત છે. હું પોતે તો ફાળો ઉઘરાવવા નહીં જ જઉં!' સુરેશે કહી દીધું.

દિવાળીની રજા શરૂ થઇ કે તરત જ સુરેશ ને ઉપમા નવાપુર ઉપડી ગયાં. થોડા દિવસ નવાપુર રોકાઇ બંને થોડા દિવસ માટે દડસદ ગયાં.

સુરેશ–ઉપમાને જોઈ શારદાબેન ને ત્રિવેદી ખુશ ખુશ થઈ ગયાં. સુરેશે જ્યારે ગુરૂકુળમાં જવાની તૈયારી કરી ત્યારે શારદાબેનની એક છોકરી–મધુ તો તેમની સાથે જવા તૈયાર થઈ ગઇ. શારદાબેને હા–ના કરવા છતાં ઉપમાએ તેને પોતાની સાથે લીધી.

વર્ગો ચાલૂ થયા પછી ચોથે દિવસે સુરેશે મંત્રીને કહ્યું: 'મારો ત્રણ માસનો પગાર ચડી ગયો છે. આપ કંઇ પ્રબંધ કરો તો સારૂં!'

'આ વખતે સારૂં ફંડ નથી મળ્યું. પૈસાની જરા તાણ છે. આપને કદાચ...'

'મારે' સુરેશે વચમાં કહ્યું: 'મેં લીધેલ લોનના પૈસા નિયમિત ભરવા પડે છે. નિયમિત પગાર ન મળે તો મારી આબરૂ જાય.'

'તમે આકળા ન થાઓ! ગમે તેમ કરીને ન હું તમારા પગારની સગવડ કરી દઇશ.'

પગારની વાત પર એટલા વખત પૂરતો તો પડદો પડયો.

મધુને આશ્રમમાં બહુ મજા પડતી. સાતેક વર્ષની એ છોકરીને વિશાળ ચોગાનમાં રમવું બહુ ગમતું. ઉપમાએ વાવેલ ફૂલ–છોડ તેને ખાસ પસંદ પડયા હતા. ઉપમા પાસે જે નાના નાનાં બાળકો આવતાં તેમની સાથે મધુએ દોસ્તી કરી લીધી. કયારેક તો મધુ વર્ગમાં પણ જતી અને નાના શીશુઓ સાથે એકડા–બગડા લખવા બેસી જતી.

એક દિવસ મંત્રી મધુને છોકરાઓ સાથે ભણતી જોઇ ગયા. તે દિવસે સાંજે જ તેમણે સુરેશને બોલાવી કહ્યું: 'હું તમારી ઘણી નીતિરીતિ ચલાવી લઉં છું, પણ એક બાબતમાં તો હું જરાશી ય છૂટ નહીં જ મૂકી શકું!'

મંત્રી ઘણા ગંભીર થઇ ગયા હતા. જીવન અને મરણનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તેટલો ભાર તેમણે મુખ પર ધારણ કર્યો હતો.

'શું છે ?' સુરેશને મંત્રીની ગંભીરતા મજાકપાત્ર લાગી.

'તમે સંધ્યા નથી કરતા તે મેં ચલાવી લીધું છે.'

'તમારી ઉદારતા માટે આભાર !'

'તમે સંસ્થા માટે ફાળો ઉઘરાવવા ન ગયા તોય હું સમસમીને બેસી રહ્યો.' વ્યવસ્થાપક વ્યાખ્યાનકારની અદાથી બોલી રહ્યા.

સુરેશ ચૂપ રહ્યો.

'પણ આ બાબતમાં તો હું નમતું નહીં જ મૂકું.'

'નમતું ન મૂકજો !' સુરેશે કહ્યું: 'પણ વાત શી છે તે તો કહો !'

'તમારે ત્યાં રહેતી કોઈ છોકરી બ્રહ્મચારીઓ સાથે વર્ગમાં બેસે છે ?'

'કોણ, મધુ ?'

'નામની મને ખબર નથી. પણ આવો જબ્બર સિદ્ધાંતભંગ હું નહીં સહું.'

'મધુ ક્યારેક નિશાળમાં આવી ચડે તેમાં કયો સિદ્ધાંત ભાંગી પડયો ?'

'બ્રહ્મચારીઓના આશ્રમમાં છોકરી ! સુરેશભાઈ ! તમને શું થઇ ગયું છે ? તમે સીધી સાદી વાત કેમ સમજી નથી શકતા ?'

'જી, હું તો બધું સમજું છું. સાત વર્ષની મધુ નવ વર્ષના કોઇ છોકરા સાથે થોડું બોલે કે રમે તેમાં કંઇ જ વાંધો નહીં આવી જાય તેની મને ખાતરી છે.'

'પણ સિદ્ધાંતનું શું ? ગુરૂકુળમાં છોકરી પ્રવેશી શકે કે ?'

'સિદ્ધાંતનું પાલન સમજપૂર્વક થવું જોઇએ. વગર સમજ્યે સિદ્ધાંતનું પૂછડું પકડી બેસતાં તો કેટલીક વખત આપણે ઉલટાના અનર્થ કરી બેસીએ છીએ; આજે તો જગતના મોટા મોટા શિક્ષણશાસ્ત્રીઓ કબૂલ કરે છે કે બચપણમાં છોકરા–છોકરીઓ સહશિક્ષણ પામે તો તેમનો વિકાસ વધારે સુંદર થાય છે'

'છોકરા–છોકરીઓને સાથે ભણાવવાની તમારી વાત હું નહીં જ સ્વીકારૂં. એથી તો ગુરૂકુળની ભાવના મારી જાય છે. તમે ગુરૂકુળના પાયામાં જ કુહાડો મારવા માગતા હો તો તમારી ગમે તેટલી હોશિયારી છતાં તમે અમારે માટે નકામા બનો છો. તમારે એ છોકરીને શાળામાં આવતી રોકવી જોઇશે'

'પણ મારી પત્ની અવારનવાર આશ્રમમાં આવે છે તેનું શું ?'

'એમની વાત જુદી છે.'

'કેમ ?'

'ગુરૂપત્ની તો માતા ગણાય.'

સુરેશ આ વેદિયા મંત્રી સામે જોઇ રહ્યો.

મંત્રીની આવી ઝીણીઝીણી કચકચ શરૂ થઈ ગઈ.

'હજી મારો પગાર નથી મળ્યો.' સુરેશે થોડા દિવસ પછી પાછું મંત્રીને કહ્યું.

'ધીરજ રાખો ! થોડા દિવસમાં હું તમારા પગારનો પ્રબંધ કરી દઈશ.'

'આપ મીઠું મીઠું બોલો છો એટલું જ !' સુરેશે કહ્યું.

'તમારે મારી કડવી વાતો સાંભળવી છે ?'

'ઘણી ખુશીથી.'

'ત્યારે સાંભળો. તમે સંસ્થા માટે ફાળો ઉઘરાવવામાં લવલેશ મદદ કરો નહીં અને પગાર માટે ઉતાવળ કર્યા જ કરો એ બંને વાત કેમ પોસાય ?'

'બસ, એટલું જ ને ?'

મંત્રી સુરેશ સામે જોઈ રહ્યા.

'આજથી મારું રાજીનામું સમજી લેજો. હવે આચાર્યની નિમણૂક કરતી વખતે, ફાળો ઉઘરાવવો પડશે તેવી શરત આગળથી કરજો.'

'હું તમને રાજીનામું આપવાનું ક્યાં કહું છું ? હું તો અમારી વ્યાવહારિક મુસીબત માત્ર રજૂ કરું છું.'

'તમે ગમે તે કહેતા હો પણ આપણે ઝાઝો વખત સાથે કામ નહીં કરી શકીએ. આપણા મતભેદો ઊંડા છે.'

ઉપમાએ સુરેશને ઉતાવળે ગુરુકુળ ન છોડવા ખૂબ કહ્યું, પણ સુરેશ એક ટળી બીજો ન થયો, તેને તો ગુરુકુળ જૂનવાણી ને પ્રગતિવિરોધક લાગવા માંડયું હતું. મી. સ્મીથ સાથે કેળવણીના ક્ષેત્રમાં નવું નવું કરવાની વાતો કર્યા પછી તેને ગુરુકુળ પોતાને યોગ્ય સ્થળ નહોતું લાગતું. તેની ઇચ્છા તો મુંબઇ જવાની હતી, પણ એ વાત તેણે ઉપમાથી છુપાવી હતી. મધુને દડસદ મૂકીને સુરેશ ઉપમા સાથે નવાપુર ભેગો થઇ ગયો.

ગુરુકુળ સાથેનો સુરેશનો સંબંધ આમ પૂરો થયો.

●

૨૩ : મુંબઈ

નવાપુરમાં પિતા સાથે થોડા દિવસ રહ્યા પછી સુરેશને કામ વિના કંટાળો આવવા લાગ્યો. થોડાં વર્ષની નોકરીમાં તેણે પૈસા તો ભેગા નહોતા જ કર્યા. ગૌરીશંકરભાઇની ટૂંકી આવકમાંથી પૂરું કરવામાં મુશ્કેલી પડતી હતી. છોટુના મામા પાસેથી વિલાયત જવા માટે જે લોન લીધી હતી તેના ય થોડા હપ્તા ભરવાના હજી બાકી હતા. તેમાં અધૂરામાં પૂરું હમણાંહમણાં ગૌરીશંકરભાઇનું શરીર બરાબર નહોતું રહેતું. બધી તરફથી ભીંસ અનુભવતો સુરેશ અકળાવા લાગ્યો.

'ઉપમા, હવે તો કામ વિના ગમતું નથી' સુરેશે કહેતો.

'તમે બીજી કોઇ જગ્યાનું નક્કી કર્યા વિના ગુરૂકુળ છોડી દીધું તે મને તો ઉતાવળિયું પગલું લાગ્યું છે.'

'આવેશમાં હોઇએ ત્યારે લાંબા વિચાર કરવા નથી થોભાતું. વેદિયા મંત્રીથી હું તો એવો કંટાળી ગયો હતો કે ગુરૂકુળનો પગાર ખાવા કરતા ખભે ખડિયો લઇને લોટ માગવાનું મને વધુ પસંદ પડે'

'તો પછી અકળાઓ છો શા માટે?'

'કામ એ તો માનસિક ખોરાક છે. તદ્દન નવરા બેઠા રહેવું કેમ ગમે? અને આપણી આર્થિક પરિસ્થિતિનો ય વિચાર તો કરવો જોઇએ ને? હું બેઠો જ રહું તો આપણું ગાડું ચાલશે કેમ?'

'તમે વિલાયતથી આવ્યા ત્યારે તો લોકો તમને બોલાવવા પડાપડી કરતા હતા. ત્યાં ક્યાંય નોકરીની સગવડ ન થાય?'

'આડકતરી રીતે મેં પ્રયાસ કરી જોયા, પણ ક્યાંય મેળ ખાતો નથી. એ તો મોકાનાં નાણાં છે. ત્યારે તેમને ગરજ હતી, હવે મારે ગરજ છે'

'ત્યારે શું કરશું?' ઉપમાએ પૂછ્યું.

'મારો વિચાર તો અનન્તભાઇને લખવાનો થાય છે'

'અનન્તભાઇને?'

'તારો તેમને માટેનો અભાવો મારા ધ્યાનમાં છે. પણ તેમને લખવા સિવાય મને તો બીજો કોઈ રસ્તો નથી સૂઝતો.'

'અનન્તભાઇની ભલામણે નોકરી મેળવ્યા પછી તમને સુખ નહીં રહે! તેમનાં આપવખાણથી તમે બહુ જ ટૂંક મુદતમાં કંટાળી જશો.' ઉપમાએ કહ્યું.

પણ ઉપમાનું ધાર્યું ન થયું. નરમગરમ રહ્યા કરતી ગૌરીશંકરની તબિયતે એકાએક ગંભીર પલટો લીધો. નવાપુરના ડોકટરો નિદાન કરવામાં નિષ્ફળ નીવડ્યા. ગૌરીશંકરને હૃદ્રોગ હોવાની શંકા હતી. સુરેશે પિતાને મુંબઇ લઇ જવાનું નક્કી કરી નાખ્યું. મુંબઇના નિષ્ણાત ડોકટરોની સારવારથી તેમને આરામ થઇ જશે એમ સુરેશને લાગતું હતું. ઉપમાએ પોતાનાં ઘરેણાં આપી દીધાં. તેના વેચાણના પૈસામાંથી ગૌરીશંકરની સારવારનું ખર્ચ થવા લાગ્યું.

જયાશંકરભાઇની ચિઠ્ઠીથી સુરેશને કાલબાદેવી પર એક સારૂં એવું મકાન રહેવા મળી ગયું હતું. ઓળખાણને અંગે જેનું ત્રીશ રૂપિયા ભાડું હતું તે ઓરડો સુરેશને રૂ. ૨૦ માં મળ્યો હતો.

મુંબઇના ડૉક્ટરોને ગૌરીશંકરની તબિયત બતાવતાં તેમણે દરદ ઘણું વધી ગયેલ હોવાનું કહ્યું.

એક્સ-રે, લોહી—તપાસ ઇત્યાદિમાં સુરેશને ઘણું ખર્ચ થયું. ડૉક્ટરોની નિયમિત મુલાકાતો પણ મોંઘી હતી. ઉપમાના ઘરેણાંમાંથી મેળવેલી રકમ સપાટાબંધ ખલાસ થવા લાગી.

ગૌરીશંકર દીકરાને પાણી માફક પૈસા વાપરતો જોઇ કચવાતા, પણ સુરેશ તેમનું માનતો નહીં. પૈસા જેવી મામુલી ચીજ ખાતર પિતાની યોગ્ય સારવાર ન થઇ શકે તો સુરેશના દુઃખનો પાર ન રહે.

'બાપુ! પૈસા તો હાથનો મેલ છે. તમને સારૂં થયે, એટલું તો હું કાલ સવારે કમાઇ લઇશ.' સુરેશ કહેતો.

'પણ પૈસો વાપરવાથી જ માણસો સાજાં થતાં હોત તો ધનાઢયો કોઇ મરત નહીં ને ગરીબો કોઇ સાજાં થાત નહીં. એ તો ભાઇ બધી પ્રારબ્ધાધીન વાતો છે.'

'એવી બધી તત્ત્વજ્ઞાનની વાતો મને નથી ગમતી, મારે તો મારા પિતાની સારવાર માટે સારામાં સારાં સાધનો અને ઉત્તમ ડૉક્ટરોની સહાય લેવી જ છે.'

ગૌરીશંકરને સુરેશ સમક્ષ નમતું મૂકવું પડતું. ઉપમા શાંતિપૂર્વક સસરાની સેવા કર્યે જતી.

પૈસાને નાચીજ વસ્તુ કહેવા છતાં પૈસા વિના એક ઘડી પણ ચાલવાનું નથી, એ વાત સુરેશ બરાબર સમજતો હતો. જે કામ નવાપુરમાં ચાર પૈસામાં પતી શકતું તે જ કામ મુંબઇમાં સહેજે ચાર આના માગી લેતું. સુરેશ પાસે પૈસા તો હતા નહીં. પૈસા મેળવવાનો પ્રયત્ન કર્યા વિના હવે તેને ચાલે તેમ ન હતું.

'અનન્તભાઇ!' સુરેશે મુંબઈ આવ્યા બાદ પંદરેક દિવસે અનન્ત પાસે જઇ કહ્યું:

'અમે મુંબઈ આવ્યાં છીએ.'

'અમે એટલે કોણ કોણ?'

'બાપુ-ઉપમા ને હું.'

'એમ! બધાંને કેમ આવવું પડયું?' અનન્તે પૂછ્યું. સદાય સુરેશને મુંબઇની મોહિની દેખાડયા કરતા અનન્તને, તે ક્યારે આવ્યો? ક્યાં ઊતર્યો? વગેરે સવાલ પૂછવાની આવશ્યકતા ન લાગી. એ જ તો મુંબઇની બલિહારી છે ને! પૈસા સિવાયની બીજી વાતો કરવાની ત્યાં ભાગ્યે જ ફુરસદ મળે છે,

'બાપુને હૃદરોગ છે. તેમની સારવાર માટે હું અહીં આવ્યો છું. નોકરી

છોડી દીધી છે. હવે તો મારો વિચાર અહીં જ સ્થાયી થવાનો છે. તમે મારે માટે કોઈ જગ્યા ના શોધી આપો ?'

'મુંબઇમાં નોકરી કરવી છે ?' અનન્તે કટાક્ષ કરતો હોય તેમ પૂછ્યું.

'હા.' સુરેશે શાંતિથી કહ્યું.

'બસ, હવે કંઇક સમજ્યો ! મુંબઈ વિના કોઇનો ઉદ્ધાર નથી. અહીં વસો તો જ તમારી કિંમત થશે. તું બે મહીના જેમ તેમ કરી કાઢી નાંખ, એ પછી હું તને મારી શાળામાં જ વાઇસ-પ્રિન્સિપાલ બનાવી દઈશ.'

'પણ મારે તો તાત્કાલિક નોકરીની જરૂર છે.'

'મુંબઈમાં એમ તરત ને તરત કાંઇ નોકરીનો પત્તો ન ખાય. બે મહીના કંઇ ઝાઝું ન કહેવાય !'

'અનન્તભાઈ ! બાપુની સારવાર માટે મને પૈસાની જરૂર છે મારી પાસે કંઇ છે નહીં. તમે......'

'ઓહો ! એમાં મુંઝાઇ શું ગયો ! સો-બસો જોઈએ તો મારી પાસેથી લઇ જા. હું તારે માટે આજ સગવડ થઇ શકે તેમ હશે તો કાલ નહીં કરૂં. પણ નોકરીની સગવડ કરતાં વખત તો લાગે ને, ભઇ ?'

સુરેશ અનન્ત પાસેથી સો રૂપિયા ઉછીના લઇ પાછો ફર્યો.

બીજે દિવસે તે હર્ષદરાયને મળવા ગયો. હર્ષદરાય તેને જોઇ બહુ ખુશ થયા અને કહ્યું: 'ભાઇ સુરેશ ! તમારી વાત સાચી ઠરી છે. જૈન આગમોની ભાષા અર્ધમાગધી કરતાં પ્રાકૃત જ વિશેષતઃ છે.'

સાહિત્ય અને સંશોધનની વાતોને અંતે સુરેશે હર્ષદરાયને સીધી જ વાત કરી: 'મારે હમણાં પૈસાની ખાસ જરૂર છે. આપના પત્રમાં હું નિયમિત લખતો જઈશ. આપ મને પગાર આપી શકશો ?'

'ભાઇ સુરેશ !' હર્ષદરાયે કહ્યું: 'લેખકોને પૂરતો પુરસ્કાર આપવો જ જોઇએ એમ માનતો હોવા છતાં હું તમને માસિક પાંચ-દશ રૂપિયાથી કંઇ વિશેષ આપી શકું તેવી મારી આર્થિક સ્થિતિ નથી. દંભ મને પસંદ નથી. સ્પષ્ટ વાત કરવામાં જ હું માનું છું.'

નવલકથાકારો ને નવલિકાકારો પણ માત્ર સાહિત્યસેવા પર ગુજરાન ચલાવી શકે તેવી સ્થિતિ ગુજરાતમાં નથી, તો સંશોધન, અવલોકન, કેળવણી ને માનસશાસ્ત્ર સમા શુષ્ક વિષયના અભ્યાસી સુરેશને લેખનમાંથી જીવનનિર્વાહ ચલાવવા જેટલું તો ક્યાંથી જ મળે ! દડસદ ગયા પહેલાં લેખન-પુરસ્કારના માસિક

પાંચ–સાત રૂપિયા ય સુરેશને સારા લાગતા. અત્યારે આખી પરિસ્થિતિ પલટી ગઇ હતી

હર્ષદરાય પાસેથી પણ નિરાશ થઇ સુરેશ પાછો ફર્યો.

મંદવાડનું ખર્ચ વધ્યે જતું હતું. આવકનું કોઇ સાધન દેખાતું ન હતું. જયાશંકરભાઇને સુરેશે આર્થિક મૂંઝવણનો ઇશારો કર્યો ત્યારે તેમણે બે વખત સો–સો રૂપિયાનાં મનીઓરડર મોકલ્યાં હતાં. ત્રીજી વખત તેણે પૈસાની સીધી માગણી કરી ત્યારે જયાશંકરભાઇએ વિવેકપૂર્વક લખી નાખ્યું કે, 'મારી પાસે હમણાં પૈસાની સગવડ નથી.'

ગૌરીશંકરભાઇના મંદવાડ પાછળ સુરેશ લખલૂટ ખર્ચ કર્યે જ જાય, અને આગળ પાછળનો વિચાર કરવા ય ન રોકાય તે જયાશંકરભાઇને પસંદ ન હતું. તેમની માન્યતા પ્રમાણે સુરેશ ગજા ઉપરવટ ખર્ચ કરી રહ્યો હતો. પહેલી બે વખત મનીઓરડર મોકલ્યાં ત્યારે તેમણે સ્પષ્ટ સૂચન કર્યું હતું કે, 'મુંબઇની સારવાર આપણા કામની નહીં !' પણ સુરેશે તો એ વાક્ય વાંચ્યું ય ન હતું. જયાશંકરભાઇએ શાંતિપૂર્વક ત્રીજી વખત પૈસા મોકલવાની વાત જ ઉડાવી દીધી.

સુરેશ પૈસા વિના પૂરો અકળાઇ રહ્યો હતો, ત્યારે અનન્તે તેને વાઇસ પ્રિન્સિપાલ તરીકે રૂ. ૧૨૫ થી નવ્યાની વધામણી આપી. સાદા સ્નાતક અનન્તની નીચે એમ એ., ટી ડી. (લન્ડન) સુરેશને કામ કરતાં જરા આંચકો તો લાગ્યો, પણ અત્યારે પરિસ્થિતિ એવી હતી કે, સુરેશથી કંઇ બોલી શકાય તેવું ન હતું. શાંતિપૂર્વક તેણે અનન્ત નીચેની જગ્યા સ્વીકારી લીધી, અને તેનો પાડ માન્યો.

દડસદ શાળામાંથી સુરેશે વેણીભાઇ નીચે નોકરી ન કરવાના પ્રશ્ન પર રાજીનામું આપી દીધું હતું. વેણીભાઇ સાદા સ્નાતક હતા. એમની નીચે એમ. એ.માં પ્રથમ વર્ગ મેળવેલ સુરેશ કેમ નોકરી કરે ? પણ વેણીભાઇ તો ભલા માણસ હતા. સુરેશની સરસતા તેમણે કબૂલી લીધી હતી. અહીં અનન્તમાં તો એટલી માણસાઇ પણ કયાં હતી ? અનન્ત પણ સાદો સ્નાતક જ હતો ને ? અને હવે તો સુરેશ એમ. એ. ઉપરાંત ટી. ડી. થયો હતો ! છતાં સુરેશ અનન્તના હાથ નીચેનો માસ્તર બન્યો ! આ શું કુદરતનો કોપ હતો ? કે વિધિની વિચિત્રતા હતી ?

પિતાની માંદગીએ સુરેશને બહાવરો બનાવી દીધો છે એ જોઈ ઉપમાને દુઃખ થતું. સુરેશને હિંમત આપવા તે પ્રયત્ન કરતી પણ સુરેશ તેની વાત જ ન સાંભળતો. પિતાની માંદગીમાં મુંઝાઇ રહેલ સુરેશને વિશેષ મૂંઝવણ ન થાય એટલા માટે ઉપમા બનતાં સુધી તો તેને ન ગમે તેવું કરતી કે બોલતી નહીં, પણ સુરેશ જ્યારે

ભણાકણો બની જતો ત્યારે તેનાથી બોલ્યા વિના ન રહેવાતું. સુરેશનો સ્વભાવ એવો તો વિચિત્ર થઈ ગયો હતો કે ઉપમાની સીધી સાદી વાતથી પણ તે ચીડાઇ જતો અને જેમ ફાવે તેમ બોલી નાખતો. ઉપમા માટે એ બધું શાંતિપૂર્વક સહ્યા વિના બીજો કોઇ રસ્તો જ ન હતો. ઉપમા સમજતી કે બાપુના મંદવાડને અંગે સુરેશમાં જે વિચિત્રતા આવી ગઈ છે તે તો સામાન્ય સંજોગો આવતાં ઝપાટાબંધ દૂર થઇ જશે અને તેનો સુરેશ પાછો એવો ને એવો પ્રેમાળ, સ્વમાની, અટંકી ને લાપરવા બની રહેશે. આ આશાના દોર પર ઉપમા સુરેશના ધમપછાડા વિના બોલ્યે સહ્યે જતી હતી.

અનન્તની ભણુશાળી હાઇસ્કૂલમાં સુરેશ નિમાતાં શાળાના રંગઢંગ ફરી ગયા. અનન્ત માત્ર બાહ્ય દેખાવથી શાળાનો વટ પાડી શકતો. સુરેશે શાળાનું શિક્ષણ સુધારવા પર દિલ દીધું. દડસદ અને ગુરૂકુળનો અનુભવ તેને અહીં ઘણો ખપનો થઇ પડયો. વિદ્યાર્થીઓ તેના પર મુગ્ધ થઈ ગયા.

'ફઇબા,' બી. એ. ભણતી મુકુલિકાને તેના ભત્રીજા–રમેશે કહ્યું: 'અમારી હાઇસ્કૂલમાં હમણાં એક નવા માસ્તર આવ્યા છે.'

'એમ કે ?' મુકુલિકાને મન નવા માસ્તરનું આગમન વૈશાખ મહીનામાં ભીંડા મળવા જેટલું મહત્ત્વનું હતું.

'બહુ હોંશિયાર છે.' રમેશને ફઇબા ટૂંકે પતાવી દે તે ન ગમ્યું.

'એમ કે ?'

'છોકરાઓ તો બધા એમની પાછળ ગાંડા બન્યા છે.'

'એ ભાઇ અનન્તભાઇના ઉપરી બનીને આવ્યા છે ?' મુકુલિકાએ પૂછ્યું.

'એ છે તો અનન્તભાઇની નીચે, પણ ગજબ હોંશિયાર છે! અનન્તભાઇ તેમની પાસે કંઈ હિસાબમાં નહીં.' રમેશે કહ્યું.

'એમ ? શું છે એમનું નામ ?'

'સુરેશભાઇ.' રમેશે કહ્યું: 'ફઇબા, તમે બાપુજીને કહી મારે માટે એમનું ટયુશન ન રખાવી દો ?'

'જોઇશ !' સુરેશનું નામ સાંભળી મુકુલિકા ચમકી. ઘણા વખત પહેલાં અનન્તને ઘેર એક સુરેશ નામે મેમાનને તે મળી હતી. એ મેમાને તેનું વર્ચસ્વ નહોતું સ્વીકાર્યું તે ય એને યાદ હતું. દામોદરદાસભાઇને મળવાનું ઈજન તેણે વરછોડયું હતું એ વાત તેને બરાબર સાંભરતી હતી. પણ એ બધું છતાં તેને સુરેશ પ્રત્યે તિરસ્કાર નહોતો આવ્યો. તેની વિચિત્રતા તેને ગમી હતી. બધાં પાસેથી ખુશામત પામતી મુકુલિકાને સીધીસટ રીતે વાત કરી શકવા સુરેશની

લાપરવાહી આકર્ષક લાગી હતી તે જ સુરેશ જો ભણશાળી હાઇસ્કૂલમાં નિમાયો હોય તો જરૂર તેની સાથે ઓળખાણ કરવી એમ મુકુલિકાએ વિચાર્યું.

'એઇશ કહી દીધે નહીં ચાલે' રમેશે કહ્યું.

'ત્યારે ?'

'અમારે એ માસ્તર પાસે ભણવું છે.'

'રમેશ, તારા એ માસ્તરને બનતાં સુધી તો હું ઓળખું છું. મારો ખ્યાલ છે એ જ સુરેશભાઇ જો તારા માસ્તર હશે તો હું જરૂર તારે માટે બાપુજીને કહીશ.'

છઠ્ઠી અંગ્રેજી ભણતો રમેશ કંઇ પણ જોઇતું હોય ત્યારે ફઈબા મારફત મેળવતો.

બીજે દિવસે મુકુલિકા ભણશાળી હાઇસ્કૂલમાં પહોંચી. મુકુલિકાને આવેલી જોઇ તેને સત્કારવા અનન્ત ઓફીસ બહાર આવ્યો.

'આવો, બેન !'

'નમસ્તે, માસ્તર સાહેબ !' મુકુલિકા અનન્તને માસ્તર જ કહેતી.

'તમે તો હાઇસ્કૂલમાંથી પાસ થઇ ગયા પછી કોઇ દિવસ અમારી ખબર કાઢવા ય આવતાં નથી, એ ઠીક કહેવાય ?'

'મારી ભૂલ હું સ્વીકારું છું, હવેથી એવું નહીં થાય. હું અવારનવાર અહીં આવતી રહીશ. રમેશના અભ્યાસનું ધ્યાન પણ રાખતી રહું તો સારું !'

'હં ! એ જ બરાબર કહેવાય '

'શા છે શાળાના નવીન ?' મુકુલિકાએ પૂછ્યું. તે જાણતી હતી કે આટલા નાના પ્રશ્નના જવાબમાં અનન્ત સુરેશ બાબત વાત કર્યા વિના રહી શકવાનો નથી.

'શાળાના ? ખાસ તો કંઇ...' કહી કંઇક યાદ આવ્યું હોય તેમ અનન્તે ઉમેર્યું: 'તમને મારો એક મિત્ર સુરેશ યાદ આવે છે ?'

'કોણ એ ?' મુકુલિકાએ હમામપુર્વક પૂછ્યું.

'એ ભાઇ એમ. એ. ની પરીક્ષા આપવા આવેલ તે વખતે તમને મારે ઘેર મળ્યો હતો. એ વાતને થોડાં વર્ષ થઇ ગયાં, પણ તે વખતે તો તમે એને, એ ગયા પછી, ચાર–પાંચ વાર યાદ કર્યો હતો.'

'પેલા એમ. એ. માં સૌથી પહેલા ફર્સ્ટ–કલાસમાં આવ્યા'તા એ ?'

'હા, એ જ,'

'શું છે એમનું ?'

'તેમને આપણી શાળાના વાઈસ-પ્રિન્સિપાલ બનાવ્યા છે !'

'એમ કે ? બહુ સારું કર્યું !'

'એના આવ્યા પછી શાળામાં અજબ ચેતન આવી ગયું છે. છોકરાઓ...'

'એમ કે ?' મુકુલિકાએ કહ્યું, 'એમને એકાદવાર બાપુજી પાસે મોકલજો ને!'
'ભલે, આવતી કાલે સાંજે જ હું તેને મોકલીશ.'
થોડી આડીઅવળી વાતો કરી મુકુલિકા ગઈ.
બીજે દિવસે સુરેશ દામોદરદાસભાઇને મળવા ઊપડયો.
'આવો સુરેશભાઇ!' મુકુલિકાએ તેનું સ્વાગત કરતાં કહ્યું: 'ઓળખો છો કે?'
કેટલાયને દબડાવતી મુકુલિકાને સુરેશ સાથે દોસ્તી કરવાની ઇચ્છા થઇ હતી.

'આપણે પહેલી વખત મળેલાં તેના કરતાં તમારામાં થોડો ફેર પડી ગયો છે, છતાં ન ઓળખાવ એવાં તો તમે નથી જ!' સુરેશે કહ્યું. પળવાર તે શાંત ઉભો રહ્યો.
'બાપુજી તો નથી.' કંઇવારે મુકુલિકાએ કહ્યું.
'ક્યાં ગયા છે?'
'કોઇ સભામાં ગયા છે.'
'ક્યારે આવશે?'
'એ તો કંઇ કહી ન શકાય. અડધી કલાક પણ થાય અને બે કલાક પણ થાય.'
'મને તો અનન્તભાઇએ અત્યારનો સમય આપ્યો હતો એટલે...'
'મેં જ અનન્તભાઇને કહ્યું હતું. પણ પછી ઘેર આવી બાપુજીને કહેતાં તો હું ભૂલી જ ગઇ.માફ કરજો, હો!' મુકુલિકા બોલી.
'કંઇ ફિકર નહીં.' સુરેશે કહ્યું અને ઉમેર્યું: 'ત્યારે હું રજા લઉં?'
'કેમ?' મુકુલિકાએ પૂછ્યું: 'બાપુજી ન હોય તો અમારી સાથે બોલાય પણ નહીં?'
'ના, એમ તો નહીં...'

'તમારો શિષ્ય રમેશ તો તમારી પાછળ ગાંડો બન્યો છે. તમે તેને મળ્યા વિના ચાલ્યા જશો તો એ નિરાશ થશે.' કહી મુકુલિકાએ ટોકરીની ચાંપ દાબી. થોડીવારમાં પટાવાળો આવ્યો.
'ભગુ! રમેશભાઇને મોકલ.' મુકુલિકાએ કહ્યું.
'જી!' કહી ભગુ ગયો.
'તમે બેસો તો ખરા.' મુકુલિકાએ ખુરશીમાં બેસતાં કહ્યું.
સુરેશ બેઠો. થોડી વારમાં રમેશ આવ્યો.
'રમેશ, જો તો ખરો, કોણ આવ્યું છે?' મુકુલિકાએ પૂછ્યું.
'મારા માસ્તર, સુરેશભાઇ!' રમેશ હર્ષના આવેશમાં બોલી ઊઠયો.
'પૂછ તારા માસ્તરને, હું તેમને વર્ષોથી ઓળખું છું કે નહીં?'
રમેશ સુરેશ સામે જોઈ રહ્યો.
'રમેશ મને તમારી ઓળખાણ કરાવવા આવ્યો હતો!' મુકુલિકાએ હસતાં

કહ્યું, ‘મેં કહ્યું કે, ‘હું એમને જાણું છું.’ પણ એ વાત તેના માનવામાં નહોતી આવતી. તેના મનમાં એમ કે તેના વિદ્વાન શિક્ષકને એના સિવાય બીજું કોઇ ઓળખી જ કેમ શકે! કાં, રમેશ?’

રમેશ મીઠું હસ્યો.

સુરેશ શાંતિપૂર્વક સાંભળી રહ્યો હતો.

‘ચાલો, હવે મુદ્દાની વાત પર આવું.’ મુકુલિકાએ કહ્યું: ‘સુરેશભાઇ, તમારે આજથી રમેશને ખાનગી ભણાવવાનું શરૂ કરવાનું છે. પચાસ રૂપિયા માસિક વેતન બસ થશે ને?’

સુરેશ તો જોઇ જ રહ્યો.

‘મારી વાત કબૂલ છે ને?’

‘તમને ના કહેવાનું અયોગ્ય ગણાય. આવતી કાલે હું તમને ચોક્કસ જવાબ આપીશ.’ સુરેશને પિતાની બિમારીમાં સામેથી મળતી મદદ ઇશ્વરી બક્ષિસ સમી ભાસી. છતાં તેને અનન્તને પૂછયા વિના હા–ના કહી દેવું વાજબી ન લાગ્યું.

‘બહુ સારૂં! એક દિવસમાં કંઇ ખાટુંમોળું નથી થઇ જવાનું.’ મુકુલિકાએ કહ્યું, અને પછી રમેશ તરફ ફરી ઊમેર્યું: ‘સુરેશભાઇને કંઇક નાસ્તો કરાવશું કે એમને એમ પાછા કાઢશું?’

રમેશ તરત જ કંઇક લાવવા દોડ્યો.

‘ના–ના, મારે અત્યારે કંઇ નથી ખાવું.’ સુરેશે કહ્યું.

‘એ તો રમેશે જોવાનું છે.’

ત્યાં તો રમેશ મેવા ને હલવાની રકાબીઓ ભરી આવી પહોંચ્યો.

સુરેશનો ખાધા વિના છૂટકો ન થયો.

થોડીવાર આડીઅવળી વાતો કરી સુરેશે રજા લીધી.

‘ઉપમા,’ સુરેશે ઘેર આવીને કહ્યું: ‘ઇશ્વરે આપણી ધા સાંભળી હોય તેમ લાગે છે.’

‘શું થયું?’ ઉપમાએ પૂછ્યું.

સુરેશે મુકુલિકાની અને રમેશનાં ટ્યુશનની વાત કહી સંભળાવી.

‘સારૂં થયું!’ ઉપમાએ કહ્યું, ‘હવે બાપુના મંદવાડમાં તંગી નહીં ભોગવવી પડે.’

બીજે દિવસે સુરેશ શાળામાં ગયો ત્યારે અનન્તે તેને બોલાવીને પૂછ્યું: ‘કાં, કાલે દામોદરદાસભાઇને મળી આવ્યો?’

‘ના–ના, દામોદરદાસભાઇ તો ન મળ્યા. મુકુલિકાબેન હતાં.’

‘ત્યારે તો ફોગટ ધક્કો થયો.’

'ધક્કો અફળ નથી ગયો. રમેશને મારે ખાનગી ભણાવવા જવાનું નક્કી થયું'

'રમેશને ?' અનન્તે સાશ્ચર્ય પૂછ્યું.

'હા.'

'સુરેશ, હું એક સ્પષ્ટતા કરું ?'

'ખુશીથી.'

'રમેશ મારું ટ્યુશન છે. મેં તને મિત્ર ગણીને મદદ કરી અને હવે તું જ મારાં ટ્યુશનો આંચકી જાય એ ઠીક કહેવાય ?'

'ઓહો ! એટલું જ ને ?' સુરેશે કહ્યું: 'એમાં શું ? મને ખબર નહીં કે રમેશ તમારું ટ્યુશન છે. મેં તેમને હજી હા નથી કહી. આજે ના પાડી દઈશ. અનન્તભાઇ, તમને નુકશાન થાય એવું તો હું ન જ કરું–મને ગમે તેટલો લાભ થાય તેમ હોય તો પણ નહીં. !'

'એની તો મને ખાતરી છે' અનન્તે કહ્યું. 'તારા હૃદયની વિશાળતાનો મને બરાબર અનુભવ છે. એટલે જ તો તારી સાથે ચોકખે ચોકખી વાત કહી શકાય છે ને ? બીજા કોઈને એમ કહેવાય પણ ખરું કે ?'

સુરેશ સાંજે દામોદરદાસભાઇને ત્યાં પહોંચ્યો ત્યારે મુકુલિકા અને રમેશ તેની તેની વાટ જોઇને જ બેઠાં હતાં.

'કેમ મોડા થયા, સુરેશભાઈ ?' મુકુલિકાએ પૂછ્યું.

'માફ કરજો. હું રમેશભાઇને ખાનગી ભણાવવા નહીં આવી શકું,' સુરેશે લજ્જાપૂર્વક કહ્યું.

'પહેલાં મારી એક વાત સાંભળી લો.' મુકુલિકાએ કહ્યું.

'બોલો !'

'ગઇ કાલે તમે ગયા પછી મેં બાપુજીને તમારા આવવાની વાત કહી અને રમેશને ખાનગી ભણાવવા માટે તમને માસિક રૂા. ૫૦ના વેતનથી રોકી લીધાનું પણ કહ્યું. તમને ખબર છે બાપુજીએ મને શું કહ્યું ?'

સુરેશ શાંત રહ્યો. રમેશ પણ રસપૂર્વક ફઈબાની વાત સાંભળી રહ્યો.

'બાપુજીએ મને ઠપકો આપ્યો.'

'તમારે ઠપકો ખાવાપણું હવે નહીં રહે. હું સામેથી જ ના...'

'પૂરી વાત તો સાંભળો !' મુકુલિકાએ આછો છણકો કરતાં કહ્યું: 'બાપુજી કહે કે, 'અનન્તભાઇને માસિક સો રૂપિયા આપો છો તો આ ભાઈને શા માટે ઓછું વેતન આપવું ? કાં તો રમેશ માટે માસ્તર જ ન રાખો, અને રાખો તો પૂરતા માનપૂર્વક રાખો. કોઇની પણ પાસેથી કામ લઇને તેને પૂરતો પુરસ્કાર ન આપવો એ ઘણું ખરાબ કહેવાય.' બાપુજીની વાત સાંભળી હું તો ખરેખર શર·

માઇ ગઇ. પછી અમે તમને માસિક 'સો રૂપિયા આપવાનું નક્કી કર્યું' છે. હવે તો તમે રમેશને ભણાવવાનું કબૂલશો ને ?'

'મુકુલિકાબેન,' સુરેશે કહ્યું: 'તમારી લાગણી માટે હું તમારો અહેસાનમંદ છું. રૂપિયા ઓછાવધુ થયા એટલા માટે મેં ના નથી પાડી. તમને ના પાડવાનું કારણ તો જુદું જ છે.'

'શું ?'

'રમેશભાઇ અનન્તભાઈનું ટ્યુશન છે. તેમાં વચ્ચે આવવું મને ઠીક નથી લાગતું.'

'ઓ—હો !' મુકુલિકાએ હસતાં કહ્યું: 'એટલું જ ને ? તમને કોણે કહ્યું કે, અમે અનન્તભાઇને બંધ કરવાના છીએ ? અનન્તભાઈ તેમના વિષયો શીખવે, તમારે તમારા ખાસ વિષયો શીખવવા. અમારે તો રમેશને સરસ રીતે તૈયાર કરવો છે. બોલો, પછી તમને કાંઇ વાંધો છે ?'

'પણ...'

'લ્યો, હું તમને અનન્તભાઇની જ મંજૂરી મેળવી દઉં ! પછી ?' કહી મુકુલિકાએ ટેલીફોન હાથમાં લીધો: 'હં...કોણ ? માસ્તર સાહેબ ?...હા, હું મુકુલિકા...બાપુજીની ઇચ્છા છે કે તમે અને સુરેશભાઇ બંને રમેશનું ધ્યાન રાખી તેનો બરાબર વિકાસ કરો...સુરેશભાઇ અહીં છે...તમારો તેમને માટે કેવો મત છે ?...તો હવે એમને જરા કહોને કે રમેશને ભણાવવાની હા પાડે...અરે, બહુ મોંઘા...હેં ?...લ્યો સુરેશભાઇને જ ફોન આપું છું.' કહી મુકુલિકાએ સુરેશ સામે ફોન ધરતાં કહ્યું: 'લ્યો, તમે જ અનન્તભાઇ સાથે સીધી વાત કરી લો.'

ફોન પર અનન્તે સુરેશને રમેશનું ટ્યુશન રાખવાની છૂટ આપી. બંનેના સો રૂપિયા ચાલૂ થાય તેમાં અનન્તને શો વાંધો હોય ?

'સારું ! ત્યારે હવે ?' મુકુલિકાએ પૂછ્યું.

'તમને આટલી તકલીફ આપ્યા બદલ માફી માગું છું, અને અત્યારથી જ મારું કામ કરવા હું તૈયાર છું.'

'બરાબર !' મુકુલિકાએ સસ્મિત કહ્યું: 'એનું નામ ફરજનું ભાન ! ઠીક, ત્યારે હું રજા લઉં, પણ મારી એક વાત સાંભળી લો. મારા બી. એ. ના નિબંધો લખવામાં તમારે મને મદદ કરવી પડશે. અને હું તમને કંઇ વેતન નહીં આપું, હો !'

'એ શરત મને કબૂલ છે.' સુરેશે હસતાં કહ્યું.

સુરેશે રમેશને શીખવવાનું શરૂ કર્યું. મુકુલિકા હસતી હસતી ગઇ.

'ઉપમા,' સુરેશે રાતે વાળુ કરતાં કહ્યું: 'ઇશ્વરની કોઇ એવી કૃપા ઊતરી છે કે અવળા પાસા નાંખવા જઇએ છીએ તોય સવળા પડી જાય છે. રમેશને ભણાવવાની ના પાડવા ગયો તો પચાસને બદલે સો રૂપિયાનું નક્કી થઇ ગયું.'

૨૪ : ગૌરીશંકર ગયા

રૂપિયા સત્તાબસોની માસિક આવક શરૂ થયા પછી સુરેશને જરા નિરાંત થઇ. પિતાની બિમારીમાં હવે છૂટે હાથે ખર્ચ કરી શકાય તેટલી આવક થતાં તેને આનંદ થયો.

સારા સારા ડૉક્ટરોના અભિપ્રાય લીધા પછી તેણે ગૌરીશંકરને મુંબઇની એક સારી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કર્યા. ઉપમા તેમની સારવારમાં તેમની સાથે જ રહેતી. ખર્ચ તો થતું પણ દવાખાનાની માવજતથી ગૌરીશંકરને ઘણી આશાએશ રહેતી.

પણ હોસ્પીટલની સારામાં સારી માવજત છતાં એક દિવસ ગૌરીશંકરની તબિયત એકાએક લથડી ગઇ. ડૉક્ટરોએ આશા મૂકી દીધી. તેમણે દરદીને ઘેર લઇ જવાનું કહી દીધું.

આટઆટલા પ્રયત્ન છતાં નિષ્ફળ ગયેલ સુરેશ પિતાને ઘેર લાવ્યો. તેનાં મુખ પરથી નૂર ઊડી ગયું. હવે તેને સવાબસો મળે કે પાંચસો મળે તેમાં રસ ન રહ્યો. પૈસાથી સારા ડૉક્ટરોની સેવા મળશે અને પિતાને સાજા કરી શકાશે એ આશાએ તો સુરેશ પૈસા મેળવવા ફાંફાં મારી રહ્યો હતો. પિતાને ખાતર જ તો તેણે અનન્ત નીચે કામ કરવાનું કબૂલ્યું હતું ને ? પણ એ બધાં છતાં ગૌરીશંકરનું દર્દ તો અસાધ્ય જ રહ્યું ! સુરેશના દુ:ખનો પાર ન રહ્યો.

'ભાઇ !' ગૌરીશંકરે સુરેશને બોલાવી કહ્યું: 'તું આટલો બધો મુંઝાઇ કેમ ગયો છે ?' ઉપમા તો પાસે હતી જ. સુરેશ કંઇ જવાબ ન દઈ શક્યો.

'ભાઇ !' ગૌરીશંકરે કહ્યું: 'તારો તો જાણે સ્વભાવ આખો ફરી ગયો છે. તને શું થઇ ગયું છે ? તું આટલો ગાભરો કેમ બની ગયો છે ?'

'બાપુ, તમને હરતા ફરતા ન જોઉં ત્યાંસુધી મને નિરાંત નહીં વળે.'

'ગાંડો થયો કંઇ ?' ગૌરીશંકરે ધીમું હસતાં કહ્યું.

'ગાંડો ગણો તો ગાંડો ! પણ મારે તમને સાજા કરવા જ છે !'

'જો, ભાઇ ! એ ખોટી હઠ કહેવાય. તારા કહેવાથી હું વતન છોડી મુંબઇ આવ્યો, તારા કહ્યા મુજબ દવાઓ લીધી, ઇન્જેક્શનો લીધાં, અને તને ખુશ કરવા થોડા દિવસ દવાખાનામાં પણ રહી આવ્યો. છતાં ય દર્દ કાબૂમાં ન આવ્યું, એનો અર્થ શો ?'

'એનો અર્થ એ કે અમે હજી જોઇએ તેવી સારવાર નથી કરી શકતાં !' સુરેશે ગળગળે સ્વરે કહ્યું.

'ભાઇ, હું પામું છું એવી સારવાર તો કોઇ ભાગ્યશાળી જ પામતું હશે. પણ હવે મોત જ આવ્યું હોય તો તેને કોઇ રોકી શકવાનું છે ?'

'બાપુ, એવી વાત ન કરશો !' સુરેશ ચીસ પાડી ઊઠયો.

'ગાંડા ભાઇ !' ગૌરીશંકરે હસતાં કહ્યું: 'એમાં બરાડા શાનો પાડે છે ? કોઇના બાપ મરતા નહીં હોય ? તમને બંનેને સાજાંસારાં મૂકીને મરવું એ તો મોટી નસીબદારી કહેવાય. તારી મા તને નાનો મૂકીને મરી ગઈ ત્યારથી મેં કોઇ દિવસ નિરાંત અનુભવી નથી. તારી માનું ફરમાવેલ કામ કરતો હોઉં એવી રીતે મેં તને ઊછેર્યો છે. ભાઇ ! પણ હવે તો તું મોટો થયો છે. ઇશ્વરની કોઇ અકળ કૃપાને લીધે ઉપમા જેવી પત્ની પામ્યો છે. હવે મારે તારી ચિંતા કરવાની ન હોય, બેટા ! હવે તો મારે ને તારી માને છેટું પડતું જાય છે, જેટલું વહેલું જવાય એટલું સારૂં ! મારી રાહ જોતી એ ય થાકી હશે ને ? જઇને તેને મારે તારી ને ઉપમાની વાત કરવી પડશે ને ?' ગૌરીશંકર જરા હસ્યા.

'બાપુ—બાપુ ! તમે આ શું બોલો છો ?'

'ભાઇ, હું લવારી નથી કરતો, અત્યારે હું તદ્દન સ્વસ્થ છું. પણ હવે વાતો કરવાનો ઘણો થોડો સમય હોય એમ મને લાગે છે. આટલાં વર્ષોથી હૃદયમાં ભારી રાખેલ સ્મરણોનો ધગધગાટ મેં એકલાં જ સહ્યો છે. આજે એ સ્મરણો તાજાં કરૂં છું. હવે દાઝવાપણું નથી. આજે તો એ બધું સારૂં લાગે છે. તારી માની ઈચ્છાનુસાર તને જાળવી શકયો એ સંતોષ હૃદયને અનેરી શાતા આપે છે. તારી માને હું કહીશ કે તેણે સોંપેલું કામ મેં સાંગોપાંગ પાર ઉતાર્યું છે. કેવા આનંદની વાત !'

'બાપુ ! તમે મારૂં દિલ ભાંગી નાખો છો. હજી તો મારી બધી ઉમેદો અણપૂરી છે. બાપુ, હજી તો......'

'ભાઈ, ખોટા મનોરથો ઘડવા રહેવા દે. જે સુખ પામ્યો છું તે મને તો ઘણું લાગે છે. ઉપમા ! તું તો ડાહી છે. બેટા, હવે સુરેશની ભલામણ તને કરૂં છું. એ છે જરા વિચિત્ર, પણ સાચનો ટૂકડો છે, હો ! એનું ધ્યાન રાખજે !'

'બાપુ, આશિષ આપો કે તમારી જેમ ટેકપૂર્વક જીવવાનું અમારામાં બળ રહે !'

'ટેક તો બેટા, અંતરમાંથી સ્ફુરે. તારૂં હીર મેં પારખી લીધું છે. મોટા ઘરની દીકરીને પુત્રવધૂ બનાવી, દુઃખ સિવાય બીજું કંઇ અમે નથી આપી શક્યા, એ છતાં ય મેં તારા મુખ પર કદી કંટાળો નથી જોયો.'

'બાપુ, અમે તો અણસમજુ બાળકો છીએ. ઘણી ય ભૂલો કરતાં હશું. તમે અમને મોટાં કરી દેખાડો છો તો એવાં ખરેખર થવાની ઇશ્વર અમને તમારી આશિષથી શક્તિ આપે !' ઉપમાએ કહ્યું.

'બેટા, તમને નવાઇ લાગતી હશે કે સાજાસારા કોઇ દિવસ બે વાક્ય પણ ન બોલતા ડોસા મરવા ટાણે બખભખિયા ક્યાંથી થઇ ગયા ? પણ આ તો જીવનભર હૃદયમાં ભરી રાખેલો ભાર તમારી સમક્ષ ઠલવી નાંખું છું, હો ! હવે ત્રીજી વાર ક્યાં બોલવું છે ?'

'બાપુ, તમને શ્રમ પડતો હોય તો બહુ બોલવું નહીં.' ઉપમાએ કહ્યું.

'હવે નહીં બોલું. તમારાં જેવાં ડાહ્યાં છોકરાંને મારે વિશેષ શું કહેવાનું હોય ?'

તે જ દિવસે ગૌરીશંકર ગયા.

સુરેશને આભ તૂટી પડયું હોય તેવું લાગ્યું. ઉપમાને દુઃખ તો થયું પણ તેણે સુરેશની માફક માનસિક કાબૂ ગુમાવી ન દીધો. તે તો સમજતી હતી કે હવે બધો ભાર તેના પર આવ્યો છે.

સુરેશના મનમાં સારાસારનો વિચાર જ નહોતો આવતો. તેનાં આંસુ તો સુકાતાં જ ન હતાં. આશ્વાસન આપતી ઉપમા પણ તેને અકારી લાગતી હતી. જગત આખાએ ભેગાં મળીને તેના પિતાને મારી નાખ્યા હોય તેવું તેને લાગતું હતું. ક્યારેક તો તેને ઉપમા પણ પિતાની વિદ્રોહી ભાસતી. સુરેશનું મન ચકડોળે ચડયું હતું. પિતા કેમ ગયા ? શું કર્યું હોત તો વધારે જીવત ? કઇ દવા આપવામાં ભૂલ થઈ હતી ? એટલી ભૂલ ન થઇ હોત તો ? વગેરે પ્રશ્નો તેના અંતરમાં સતત ઘોળાયા કરતા હતા.

પાંચ-સાત દિવસો વીત્યે સુરેશનું મન કંઈક સ્વસ્થ થયું અને તેનામાં બીજાની વાત સાંભળવા જેટલી ધીરજ આવી.

'તમે ખાનગી ભણાવવા તો જતા જાઓ.' ઉપમાએ કહ્યું: 'નિશાળમાં ન જાઓ તો કંઇ નહીં, પણ થોડું બહાર નીકળો તો મનને તો કંઇક આરામ મળે.'

'ઉપમા,' સુરેશે કહ્યું: 'આપણે બાપુને ન બચાવી શક્યાં. હવે ખાનગી ભણાવવાની કે ડાયવોઇ કરવાની શી જરૂર છે ? આપણે હવે શા માટે આકાશપાતાળ કરવું ?'

'તમે તો ગાંડા થઈ ગયા લાગો છો.'

'કેમ ?'

'બાપુ ગયા એ ભયંકર દુઃખ હોવા છતાં, આપણે જીવવું પડશે એ વાત કેમ ભૂલી જાઓ છો ?'

'આપણે જીવવાનું ને ?' સુરેશે કહ્યું: 'આપણે તો પચીસ રૂપિયામાં ય જીવી શકીએ. આપણે જીવવા માટે મુંબઈની આ બધી ધમાધમીમાં શા માટે પડવું ?'

'સુરેશ,' ઉપમાએ સાશ્રુ પ્રેમપૂર્વક કહ્યું: 'તમારી વિવેકબુદ્ધિને શોકભાવનાએ આવરી લીધી છે. દફતરમાં પગાર-વધારો મેળવવા તમે કેવા ઇંતેજાર હતા! ગુરૂકુળમાં પગાર મોડો આવતો ત્યારે તમે કેવા આકળા થઈ જતા! અત્યારે તમને સ્મશાનવૈરાગ્ય આવ્યો છે. ગુરૂકુળ છોડયા પછીના નવાપુરના દિવસો ભૂલી તો નથી ગયા ને ? મારે એનું પુનરાવર્તન નથી થવા દેવું. તમને ખરેખર મોટા પગાર પ્રત્યે સૂગ ઉત્પન્ન થઈ હોય તો પાંચ મહીના પછી મુંબઈ છોડી દઈએ. ત્યાંસુધી તો તમારે ઇચ્છા-અનિચ્છાએ ય અહીં રહેવું તેવો મારો આગ્રહ છે.'

'ઉપમા, હું તો કંઇ વિચાર જ કરી શકતો નથી. હું કબૂલ કરૂં છું કે મારી બુદ્ધિ બહેર મારી ગઇ છે. આવા સંજોગોમાં તારી સલાહ પ્રમાણે જ મારે વર્તવું જોઇએ એ વાત હું સમજું છું. પણ સૌથી પહેલાં તો મારે બાપુનું કારજ કરવા નવાપુર જવું છે. હું મરણ પાછળના જમણમાં નથી માનતો. પણ બાપુ તો જીવનભર એ રીતે જમતા ને જમાડતા જ મર્યા છે. તેમની પાછળ બ્રહ્મભોજન કરાવવાની મારી ઇચ્છા છે.'

'એમાં શું ?' ઉપમાએ કહ્યું: 'બાપુની પાછળ આપણે છાજતું કારજ કરશું.'

'પણ પૈસા ?' સુરેશે પૂછ્યું.

'કારજ કરવું જ છે તો પૈસા માટે આપણે નહીં અટકી બેસીએ, બસ ? કોઇ મેળ નહીં મળે તો હું મારા બાપુજી પાસેથી પૈસા લાવીશ.'

'પણ તેમણે તો સ્પષ્ટ શબ્દોમાં આર્થિક મદદની ના કહી દીધી છે ને ?'

'એ તો મારે જોવાનું છે ને ? બાપુજી પાસેથી મેં કદી એક પાઈ પણ માગી નથી. જીવનમાં પહેલી વાર ને છેલ્લી વાર એકાદ હજાર માગું તો બાપુજીના ન જ પાડે તેની મને ખાતરી છે'

બહાર કોઇની મોટર ઊભી રહ્યાનો અવાજ સંભળાયો, અને થોડી વારે દાદરા પર કોઇ ચડતાં લાગ્યાં.

'ઉપમા, જો તો કોણ છે ?' સુરેશે કહ્યું.

ઉપમાએ બહાર જઈ આવી કહ્યું: 'ત્રણેક જણાં છે. કોઇ બેન છે, તે મુકુલિકાબેન હોય તો ના નહીં !'

ત્યાં તો મુકુલિકા, દામોદરદાસભાઇ ને રમેશ આવી પહોંચ્યાં.

'સુરેશભાઇ,' મુકુલિકાએ કહ્યું: 'મારા બાપુજી આવ્યા છે.'

'જી!' સુરેશે ઉભા થઇ દામોદરદાસભાઇને હાથ જોડતાં કહ્યું.

દામોદરદાસભાઇ સાઠેક વર્ષની ઉંમરના હતા. ગર્ભશ્રીમંત હતા. પણ ગર્ભશ્રીમંતાઇએ એમના સાહસને કચડી નહોતું નાખ્યું. પિતાના પાંચ લાખમાં તેમણે બીજા લાખો રૂપિયા ઉમેર્યા હતા. વેપારમાં તેમની નજર સારી પડતી. કારખાનાંઓ ઉભાં કરવા અને ચલાવવાની તેમની આવડત બેનમૂન ગણાતી. દામોદરદાસભાઇની પ્રવૃત્તિ માત્ર પૈસા રળવામાં જ ન સમાઈ રહેતી. સામાજિક સેવાનાં ક્ષેત્રોમાં તે મોખરે રહેતા. રાજકીય પ્રવૃત્તિમાં ય તે રસ લેતા. રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ હોવા છતાં જેલ જવાની અશક્તિને લીધે દામોદરદાસભાઇ કોંગ્રેસમાં નહોતા જોડાઇ શક્યા. પણ કોંગ્રેસનો કોઇક જ ફાળો તેમના નામ સિવાય શરૂ થતો. કેળવણી દામોદરદાસભાઇનો ખાસ શોખનો વિષય હતો. ભણુશાળી હાઈસ્કૂલને તેમના તરફથી મોટી મદદ મળતી. પોતાના ચારે ય દીકરાઓને વેપારમાં રોકયા હોવા છતાં એ બધાને તેમણે સ્નાતકો તો કર્યા જ હતા. મુકુલિકા અને રમેશના ભણતર પાછળ પણ તે છૂટે હાથે પૈસા ખર્ચતા. દામોદરદાસભાઇ દિવસના બરાબર બાર કલાક કામ કરતા. આગળથી નક્કી કર્યા વિના તેમને મળી શકાતું નહીં. સુરેશે આજે તેમને પહેલી વખત જ જોયા.

'મુકુ અનન્તભાઇને તમારા ખબર પૂછી રહી હતી.' દામોદરદાસભાઇએ બેસતાં કહ્યું: 'તેમણે તમારા પિતાના શોકજનક અવસાનના ખબર આપ્યા. મુકુ તમારી પાસે ખરખરો કરવા આવતી હતી. મેં કહ્યું: 'ચાલ, હું ય આવું! રમેશના માસ્તરને જોઉં તો ખરો!''

'આપનો મારા પ્રત્યે ઘણો સદ્‌ભાવ છે.' સુરેશે કહ્યું.

'તમારા પિતાને શું દરદ હતું?' દામોદરદાસભાઇએ પૂછ્યું.

'જી, એમને હૃદયની બિમારી હતી. તેમની સારવાર માટે તો હું તેમને આટલે દૂર તેડી લાવ્યો, પણ...' સુરેશની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'કોચવાઓ નહીં!' દામોદરદાસભાઈએ કહ્યું: 'જીવન-મરણનો પ્રશ્ન ઈશ્વરે પોતાને હાથ રાખ્યો છે. એમાં આપણે નિરૂપાય છીએ. સારવાર કરવાની આપણી ફરજ. બીજું આપણે શું કરી શકીએ? તમારા પિતાની અવસ્થા કેટલી હશે?'

'સાઠેક વર્ષ થયાં હશે.' સુરેશે કહ્યું.

'તમે કેટલા ભાઇ?'

'જી, હું એક જ છું.'

'બેન ?'

'બેન પણ નથી.'

'દેશમાં તો જશો ને ?'

'હા-જી ! કારજ કરવા જવાનો વિચાર છે. હું તો મૃત્યુ પાછળના ભોજનમાં નથી માનતો, પણ મારા પિતા એમાં માનનારા હતા, એટલે તેમના……'

'ખરું !' દામોદરદાસભાઈએ કહ્યું: 'જીવનમાં એવી બાંધ-છોડ કરવી જ પડે છે. હં ! પણ હમણાં તો તમે ખૂબ આર્થિક તંગી અનુભવતા હશો. મુંબઈનાં ડોક્ટરી ખર્ચ હું જાણું તો !'

'ખર્ચ તો થાય જ. મારા ગજાથી પણ વધુ ખર્ચ્યું, પરંતુ પિતાને બચાવી તો ન શક્યો……' વળી સુરેશ ગળગળો થઈ ગયો.

'મુકુ, માસ્તરને એક હજારનો ચેક લખી આપ ને ! દેશમાં જવું છે, ત્યાં તેમને કામ લાગશે.' દામોદરદાસભાઈએ કહ્યું.

'પણ……' સુરેશ કંઈક કહેવા જતો હતો.

'હિસાબ આપણે પછી સમજી લેશું.' દામોદરદાસભાઈએ કહ્યું.

મુકુલિકાએ તરત ચેક લખી આપ્યો.

'ત્યારે રજા લઉં ?' કંઈ વારે દામોદરદાસભાઈએ કહ્યું: 'મારા સરખું કંઈ કામકાજ હોય તો વિના સંકોચે કહેવું.'

'આપને તો તકલીફ આપું જ છું.' સુરેશે કહ્યું.

દામોદરદાસભાઈ, મુકુલિકા ને રમેશ ઉભાં થયાં.

'દેશમાંથી ક્યારે પાછા ફરશો ?' મુકુલિકાએ જતાં જતાં પૂછ્યું.

'એકાદ મહીનો તો થશે જ !' સુરેશે કહ્યું.

'અહીં આવવા માટે ઉતાવળ ન કરશો. કામ તો જીવનભર કરવાનું જ છે. પિતાના ગત આત્માને શાંતિ મળે તેવું કરજો. હિંમત રાખજો, અને હિંમત આપજો.' કહી મુકુલિકા પણ ગઈ. દામોદરદાસભાઈ અને રમેશ તો એ પહેલાં જ બહાર નીકળી ગયા હતા.

'ઉપમા !' સુરેશે ચેક બતાવતાં કહ્યું: 'આમ જ ભગવાને નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી હશે ને ?'

બીજે દિવસે ઉપમા ને સુરેશ નવાપુર જવા ઊપડ્યાં.

૨૫ : ઇનામનો મેળાવડો

સુરેશ દામોદરદાસભાઇને ત્યાં ખાનગી ભણાવવા જાય એ વાતે તેને સરસ પ્રતિષ્ઠા અપાવી હતી. દામોદરદાસભાઇની હારનાં બીજાં કેટલાંક કુટુંબો પોતાનાં બાળકો માટે સુરેશનું ખાનગી શિક્ષણ મેળવવા ઉત્સુક હતાં. મુકુલિકા ઘણે ઠેકાણે સુરેશનાં વખાણ કરતી. થોડા વખતમાં મુંબઈનાં કુડીબંધ કુટુંબોને સુરેશ પોતાને ત્યાં ભણાવવા આવે તો સારું એમ લાગવા માંડ્યું.

સુરેશ નવાપુરથી પાછો ફર્યો ત્યારે તેના પર રીતસર દરોડો પડ્યો, પણ સુરેશે ચાર જણને હા કહી, નછૂટકે બીજાઓને ના કહી દીધી. પાંચમો રમેશ તો હતો જ. શાળાના પાંચ કલાક ઉપરાંત બીજું છ કલાકનું કામ સુરેશને મળી ગયું.

સુરેશની વધતી જતી કિંમતથી ઉપમા ખુશ થતી હતી. પણ થોડા વખતમાં તેને લાગવા માંડ્યું કે દર કલાકના સોસો રૂપિયા કમાવા છતાં સુરેશને બહુ ઝાઝાં ટ્યુશન મળે તે તો ઠીક નહીં. એથી તો તેમનાં સહજીવન પર કાપ પડતો હતો. ભણાવવાના કામમાંથી નવરો થાય ત્યારે સુરેશ ઉપમા સાથે બેસે ને ?

દડસદ અને ગુરૂકુળમાં શાળાની રજેરજ વાત ઉપમાને કરતો સુરેશ અહીં તો ઉપમા પાસે બેસવા જ નવરો ન થતો, તો રજેરજની વાત કરવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? કમાણી ગમે તેટલી થાય તો પણ ઉપમાને આ પરિસ્થિતિ પસંદ ન પડતી. તેને તો કજિયાળો સુરેશ ગમતો હતો. દી–રાત રળીરળીને ઘર ભરતો પણ ગૃહિણી સામે જોવાની ય ફુરસદ ન પામતો પતિ તે સહી શકે તેમ ન હતી.

સુરેશ પોતાની ધીખતી આમદાનીથી છોટુના મામાના લેણા પૈસા ભરવા ઉપરાંત, અનન્ત, જયાશંકરસાઇ, તેમ જ બીજા સંબંધીઓ પાસેથી ઉછીના લીધેલ પૈસા પાછા આપી રહ્યો હતો. સુરેશની લીધેલા પૈસા પાછા આપી દેવાની આવી તત્પરતા ઉપમાને જરૂર ગમતી, પણ તે માટે ઉપમા અને સુરેશ બંનેને બહુ આકરી કિંમત ભરવી પડતી હતી એમ ઉપમાને લાગતું હતું

છેલ્લા થોડા માસના પિતાના મંદવાડમાં ઉપમા સાથેના સહજીવનમાં બેદરકાર બનેલ સુરેશને નવી પરિસ્થિતિમાં ખાસ વાંધા જેવું ન લાગતું, અને તેથી જ તે સવારથી રાતના સાડાદશ સુધી ઉપમા અને ઘરને મનમાંથી જાણે ભૂંસી નાંખ્યાં હોય તેમ મુંબઇની આકરી દોડધામમાં પડી જતો. ગૌરીશંકરના મૃત્યુ વખતે તેણે મુંબઇ છોડી દેવાનો જે સંકલ્પ કરેલ તે તો જાણે ભુલાઇ ગયો હતો. હવે તો તે ઊંધું ઘાલીને રળ્યા કરતો. પૈસાને ખાતર પૈસો મેળવવાનો તેને છંદ લાગી ગયો હતો.

ગરબી કે ચોકારામાં રાત બધી કુદાકુદ કરનારાઓને એ વખતે તો એવું તાન ચડયું હોય છે કે તેમને બીજું કંઇ સૂજતું જ નથી. એ વખતે તો એમને થાક પણ નથી જણાતો; પણ બીજી સવારે તો એ લોકો ઊઠવાની ય તેવડ વિનાના થઇ જાય છે. પૈસાની પછળ દોડાદોડ કરનારાઓની ય આવી જ દશા હોય છે. દોડતાં તો એમને પૈસા વિના બીજું કંઈ દેખાતું નથી. પણ જ્યારે ય એ દોડ અટકે છે ત્યારે તેમને એકાએક એવા થાકનું ભાન થાય છે કે તેમનું જીવન ભારભાર બની રહે છે. એ સમયે સમજાય છે કે ભેગો કરેલો પૈસો નિરર્થક ભાર છે. તે તારશે નહીં ડુબાડશે. તેથી માનવતાનો વિકાસ નહીં, હ્રાસ થાય છે.

ઉપમા આ બધું સમજતી હતી, પણ સુરેશને અત્યારે આ વાત સમજાય તેવું ન હતું. તેમાં વળી સુરેશને ભણશાળી હાઇસ્કૂલના ઇનામના મેળાવડાની તૈયારી કરવાનું આવ્યું.

ગુરૂકુળમાં જેમ વિદ્યાર્થીઓની પાસે અંગબળ વગેરેના પ્રયોગો કરાવી સંસ્થા માટે ફાળો ઉઘરાવાતો તેવું અહીં ન હતું. પણ અહીં ઈનામના મેળાવડાને મહત્ત્વ તો ઘણું અપાતું. શાળામાંથી કોઈ વિદ્યાર્થીની પરીક્ષામાં ઝળકતી ફતેહ મેળવે તેનાથી ય વિશેષ માન નૃત્યમાં સરસાઇ મેળવનારને મળતું. નૃત્ય, સંગીત, ઇત્યાદિ લલિત કલાઓનો આવી શાળાઓમાં જાણે વ્યભિચાર થઈ રહ્યો હોય તેવું લાગતું હતું નૃત્ય કે સંગીત કાંઇ કલાના વિકાસને ખાતર નહોતાં શીખવાતાં. અહીં તો નૃત્યદ્વારા મુંબઇના ધનાઢયોને રોચક જોણું પૂરૂં પાડવાની જ ગણતરી હતી. જે શાળા ઝાઝા શેઠિયાઓને પોતાના કાર્યક્રમમાં આકર્ષી શકતી, તે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી, અને પરિણામે સંસ્થાને આર્થિક લાભ થતો. ગુરૂકુળો કે અનાથાશ્રમોની માફક મુંબઇના શેઠિયાઓનાં છોકરાં સીધી ભીખ ન માગતાં, પણ આડકતરી રીતે શાળાને માટે કમાણી કરવામાં તેમનો ઉપયોગ થતો. શહેરના વેપારીમાં અને ગામડાંના ખેડુતમાં જેટલો ફેર હોય છે તેટલો ફેર મુંબઈની શાળા અને ગુરૂકુળ વચ્ચે હતો. મુંબઇની ભીખ પણ છટાપૂર્વકની ! મુંબઈનું શોષણ પણ ચાલાકીપૂર્વકનું !

અનન્ત મેળાવડા ગોઠવવામાં ઉસ્તાદ હતો, ભણાવવા કરતાં મેળાવડાઓ યોજવાનું તેને વધારે ફાવતું.

ગુરૂકુળના મંત્રીને તડફડ સુણાવી દેનાર સુરેશ હવે જરા ઠાવકો થયો હતો. આવી મેળાવડાની બાબતોમાં આપણે ન માનતા હોઈએ તોપણ—જો નોકરી કરવી હોય તો—આગ્રહે ભાગ લેવો પડે એ જ્ઞાન તેણે સ્વીકાર્યું હતું. થોડા મહીનાની નોકરીમાં તેને આવા કેટલાક અનુભવ થયા હતા.

એક વખત અનન્ત રજા પર હતો. સુરેશ તે દિવસ પૂરતો પ્રિન્સિપાલ હતો. શાળાના ચાર પાંચ વિદ્યાર્થીઓ અને રમેશ સુરેશ પાસે ફરિયાદ કરવા આવ્યા.

'સાહેબ ! અમારી ડ્રેસિંગ રૂમમાં હમણાં બરાબર વ્યવસ્થા નથી રહેતી. બીજી નિશાળોમાં તો કેટકેટલા સુધારાઓ થાય છે !' વિદ્યાર્થીઓએ કહ્યું

'શું છે ?' સુરેશે કંઇ ન સમજાયું હોય તેમ આ લોકોને પૂછ્યું. હજી તે મુંબઇમાં નવો હતો.

'સાહેબ, વાળ ઓળવા માટે પૂરતા દાંતિયા નથી રહેતા, અને...'

'મને દુઃખ થાય છે !' સુરેશે વચ્ચે જ કહ્યું : 'તમે તો વિદ્યાર્થીઓ છો : દેવી સરસ્વતીના ઉપાસકો છો ! તમને બાહ્ય ટાપટીપ અને શણગારનો આવો મોહ શોભે ? હું તો શરમાઈ મરૂં છું ! મારા વિદ્યાર્થીઓ દાંતિયા ને પોમેડની ફરિયાદ કરવા આવે ! તમારી ફરિયાદ તો સેન્જિમ-લાઠીનાં સાધનો બરાબર ન હોય તો એ બાબતની હોવી જોઇએ. મારા વિદ્યાર્થીઓ વાળની લટ પણ ન ખસે તેવી સુંવાળપ કેળવે તેના કરતાં અખાડામાં ધીંગામસ્તી કરતાં લોહીઝાણ થાય એ હું વધારે પસંદ કરૂં. આ અવસ્થામાં તમારે આરામપ્રિય થવાનું ન હોય. અત્યારે તો તમારે ખડતલ થવું ઘટે ! આ ફેશનનો વા આપણને નિર્માલ્ય બનાવી રહ્યો છે. કોઇએ તો આ ખોટી ભ્રમજાળને તોડવા મથવું જોઇશે ને ? આપણી શાળા શા માટે આ દિશામાં પહેલ ન કરે ? ભૂલશો નહીં, તમે દેશનું ધન છો ! રાષ્ટ્રની આશા છો !' સુરેશે તો લાંબું એવું વ્યાખ્યાન કરી કાઢ્યું.

વિદ્યાર્થીઓ શાંત થઇ ગયા. સુરેશ પ્રત્યે તેમને માન હતું આજસુધી તેમને સુંવાળા થવાની જે સગવડ મળતી હતી તેની સામેની સુરેશની દલીલો તેમને ગમી. યુવકોને નવીનતા સામાન્યતઃ ગમે છે. સુરેશ પાસે ફરિયાદે આવેલ વિદ્યાર્થીઓને તો એક રીતે આનંદ પણ થયો. 'ફરિયાદ કરવા આવ્યા તો સુરેશભાઈના નૂતન વિચારો જાણવા મળ્યા ને ?' તેમણે વિચાર્યું. છોકરાઓ ખુશ થઇ જતા રહ્યા.

પણ ચારેક દિવસ પછી અનન્તે સુરેશને બોલાવી કહ્યું :

'છોકરાઓની ડ્રેસિંગ રૂમની ફરિયાદો પ્રત્યે દુર્લક્ષ્ય ન કરવું જોઇએ.

'વિદ્યાર્થીઓ અને વળી ડ્રેસિંગરૂમ ?' સુરેશે કહ્યું. 'વિદ્યાર્થીઓ સાથે તો અખાડો શબ્દ બંધબેસતો લાગે '

'કેળવણીના આદર્શની દૃષ્ટિએ કદાચ તું ખરો હોઇશ. એમાં હું ઝાઝું નથી સમજતો. પણ વ્યવહારની દૃષ્ટિએ હું સાચો છું. બીજી શાળાઓ કરે તે પ્રમાણે આપણે કરવું જ જોઇએ-એ હરિફાઈના આ યુગમાં ટકી રહેવું હોય તો !'

સુરેશને માટે આ નવી વાત હતી. દડસદમાં કે ગુરૂકુળમાં તેણે આવી વાતનો જબ્બર વિરોધ કર્યો હોત; પણ મુંબઈમાં તો પરિસ્થિતિ પલટાઇ ગઇ હતી. પૈસાની તેને જરૂર હતી. સંજોગોએ તેને મોળો પાડી દીધો હતો.

એક વાર કોઈ બાબતમાં સમાધાન કર્યા પછી બીજી એવી બાબતોમાં ય સમાધાન કરવું પડે છે. અને એ રીતે ધીમે ધીમે નીચે ઊતરતા જવું પડે છે. ડ્રેસિંગ-રૂમના મુદ્દા પર સમાધાનવૃત્તિ દાખવ્યા પછી સુરેશે વિના વિરોધે ઇનામના મેળાવડાની તૈયારીઓમાં પોતાનો ફાળો આપવાનું કબૂલી લીધું હતું:

આદર્શ દૃષ્ટિએ સુરેશનું આ પતન હતું. પણ અનન્ત તો કહેતો કે, હવે તે વહેવારૂ બન્યો છે. હવે તેને દુનિયામાં કેમ જીવાય તેનો ખ્યાલ આવતો જાય છે.

આટલી સૂક્ષ્મ રીતે સુરેશમાં થઇ રહેલ ફેરફારની ઉપમાને ખબર ન પડતી. સુરેશના સ્વભાવમાં તેને જે ફેરફાર લાગતો તેને તે પિતાની માંદગી ને મૃત્યુના આઘાતને જ આભારી માની લેતી.

સુરેશ નિશાળેથી દરરોજ મોડો આવવા લાગ્યો ત્યારે ઉપમાએ તેને એક દિવસ પૂછ્યું: 'હમણાં કેમ દરરોજ મોડા આવો છો?'

'ઘણું કામ રહે છે' સુરેશે કહ્યું.

'હમણાં કંઇ નવું કામ નીકળ્યું છે?'

'હા, ઇનામના મેળાવડાની તૈયારીઓ ચાલે છે.'

'ગુરૂકુળના પ્રયોગો જેવી?'

'એમાં ને આમાં તો ઘણો ફેર!' સુરેશે આત્મવંચના કરી.

'શો ફેર?'

'પેલા તો પૈસા કમાવાને ખાતર જ નાટક ભજવતા, જ્યારે આ તો કલાના શોખને ખાતર વિદ્યાર્થીઓ પોતાની ઇચ્છાથી તૈયારી કરે છે.'

'એમ?' ઉપમાએ કહ્યું: 'ત્યારે મુંબઈમાં પૈસા માટે બહુ ગુલામી કરવી પડતી હોય તેવું નથી લાગતું. મુંબઈમાં પૈસા તો સામા આવીને ભટકાઇ પડતા લાગે છે.'

સુરેશ ઉપમા સામે જોઇ રહ્યો. ઉપમાનું બોલવું તેને સીધું ન લાગ્યું, ઉપમા કંઈક કટાક્ષ કરી રહી હોય તેમ તેને લાગ્યું.

'શું જોઇ રહ્યા છો?' ઉપમાએ પૂછ્યું.

'તારૂં મોં!'

'ઓહો! ઘણા દિવસે મારું મોં જોવાની ફુરસદ મળી.' ઉપમાએ હસતાં કહ્યું: 'મુંબઇ અલબેલી નગરી તો ખરી જ! અહીં આવનારને લક્ષ્મી પોતાની પાછળ એવા ગાંડા કરી મૂકે છે કે ઘર-બાર-બૈરું બધું જ ભૂલી જવાય છે!'

'હું એમાંનો એક છું?'

'નહીં' હો તો થશો.'

'ના રે ના! મારી પત્ની તો એવી અદેખી છે કે લક્ષ્મીને ય શોક્ય તરીકે ન સાંખે!'

'પણ બાપડી પત્નીનું પતિ પાસે ઉપજતું ન હોય તો?'

'પતિએ બાપડાએ એક વખત દડસદમાં પત્ની વિના જીવવાનો અખતરો કરી લીધો છે. ફરી એ અખતરો કરવાની તેની હિંમત ચાલે તેમ નથી! ઉપમા, તારે જ બળે તો હું પિતાના મૃત્યુનો આઘાત સહી શક્યો ને? તારી જ પ્રેરણાને લીધે હું આજ દિવસ સુધી સ્વમાન કાજે ગમે તેવું મોટું પ્રલોભનને ય જતું કરી શકું છું ને?'

'એવા ને એવા જ રહેતા હો તો મારે બીજા કશાની અપેક્ષા નથી.'

ભણશાળી હાઇસ્કૂલનો ઇનામનો મેળાવડો ઘણો શાનદાર પ્રસંગ હતો. મુંબઇ વિભાગના સરકારી કેળવણી અધિકારી મી. સ્મીથે એ પ્રસંગનું પ્રમુખપદ સ્વીકાર્યું હતું. દામોદરદાસભાઇથી માંડી બીજા સોએક જેટલા એમના જ જેવા શેઠિયાઓએ એ પ્રસંગે હાજર રહેવા હા કહી હતી. બીજા પણ ઘણા લોકો એ પ્રસંગે આવનાર હતા.

મેળાવડામાં ઉપમા પણ હાજર રહી. અનન્ત ચારેકોર ઘૂમી રહ્યો હતો. સુરેશ ત્રીજી હારમાં ઉપમાની બાજુમાં શાંતિપૂર્વક બેસી ગયો હતો. મોટી પાઘડીઓ ખુરશીની પહેલી હારમાં ગોઠવાઈ ગઇ હતી. મી. સ્મીથ આવ્યા અને સમારંભનો કાર્યક્રમ શરૂ થયો.

બેઠા પછી ચારે બાજુ નજર ફેરવતાં સ્મીથની નજર સુરેશ પર પડી તેમણે સુરેશને ઈશારો કરી પોતાની પાસે બોલાવ્યો.

'ઉપમા, મારે જવું પડશે.' સુરેશે કહ્યું

'ક્યાં?'

'પ્રમુખ સાહેબ પાસે. એ મને બોલાવે છે.'

'ચાલૂ મેળાવડામાં ય નિરાંતે બેસવા નહીં દે.'

'તેં ન ઓળખ્યા? સ્મીથ સાહેબ. ગુરૂકુળમાં આવ્યા હતા એ.'

'હા! તે હમણાં અહીં છે?'

'હા !' કહી સુરેશ ઉભો થયો, અને મી. સ્મીથ પાસે પહોંચ્યો.

'તમે મુંબઇ ક્યારે આવ્યા ?' મી. સ્મીથે સુરેશને પૂછ્યું.

'ઘણો વખત થયો' સુરેશે કહ્યું.

'મને કેમ ન મળ્યા ?'

'મારા પિતાના મંદવાડ અને મૃત્યુની મુશ્કેલીમાં હું ક્યાંય નીકળી નથી શક્યો.'

'તમારા પિતાના મૃત્યુ માટે મારી દિલસોજી ! અહીં શું કરો છો ?'

'આ શાળામાં વાઇસ-પ્રિન્સિપાલ છું.'

'વાઇસ-પ્રિન્સિપાલ ! તમે ?'

'સંજોગવશાત મારે એ પદ સ્વીકારવું પડયું છે.'

'તમારી તબિયત તો સારી રહે છે ને ?'

'હા-જી.'

'કેળવણી વિષયક કંઇ શોધખોળ હાથ પર લીધી છે ?'

'હજી તો કંઇ નથી કર્યું. પણ હવે આપ સહાય આપો તો કંઈક કરૂં.'

'ચોક્કસ ! બાળકોની બુદ્ધિમાપનના પ્રયોગો માટે હિંદને અનુકૂળ એવાં કોઈ ધોરણો શોધી કાઢવા પાછળ લાગો તો ?'

'આપ જે કહેશો તે કરીશ. અહીં સાધનોની વિપુલતા છે. પણ આપે અવાર-નવાર મારૂં કામ તપાસતા રહેવું પડશે.'

'એને હું આનંદદાયક ફરજ સમજીશ.'

મેળાવડો ચાલ્યો એ બધો વખત દરમ્યાન મી. સ્મીથે તો સુરેશ સાથે કેળવણીના અવનવા પ્રશ્નોની ચર્ચા કર્યે રાખી.

પ્રેક્ષકો પ્રમુખને આ રીતે સુરેશ સાથે વાત કરતા જોઇ તેના પ્રત્યે આકર્ષાય તે દેખીતું હતું.

દામોદરદાસભાઇને આથી સુરેશ પ્રત્યે ખાસ આકર્ષણ થયું. સમારંભ પૂરો થયા પછી તેણે સુરેશને બોલાવી પૂછ્યું : 'સાહેબ સાથે તમારે સારો સંબંધ હોય તેમ લાગે છે !'

'હા-જી !'

'એમના પ્રસંગમાં તમે ક્યારે આવેલા ?'

'હું ગુરૂકુળમાં હતો ત્યારે.'

'તમે બંનેએ તો ખૂબ વાતો કરી.'

'હા-જી ! મારે કેળવણી વિષયક અમુક શોધખોળ કરવી છે. તેની ચર્ચા પર અમે ઊતરી પડયા હતા.'

'તમને કેળવણીના ક્ષેત્રમાં સારો રસ લાગે છે.'

'હા-જી ! આ ક્ષેત્રમાં કંઇક નવું કરી જવાની આકાંક્ષા તો છે.'

'સારું-સારું ! ઇશ્વર તમારી અભિલાષાઓ પરિપૂર્ણ કરે.'

અનન્તે બોલાવવાથી સુરેશ જુદો પડયો.

'મુકુ !' દામોદરદાસભાઇએ મોટરમાં બેસતાં કહ્યું : 'સુરેશભાઇ ખરેખર હોશિયાર લાગે છે.'

'હા-જી, મેં તો એમનું હીર વર્ષો પહેલાં પારખ્યું હતું.'

'બેન,' દામોદરદાસભાઇએ કહ્યું : 'આવતી કાલે, સુરેશભાઇ રમેશને ભણાવવા આવે છે તે વખતની મારી જેટલી મુલાકાતો હોય તેટલી રદ કરી નાખજે. સુરેશભાઇ સાથે વિગતવાર ચર્ચા કરવાની મારી ઇચ્છા છે !'

'બહુ સારું !' મુકુલિકાએ કહ્યું

સુરેશ અને ઉપમા મોડી રાત્રે ઘેર આવ્યાં.

'આજે તો ખૂબ થાકી ગયો છું' સુરેશે કહ્યું.

'હું સમજું છું કે તમને ઊંઘ આવતી હશે. પણ મારે તમારી સાથે થોડી વાતચીત કરવી છે.' ઉપમાએ કહ્યું.

'સવારે વાત કરશું તો નહીં ચાલે ?'

'સવારે તમને કામ નહીં આવી પડે તેની શી ખાતરી ? વળી સવારે કદાચ હું પણ ભૂલી જઉં.'

'બહુ સારું ! ત્યારે બોલો.'

'તમને મેળાવડો કેવો લાગ્યો ?'

'એકંદરે સારો.' સુરેશે કહ્યું.

'સીનેમાઓ સામાન્ય મનોરંજન માટે જોવાય ત્યાંસુધી તો ઠીક, પણ સીનેમાનાં નટ-નટીઓને આદર્શરૂપ માની વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તેમનાં આંધળાં અનુકરણ કરે, એ તમને ઠીક લાગે છે ?'

'છોકરીઓએ પોષાક માટે ત્રણસો રૂપિયા માગ્યા ત્યારે મને પ એ ખોટું લાગ્યું'તું એટલી રકમ ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવામાં ખર્ચી હોય તો વધારે સારું !'

'તમે એ વાતનો વિરોધ ન કર્યો ?'

"વિરોધ તો મેં કર્યો'તો, પણ અનન્તભાઇએ મારી વાત ઉડાવી દીધી'

'અને તમે શાંત બેસી રહ્યા ?'

'ત્યારે શું આવી નમાલી બાબત માટે અનન્તભાઈ સાથેનો સંબંધ બગાડી નાખું? એ પૈસા લાવે છે ને વાપરે છે. એમાં મારે શા માટે માથું મારવું?'

આથી પણ નાની બાબતો માટે ઉપમાએ તેને લડતો જોયો હતો, પણ અત્યારે એ બધું યાદ આપવાનું તેને અયોગ્ય લાગ્યું.

'હવે એક બીજી વાત!' ઉપમાએ કહ્યું.

'બોલો!' સુરેશે ઊંઘભરી આંખે કહ્યું.

'આવા ઇનામના જાહેર મેળાવડા સામે તમારો આત્મા કકળી નથી ઊઠતો?'

'છોકરાંઓ થોડો આનંદ કરે તે મને ખોટું નથી લાગતું.'

'એમાં કંઇ જ ખોટું નથી લાગતું?' ઉપમાએ સાશ્ચર્ય પૂછ્યું.

'કેમ?' સુરેશે ઉપમાનો અવાજ સાંભળી તેના હૃદયના ભાવો વાંચતો હોય તેમ તેની સામે જોઇ રહેતાં કહ્યું.

'સુરેશ, હું ય હાઇસ્કૂલમાં ભણી છું. અમે ભણતાં ત્યારે અમારે માટે ચણભણ વાતો તો થતી જ હશે, પરંતુ છેલ્લાં આઠ દશ વર્ષમાં તો જબરો પલટો આવી ગયો હોય તેમ લાગે છે. તમારી શાળાના યુવાન શિક્ષકો અને યૌવનને આંગણે પગ મૂકતી છોકરીઓ જે રીતે ભળતાં હતાં, એ મને તો ભયંકર લાગ્યું. એ દરેક શિક્ષકને ઘેર પત્ની છે, અને છતાં તેની જ વિદ્યાર્થીનીઓ સાથે તેઓ ટાયલાં કરે એ અયોગ્ય ગણાય. શિક્ષક અને શિષ્યા વચ્ચે પિતા–પુત્રીનો પવિત્ર સંબંધ હોવાની શક્યતા જ આમાં ક્યાં હતી? પહેલાં ય આવું થતું તો હશે, પણ ત્યારે એ શરમરૂપ મનાતું. જ્યારે આજે તો શિક્ષક-શિષ્યા વચ્ચેની આવી છૂટ જાણે સ્વાભાવિક હોય તેમ એ બધાં વર્તવા લાગ્યાં છે. ઇનામના મેળાવડા આવા વિકૃત પ્રણય–પ્રસંગો ઉભા કરવામાં સહાયરૂપ બને છે આજે છોકરીઓ તેમના માસ્તરોને લઇ નાસી જાય છે એ વાત તમને ભયંકર નથી લાગતી? આ વિકૃતિ સામે ઝઝુમવાની તમારી ફરજ નથી? ઇનામના મેળાવડાઓ સામે પોકાર ઉઠાવવાની તમારી પવિત્ર ફરજ છે. અને તમે સાંભળ્યું પ્રેક્ષકો તમારો મેળાવડો જોઇશું બોલતા હતા તે? પૈસાદાર એ લોકો ભલે હોય! ખાનદાન તો નહોતા જ! તેમની સમક્ષ બાળકોને નચાવવાં તેને તો હું પાપ માનું છું. મુંબઇમાં શિક્ષણક્ષેત્રમાં ભયંકર સડો પેસી ગયો છે, શિક્ષણ–કલા–સંમેલન અને પર્યટનને નામે હું તો એ બધાંનો વ્યભિચાર થતો જોઇ રહી છું, મારો સુરેશ તો આ વિકૃતિની વિરૂદ્ધ ઝુંબેશ ઊઠાવનારો હોવો જોઇએ. તમને એવા બધાં કામોમાં સાથે જોઈ મારૂં અંતર જળી રહે છે.

'દરેકેદરેક છોકરી માટે એ નાલાયક શેઠિયાઓ જે ટીકાઓ કરતા હતા તે તો હું તમારી પત્ની હોવા છતાં તમારી સમક્ષ બોલી શકું તેમ નથી. એ બિભ-

સ્થતા ભયંકર હતી, ત્રાસજનક હતી ! સારૂં થયું કે તમે તો મી. સ્મીથ સાથે વાતો કરવામાં જ રોકાઇ રહ્યા હતા, નહીં તો એકાદ જણને તમે જરૂર તમાચો લગાવી દેત. અને તમને ખબર છે ? અનન્તભાઇએ પોતાની છોકરીને આવાં ક્લાસમાં ભાગ લેવાની મનાઇ કરી છે.

'આવા મેળાવડા એ નિર્દોષ વિદ્યાર્થીઓની નિર્દોષતાનું અપમાન છે, દેવી માનસીની પવિત્રતા વિરૂદ્ધનું પાતક છે. મારો સુરેશ એમાં ન હોવો ઘટે. પછી ભલે અનન્તભાઈને માઠું લાગે ! પછી ભલે આપણે મુંબઇની નોકરીને તિલાંજલિ આપવી પડે !' ઉપમા આવેશપૂર્વક બોલી રહી હતી, પણ સુરેશ સામે તેની નજર પડતાં તે તો ઉંઘી ગયો હતો.

પોતે જીવનની પવિત્રતાને ટકાવવાની આટલી મહત્ત્વની ચર્ચા કરી રહી હતી તે વખતે સુરેશને ઊંઘી ગયેલો જોઇ ઉપમાનું મન ખાટું થઇ ગયું. તે બોલતી બંધ પડી ગઇ.

•

૨૬ : પુંજીભાઇ હાઇસ્કૂલ

આજે દિવસે દામોદરદાસભાઈ સુરેશની રાહ જોતા રમેશના અભ્યાસ-ખંડમાં બેઠા હતા. કોઇ પણ નવો વિચાર ઉદ્‌ભવ્યો કે તેની શક્યાશકયતા નક્કી કરીને તે વિચાર અમલમાં મૂકી દેવાની દામોદરદાસભાઇની ખાસિયત હતી.' હોતા હૈ-થાતા હૈ!' તે કદી ન કરતા.

દામોદરદાસભાઇએ રમેશના અભ્યાસની ઝીણી ઝીણી બાબતોની પરીક્ષા કરવા માંડી. દાદાને પોતાના અભ્યાસમાં આટલો વ્યક્તિગત રસ લેતા જોઈ રમેશ ઘણો ખુશ થયો. રમેશના બુદ્ધિપૂર્વકના પ્રત્યુત્તરો સાંભળી દામોદરદાસભાઇ પણ ખુશ થયા. કોઇ પણ નવો વિષય સમજાવતા પહેલાં સુરેશ એ વિષયનું હાર્દ સમજાવવાનું કદી ન ચૂકતો. એ રીતે શીખવવાથી વિદ્યાર્થીને ગોખણપટ્ટી ન કરવી પડતી એટલું જ નહીં પણ વિદ્યાર્થીને વિષયમાં જીવંત રસ ઉત્પન્ન થતો.

રમેશ સાથેની વાતો પૂરી થઇ તો ય સુરેશ ન આવ્યો.

'રમેશ,' દાદાએ કહ્યુંઃ 'મુકુ ફઇને બોલાવ તો !'

રમેશ મુકુલિકાને બોલાવી લાવ્યો.

'કેમ, બાપુજી ?' મુકુલિકાએ પૂછ્યું.

'તું કંઈ કામમાં છો?' દામોદરદાસભાઈએ પૂછ્યું.

'ના—ના.'

'તો બેસ ને!'

મુકુલિકા બેઠી.

'રમેશનાં અભ્યાસની તપાસ તો રાખતી રહે છે ને?' દામોદરદાસભાઈએ પૂછ્યું.

'ક્યારેક ક્યારેક હું તેને તપાસી લઉં છું.'

'તને કેમ લાગે છે?'

'શું?'

'રમેશનો વિકાસ.'

'રમેશ આ વખતે જરૂર પહેલો આવશે.'

'સુરેશભાઈ ખરેખર હોશિયાર લાગે છે.'

'મેં તો એમને વર્ષો પહેલાં અનન્તભાઈને ત્યાં જોયા ત્યારથી ઓળખી લીધા'તા.'

'આવા શિક્ષકોને ગમે તેટલો પગાર આપીએ તો ય ભારે ન પડે.'

પિતા—પુત્રી વાતો કરી રહ્યાં હતાં ત્યાં સુરેશ આવી ચડ્યો.

'આવો, સુરેશભાઈ!' મુકુલિકાએ કહ્યું: 'બાપુજી ક્યારના તમારી રાહ જુએ છે. આજે તમે જરા મોડા હો એમ લાગે છે.'

'ના—ના,' સુરેશે કહ્યું: 'હું જરા ય મોડો નથી. કોઈ દિવસ નહીં ને આજે જ તમારે રાહ જોવી પડી એટલે તમને હું મોડો આવ્યો એમ લાગે તે સ્વાભાવિક છે.' સુરેશનું બાખાબોલાપણું સદંતર નહોતું ચાલ્યું ગયું.

'ખેર!' દામોદરદાસભાઈએ કહ્યું: 'તેનું કંઇ નહીં. આજે થોડો વખત મળ્યો તો હું રમેશના અભ્યાસમાં જરા રસ લઈ શક્યો. તમારાં કામ બદલ અભિનંદન!' સુરેશ શાંત રહ્યો.

'આજનો દિવસ રમેશને છુટ્ટી આપી શકો તો મારે તમારી સાથે થોડી વાતો કરવી છે.' દામોદરદાસભાઈએ કહ્યું.

'ખુશીથી, આજે રમેશભાઈને મારી પાસે ભણવાના કંટાળાભર્યા કલાકની સજામાંથી મુક્ત કરવામાં આવે છે.' સુરેશે સ્મિત કરતાં કહ્યું.

'રમેશ,' દામોદરદાસભાઈએ પૂછ્યું: 'સુરેશભાઈ પાસે ભણવા બેસવાનું સજા જેવું લાગે છે કે?'

'બિલકુલ નહીં!' રમેશે કહ્યું: 'મને તો ઉલટાની મજા આવે છે.'

'તો પછી' સુરેશે કહ્યું: 'આજે એ મજા ન માણવાની તને સજા કરવામાં આવે છે'

બધાં હસ્યાં.

'રમેશ,' મુકુલિકાએ કહ્યું : 'બાપુજીને સુરેશભાઇ સાથે બેઠી અંગત વાતે કરવી છે. ચાલ, આપણે જઇએ.'

મુકુલિકા ને રમેશ ઉભાં થયાં.

'મુકુ, તું બેસ. રમેશ ભલે જતો' દામોદરદાસભાઇએ કહ્યું.

મુકુલિકા પાછી બેઠી. રમેશ ગયો.

'ગઇ કાલે તમે શોધખોળ કરવાની વાત કરી એ પછી મારા મનમાં એ વિચાર આવ્યો છે.' દામોદરદાસભાઈએ સુરેશને કહ્યું.

'શો વિચાર?' સુરેશે પૂછ્યું.

'શોધખોળ કરવા માટે તો ઘણો વખત જોઇએ, ખરૂં ને?'

'હા–જી! એમાં વખત તો લાગશે જ!'

'હા, એ ખરૂં. પણ હું તો બીજી વાત કરૂં છું. મુંબઈના ધમાલિયા જીવન ટ્યુશન ને શાળાની નોકરી કરતાં કરતાં તમને એક પળની ય નવરાશ ક્યાં મળશે કે તમે શાંતિપૂર્વક શોધનું કામ કરી શકો?'

'હા–જી! એ મુસીબત તો છે જ.'

'એનો કંઈ ઉકેલ તમે શોધ્યો છે?'

'વિચાર કરૂં છું, બીજો કોઇ રસ્તો ન મળે તો એક રસ્તો તો છે જ!'

'કયો?'

'બધાં ટ્યુશનો મૂકી દેવાનો.'

'પછી?'

'પછી તો વખત મળશે જ ને?'

'પણ આમદાની ઘટશે તેનું શું?'

'હા–જી! એ તો ઘટે જ, પણ એટલું સહી લેવું પડશે. સવાસો રૂપિયા અમારે બે જણ માટે તો પૂરતા કહેવાય!'

'પણ અનન્તભાઇ તમારૂં કામ સરળતાપૂર્વક થવા દેશે?'

'અનન્તભાઈ અને હું જૂના મિત્રો છીએ. મારાં કામમાં એ આડખીલીરૂ નહીં બને!'

'હું અનન્તભાઈ માટે જુદો જ અભિપ્રાય ધરાવું છું. પણ એ તો તમારી અંગ બાબત કહેવાય. તેમાં મારે માથું ન મારવું જોઇએ. પણ તમારી આમદાની ઘટે અને તમને ફાજલ વખત મળી રહે તેવો કોઇ માર્ગ નીકળતો હોય તો?'

'એવો માર્ગ સ્વીકારવામાં મને શો વાંધો હોય?'

'તમારી ચાકચતાઓ કચડાઇ જાય તે મને પસંદ નથી.' દામોદરદાસભાઇએ કહ્યું: 'અનન્તભાઇ નીચેની નોકરી તો તમારે આપદ્‌ધર્મ' તરીકે સ્વીકારવી પડી હતી તે હું જાણું છું. હવે એવી મામુલી નોકરીને વળગી રહેવામાં કંઇ સાર નથી.'

'એક તરફથી હું મારી શોધખોળનું કામ શરૂ કરું અને બીજી તરફથી મારે નવી નોકરી મેળવવા ફાંફાં મારવાં પડે, એ પરિસ્થિતિ ઊભી થતી અટકાવવા હું ચાલૂ જગ્યા છોડવાનું પસંદ ન કરું.'

'તમારો એ મુદ્દો બરાબર છે, પણ તમારે માટે સારી નોકરી તૈયાર હોય તો?'

'તો?' કહી સુરેશ અટકી ગયો.

'કેમ અટકી ગયા?'

'નવી નોકરી સ્વીકારતાં પહેલાં મારે વિચાર તો કરવો જોઈએ ને?'

'જુઓ, હું સ્પષ્ટ વાત કહી દઉં. તમે આચાર્યપદ સ્વીકારતા હો તો મારો વિચાર મારી માતાના નામ પર 'પુંજીબાઇ હાઇસ્કૂલ' સ્થાપવાનો છે. હું તમને માસિક પાંચસો રૂપિયા પગાર આપી શકું.'

સુરેશ તો જોઇ જ રહ્યો

'બોલો, શો વિચાર છે?' દામોદરદાસભાઇએ પૂછ્યું.

'હું આપને એક દિવસમાં મારો નિર્ણય જણાવીશ.' સુરેશે કહ્યું.

'બહુ સારું! વિચાર કરીને જવાબ આપજો' કહી એ ઉભા થયા.

સુરેશે રજા લીધી.

'મુકુ,' દામોદરદાસભાઇએ કહ્યું 'જો આ માસ્તર માની જાય તો ઓછામાં ઓછા બેથી ત્રણ હજારની માસિક આવક હાઇસ્કૂલમાંથી મળી રહે. માત્ર મિલ કાઢીને જ પૈસા કમાઇ શકાય એવી જુનવાણી માન્યતામાં બંધાઇ રહું એવો હું નથી. માણસે નવા નવા ક્ષેત્રમાં અખતરા કર્યા જ કરવા જોઇએ. આમાં તો માજીનું નામ અમર થશે એ વળી વધારાનો લાભ છે.'

પિતાની વ્યાપારી બુદ્ધિથી ચકિત થતી મુકુલિકા તેમની સામે જોઇ રહી.

અનન્તે સુરેશ પાસેથી પુંજીબાઇ હાઇસ્કૂલની યોજનાની વાત સાંભળી ત્યારે એ તો બેબાકળો બની ગયો. તોછડો લાગતો સુરેશ ક્યારે આટલી ખુશામત કરવાં શીખી ગયો એ તેને ન સમજાયું. અનન્તને ખબર ન હતી કે પદવી મેળવવા માટે ખુશામત જોઇએ જ એવું કંઇ નથી. ક્યારેક તોછડા માણસને ય લાયકાતને જોરે સારી જગ્યા મળી જાય છે.

'સુરેશ, તારે મને ભિખારી બનાવવો છે કે શું?' અનન્તે કહ્યું.

'જુઓ, અનન્તભાઇ !' સુરેશે કહ્યું : 'કેટલીક બાબતમાં સ્પષ્ટતા સારી. મેં ઘણી વખત તમારી ઇચ્છાને ખાતર મારા વિચાર જતા કર્યા છે. પણ હું જીવનભર તમારી નીચે કામ કર્યા કરું એ મને પસંદ નથી. મારી ય કેટલીક મહત્ત્વાકાંક્ષાઓ છે. તમારી નીચે કામ કરતાં હું કેટલાંક કામ કરી શકું તેમ નથી એ વાત તમે પોતે પણ જાણો છો.'

'મારે તારી સાથે દલીલો નથી કરવી.' અનન્તે વચ્ચે કહ્યું : 'હું તારી ચાલબાજી સમજી ગયો છું. મારી ખુશામત કરી તેં ભણશાળી હાઇસ્કૂલમાં નોકરી મેળવી. અહીં હવે બધાનો માનીતો થઇ પડયા પછી તને હવે મારી શી જરૂર હોય ? હવે તારે આચાર્ય થવું છે. એટલા માટે તેં દામોદરદાસભાઇને સાધ્યા છે. હું સમજી ગયો છું કે તારે તારી પુંજીભાઇ હાઇસ્કૂલમાં ભણશાળી હાઇસ્કૂલના એકેએક છોકરાને ઘસડી જવો છે. પછી મારે તો ખભે ખડિયો નાંખી આપણો મૂળ ધંધો જ સ્વીકારવો રહ્યો ને ?'

'અનન્તભાઇ, તમે ભયંકર છો !' સુરેશે કહ્યું : 'કલ્પનામાં ય ન હોય તેવા અર્થો ઉપજાવી કાઢો છો.'

'અર્થ જરા ય ભયંકર નથી. ભયંકર તો તું જ છે. મેં તને અહીં જગ્યા કરી આપી તો હવે મને જ ગબડાવી પાડવા તું તૈયાર થયો છે.'

'અનન્તભાઇ, હું વચન આપું છું કે પુંજીભાઇ હાઈસ્કૂલમાં અમે ભણશાળી હાઇસ્કૂલના છોકરાને નહીં લઇએ.'

'એ વાત કંઇ દામોદરદાસભાઈ કબૂલે ?'

'એ તો હું એમની સાથે ચોખવટ કરી લઇશ, પણ પછી તો તમને બીજો કાંઇ વાંધો નથી ને ?'

'પછી તો એક સારો શિક્ષક ગુમાવવા સિવાય બીજો વાંધો શો હોય ?' અનન્તે અવાજ ને દેખાવ બદલાવી નાખ્યા : 'પણ એ રીતે હું તને બાંધી રાખવા નથી ઇચ્છતો. તારા વિકાસમાં અંતરાયરૂપ થતાં મને દુઃખ થાય. પણ મોટી હાઇસ્કૂલનો પ્રિન્સિપાલ બની બેસ ત્યારે આ નાના મિત્રને ભૂલી ન જતો એટલી મારી અરજ છે.'

'જાવ રે, અનન્તભાઇ ! તમે તો મને બનાવવા મંડયા !'

કોણ જાણે કેમ પણ દામોદરદાસભાઇ અને અનન્ત સાથે થયેલ 'પુંજીભાઇ હાઇસ્કૂલ'ની ચર્ચાની વાત સુરેશ ઉપમાને કરવાનું વિસરી જ ગયો. પહેલાં ઝીણી-ઝીણી બાબતોમાં પણ ઉપમાનો મત પૂછતો સુરેશ આવી મહત્ત્વની વાતમાં ઉપમાને વાકેફ ય ન કરે એ નવાઈ જેવું તો હતું જ.

ત્રણેક દિવસ પસાર થઇ ગયા. દામોદરદાસભાઇ બીજાં કામમાં રોકાયેલા હોઈ સુરેશને નહોતા મળી શક્યા.

ચોથે દિવસે સવારે મુકુલિકા મોટરમાં સુરેશને ઘેર આવી. સુરેશ વાંચતો હતો. ઉપમા એક આરામ ખુરશીમાં બેસીને રૂમાલ ગૂંથતી હતી.

'સુરેશભાઇ, આવું કે ?' મુકુલિકાએ બારણામાંથી પૂછ્યું.

'આ–વો !' મુકુલિકાનો અવાજ સાંભળી બ્હાંફળાફાંફળા ઉભા થતાં સુરેશે કહ્યું.

'નોતરૂં દેવા આવી છું.'

'શાનું ?'

'આજે રમેશનો જન્મદિવસ છે. તમારે જમવા આવવાનું છે. આવશો ને ?'

'જમવાનું ક્યારે છે ?' સુરેશે પૂછ્યું.

'સાંજના છ એ.'

'ભલે, હું આવીશ.'

'હું આવીશ એટલે ?' મુકુલિકાએ પૂછ્યું.

'એનો અર્થ આવીશ એમ જ થાય.'

'મારા બોલવાનો ભાર 'આવીશ' પર નહીં 'હું' પર છે ?'

'હુંને કેટલાક ભાર તળે ચગદવો છે ?' સુરેશે પૂછ્યું.

'જમવાનું તમારે બંનેને છે. ઉપમાબેન, આવશો ને ?'

'મને નહીં ફાવે.' ઉપમાએ ગૂંથવાનું બાજુ પર મૂકી કહ્યું.

'ઉપમાબેન, મારી સાથે લડવું નહીં ફાવે, હો !' મુકુલિકાએ ગંભીરતાનો હાસ્યજનક ડોળ કરતાં કહ્યું.

'એ તો હું સમજું છું.' ઉપમાએ ટાઢાશપૂર્વક કહ્યું.

'ઉપમાબેન,' મુકુલિકાએ તેની પાસે ખુરશી ખેંચી, બેસતાં કહ્યું: 'તમે મારાથી અતડાં કેમ રહો છો ?'

'દામોદરદાસભાઇ અને તેમની પુત્રીસમાં મોટાં...'

'જાવ રે !' મુકુલિકાએ ઉપમાના મોઢા આડો હાથ દેતાં કહ્યું: 'મારે તમારી પાસે મોટાં નથી થવું. હું શું એવી બધી ચીબાવલી લાગું છું કે, તમને મારી સાથે બોલવાની ય ઇચ્છા ન થાય ?'

ઉપમા ચૂપ રહી.

'આવશો ને જમવા ?'

'સાચાં પ્રેમનાં નિમંત્રણને હું પાછું નથી ઠેલી શકતી.'

'આવજો, હો ! જરા વહેલાં આવજો. અત્યારે તો મારે ચાર પાંચ ઠેકાણે જવું

છે એટલે નહીં બેસું. પણ સાંજે તો હું તમને મારાથી જરા ય દૂર નહીં ખસવા દઉં.' મુકુલિકાએ રજા લીધી.

'ઉપમા, તું મુકુલિકાબેન સાથે વધારે પડતી અક્કડ રહે છે.' સુરેશે કહ્યું.

'તમારો એ ગુણ તમે ત્યજી દીધા પછી મારામાં પ્રવેશી ગયો હોય તેમ મને લાગે છે.'

'હમણાં હમણાં તું કોઇ સીધી વાત કરતી નથી.'

'અને તમારૂં વર્તન સીધું રહ્યું છે કે?'

'મારૂં?'? સુરેશે કહ્યું: 'હા, મારી એક ભૂલ થઇ છે ખરી.'

'એમ કે? કઇ ભૂલ?'

'દામોદરદાસભાઇ નવી હાઇસ્કૂલ શરૂ કરે છે.'

'તમારૂં ટ્યુશન બંધ કર્યું?'

'હા, પણ મારે એ હાઇસ્કૂલના આચાર્ય થવું એ શરતે.'

'શો પગાર?'

'પાંચસો રૂપિયા.'

'નક્કી થઈ ગયું?'

'હું હા પાડું એટલી વાર છે.'

'તમે શું વિચાર્યું?'

'તારો શું મત પડે છે?'

'મારા મતનું કંઇ વજન પડશે ખરૂં?'

'વાહ! તારો મત મેં ક્યારે અવગણ્યો?'

'ખરૂં છે. અવગણના ન કરવી પડે એટલા માટે તમે મારો મત પૂછવાનું જ બંધ કર્યું છે.'

'ઉપમા, આપણાં અંતર વચ્ચે કોઇ દિવાલ રચાઇ રહી હોય તેવું મને લાગે છે. આપણા મેળભર્યા જીવનમાં આ વિસંવાદ ક્યારથી ઉભો થયો?'

'જ્યારથી તમને રળવું મારા કરતાં વધારે પ્રિય થયું ત્યારથી.'

'તું મને સમજી શકતી નથી. હું રળું છું તે કોને માટે?'

'જો મારે માટે જ બધું કરતા હો તો મારી એક સલાહ માનશો?'

'શી?'

'આપણે મુંબઇ છોડી કોઈ નાના કેન્દ્રમાં જવાં રહીએ. અહીંનું જીવન મને ગુંગળાવનારૂં લાગે છે. તમે આખો દિવસ રળવાની ધમાલમાં પડ્યા રહો છો અને મારો દિવસ કેમે ય જતો નથી. વંચાય તે દિવસમાં કેટલીક કલાક? દડસાદ જેવો

પાડોશ તો અહીં છે જ નહીં. આટલી દોડધામ અને ધક્કામૂક્કીમાં ય મને તો એકાંત જ લાગે છે '

' પણ મુંબઇ અત્યારે છોડાય તેમ નથી.'

' મારા પ્રેમને ખાતર પણ નહીં ? '

' મારી વાત તો પૂરી સાંભળ ! મેં સ્મીથ સાહેબની સૂચના અનુસાર શોધ-ખોળનું કામ હાથ ધર્યું છે. મુંબઈ સિવાય બીજા કોઇ ક્ષેત્રમાં આ કામ માટે અવકાશ નથી. એમ. એ. વખતે વંચાવી વંચાવીને મારો દમ કાઢી નાખનારી તું જ મારા વિશેષ અભ્યાસનો વિરોધ કરે એ કદી બને ખરૂં ? '

' સુરેશ,' ઉપમાએ કહ્યું, ' તમે કેળવણીકાર તરીકે આગળ વધો એ તો મારીય અભિલાષા છે. તમને દેશભરના ગણ્યા ગાંઠયા કેળવણીકારોમાં સ્થાન પામતા જોઇને મને આનંદ જ થાય. ખરી રીતે તો એ જ મારા હૃદયની ઝંખના છે. પણ એ પદ મેળવવા માટે જે કિંમત આપવી પડે તેમ છે, તે મને આકરી લાગે છે. દામોદરદાસભાઇ તમારી હોશિયારીથી અંજાઈને તમને આચાર્ય બનાવે છે એ ખ્યાલ મનમાંથી કાઢી નાખજો. એ મૂડીવાદીઓ તો આપણને તેમના હાથા જ બનાવી રહ્યા હોય છે. પણ તેની ચર્ચામાં અત્યારે નહીં ઊતરૂં. મને તો એક જ વાત નથી ગમતી. મારો લડકણો સુરેશ 'હા–જી–હા' કરનારો થઈ જાય એ મને નથી ગમતું. સાકરલાલભાઇને કે નગીનભાઇને તડફડ સુણાવી ચકતો સુરેશ દામોદરદાસભાઇથી દબાય છે શા માટે ? '

' જા રે, ગાંડી ! એ તો માણસ જેમ ઉમરમાં વધતો જાય તેમ અનુભવથી ઠરેલ બુદ્ધિનો થતો જાય. એમાં દબાવાની વાત ક્યાં આવી ? '

' ગુલામી મનોદશા માટે તમે ઠરેલ બુદ્ધિ શબ્દ વાપરતા હો તો મને એ સ્વીકાર્ય નથી. '

' એવા મભમ આક્ષેપો કરવા કરતાં મેં ક્યારે ક્યારે ગુલામી માનસ દર્શાવ્યું એ કહે તો ઠીક પડે. તારો મુંબઇ સામેનો અણગમો હું પહેલેથી જાણું છું. પણ અત્યારે તો મારાથી મુંબઈ છોડાય તેમ નથી જ, તેનું શું કરવું ? તું જ કહેને !'

ઉપમાને વિદ્યાર્થીઓની ડ્રેસિંગ રૂમ, ઇનામ–મેળાવડો, સુકુલિકાને જોતાં જ હાંફળાફાંફળા થઇ જવાનું, વગેરે યાદ તો આવ્યું, પણ તે ચૂપ રહી.

' સુરેશ, આપણે સમાધાન કરીએ. ' ઉપમાએ કંઇવારે હસતાં કહ્યું: ' તમારી શોધ પૂરી થાય ત્યાંસુધી તમારે ખુશીથી મુંબઇમાં રહેવું. પણ એ પછી તો મુંબઇ છોડશો ને ?

'ભલે! એ પછી તું કહેશે તેમ કરીશ.'

સુરેશ અને ઉપમા બંને સમજી શક્યાં કે તેમનાં અંતર જુદાં પડી રહ્યાં હતાં. પણ એ નક્કર સત્ય કબૂલ કરવા બેમાંથી કોઇ તૈયાર ન હતું. સમાધાનના ઓઠા નીચે બંનેએ વાત બંધ કરી.

સાંજે ઉપમા ને સુરેશ દામોદરદાસભાઈની મિજબાનીમાં પહોંચી ગયાં. મુકુલિકાએ ઉપમાને પોતાની પાસેથી જરા ય દૂર ખસવા ન દીધી. રમેશને મળેલ ભેટો દેખાડવાની હોય કે બગીચાના નવા છોડ જોવાના હોય, એ બધાંમાં મુકુલિકાએ ઉપમાને પોતાની સાથે ને સાથે જ રાખી.

મુકુલિકા હોશિયાર હતી. જેની સાથે અતડા રહેવું હોય તેને સીફતપૂર્વક દૂર કરી દેવામાં એ જેટલી ચબરાક હતી, એટલી જ ચાલાકી તેનામાં જેની સાથે ભળવું હોય તેને વાતચીતદ્વારા ખુશ કરી દેવાની હતી. એથી જ તો તેને માટે બે જાતના મત હતા. કેટલાંક તેને વાયડી, મિજાજી અને તોછડી માનતાં, તો કેટલાંક તેને મળતાવડી, વાચાળ ને ભોળી કહેતાં.

ઉપમા સાથે મુકુલિકાને દોસ્તી કરવી હતી. ઉપમા ય થોડી વાર તેની સાથે ફર્યા પછી પોતાનો અણગમો ભૂલી આનંદપૂર્વક વાતો કરવા લાગી. ઉપમાની વાતો સાંભળતાં મુકુલિકા તો છક થઈ ગઇ. ઉપમા તેના ધાર્યા કરતાં ય વધારે ચતુર નીકળી. થોડી વારમાં તો મુકુલિકાને ઉપમા સાથે વાતો કરવાનું ગાંડું લાગ્યું. બીજાં બધાં મહેમાનો જમવામાં કે બીજી ગમ્મત કરવામાં પડયાં હતાં ત્યારે ઉપમા ને મુકુલિકા બધાંથી દૂર પોતાની વાતોમાં મશગુલ બની ગયાં હતાં.

'મુકુ!' દામોદરદાસભાઇએ હસતાં કહ્યું: 'તું તો ઉપમાબેનને પહેલે જ પ્રસંગે એવાં થકવી દઇશ કે એ ફરી કોઈ વખત તારે ત્યાં આવશે જ નહીં.'

'હેં, ઉપમાબેન! હું તમને ત્રાસ આપું છું?' મુકુલિકાએ પૂછ્યું.

'મને ય તમારી વાતો સાંભળવાની મજા પડે છે' ઉપમાએ કહ્યું: મુકુલિકા ને ઉપમા એકમેક સાથે ભળે તે સુરેશને ગમ્યું.

બધાં મિજબાનીથી પરવારીને જવા લાગ્યાં ત્યારે સુરેશ અને ઉપમા પણ ઉભાં થયાં.

'સુરેશભાઇ,' દામોદરદાસભાઇએ બીજાંને વળાવવા જતાં કહ્યું: 'તમે ને ઉપમાબેન જરા બેસજો. મુકુ તમને મોટરમાં મૂકી જશે.'

બીજાં બધાં ગયાં. સુરેશ ને ઉપમા રોકાયાં.

'ઉપમાબેન,' દામોદરદાસભાઇએ પાછા આવી બેસતાં કહ્યું: 'તમે કયારેક

આવતાં હો તો મુકુને ગમે. એક દિવસમાં જ તમે કેટલી બધી વાતો કરી નાખી! મુકુ–બેઠા! એવી બધી તે શી વાતો પર તમે બંને ઊતરી પડયાં'તાં?'

'બાપુજી, ઉપમાબેનના વિચારો મને બહુ ગમ્યા છે. મારે હવે તેમની જેમ ખાદી પહેરવી છે.' મુકુલિકાએ કહ્યું.

'શોખની વસ્તુ તરીકે તું ખુશીથી ખાદી પહેરી શકે છે, પણ આર્થિક દૃષ્ટિએ ખાદી ફાયદાકારક હોય તેમ હું નથી માનતો. તમે શું માનો છો, સુરેશભાઇ?'

'હું?' સુરેશે કહ્યું: 'હું અર્થશાસ્ત્રના પ્રશ્નોમાં ઝાઝું નથી સમજતો.'

'છતાં ય ખાદી તો પહેરો જ છો.'

'કારણ કે ઉપમાને એ ગમે છે.'

'તમારી પત્નીભક્તિ પ્રશંસનીય છે.' દામોદરદાસભાઇએ ટીખળી સ્વરે કહ્યું: 'પણ અર્થશાસ્ત્ર એવી ભક્તિને ગણત્રીમાં નથી લેતું. એ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ તો ખાદી ખોટનો જ ધંધો છે.'

'આપ શા ઉપરથી એમ કહો છો?' ઉપમાએ પૂછ્યું. તેને સુરેશનો જવાબ નહોતો ગમ્યો. સુરેશે કંઇક કડક જવાબ આપ્યો હોત તો તેને ગમત. પણ સુરેશે તો ઘણો મોળો જવાબ આપ્યો. ઉપમાને લાગ્યું કે હવે તેણે થોડી કડવી વાતો કહેવી જોઈએ. સામાન્ય રીતે ઉપમા કડવી વાતો કહેવાનું પસંદ ન કરતી. એ ફરજ મોટે ભાગે સુરેશ જ બજાવતો. પણ જ્યારે સુરેશ પાણીમાં બેસી ગયો ત્યારે ઉપમાને થોડું તડફડ કરી લેવાની જરૂર જણાઇ. કોઇની ય શેહમાં દબાઇને અમુક વાત કબૂલ કરી લેવાનું ઉપમા કે સુરેશના સ્વભાવમાં ન હતું. સુરેશે ખાદીની વાતને રોળીટોળી નાખી એટલે ઉપમા ખાદીનો બચાવ કરવા તત્પર થઈ.

'એ તો દીવા જેવું છે.' દામોદરદાસભાઇએ કહ્યું.

'છતાં ય અમને નથી દેખાતું, તે આપ બતાવશો તો જરૂર અમે અમારી ભૂલ સુધારી લેશું.' ઉપમાએ કહ્યું.

'ખાદી પહેરનારને ખિસ્સામાંથી વધારે પૈસા કાઢવા પડે એ વાત તો તમે સ્વીકારશો ને?'

'આપના જેવા મૂડીપતિ–અર્થશાસ્ત્રના અભ્યાસી આવી ગામડિયાશાહી દલીલ કરો એ તો ઘણું વિચિત્ર કહેવાય. ખાદી રાષ્ટ્રીય ધનમાં વધારો કરે કે ઘટાડો?'

'ઓ–હો! તમે તો અર્થશાસ્ત્રના પ્રશ્નો બરાબર સમજતાં લાગો છો!'

'ના–જી! હું અર્થશાસ્ત્રની આંટીઘૂંટી જરા ય નથી સમજતી. હું તો મારી સાદી સમજણ મુજબ વાત કરૂં છું.'

'ઘડિયાળના કાંટાને પાછો ફેરવવાથી ઘડિયાળ બગડે એ દેખીતી વાત છે. વીસમી સદીના માનવને સત્તરમી સદીનું જીવન જીવવા કહેવું તે ય એટલું જ નુકસાનકારક છે. ઈંગ્લાંડ, જાપાન, અમેરિકા ને જર્મની યંત્રોદ્વારા ધોધમાર ઉત્પાદન કરી રહ્યાં હોય ત્યારે રેંટિયો લઇને બેસી જવાની વાત તમને હાસ્યાસ્પદ નથી લાગતી ?'

'મેં પહેલેથી જ કહ્યું છે કે અર્થશાસ્ત્રની આંટીઘૂંટી હું નથી સમજતી. મારો તો એક જ પ્રશ્ન છે કે, માણસો માટે યંત્ર કે યંત્ર માટે માણસ ? મિલોમાં કામદારોની દશા કેવી હોય છે ?'

'યંત્રો માનવશક્તિ બચાવવા જ સર્જાય છે.' દામોદરદાસભાઈએ કહ્યું.

'પણ પરિણામે તો એ માણસાઇ હરનારાં પડયંત્રો જ બની રહે છે. બેકારીનાં ઉત્પાદક બને છે, મૂડીવાદીઓનાં સાધન બને છે.'

'રશિયા મૂડીવાદને દૂર કરી શક્યું છે, તમે ય એવું કંઇક કરો. યંત્રોથી બેકારી વધતી હોય તો ઝાઝાં યંત્રો ઉભાં કરો. એક મિલ પૂરતા કામદારોને કામ ન આપી શકે તો દશ મીલ ઊભી કરો. મિલકતની માલિકી રાષ્ટ્રની ઠરાવો. તો પછી ગમે તેટલી મિલો ઊભી કરવામાં ય વાંધો નહીં આવે.'

'લેન્કેશાયર કે માન્ચેસ્ટરની મીલો જેટલું કાપડ ઉત્પન્ન કરે છે. તે એમની ઉત્પાદન શક્તિની છેલ્લી હદ છે, કે એથી ય વધુ ઉત્પાદન તેમનાથી થઇ શકે ? મિલમાલિક હોઇ તમે આ પ્રશ્ન બરાબર સમજશો' ઉપમાએ કહ્યું.

'એથી તો ત્રણગણું ઉત્પાદન એ લોકો કરી શકે.'

'તો પછી એ લોકો શા માટે એમ નથી કરતા ?'

'એ માલ માટે બજાર જોઇએ ને !'

'હં ! એ જ ખરી વાત છે. આજે તો યંત્રવાદમાં આગળ વધેલા બધા દેશો હિંદ–ચીન જેવા દેશમાં પોતાનો માલ ભરવાની કાતીલ હરીફાઇ કરી રહ્યા છે. પણ જો હિંદ ને ચીન પણ એવા યંત્રવાદ પાછળ ગાંડાં થાય તો પરિણામ શું આવે તે કલ્પી શકો છો ? આપણે જગતભરની બજારોને પૂરું પાડીએ તેટલું ઉત્પાદન કરી શકીએ. એ માટે આપણને જગતની બજારો હાથ કરવાની મહત્ત્વાકાંક્ષા જાગે એ મહત્ત્વાકાંક્ષા પૂરી પાડવા આપણે બળજબરી કરવી પડે. બીજા દેશોને વ્યાપારના ક્ષેત્રમાંથી હઠાવી આપણે માટે એ ક્ષેત્ર તૈયાર કરવા તેમ જ બધા દેશોને આપણાથી ડરતા રાખવા આપણે મોટું લશ્કર રાખતા થઈ જઇએ. પરિણામે આજ જેમ આપણે બીજી પ્રજાના ગુલામ છીએ તેમ તે દિવસે આપણે

બીજી પ્રજાને ગુલામ રાખવા મથીશું. યુદ્ધવાદનો આ ભયંકર આદર્શ અમને માન્ય નથી, માનવ માત્ર પશુ જ છે એમ માની શકાય જ નહીં. હિંસાને જ શાશ્વત સત્ય કેમ મનાય? અમે તો માનીએ છીએ વિશ્વબંધુત્વમાં. અમારે કોઈને પીડવો નથી. કે કોઇને હાથે પિડાવું નથી. ખાદી અમારી આ ઉચ્ચ ભાવનાનું પ્રતિક છે. ખાદી એ ત્યાગ, સંતોષ ને બંધુપ્રેમની નિશાની છે. ખાદી માનવતાનું એંધાણ છે. યંત્રો ભલે રહ્યાં, પણ યંત્રોદ્વારા જથ્થાબંધ ઉત્પાદન કરી બજારો શોધતા ફરવાનું ગાંડપણ તો અમને ન જ ખપે. સ્વતંત્ર ભારત જગત સમક્ષ નવીન આદર્શ દૃષ્ટાંત દ્વારા રજૂ કરવા માગે છે. ખાદી અમારૂં પહેલું પગથિયું છે!'

બધાં એક શ્વાસે ઉપમાને સાંભળી રહ્યાં હતાં. ઉપમા ઉમળકાભેર બોલી રહી હતી. હૃદયના ભાવો તે વ્યક્ત કરતી હતી. દામોદરદાસભાઇ તો ચર્ચાને ખાતર ચર્ચા કરતા હતા. સુરેશના ખોંખારે ઉપમાને ખ્યાલ આવ્યો કે તેણે વ્યાખ્યાન આપવાનું બંધ કરવું જોઇએ. તે બોલતી બંધ થઈ ગઈ.

'સુરેશભાઈ, તમે નસીબદાર છો. ઉપમાબેનની વાતોમાંથી તો મને ય ઘણું નવું જાણવાનું મળ્યું છે, પણ માફ કરજો! એમના ઉપદેશથી હું મારી એક પણ મિલ બંધ કરવા તૈયાર નથી.' કહી દામોદરદાસભાઇ હસ્યા. ઉપમાએ કંઇ જવાબ ન આપ્યો. એ ચૂપ રહી.

'કેમ શાંત થઇ ગયાં?' દામોદરદાસભાઇએ પૂછ્યું.

તો ય ઉપમા કંઇ બોલી નહીં,

'બાપુજી, તમે તો કોકને શરમાવી દો તેવા છો. મને તો ઉપમાબેનની વાત સાચી લાગે છે.' મુકુલિકાએ કહ્યું.

'તો તને એ પ્રમાણે આચરવાની છૂટ છે પણ ચાલો, હવે આપણે વિષય બદલીએ.' દામોદરદાસભાઇએ કહ્યું : 'સુરેશભાઇ, આવતા મહીનામાં વડા ન્યાયમૂર્તિને હાથે 'પુંજીબાઇ હાઇસ્કૂલ'ની ઉદ્‌ઘાટન ક્રિયા કરાવી લઇએ તો?'

'આવતા મહીનામાં?' સુરેશે પૂછ્યું.

'બહુ વહેલું થશે?'

સુરેશે આચાર્યપદ તો સ્વીકારી જ લીધું હોય તેમ દામોદરદાસભાઇ વર્તી રહ્યા હતા. દામોદરદાસભાઇએ વાતની શરૂઆત જ એવી રીતે કરી કે સુરેશને હા-ના કરવાની તક જ ન રહી.

'તૈયારીઓ કરતાં થોડો વખત તો લાગશે ને?' સુરેશે કહ્યું.

'મકાન તૈયાર છે. શાળાને લગતું રાચરચીલું દશ દિવસમાં તૈયાર થઇ શકે તેમ છે. બીજી શી તૈયારી કરવાની હોય ? યુનિવર્સિટીની મંજૂરી બાબત પણ ગોઠવણ થઇ ગઇ છે. હવે તો માત્ર તમારે આચાર્ય તરીકેનું તમારૂં વ્યાખ્યાન તૈયાર કરવાનું બાકી રહે છે.'

'એ તો થઇ રહેશે. મારાં વ્યાખ્યાનને ખાતર જરાય મોડું નહીં કરવું પડે.' સુરેશે કહ્યું.

સુરેશના આ જવાબમાં આચાર્યપદ સ્વીકાર્યાની કબૂલાત આવી ગઇ. આ જ દામોદરદાસભાઇની વિશેષતા હતી. સામાની પાસેથી આવી કુશળતાપૂર્વક હા કઢાવવામાં જ તેમની સફળતાની ચાવી હતી. તેમની મિઠાશથી જ તે લોકોને વશ કરી લેતા.

'તો પછી મારી ઈચ્છા તો આવતે મહીને શાળા શરૂ કરી દેવાની છે ધરમના કામમાં ઢીલ શી ?' દામોદરદાસભાઇએ કહ્યું.

'પણ મારે આપને એક વાત કરવાની છે.' સુરેશે કહ્યું.

'ખુશીથી. બોલો શું છે ?'

'અનન્તભાઇ સાથે મારે પુંજીબાઈ હાઇસ્કૂલની યોજના વિષે વાત થતાં તે બહુ નારાજ થયા...'

'તેમાં આપણે શું કરીએ ?'

'મેં તેમને વચન આપ્યું છે કે ભણશાળી હાઇસ્કૂલના છોકરાઓને અમે પુંજીબાઈ હાઈસ્કૂલમાં દાખલ નહીં કરીએ.'

'એવું શા માટે ?'

'અનન્તભાઇનો મારા પર ઉપકાર છે. આટલી શરત મારે કરવી જોઈએ.'

'રમેશને તેની વડદાદીની નિશાળમાં કોઇ દાખલ ન કરે એ તો ખરેખર અજબ કહેવાય !'

'રમેશભાઈ પુરતી હું અનન્તભાઇની મંજૂરી મેળવી શકીશ. બાકી એ સિવાય તો મારે એ શરત પાળવી પડશે.'

'પછી આપણી શાળામાં સંખ્યા તો થશે ને ?'

'એ બાબત આપ નિશ્ચિંત રહો. આપણી હાઇસ્કૂલ વિદ્યાર્થીઓથી ઊભરાઇ જશે તેની હું ખાતરી આપું છું.' સુરેશે કહ્યું.

મોડી રાત્રે મુકુલિકા સુરેશ અને ઉપમાને મોટરમાં તેમને ઘેર મૂકી આવી

●

૨૭ : શોધ

પુંજીભાઇ હાઇસ્કૂલમાં વીણી વીણીને ચુનંદા શિક્ષકોની ભરતી કરવાનું કામ ચાલતું હતું, ત્યારે એક દિવસ ઉપમાએ સુરેશને કહ્યું: 'તમને ત્રિવેદીભાઇ સાંભરે તો છે ને?'

'વાહ! શારદાબેન અને ત્રિવેદીભાઈને તે કદી ભુલાતાં હશે!'

'મને તો લાગે છે કે તમે એ લોકોને ભૂલી ગયા છો.'

'એમ શા ઉપરથી કહે છે?'

'આવડી મોટી શાળાના આચાર્ય થયા છો; આટઆટલાં માણસોને નીમો છો, પણ તમને ત્રિવેદીભાઇ યાદ આવે છે? દડસદની ધૂળમાંથી એ છૂટયા અને એક રાષ્ટ્રીય સંસ્થામાં જોડાયા તો ત્યાં ય તેમને આવી ભરાયા જેવું લાગે છે. છેલ્લા કાગળમાં તેમણે એવું સૂચન કર્યું છે.'

'હા, એ તેં ઠીક યાદ આપ્યું. ત્રિવેદીભાઇને આપણે બોલાવી લઇએ.'

'હું તો કહું છું કે મુંબઇની લક્ષ્મીના ચળકાટે તમારી ભાવનાઓને બિલકુલ બૂઠી કરી નાખી છે.'

'જા-રે!' સુરેશે હસતાં કહ્યું: 'પતિની ભૂલો શોધવા બેસવું એ પતિવ્રતા સ્ત્રીનો ધર્મ ન કહેવાય!'

'પત્નીને પતિવ્રતા-ધર્મની મહત્તા સમજાવતાં તમે ક્યાંક પતિધર્મ ભૂલી ન જતા.'

'એમ હું ક્યાં ભૂલવા દે તેવી છે! મારો કાન પકડતાં તને આબાદ આવડે છે.'

ત્રિવેદી પુંજીભાઈ હાઇસ્કુલમાં નિમાયો.

ત્રિવેદી-શારદાબેન અને છોકરાંઓને જોતાં ઉપમા ખુશ થઈ ગઇ. સુરેશને પણ મજા પડી. ઉપમાએ બેક અઠવાડિયાં તો એ બધાંને પોતાને ત્યાં જ રોકી રાખ્યાં.

'ત્રિવેદીભાઇ, તમે તો કાંઇ બોલતા ય નથી.' એક દિવસ ઉપમાએ કહ્યું.

'બોલું શું?'

'દડસદની શાળા તો અમે જોઇ હતી. તમારા રાષ્ટ્રીય શાળાના અનુભવો તો અમને કહો.'

'એમાં બહુ કહેવા જેવું નથી. દેશસેવાનો મારો ભ્રમ ભાંગી ગયો. દડસદમાં મને ન ફાવ્યું એટલે મેં સ્વાર્થ સાથે પરમાર્થ કરવાના હેતુથી રાષ્ટ્રીય શાળામાં જોડાવાનું નક્કી કર્યું. પણ આ સંસ્થામાં ય જડતાનો તો પાર ન મળે. ગાંધીજીએ કહ્યું એટલે દેવવચન! પછી તો અમારા આચાર્યશ્રી ગાંધીજીનાં કહેવામાંથી

એવા એવા અર્થ ઉપજાવી કાઢે કે ખુદ ગાંધીજીને ય કહેતી વખતે એ વાતનો ખ્યાલ ન હોય! અમારી શાળામાં બાળકોને સ્વાશ્રયના પાઠ શીખવવાના, એટલે શાળામાં કશું જ કામ નોકર પાસે ન કરાવાય. શાળામાં નોકર જ નહીં. આ નિયમનું પાલન એટલી આંધળી રીતે કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓ કામ કરતાં કંટાળી જાય છે. તેમને કામ પ્રત્યે કંટાળો ઉપજે છે, તેનો ખ્યાલ સરખો ય કોઇને ન આવે. વિદ્યાર્થીઓ પાસેથી દરેક જાતનું કામ લેવાય તે સમજી શકાય તેવું છે. પણ શાળાનું બધું જ કામ વાળવું-ચોળવું-ધોળવું-કારવવું બધું વિદ્યાર્થીઓએ કરવું પડે તે મને તો ઠીક ન લાગ્યું. બીજું અમારે ત્યાં ઉદ્યોગ એટલે રેંટિયો. રેંટિયો ભલે રહ્યો, પણ રેંટિયા-સિવાય બીજી અનેક બાબતો જાણવા જેવી છે તે અમારા આચાર્ય કદી ન કબૂલે. હા, બીજો તેમને ખેતીમાં રસ. કાંડે ઘડિયાળ બાંધી હાથમાં નાની કોદાળી લઇ અમારા આચાર્ય તેમના આંગણાનો બગીચો સમોનમો કર્યા જ કરતા હોય. એક વખત મને કહેઃ 'તમે આંગણાંમાં બગીચો કેમ નથી બનાવતા?' મેં કહ્યું: 'હું ચિત્રકામ ને ફોટોગ્રાફીમાંથી નવરો નથી થતો.' તો કહેઃ 'તમારાં પત્નીએ બગીચો વાવવો જોઇએ.' મેં કહ્યું: 'મારી પત્ની છોકરાં સાચવવા ને ઉછેરવામાંથી નવરી નથી પડતી.' પણ એ ભાઇ લપ શેના મૂકે! ત્યાં જો અંગ્રેજી શબ્દ પણ બોલાઇ ગયો તો મર્યા સમજવું. એક વખત એ બાબત ચર્ચા નીકળી તો આચાર્ય કહેઃ 'અંગ્રેજીનો અભ્યાસ ગુલામીની નિશાની છે.' મેં કહ્યું: 'અત્યારે અંગ્રેજોના વલણને અંગે તેમનું રાજ્યતંત્ર આપણે ભલે વખોડીએ, પણ ભાષા તો એ શીખવી જ જોશે. રશિયા-જાપાન અને જર્મનીમાં પણ અંગ્રેજી ભાષા શીખવાય છે. એ દેશો ઇંગ્લાંડના ગુલામ તો નથી જ.' આનો એમની પાસે જવાબ ન હતો. પણ આવા વેદિયાવેડા ઉપરાંત ત્યાંના ઘમંડની તો ન પૂછો વાત! પોતે જ દેશના મોટા સેવક અને બીજા બધા તેમનાથી ઊતરતા એ વાત એક પળવાર પણ એ લોકો ભૂલવાના નહીં. એક દિવસ મેં સુરેશભાઇની વાત કાઢી ત્યારે આચાર્યે પૂછ્યુ: 'એ જેલમાં ગયા છે?' મેં કહ્યું: 'ના.' બસ, પછી એ મહાશય સુરેશભાઇ કેળવણીકાર હોઇ શકે તેમ માનવા બિલકુલ તૈયાર ન હતા. કોઇ પણ વ્યક્તિની કોઇ પણ બાબતની હોશિયારીનું માપ કાઢવાની એ લોકોની એક જ પારાશીશી! જેલમાં ગયા છે કે નહીં? અને એ જેલ જનાર ત્યાગવીરો સત્તા મેળવવા માટે જે ખટપટ કરતા ય છે તે તો ભયંકર! હું તો આ રાષ્ટ્રસેવકોના જૂથમાં અકળાઇ રહ્યો હતો. શું કરવું તે વિચારતો હતો ત્યાં મારા વા'લાએ મારી ધા સાંભળી, અને જેમ ગજેન્દ્રનો મોક્ષ ભગવાને કર્યો હતો તેમ મારો મોક્ષ સુરેશભાઇને હાથે થયો! અને બંદા પહોંચ્યા મુંબઇ બંદર! આ છે મારી રાષ્ટ્રીયશાળા-કથા!'

ત્રિવેદીએ રાષ્ટ્રીય શાળાનાં દેવદેવીઓની વિચિત્રતાની વાતો કરી બધાંને પેટ પકડી હસાવ્યાં.

પુંજીબાઇ હાઈસ્કૂલમાં સુરેશ તેની હોશિયારીથી વિદ્યાર્થીવર્ગનો લાડીલો બન્યો, તો ત્રિવેદી તેની રમૂજથી વિદ્યાર્થીઓનો માનીતો બની ગયો. ત્રિવેદીનું શીખવ્યું વિદ્યાર્થીઓને ખુશ કરી દેતું. વિદ્યાર્થીઓની આ ખુશી એટલી હદ સુધી પહોંચી કે તેને ટ્યુશનો મળવા લાગ્યાં. સામાન્ય રીતે ચિત્રકામ શિક્ષકને ભાગ્યે જ ટ્યુશનો મળે છે, પણ ત્રિવેદી એ નિયમનો અપવાદ બન્યો. તેને પચીસ રૂપિયાનાં ત્રણ ટ્યુશનો મળી ગયાં.

'શારદા,' ત્રિવેદી કહેતો: 'આ નગરી ય અજબ છે. લીટા દોરીને ય લોકોને ધૂતી ખાવાં હોય તો મુંબઇ જેવું સ્થળ બીજું કોઇ નથી.'

રૂપિયા સાઠનો પગાર ને પંચોતેરનાં ટ્યુશનો, એ ત્રિવેદીને અજબ થવા જેવી વાત લાગી.

'શારદા,' ત્રિવેદી કહેતો : 'આપણે જબરી ભૂલ કરી!'

'શી વળી ?' શારદાબેન પૂછતાં.

'મુંબઇમાં જરા વહેલાં આવ્યાં હોત તો આ જ નોકરી કરવાની ય જરૂર ન રહેત. નિરાંતે બેઠાંબેઠાં ખાતાં હોત.'

'ગાંડા ન થાઓ!' શારદાબેન કહેતાં: 'મુંબઈ તો વિચિત્ર નગરી છે, સુરેશભાઈનો ટેકો ન હોય તો તમારા જેવા અલગારીને કોઇ અહીં ઉભા ય ન રહેવા દે.'

પણ ઘણા જ થોડા વખતમાં ત્રિવેદી ટ્યુશનોથી કંટાળી ગયો. ટ્યુશનો વધે તેમ ગૃહજીવન પર કાપ પડે તે દેખીતું હતું. દડસદમાં સ્ટુડિયોની કોઇ પ્લેટ બગડવાથી માંડી હેડમાસ્તર સાથે તકરાર થાય ત્યાંસુધીની દરેક મુસીબતમાં શારદાબેન પર મિઠા કટાક્ષ કરીને દુ:ખ વિસરી શકતો ત્રિવેદી કલાકોના કલાકો સુધી શારદાબેનનું મોઢું જોવા ન મળે એ પરિસ્થિતિ કેમ સહી શકે ?

'સાહેબ,' એક દિવસ કોઇ વિદ્યાર્થીએ ત્રિવેદીને કહ્યું: 'મારા બાપાએ તમારૂં ટ્યુશન રાખવાનું કહ્યું છે.'

'ના, રે ભાઇ!' ત્રિવેદીએ કહ્યું: 'મને લીટા દોરવા સિવાય બીજું કંઇ નથી આવડતું'

'સાહેબ, તમારે મારી બેનને ચિત્રકામ શીખવવા જ આવવાનું છે.'

'માફ કરજો, હો! મને વખત નથી.'

'સાહેબ, માત્ર એક જ કલાક...'

'હા, ભાઇ ! પણ એમ એક એક કલાક વધાર્યા જ કરૂં તો મારૂં થાય શું ?'

'એમાં થવાનું છે શું, સાહેબ ?'

'અરે, ગાંડાભાઈ ! મારી બૈરી છુટાછેડા માગે તો આ ઉમરે મારે હવે પરણવા ક્યાં જવું ?'

બાજુમાં ઊભેલા વિદ્યાર્થીઓ ખડખડાટ હસી પડયા.

ત્રિવેદીએ ચારથી એક પણ વધારે ટ્યુશન ન રાખવાનો નિર્ણય કરી લીધો. તેમાંય જરા તણાઇ રહેવા જેવું લાગતાં એણે ત્રણ જ ટ્યુશનો રાખવાનું નક્કી કર્યું.

એક વખત કોઇ વિદ્યાર્થી ખુદ સુરેશની સિફારસ લાવ્યો છતાં ય ત્રિવેદીએ તેનું ટ્યુશન રાખવાની સાફ સાફ ના પાડી દીધી. એ છોકરો સુરેશની ચિઠ્ઠી લઈ ત્રિવેદીને ઘેર પહોંચ્યો હતો.

'જો, ભાઇ !' ત્રિવેદીએ ચિઠ્ઠી વાંચી કહ્યું: 'વહેવારમાં ચોકખી વાત સારી.' શારદાબેન પાસે જ બેઠાં હતાં.

'હું ટ્યુશન માટે નહિ આવી શકું.' ત્રિવેદીએ કહ્યું.

'કાં, સાહેબ ?'

'પ્રિન્સિપાલને તો ઉપમાબેન સમાં સારાં પત્ની મળ્યાં છે, એટલે તેમને લડકણાં બૈરાંનો શું અનુભવ હોય ? મારી બૈરી હવે હું એક પણ વધારે ટ્યુશન રાખવાની વાત કરૂં તો મને ઘરમાં જ રહેવા દે તેમ નથી. બોલ, ભાઇ ! આમાં હું સુરેશભાઇની ચિઠ્ઠીનું માન કેવી રીતે રાખી શકું ?' શારદાબેન ધીમું હસી રહ્યાં. છોકરો શું કરવું તે ન સમજાવાથી થોડી વાર તો ઉભો જ રહ્યો.

'ત્યારે સાહેબ,' કંઇ વારે વિદ્યાર્થીએ પૂછ્યું: 'મારે પ્રિન્સિપાલ સાહેબને શું કહેવું ?'

'કહેજે કે ત્રિવેદી સાહેબ તો બહુ ભલા છે, પણ તેમનું બૈરૂં ઘણું જબરૂં હોવાથી તેમનું કંઇ ઉપજે એમ નથી.'

'વારૂ !' કહી છોકરો ગયો.

'હદસદમાં લોકો ભૂખ્યાં મારી નાખતાં તો મુંબઇમાં ખૂબ ખવડાવીને મારી નાંખે તેવું લાગે છે.' ત્રિવેદીએ કહ્યું.

'સુરેશભાઇ હદ ઉપરાંત કામ કરે છે.'

'તેમને તો દીકરાને બેરિસ્ટર બનાવવો છે. આપણે કોઈ દીકરાને બેરિસ્ટર નથી બનાવવો.'

'સુરેશભાઇને દીકરો જ ક્યાં છે ?'

'સુરેશભાઇ વણિકબુદ્ધિ વાપરી પૂર્વતૈયારી કરી રાખે છે.'

નવી શાળાનું આચાર્યપદ પામ્યા પછી સુરેશની પ્રવૃત્તિ ઘણી વધી ગઇ હતી. શાળા ઉપરાંત શોધખોળનું કામ પણ તેનો ઘણો સમય માગી લેતું. મુંબઇનું વાતાવરણ એવું છે કે લોકો સતત દોડયા કરતા હોય તેવું જ લાગે. નિરાંત કે નવરાશ તો ભાગ્યે જ દેખો. સુરેશ આ દોડાદોડીમાં આબાદ સપડાઇ ગયો હતો.

પુંજીબાઇ હાઇસ્કૂલને મુંબઈની સર્વશ્રેષ્ઠ શાળા બનાવવા સુરેશ આકાશ પાતાળ એક કરી રહ્યો હતો. પહેલા ધોરણથી માંડી સાતમા ધોરણ સુધી બધા વર્ગોના લગભગ બધા વિષયોનું સુરેશ ધ્યાન રાખતો. દરરોજ જુદા જુદા વર્ગમાં જુદા જુદા વિષયોના શિક્ષણ વખતે સુરેશ વિદ્યાર્થીઓની સાથે બેસી જતો, અને ધ્યાનપૂર્વક શિક્ષકોને સાંભળતો. ખાસ ખાસ બાબતોની તે નોંધ કરી લેતો અને અવકાશે જે તે શિક્ષકને બોલાવી યોગ્ય સૂચનો આપતો. સુરેશના આવા વ્યક્તિગત રસને લીધે શાળાના શિક્ષણનું ધોરણ ઘણું ઊંચું રહેતું.

સુરેશે શિક્ષકોને પૂરતો પગાર આપવાનું ધોરણ રાખ્યું હતું. ઓછે પગારે ઝાઝું કામ કરાવવામાં તે ન માનતો. દરેક જણને તેની લાયકાત પ્રમાણે પગાર આપવામાં સુરેશ કદી આનાકાની ન કરતો. શિક્ષકની નિમણૂક કરતાં તે ખાસ ધ્યાન રાખતો કે એલએલ. બી નો કોઇ વિદ્યાર્થી કે એવો કોઇ 'મુસાફર' શાળામાં ઘુસી જવા ન પામે. શિક્ષકો વારંવાર બદલાયાં કરવાથી શાળાનું શિક્ષણ બગડે છે એમ સુરેશ માનતો. શાળામાં પગારના દર જેમ ઊંચા હતા તેમ વાર્ષિક પગારવધારાનું ધોરણ પણ નિશ્ચિત હતું.

શાળાના કામમાંથી જે કંઇ ફાજલ વખત મળતો તેમાં સુરેશ પોતાનું શોધખોળનું કામ કરતો. મુંબઇની જુદી જુદી શાળાઓમાં ફરી, બાળકોને જાતે તપાસી, સુરેશ પોતાને જોઇતા આંકડા મેળવતો. આમ રખડપાટ કરવા ઉપરાંત તેને પોતાના વિષયને ચર્ચતાં જગભરનાં અનેકાનેક પુસ્તકો પણ જોઇ જવાં પડતાં.

સુરેશ મોડી રાત સુધી કામ કર્યા કરતો, આંકડાઓ ગોઠવવામાં, તેમના પરથી જુદાં જુદાં અનુમાનો તારવવામાં, તેમ જ પોતે અન્ય કેળવણીકારોથી કયાં જુદો પડે છે તે બાબત ચર્ચવામાં, સુરેશને ઊંઘનું પણ ભાન ન રહેતું.

કયારેક ઝોલાં આવવા માંડે તો ઘેર જ સૂતા નોકરને જગાડી તે ચા તૈયાર કરાવતો અને તાજોમાજો થઇ પાછો બે કલાક કામે લાગી જતો. વધુ પડતું કામ, પૂરતી ઊંઘનો અભાવ અને અનિયમિત રીતે પીવાતો ચા સુરેશની તબિયત પર ખરાબ અસર કરી રહ્યાં હતાં.

શરૂઆતમાં તો ઉપમાને સુરેશની શોધના કામમાં ડખલગીરી કરવાનું યોગ્ય ન લાગ્યું. આ કામ કંઈ 'શરદ'માં લેખ લખવા જેવી વાત ન હતી. 'શરદ'ના લખાણમાં ઉપમા જે સક્રિય રસ લઇ શકતી તે આ શોધની બાબતમાં શકય જ ન હતું. આ તો તદ્દન મૌલિક કામ હતું. આમાં આહ્ યે ચીલે ચાલવાની વાત ન હતી. આમાં તો નવીન જ ચીલો પાડવાનો પ્રશ્ન હતો. ઉપમા સાહિત્યના પ્રશ્નો સમજી શકે, બહુ બહુ તો રાષ્ટ્રવાદ અને સામાન્ય અર્થશાસ્ત્રના પ્રશ્નોમાં રસ લઇ શકે; પણ સુરેશની કેળવણીના ખાસ પ્રશ્નોને લગતી શોધમાં તે ઝાઝું સમજી શકે તેમ ન હતી. શોધ કેટલી હદે પહોંચી એ બાબત ઉપમા કયારેક સુરેશને પૂછતી, પણ સુરેશ જ્યારે તેની આંટીઘૂંટી સમજાવવા બેસતો ત્યારે ઉપમા તે બરાબર સમજી શકતી નહિ. સુરેશ બહાર હોય ત્યારે ઉપમા તેના પુસ્તકોનાં પાનાં ફેરવતી, પણ એમાંથી બહુ જ ઓછું તે સમજી શકતી. બાલમાનસના કેટલાક પ્રશ્નો અને એવા બીજા વિષયોની ઝીણવટભરી ચર્ચામાં ઉપમાની ચાંચ ન બૂડતી.

શોધની ધમાલમાં જેમ સુરેશની અનિયમિતતા વધવા લાગી તેમ ઉપમાને ચિંતા થવા લાગી. એમ. એ. નું વાંચતાં સુરેશનું શરીર કેટલું ઘસાઇ ગયું હતું, તેનો ઉપમાને અનુભવ હતો. એ વખતે તો દડસદનું શાંતિમય જીવન હતું, છતાં સુરેશ નંખાઈ ગયો હતો; તો પછી મુંબઇના હાડમારીભર્યા જીવનમાં સુરેશ એવી અનિયમિતતા જારી રાખે તો શરીર લથડતાં શી વાર ?

થોડો વખત તો ઉપમાને કંઈ ઉપાય સૂઝયો નહીં. સુરેશનો વધતો જતો ચા પીવાનો શોખ તેને ગમતો ન હતો. રાત્રે અગિયાર વાગ્યે ચા પીને બે કલાક વધારે વાંચવાનું ખેંચી કાઢવાનું સુરેશને તો વ્યસન થઇ ગયું હતું ઉપમાને તે જરા ય ન ગમતું. પણ સુરેશ એની શોધ સાથે એટલો તદ્રૂપ થઈ ગયો હતો કે ઉપમા તેને એ કામ પડતું મૂકવાનું કહે તો સુરેશ તેની ય વાત સાંભળે નહીં.

ઘણા વિચારમંથનને અંતે ઉપમાએ સુરેશને કહ્યું : 'તમે તો આ શોધની પાછળ ગાંડા થઇ ગયા લાગો છો !'

'તપ વિના સિદ્ધિ નહીં.' સુરેશે કહ્યું.

'તપના ય કંઇક ઢંગ તો જોઈએ ને ?'

'આપણા રામ તો સદા ય કઢંગા જ રહ્યા છે.'

'મારે એવા કઢંગાવેડા હવે નથી ચલાવી લેવા.'

'તો શું કરવું છે ? મને અભ્યાસ કરતો અટકાવી દેવો છે ?'

'અભ્યાસ તમે ખુશીથી કરો, પણ નિયમિતતા તમારે જાળવવી જ પડશે.'

'ભલે ! તું મારૂં સમયપત્રક તૈયાર કરી દેજે.'

'પછી એનું ઉલ્લંઘન નહીં કરાય, હો ?'

'કબૂલ !'

'આજથી તમારે દરરોજ રાતે અગિયારે ઊંઘી જવાનું છે.' ઉપમાએ કહ્યું.

'ઊંઘ ન આવતી હોય તો પણ ?'

'ઊંઘ આવે કે ન આવે; તમારે પથારીમાં પડવાનું જ !'

'બહુ સારૂં ! એ ય કબૂલ !'

તે જ દિવસે રાત્રે સુરેશ વાંચવા બેઠો ત્યારે ઉપમા તેની સામે આવીને બેઠી.

'કેમ, તું શા માટે ઉજાગરો કરે છે ?' સુરેશે પૂછ્યું.

'હું તમારી બાજુમાં જ બેસવાની છું.'

'દરરોજ.'

ઉપમાએ ડોકું હલાવી હા કહી.

'ઘણું સરસ !' સુરેશે કહ્યું: 'તું નજીક હોઇશ તો મને પ્રેરણા મળશે.'

એટલી વાતચીત પછી સુરેશ તેના અભ્યાસમાં મશગુલ બની ગયો, અને ઉપમા ગાંધીજીની આત્મકથા વાંચવામાં પડી. બરાબર નવ વાગ્યે ઊઠી ઉપમાએ સુરેશને એક પ્યાલો ચા બનાવી દીધો.

'લ્યો, ચા પી લો !' ઉપમાએ કહ્યું.

'આટલો વહેલો ?' સુરેશે ચોપડીમાંથી માથું ઊંચું કરતાં કહ્યું:

'હા' કહી ઉપમાએ પ્યાલો સુરેશને આપ્યો.

સુરેશે ચા પી લીધો એટલે ઉપમાએ તેને મુખવાસ આપ્યો. મુખવાસ લઇ સુરેશ પાછો પુસ્તકોમાં પરોવાઇ ગયો. ઉપમા પણ રસપૂર્વક વાંચવા લાગી. સુરેશ વાંચતો જતો હતો, નોંધો કરતો જતો અને બાજુમાં જ પડેલા કાગળના થોકડાઓમાં જુદાં જુદાં ખાનાં ભરતો જતો હતો. સામાન્ય માણસને જે શુષ્ક, નિરસ ને કંટાળાભરેલું કામ લાગે તેમાં સુરેશ રસપૂર્વક ઓતપ્રોત થઇ ગયો હતો.

સુરેશની 'પેન'નો અવાજ લગભગ નહીંવત હતો, ઉપમા શાંતિપૂર્વક વાંચી રહી હતી. માત્ર ઉપમાની સામે પડેલું ઘડિયાળ ટક ટક અવાજ કરી રહ્યું હતું. જેમ રાત જામતી જતી હતી તેમ સુરેશને વાંચનમાં ઓર લહેજત આવતી હતી. અભ્યાસમાં તે એટલો તલ્લીન થઇ ગયો હતો કે બાજુમાં ઉપમા બેઠી છે તેનો ય તેને ખ્યાલ નહોતો રહ્યો. સુરેશને તો વહી જતા સમયનો ખ્યાલ ન હતો. પણ કોઇની ય શરમ ન રાખતું ઘડિયાળ કાંટા ફેરવી રહ્યું હતું.

બરાબર અગિયાર થયા એટલે ઉપમા પોતાનું પુસ્તક બંધ કરી ઊભી થઇ

ગઈ. સુરેશ તેના કામમાં એટલો મગ્ન હતો કે તેને ઉપમા ઊભી થઈ તો ય કંઈ ખબર ન પડી. ઉપમા એ ઉભા થઈ આળસ મરડયું, અને પછી કહ્યું: 'કાં?'

'શું છે?' સુરેશે ઉપમા સામે જોતાં પૂછ્યું.

'અગિયાર થયા.'

'અત્યારમાં?'

'એ તો ઘડિયાળ જાણે.' ઉપમાએ હસતાં કહ્યું.

'હું આ બે પાનાં વાંચી લઉં. તું જા, હું આવું છું.'

'હું કયાં જઉં?'

'તને ઊંઘ આવતી હોય તો ઊંઘી જા: હું આ આવ્યો!'

'તમે ક્યારે આવો છો?'

'તું જાને! હું હમણાં જ આવ્યો!' સુરેશે સહેજ કંટાળાપૂર્વક કહ્યું.

'જાવ રે! તમને મૂકીને શું હું જવાની છું?'

'તો જરા ઊભી રહે!'

'ના—ના, મારાથી ઉભાં નથી રહેવાતું. મને ઊંઘ આવે છે. તમે ઉભા થઈ જાવ, નહિ તો હું તમારાં થોથાં ફેંકી દઇશ.'

સુરેશનો ઉભા થયા વિના છૂટકો ન થયો.

ઉપમા તેને હાથ ઝાલી પથારીમાં ઘસડી ગઇ.

એ પછી દરરોજ ઉપમા સુરેશની બાજુમાં બેસતી અને બરાબર અગિયારે તેને પથારી ભેગો કરી દેતી.

•

૨૮ : નવી સિદ્ધિ

સુરેશની શોધનું કામ પૂરું થવા આવ્યું ત્યારે તેના ઉત્સાહનો પાર ન હતો. મહીનાઓની એકધારી, સતત મહેનતને અંતે તેણે નવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એમાં ઉપમાનો ફાળો ય કંઇ જેવો તેવો ન હતો. તેણે પણ દરરોજ સુરેશની બાજુમાં બેસી ઉજાગરા કર્યા હતા. ઉપમાએ એમ ન કર્યું હોત તો સુરેશની શોધ પૂરી થયા પહેલાં જ તે બિમારીમાં પટકાઇ પડયો હોત. સુરેશને તો નવી સિદ્ધિ હાંસલ કર્યાનો—કરવાનો સંતોષ હતો, પણ ઉપમા તો માત્ર પતિભક્તિથી પ્રેરાઈને તપ તપી હતી.

સુરેશે જે દિવસે પોતાનું લખાણ યુનિવરસિટી પર મોકલી આપ્યું તે દિવસે તેના આનંદનો પાર ન હતો.

'ઉપમા, હવે તો ગંગ નાયાં. મારે તો ઉજાગરા કરવા જ પડે, પણ તને ય ભેગી જગાડીને તો મેં સત્તરમી સદીના પતિદેવની ઝારશાહી જ અમલમાં મૂકી છે.' સુરેશે કહ્યું.

'હવે તો તમે મારી સાથે વાત કરવા નવરા થશો ને ?'

'હા, હા ! હવે મારે કામ શું છે ? બે મહીનામાં હું જરૂર પીએચ. ડી. થઇ જવાનો.'

'પછી ક્યાંક રજા પર જવાનું, હો !'

'ચોક્કસ !'

સુરેશે તેનું લખાણ મોકલ્યું અને તેનું પરિણામ જાહેર થયું એટલા દિવસ સુધી સુરેશ ઉપમામય બની ગયો. શાળામાંથી છૂટયો ન છૂટયો કે સીધો તે ઘેર ચાલ્યો આવતો. આ દિવસો ઉપમાને જીવનના ધન્ય દિવસો લાગ્યા. ઘણા દિવસો સુધી તેણે પતિને પોતાથી વિમુખ થતો જોયો હતો. ઘણા મહીનાઓ સુધી તેણે લક્ષ્મી અને સત્તા પાછળની દોડ સુરેશને પોતાની પાસેથી આંચકી રહેલ હોય તેવું દુઃખ અનુભવ્યું હતું. ઘણી વખત તેને વિચાર આવતો કે, ગમે તેમ કરીને સુરેશને મુંબઇના કિલષ્ટ વાતાવરણથી ક્યાંક એવે દૂર સ્થળે લઈ જવો કે ઉપમાને ભુલાવનારૂં કોઇ પ્રલોભન જ ન હોય. પણ આટલા બધા દિવસો સુધી ઉપમાનું કંઇ ઉપજ્યું ન હતું. તેનો સુરેશ ધીમે ધીમે પણ ચોક્કસ રીતે તેનાથી વિમુખ થઇ રહ્યો હતો, એમ ઉપમાને લાગ્યું હતું. નિરૂપાય બની ઉપમાએ આ આવતી આફતના ઓળાઓ જોયા કર્યા હતા. તેને દુઃખ થતું હતું, પણ કંઇ ઉપાય જડતો ન હતો.

ઉપમાને સુરેશનું સાહચર્ય પાછું મળતાં આફતના ઓળા આપોઆપ વીખરાઇ ગયા. દુઃખનું નામ નિશાન ન રહ્યું. કડવાશનો અંશ સરખો ય ન રહ્યો. જીવન પાછું મધુર બની ગયું. ઉપમા ને સુરેશ એકમેકમય બની ગયાં. હવે મુંબઇની ધમાલ તેમને સ્પર્શતી નહીં. જીવનકલહની કટુતા જાણે તેમના માટે હતી જ નહીં. બહારની બધી અસરોથી અલિપ્ત ઉપમા ને સુરેશ દેવને ય અદેખાઇ ઉપજે તેવા આનંદથી જીવી રહ્યાં.

હવે તો ઉપમાને જે થોડી યાતના સહેવી પડેલી તે ય મીઠી લાગવા માંડી. સુરેશને પોતાથી આટલો દૂર જતો જોયો ન હોત તો આ મિલનની મધુરતા માણી શકાત કે ? પોતે મા પાર્વતીની માફક તપ તપી સુરેશને પામી છે એ

ભાવ ઉપમાના અંતરને આનંદથી છલોછલ ભરી દેતો. સુરેશ તેનો—તેનો જ છે, એ જોતાં ઉપમાને તો સ્વર્ગીય સુખ સાંપડયું.

પાછાં શારદાબેનનાં છોકરાં સુરેશના અભ્યાસખંડમાં ફરવા લાગ્યાં. હવે તો સુરેશ તેમની સાથે રમવા બેસી જતો. શાળામાં પાંચ–છ કલાક આચાર્યપદના ભારમાં ગાળ્યા પછી, ઘેર આવી નાનાં બાળકો સાથે રમતાં સુરેશ પોતા પરનો ભાર ફેંકી હળવોફૂલ બની જતો.

સુરેશની આવી રમતોથી ઉપમાને સંતોષ થતો. આખો દિવસ ભારેખમ મોઢું લઈ ફરતો સુરેશ તેને ન ગમતો. બચ્ચાંઓ સાથે ખેલતો સુરેશ ઘડીભર ઉમર, હોદ્દો બધું ભૂલી બાળક બની જતો ત્યારે સુરેશ તેને માણસાઇથી ભર્યોભર્યો લાગતો. આવું જ જીવન તેને સ્વાભાવિક લાગતું. મોકળે મને છૂટથી હસી ય ન શકાય એવા શિષ્ટાચારપૂર્ણ જીવનને તે વિકૃતિ માનતી.

આવા અનોખા આનંદમાં બે મહીના તો ક્ષણ માત્ર હોય તેમ વહી ગયા. સુરેશની શોધનું પરિણામ બહાર પડયું. સુરેશ ગુજરાતનો પ્રથમ પીએચ. ડી. થયો. સુરેશની શોધ ભલભલાએ વખાણી. તેની મૌલિક વિચારસરણી પર મોટા મોટા કેળવણીકારો મુગ્ધ થઇ ગયા. એ શોધ છપાવવાનું યુનિવરસિટીએ જ માથે લીધું.

બબ્બે મહીના સુધીના અનગળ આનંદ પછી મળતી આ સિદ્ધિએ સુરેશ–ઉપમાને અવર્ણનીય આનંદ ઉપજાવ્યો. શોધનું પરિણામ આવ્યા પછી મુંબઇ છોડી કોઈ નાના ગામમાં ચાલ્યું જવું છે, એ વાતે ય ઉપમા ભૂલી ગઇ. આનંદના અતિરેકે તેને મુંબઈ માટેનો કંટાળો વિસરાવી દીધો. હવે તેને મુંબઇ વિરૂદ્ધ ખાસ કહેવા જેવું ન લાગ્યું. મુંબઇ પણ ઠીક છે, જો આમનેઆમ જીવાય તો !'

સુરેશ પર અભિનંદનોનો વર્ષાદ વર્ષ્યો.

દામોદરદાસભાઈએ સુરેશના માનમાં મોટી મીજબાની ગોઠવી. તેમની શાળાના આચાર્યે ગુજરાતમાં કોઇએ ન કર્યું હોય તેવું કરી બતાવ્યું એ તેમને મન મોટા ગૌરવની વાત હતી.

મીજબાની પૂરી થયા પછી ઉપમા–સુરેશને ખાસ રોકવામાં આવ્યાં : 'તમે તો હવે બાળકોના પ્રશ્નો પર નિષ્ણાત કહેવાઓ. મારે તમને એક વાત પૂછવી છે.' દામોદરદાસભાઇએ સુરેશને કહ્યું.

'બોલો !' સુરેશે કહ્યું.

'આજે જગતના ઘણાખરા વિચારકો સમાનતાનો આદર્શ સ્વીકારે છે, કાં ?'

'હા—જી !'

'બાળકોમાં સમાનતાનો ભાવ ઉભો કરવા પ્રયત્ન કરાય તો લાભ થાય કે નહિ?'

'એમાં શંકા જેવું શું છે? બાળકો ભાવિ નાગરિકો છે. તેમના ઉછેરમાં સમાનતાનું ધોરણ જળવાય તો...' સુરેશે કહ્યું.

'હં!' દામોદરદાસભાઇએ પૂછ્યું : 'તો પછી બાળકોને શાળામાં એક જ સરખાં કપડાં પહેરવાનું કહેવામાં આવે તો કેમ?'

'બાળકોનો કોઈ એક જ ગણવેશ નક્કી થાય તે ઇષ્ટ તો ખરૂં, પણ તે વ્યવહારૂ બનવું જરા મુશ્કેલ!'

'જો એ ઈચ્છનીય જ હોય તો તેને વ્યવહારૂ બનાવવાની કોઇ યોજના તમે ન ઘડી કાઢો?'

'ભલે? હું એ બાબત વિચારી જોઇશ.'

'હું તમને એ વિષયને લગતું સાહિત્ય મોકલાવી દઇશ. તમે જોઈ જજો. પણ એ પહેલાં આપણે ગણવેશ કેવો રાખવો તેની થોડી ચર્ચા કરી લઇએ.'

'હં!'

'છોકરાઓને બ્લ્યુ ચડ્ડી ને બાંડિયું : નાની બાળાઓને બ્લ્યુ ફ્રોક : મોટી બાળાઓ માટે વળી કંઇ નક્કી કરો તે! કેમ, આવી ગોઠવણ થાય તો કેવું?'

'એમાં કંઇ ખોટું નથી.'

'ગણવેશનો મુખ્ય રંગ તો બ્લ્યુ જ રાખશું ને?'

'ખાખી પણ ખોટો નહીં.' સુરેશે કહ્યું.

'જુઓ, સુરેશભાઇ! હું ખાખી રંગની વિરૂદ્ધ છું : મારી મિલોમાં ખાખી કપડું નથી બનતું અને બ્લ્યુ બને છે એટલા માટે નહીં, પણ ખાખી કપડાંમાં મને સિપાઇગીરીની ગંધ આવે છે. એ રંગ હું નાપસંદ કરૂં છું'

'મને ખાખી રંગ માટે જરા ય પક્ષપાત નથી.' સુરેશે કહ્યું.

'ત્યારે હવે તમારે આજથી એક કામ કરવાનું રહેશે. આજથી મુખ્ય મુખ્ય વર્તમાનપત્રોમાં શાળાઓમાં ગણવેશની આવશ્યક્તા પર ચર્ચાપત્રો લખવાનું શરૂ કરો. હું તમને એક લીટી દીઠ એક રૂપિયો આપીશ, અને બ્લ્યુ રંગની પસંદગી પર જરા ભાર મૂકતા જજો.'

'ગણવેશ પદ્ધતિ દાખલ કરવી જ હોય તો ખાદીનો જ ગણવેશ હોવો જોઇએ!' ઉપમાએ વચ્ચે કહ્યું.

'પણ બધાંને ખાદી ન ગમતી હોય તો?' દામોદરદાસભાઇએ વચ્ચે પૂછ્યું.

'જેમને ખાદી ન ગમતી હોય, એટલે કે જેમને હિંદની કરોડરજ્જુ સમાં ગામડાંઓ તરફ પ્રેમ ન હોય, તેમને હિંદમાં રહેવાનો અધિકાર ન હોવો ઘટે.'

'ઉપમા!' સુરેશે વચ્ચે કહ્યું: 'આમાં આપણે ખાદી કે મિલના કાપડ પર ક્યાં ભાર મૂકવાનાં છીએ? આપણે તો એક જાતના રંગ અને એક જાતની સિલાઇ પર જ ભાર મૂકવાનો છે. જેમને ખાદી પહેરવી હશે તે ખુશીથી ખાદી પહેરી શકશે.'

'અને જેમને બોસ્કી કે ઠાકૂંટો પહેરવો હશે તેમને ય છૂટ રહેશે, એમ?'

'આપણે બહુ બહુ તો સ્વદેશી કાપડની હિમાયત કરી શકીએ. એથી વિશેષ કંઇ પણ કરી, આપણે કોઈની સ્વતંત્રતા પર કાપ કેમ મૂકી શકીએ?' સુરેશે પૂછ્યું.

'તો પછી તમારી સમાનતાની ભાવના ક્યાં રહી? રંગ ભલે એક રહે, પણ કોઇ શેઠનો છોકરો રેશમી કપડાં પહેરી લાવે અને કોઈ ગરીબ સાદાં સુતરાઉ કપડાંમાં આવે એથી સમાનતાની ભાવના કેવી રીતે વિકસશે?'

પછી તો ચર્ચા ઘણી વધી પડી. ઉપમાની દલીલો સાચી હતી. છતાં અંતે સુરેશે રંગને જ મહત્ત્વ આપી વર્તમાનપત્રોમાં ગણવેષ બાબત ઉહાપોહ કરવો એમ નક્કી થયું.

ઘેર પહોંચી ઉપમાએ સુરેશને કહ્યું: 'તમે તમારી જાતને ભાડૂતી પ્રચારક બનાવો છો.'

'બિલકુલ નહીં!' સુરેશે કહ્યું: 'ગણવેષમાં હું માનું છું.'

'બસ્યુ રંગમાં પણ માનો જ છો કે? મને તો લાગે છે કે તમે માત્ર એક લીટીના એક રૂપિયામાં જ માનો છો.'

'એ તો એમ જ ચાલે! દામોદરદાસભાઇ આપણું આટઆટલું રાખે તો આપણે ય તેમનું કામ કરવું જોઇએ ને?'

'આમ જ મૂડીવાદ ફુલી-ફાલી રહ્યો છે. બુદ્ધિને ખરીદી શકે છે. સુરેશ, દડસદનું સ્વપ્ન યાદ છે? એમ. એ.ની પરીક્ષા, આપ્યા પછી તમે અનન્તભાઈને કેવી તડફડ વાત સુણાવી હતી? તમારો એ જુસ્સો ક્યાં ગયો?' સુરેશ સાંભળી રહ્યો.

બીજા જ દિવસથી સુરેશે વર્તમાનપત્રોમાં ચર્ચાપત્રો લખવાનું શરૂ કરી દીધું.

દામોદરદાસભાઇએ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ગણવેષનો પ્રશ્ન ઉપાડયો. ચારેકોર ગણવેષનો પ્રશ્ન ચર્ચાઇ રહ્યો. એકાદ બે પત્રોએ તો ગણવેષના પ્રશ્ન પર અગ્રલેખ લખ્યા અને કોરપોરેશનને વિના વિલંબે તેની બધી નિશાળોમાં સુરેશ-સમા નિષ્ણાતની સૂચનાનુસાર ગણવેષપદ્ધતિ દાખલ કરી દેવાની સલાહ આપી.

કોરપોરેશનની બેઠક મળી—ગણવેષનો પ્રશ્ન ચર્ચાયો. ચર્ચામાં રસાકસી જામતાં દામોદરદાસભાઇને સુરેશના અભિપ્રાયની જરૂર પડી. તેમણે મુકુલિકાને ફોન કરી સુરેશને મોટરમાં કોરપોરેશનના મકાનમાં પહોંચાડવાનું કહ્યું.

મુકુલિકા તરત જ નીકળી. મોટર હાંકનાર તો બાપુજી સાથે ગયો હતો, પણ મુકુલિકાને મોટર ચલાવતાં બરાબર આવડતું હતું.

'તમને બાપુજી બોલાવે છે.' મુકુલિકાએ પુંજીભાઇ હાઇસ્કૂલમાં પહોંચી સુરેશને કહ્યું.

'ક્યાં ?'

'કોરપોરેશનમાં.'

'કેમ ?'

'ગણવેષના પ્રશ્ન પર તમારા અભિપ્રાયની જરૂર પડી છે.'

'સારૂં, ચાલો !' કહી સુરેશ શાળામાંથી નીકળ્યો. પહેલાં સુરેશ શાળાના સમય દરમ્યાન બીજા કોઇ કામે જતો નહિ, પણ હમણાં હમણાં તે શાળા પ્રત્યેય થોડો બેદરકાર બન્યો હતો.

બહાર આવી સુરેશે મોટરનું પાછલી બેઠકનું બારણું ખોલ્યું.

'કેમ ? પાછળ બેસશો ?' મુકુલિકાએ પૂછ્યું.

'કાં ?'

'શોફર નથી. હું જ મોટર ચલાવવાની છું. આગળ બેસશો તો આપણે વાતો કરતાં જશું. તમને કઇ વાંધો નથી ને ?'

'ના, રે ! મને શો વાંધો હોય ?' કહી સુરેશે મોટરનું પાછળનું બારણું બંધ કર્યું અને મુકુલિકાની બાજુમાં બેઠક લીધી.

મોટર ધીમો એવો આંચકો ખાઇ ચાલી. થોડી વાર તો સુરેશ કે મુકુલિકાને કંઈ વાત ન સૂઝી.

'તમે પણ જબરા નિષ્ણાત થઈ ગયા છો.' કંઈ વારે મુકુલિકાએ કહ્યું.

જવાબમાં સુરેશ જરા હસ્યો. મુકુલિકાએ મોટર ચલાવતાં ય તેનું હાસ્ય જોયું. તે ય થોડું હસી.

કોરપોરેશનનું મકાન આવી ગયું. સુરેશ મોટરમાંથી ઊતર્યો.

'જો જલ્દી પતે તેમ હોય તો તરત જ બહાર આવજો.' મુકુલિકાએ કહ્યું: 'હું અડધી કલાક તમારી રાહ જોઇશ.'

'સારૂં !' કહી સુરેશ અંદર ગયો.

સુરેશે દામોદરદાસભાઇને કેટલાક ખુલાસા કર્યા. એ પછી દામોદરદાસભાઇએ ઘણાખરા સભાસદોને પોતાના પક્ષમાં લઇ લીધા. સુરેશનું કામ તો વીસ મિનિટમાં જ પતી ગયું. દામોદરદાસભાઈનું કામ હજી પત્યું ન હતું. સુરેશે રજા લીધી. તે બહાર આવ્યો ત્યારે મુકુલિકા તેની રાહ જોતી બેઠી હતી.

'બસ ! પત્યું ?' મુકુલિકાએ પૂછ્યું.

'હા' સુરેશે કહ્યું.

'શું થયું ?'

'બાપુજીની જીત.'

'ચાલો, બહુ સારૂં થયું. બાપુજીની મિલોને લાખોનો નફરો થશે ! ચાલો, હવે આપણે શું કરશું ?'

'ઘેર જઇએ.' સુરેશે કહ્યું.

'અત્યારમાં ?'

'ત્યારે બીજું શું કરવું ?'

'ફરવા જઇએ તો ?'

'ફરવા ? કયાં જશું ?'

'મારો વિચાર તો ઘાટકોપરની ટેકરીઓ પર જવાનો છે.'

'મોડું નહીં થાય ?' સુરેશે પૂછ્યું.

'મોડું થાય તો કોઈ મારૂં અપહરણ કરી જાય ? તમને શેની બીક લાગે છે ?' મુકુલિકાએ હસતાં પૂછ્યું.

'પણ...' સુરેશે કહ્યું.

'હવે પણ ને બણ ! બેસી જાઓને !' કહી મુકુલિકાએ સુરેશનો હાથ ઝાલી તેને મોટરમાં બેસાડી દીધો.

મુકુલિકાએ કોમળ હાથે સુરેશનું બાવડું પકડતાં તેને રોમાંચ થયો. આવી જાતના સ્પર્શથી તે ટેવાયો ન હતો. તેણે મુકુલિકાની સામે જોયું, પણ તે તો જાણે કંઈ થયું ન હોય તેમ મોટર ચલાવવા લાગી હતી. તેના વદન પરના ભાવમાં કશો જ ફેરફાર ન હતો.

ઘાટકોપર પહોંચી મોટરને તાળું દઇ, મુકુલિકા સુરેશની સાથે ટેકરીઓ ચડવા લાગી થોડે સુધીનું ચડાણ તો સહેલું હતું. સુરેશની સાથોસાથ અવનવી વાતો કરતી, પવનમાં સાળુને ઉડાડતી, અને કયારેક તેના મોઢા પર સાળુના પટપટતા છેડાથી આછી તમાચ મારતી મુકુલિકા ચાલી રહી હતી. સુરેશ માટે આ બધું નવું હતું. આટલી નજીકથી તેણે મુકુલિકાને કદી નહોતી જોઇ. દૂરથી ઉપમા કરતાં સુંદર લાગતી મુકુલિકાને નજીકથી જોતાં તે ઉપમાથી ઊતરતી હોવાનું સુરેશને ભાન થયું. મુકુલિકાનાં પફ–પોમેટમ ને ટાપટીપ ઉપમામાં ન હતાં એ ખરૂં, પણ ઉપમામાં જે નૈસર્ગિક લાવણ્ય હતું તેની પાસે મુકુલિકા સુરેશને ઝાંખી પડતી લાગી.

મુકુલિકા જેમ સુરેશની નજીક આવતી જતી હતી તેમ સુરેશને ઉપમા વધારે સાંભરતી હતી

'ઉપમા મને મુકુલિકા સાથે આમ ફરતો જુએ તો ?' સુરેશે વિચાર્યું.

ઊંચે ચડયા પછી મુકુલિકાએ સીધી કેડીએ ચાલવાને બદલે આડેધડ ચડવા માંડયું; તેમાં વચમાં તેનો પગ લપસતાં તેણે સુરેશનો હાથ પકડી લીધો; અને પોતાની જાતને પડતી બચાવવા સુરેશ પર પડતું મૂકયું. સુરેશ પોતે ય માંડમાંડ પડતો બચ્યો. મુકુલિકાને પોતાની ઉપર પડેલી જોઇ તે તો મુંઝાઇ ગયો. મહા-મહેનતે સ્વાસ્થ્ય મેળવી તેણે મુકુલિકાને દૂર કરવા નિર્ણય કર્યો, ત્યાં તો મુકુલિકા પોતાની મેળે તેનાથી અળગી થઇ ગઇ અને ખડખડાટ હસવા લાગી.

'કેવા ચમકયા ?' મુકુલિકાએ પૂછ્યું.

સુરેશ ચૂપ રહ્યો.

'તમને એમ થયું ને કે નવલકથા કે સિનેમાના કોઇ વેવલા પાત્રની માફક હું ય તમારા પ્રેમમાં પડી ગઇ છું ? બસ, જાણે હું હમણાં જ રડવા લાગીશ અને તમને મારો સ્વીકાર કરવા આજીજી કરીશ, કાં ?' મુકુલિકા પાછી હસી પડી.

'એમ તો શું ? પણ હું ચમકયો તો ખરો જ !' સુરેશે કહ્યું.

'સુરેશભાઈ, ખોટું શા માટે કહું ? તમારી મૈત્રી મને ગમે છે. પણ તમને ઉપમાબેન પાસેથી ઝુંટવી લેવાનું પાપ મારાથી કદી ન કરાય !' મુકુલિકા ગંભીર બની ગઈ.

ટોચે પહોંચી બંને સામસામાં બેઠાં.

'સુરેશભાઇ, એક વાત પૂછું ?' કંઇ વારે મુકુલિકાએ કહ્યું.

'ખુશીથી.'

'સાચો જવાબ દેવો પડશે હો !'

'ભલે.'

'સુરેશભાઇ, તમારા વિકાસમાં ઉપમાબેનનો ફાળો કેટલો ?'

'બધો જ !'

'એ જવાબ તો મેં ધાર્યો જ હતો. લગભગ દરેક પતિ ઉપર ઉપરથી એમ કહેતો હોવા છતાં, અંતરમાં તો કંઇક જુદું જ માનતો હોય છે.'

'મને ખરેખર લાગે છે કે ઉપમા વિના હું આજે છું તેથી કંઇક જુદો જ હોત !'

'સુરેશભાઈ, તમને પહેલા અનન્તભાઇને ત્યાં જોયા ત્યારે તમે મને વિચિત્ર લાગ્યા હતા. તમે બાપુજીને મળવાની અનિચ્છા દર્શાવી એ મને નહોતું ગમ્યું. પણ

તમારી અક્કડ વલણ છતાં ય મને તમારા પર રોષ નહોતો આવ્યો. સદાય ખુશામત પામવાની ટેવ પડી ગઇ હોવાથી મને તમારું અતડાપણું નવીનતા તરીકે ગમ્યું હતું. એ પછી તો તમે મુંબઇવાસી થયા. તમારી મૈત્રી સાધવાની મારી ઈચ્છા તીવ્ર બની. આ વખતે ઉપમાબેનને જોયા પછી હું સમજી શકી કે તમારા સ્વભાવની ખુમારી કોને આભારી છે. ભલભલા પણ બાપુજી સામે દલીલ નથી કરી શકતા. ઉપમાબેન કેટલી સ્વાભાવિકતાથી દલીલો કરે છે! ધનની–મોટાઇની તેમના પર જરા ય છાપ નથી પડતી. સુરેશભાઇ, તમે ખરેખર નસીબદાર છો. સામાન્ય રીતે અમે–સ્ત્રીઓ એકમેકની સરસાઇ કબૂલ નથી કરતાં, પણ મારા સ્વભાવમાં એવી અદેખાઇને સ્થાન નથી. હું ભલે સ્નાતક રહી! હું કબૂલું છું કે, ઉપમાબેન જેવી સ્ત્રી હજારે એક પણ મળવા મુશ્કેલ છે.'

સુરેશ તો મુકુલિકાને સાંભળી જ રહ્યો હતો. ચીબાવલી ગણાતી કોટિપતિની લાડકી પુત્રી પોતાના સહજીવનમાં આટલો રસ લેતી હશે તેની સુરેશને ક્યાંથી ખબર હોય?

'તમે કેમ કંઇ બોલતા નથી?' મુકુલિકાએ પૂછ્યું.

'આજે હું તમને નવીન જ દૃષ્ટિથી જોઉં છું.'

'તમે મને કેવી ધારી હતી?'

'થોડાં ચાગલાં ને ઝાઝાં મિજાજી!'

'એટલે મારાથી દૂર રહ્યા કરતા? ત્યારે તો આજે ય તમને મારી સાથે ફરવા આવવાનું નહીં ગમ્યું હોય!'

'કેટલીક પરિસ્થિતિમાં ગમવા ન ગમવાનો પ્રશ્ન જ રહેતો નથી.'

'હવે તો તમને અને ઉપમાબેન બંનેને દરરોજ ફરવા ઘસડી લાવીશ. તમને બંનેને સાથે જોવાની મને મજા પડે છે.'

વાતોમાં મશગુલ બનેલ મુકુલિકાને આથમતા સૂર્યનો ખ્યાલ નહોતો રહ્યો.

'હવે જશું? સૂર્ય આથમવા આવ્યો છે.' સુરેશે સક્ષોભ પૂછ્યું.

'ચાલો ઊતરીએ.' મુકુલિકાએ કહ્યું.

બંને ઊતરવા લાગ્યાં.

પાછાં પેલી લપસણી જગ્યાએ પહોચતાં મુકુલિકાએ સસ્મિત કહ્યું : 'સુરેશભાઇ, તમારે મને ટેકો આપવો પડશે, હોં! આ વખત હું તમને વળગી નહીં પડું.'

ઘેર પહોંચી, મોટરમાંથી ઊતરતાં સુરેશે મુકુલિકાને કહ્યું: 'ચાલોને ઉપર. ઉપમાને મળતાં જાઓ.'

'ના—ના, આજે તો મોડું થયું છે. કાલે તમને અને ઉપમાબેનને ફરવા બોલાવીશ. તૈયાર રહેજો, હાં કે ! ઉપમાબેનને મારા નમસ્તે કહેજો.' કહી મુકુલિકાએ મોટર ચલાવી.

સુરેશ ઘરમાં દાખલ થયો ત્યારે ઉપમા તેની વાટ જોતી હોય તેમ એક ખુરશી પર હાથમાં બંધ ચોપડી રાખી બેઠી હતી.

'પાછી તમારી દોડાદોડી શરૂ થઇ કે ?' ઉપમાએ પૂછ્યું.

'આજે તો ફરવા ગયો હતો.' સુરેશે કપડાં બદલાવતાં કહ્યું.'

'ફરવા ? ક્યાં ? મને મૂકીને એકલા એકલા ફરી આવ્યા ?'

'તને તેડી જવાય એવું હતું નહીં.'

'એવું તે શું હતું ?'

સુરેશે કોરપોરેશનની બેઠકથી માંડી ઘાટકોપરની ટેકરી પર જે કંઇ બન્યું હતું તે બધું કહી સંભળાવ્યું.

'ત્યારે તો અદ્‌ભુતતાના અનુભવી આવ્યા !' ઉપમાએ સુરેશની વાત સાંભળી કહ્યું.

'અદ્‌ભુતતા તો શું ? નવીનતા ખરી !'

'જબરા !' ઉપમાએ કટાક્ષમય હાસ્ય કરી કહ્યું.

'તને અદેખાઇ તો નથી આવતી ને ?'

'અદેખાઈ ! જરા ય નહીં, આવતી કાલથી હું પણ તમારી સાથે ફરવા આવવાની છું.'

થોડી વાર બને શાંત થઇ ગયાં.

ઉપમા તેના હાથમાંનું પુસ્તક ઉઘાડ–બીડ કરતી હતી, પણ વાંચવામાં તેનું ચિત ચોંટતું જ ન હતું.

'તારે કંઇક કહેવું હોય તેમ લાગે છે.' સુરેશે ઉપમાના મુખપરના ભાવ જોઇ કહ્યું.

'હા.'

'તો કહી નાખ ને !'

'હું ક્યારની તમારી રાહ જોઉં છું.'

'એમ ?'

'હા.'

'શા માટે ?'

'મારે તમને એક વાત કરવી છે.'

'બોલો ને ! કહી નાખો ને !'

'તમને મારામાં કંઈ ફેર લાગે છે ?'

'ફેર ! સ્વભાવમાં ?'

'ના, શરીરમાં.'

'હા, થોડી દુબળી અને ફીક્કી થઈ ગઇ છે.'

'ઓ, મારા બાલ–માનસના નિષ્ણાત ! તમારી પત્ની સામે તો જરા ધ્યાનપૂર્વક જોતા જાઓ !' ઉપમાએ નાટક કરતી હોય તેમ લહેકાથી કહ્યું.

'શું છે ?' ઉપમાની વાત કરવાની વિચિત્રતાથી નવાઇ પામી સુરેશે પૂછ્યું.

'બધું મારે મોઢેથી સાંભળવું છે.'

'તારા કહ્યા વિના હું શું સમજું ?'

'જાવ રે, મારા મૂર્ખ આચાર્ય ! બાળકના પિતા બનવાના થયા તો ય મારે બધું કહેવું પડશે ?'

સુરેશ ઉપમા સામે જોઈ રહ્યો. ઉપમામાં થઇ રહેલા ફેરફારનું કારણ હવે તેને સમજાવા લાગ્યું.

•

૨૯ : પાછો પ્રવૃત્તિનો છંદ

આજે દિવસે મુકુલિકા મોટર લઈને તેડવા આવી ત્યારે સુરેશ હજી નિશાળેથી આવ્યો ન હતો.

'કાં, ઉપમાબેન,' મુકુલિકાએ અંદર આવતાં કહ્યું: 'ચાલો ફરવા. સુરેશભાઇ તૈયાર છે ને ?'

'એ તો હજી આવ્યા જ નથી.' ઉપમાએ કહ્યું.

'કાલે મેં કહી રાખ્યું હતું તો ય નથી આવ્યા ?'

'અનિયમિતતા તો એમના સ્વભાવના અંશસમી બની ગઈ છે.'

'ત્યારે હવે આપણે શું કરશું ?'

'આપણે ફરવા જઇએ.'

'સુરેશભાઈની રાહ નથી જોવી ?'

'તો ફરવાનું બંધ રાખવું પડશે.'

'ના–ના, ફરવાનું તો બંધ નથી રાખવું. ચાલો આપણે બંને ફરી આવીએ.

ઉપમા ને મુકુલિકા ફરવા નીકળ્યાં. મુકુલિકાએ ઉપમાને આગલી સાંજની બધી વાત કહી સંભળાવી. ઉપમાએ મુકુલિકાને સુરેશના સ્વભાવની મહત્તાની

વાતો કરી, અને ઉમેર્યું કે, મુંબઇ આવ્યા પછી સુરેશમાં કંઇક ફેર પડી ગયો છે. સુરેશની વ્યાવહારિકતા ઉપમાને ન ગમતી. બંને, બેનપણીઓની જેમ, પોતપોતાના અંતરની વાતો કહી રહી હતી.

મોડી સાંજે ઉપમા ફરીને પાછી આવી. સુરેશ આવી ગયો હતો.

'ફરી આવી ?' સુરેશે ઉપમાને પૂછ્યું.

'હા !' ઉપમાએ કહ્યું: 'પણ તમે તો તમારું વચન ન પાળ્યું ને ? મુકુલિકાબેનને કેટલું દુઃખ થયું ?'

'તેમાં હું શું કરું ? કામ પૂરું કર્યા વિના ફરવા ક્યાંથી નીકળાય ?'

'પાછું તમારું કામ શરૂ થઇ ગયું ?'

'એ તો ચાલ્યા જ કરે.'

'મરી આવી સ્થિતિમાં તમારે મારું ખાસ ધ્યાન રાખવું જોઇએ.' ઉપમાએ સસ્મિત કહ્યું.

'તારી વાત હું બરાબર સમજું છું. પણ કેટલાંક કામ એવાં હોય છે કે તે હાથમાં લીધા પછી પડતાં મૂકી શકાય નહીં.'

'એવું શું કામ ઉપાડયું છે ?'

'આ વખતે મારે બી. ટી માં પરીક્ષક નીમાવું છે. સ્મિથ સાહેબે મને મદદ કરવાનું કહ્યું છે.'

'તમારી મહત્ત્વાકાંક્ષાનો કોઇ છેડો ખરો કે નહીં ?'

'બી. ટી.નું પરીક્ષકપદ એ તો પારોશમાં પહેલી પૂણી છે, મુંબઇમાં સ્થાન જમાવવું હોય તો આવું આવું કરવું જ પડે.'

'મુંબઇમાં સ્થાન જમાવ્યા સિવાય જીવી જ નહીં શકાતું હોય ?'

'તારો મુંબઇ માટેનો કંટાળો હું જાણું છું; પણ હવે તો આપણે ધારીએ તોય મુંબઇને છોડી શકીએ તેમ નથી.'

'તો મુંબઇ ન છોડશો. પણ અતિપડતી આસક્તિ તો છોડો. પ્રવૃત્તિનો છંદ તો આપણાં જીવનને છિન્નભિન્ન કરી નાખશે. પૈસા ને અધિકાર શા કામના છે, જો એ આપણને સુખ ને શાંતિ ન આપી શકતા હોય તો ? સુખ તો કોઇ જુદી જ વસ્તુ છે: પૈસા કે સત્તાથી એ ન મળે. એ વાત શું મારે તમને સમજાવવી પડશે ? શારદાબેન ને ત્રિવેદીનું હડસદનું જીવન તમે ક્યાં નથી જોયું ! પૈસાનો પૂરો અભાવ છતાં તેમનાં મન કેવાં ઉલ્લાસમય રહેતાં ! આપણે ય સાઠ રૂપિયા રળવા છતાં હડસદમાં કેવાં સુખી હતાં ! પાડોશી સાથે, હેડમાસ્તર સાથે, અધ્યક્ષ સાથે લડતાં ઝગડતાં ય કેવા આનંદમાં એ દિવસો વ્યતીત થતાં ! એ આનંદનો

અંશ માત્ર પણ મને તમારા આ મુંબઇના ભર્યા જીવનમાં જોવા નથી મળતો. તમે મોટા માણસ થયા છો એ ખરૂં, પણ તમારી મોટાઇ મને તમારાથી અળગી કરી રહી હોય એમ લાગે છે. મોટાઈ જાણે મારી શોક્ય બની રહી હોય તેવું મને લાગે છે. મારી વાતને અવળા અર્થમાં ન લેશો. તમે કેળવણીકાર તરીકે મોટા થવા મથો તે હું સમજી શકું છું. પણ મારો સુરેશ પૈસો રળવાનાં જ હવાતિયાં મારતો થઈ જાય એ વાત તો મારી કલ્પનામાં ય નથી ઊતરતી. બી. ટી.ના પરીક્ષક ન થવાય તો તમે કેળવણીકાર મટી જાઓ ? તો તમારી પ્રતિભા ઓસરી જાય ? તો આપણે ભૂખ્યાં સૂઇ રહેવું પડે ? તો આપણા ભાવી બાળકને આપણે નાગું–ઉઘાડું રખડાવવું પડે ?'

'ઉપમા, આપણું બાળક કવિ થશે.' સુરેશે ટીખળી સ્વરે કહ્યું.

'એમ કે ?'

'જે માતા સગર્ભાવસ્થામાં આવી સુંદર કલ્પનાઓ કરી શકે તેનું બાળક મોટું થયે કવિ થાય તેમાં નવાઈ શી ? તારી કલ્પનાશક્તિ માટે તને ધન્યવાદ !'

'અને તમારી કલ્પનાહીનતા માટે તમને ધન્યવાદ !' ઉપમાએ જરા કડવાશથી કહ્યું.

ઉપમા ને મુકુલિકા જ સાથે ફરવા નીકળતાં. બી. ટી.નું પરીક્ષકપદ પામવાની ધમાલમાં પડેલો સુરેશ ફરવાને વખતે કદી ઘેર હોતો નહીં.

એક દિવસ સવારમાં વહેલી મુકુલિકા ઉપમાના બનેવી કનુભાઇને તેડીને આવી.

'ઉપમાબેન, મેમાન લાવી છું. આમને ઓળખો છો કે ?' મુકુલિકાએ કનુભાઇ તરફ આંગળી ચીંધી પૂછ્યું.

'કનુભાઇને ય તમે ઓળખાવશો ?' ઉપમાએ સસ્મિત કહ્યું: 'ક્યારે આવ્યા, કનુભાઇ ?'

'હું તો બે ત્રણ દિવસથી આવ્યો છું.' કનુભાઇએ કહ્યું.

'ત્યારે છેક આજે મોઢું બતાવવાનો વખત મળ્યો ?' ઉપમાએ પૂછ્યું.

'ઉપમાબેન,' મુકુલિકાએ કહ્યું, 'કનુભાઇ બાપુજીની મીલના કાઠિયાવાડના સોલ-એજન્ટ છે. માલ ખરીદવા આવ્યા છે. તેમના જમાઇ બી. એ. થઇ સરકારી નોકરીમાં જોડાવાનો પ્રયાસ કરી રહ્યા છે. બાપુજી પાસે વાત નીકળતાં તેમનો મત એવો પડયો કે સુરેશભાઇને મળી સ્મિથ સાહેબ મારફત ક્યાંક સરકારી નોકરીમાં ઘૂસી જવું. એટલા માટે હું કનુભાઈને અહીં તેડી લાવી છું. પણ સુરેશભાઇ શેના હાજર હોય !'

'એ તો કાયમ ધમાલમાં જ હોય છે.' ઉપમાએ કહ્યું.

'ક્યારે આવશો ?' મુકુલિકાએ પૂછ્યું.

'દશ વાગ્યે તો આવવા જ જોઇએ. પણ કનુભાઇ, સરયુબેનના વરને તમે વળી આ નકામી ભણતરની પંચાતમાં ક્યાં નાખ્યા ? નોકરી માટે ઉંબરા ઘસવા પડે તેના કરતાં તેમને ય પહેલેથી વેપારમાં જ જોડી દેવા'તા ને !' ઉપમા સરયુના લગ્ન સમયે થયેલું સુરેશનું અપમાન ભૂલી નહોતી શકી. આટલાં વર્ષે મહેણું મારવાનો પ્રસંગ મળતાં તેણે વિના આંચકે કનુભાઈને સુણાવી દીધું.

મુકુલિકા સાળી–બનેવીની વાત કરવાની વિચિત્રતાથી નવાઇ પામી.

'સમય સમયનું કામ કર્યે જાય છે.' કનુભાઇએ કહ્યું : 'આજે જે જાતનો વા વાયો હોય તેને તાબે થવું પડે છે !'

'સારું, ત્યારે !' મુકુલિકાએ વચ્ચે કહ્યું : 'કનુભાઈને મીલની વખારે તેડી જવાના છે. ત્યાંથી પાછાં ફરતાં અમે સુરેશભાઈને મળતાં જશું. અમે જરા મોડાં થઇએ તો કૃપા કરી તેમને રોકજો.'

મુકુલિકા ને કનુભાઇ ગયાં. ઉપમાએ 'બેસો' એમ પણ ન કહ્યું. ત્રણ દિવસ થયાં કનુભાઇ આવ્યા છતાં તેમણે મોઢું નહોતું દેખાડયું. હવે ગરજ પડી એટલે તે દોડયા આવ્યા હતા. ઉપમાને તેમના પર ગુસ્સો ચડયો હતો.

તે દિવસે બાર વાગી ગયા તો ય સુરેશ જમવા ન આવ્યો. સવાબાર વાગ્યે મુકુલિકાનો ફોન આવ્યો કે, 'સુરેશભાઈને રોકી દીધા છે. તમે તેમની વાટ ન જોશો.'

ઉપમાને કનુભાઇની વાત સુરેશને પહેલી તકે કરવી હતી. પણ સુરેશ તો રોકાઇ ગયો.

સાંજે મોડો મોડો સુરેશ આવ્યો ત્યારે ઉપમાએ પૂછ્યું: 'આજે તો આખો દિવસ દેખાયા જ નહીં !'

'ખૂબ કામમાં પડી ગયો હતો.'

'કનુભાઈ મળ્યા ને ? ત્રણ દિવસથી આવ્યા છે.'

'હા, એમનું ય કામ પતાવી દીધું.' સુરેશે શાંતિપૂર્વક કહ્યું.

'પતાવી દીધું ?' ઉપમા ચીસ પાડી ઊઠી.

'કેમ ?'

'સરયુના લગ્નનો પ્રસંગ ભૂલી ગયા ?'

'દામોદરદાસભાઇની ખાસ ભલામણ હતી.'

આ દામોદરદાસભાઈ ન હોય તો આપણે શેરી–ગલીએ રખડી રવડીને મરી જઇએ ?' ઉપમાએ અનહદ કડવાશથી કહ્યું.

'અરે, ગાંડી! માણસ એકબીજાનું કામ કરે તેમાં ખોટું શું?'

'ત્યારે તમે કનુભાઇ એમ. એ. ન થાય ત્યાં સુધી તેમની સાથે ન બોલવાનો સંકલ્પ કર્યો હતો તેનું શું?'

'એવા આવેશમાં કરેલા સંકલ્પોનું અક્ષરશઃ પાલન કરવા બેસીએ તો જગતમાં જીવાય જ નહિ.'

'બહુ સારું! એ વાત મેં આજે તમારી પાસેથી નવી શીખી!' કહી ઉપમા શાંત થઇ ગઇ.

ઉપમાની શાંતિ સુરેશને ય ન ગમી. તેના હૃદયમાં ઉપમાનું સ્થાન અનોખું હતું. વધતી જતી પ્રવૃત્તિના ભારને અંગે તે ઉપમા સાથે પહેલાં જેટલું રહી શકતો નહિ. છતાં ઉપમા પ્રત્યેનો તેનો પ્રેમ ઘટયો ન હતો. ઉપમા તેને લઢતી તે ય તેને ગમતું. ઘણી વાર તેને ઉપમાની ઇચ્છાનુસાર સાદું ને અભ્યાસી જીવન ગાળવાની ઇચ્છા ય થતી. પણ બહાર નીકળતાં જ બધાંને દોડાદોડી કરતાં જોઇ, તેને ય દોડવાનું મન થઇ જતું. બધાંને પૈસા ને અધિકાર માટે પડાપડી કરતાં જોઇ, તેને ય એ મેળવી લેવાની લાલસા જાગતી. ઉપમા તેની દોડાદોડી માટે તેને લડતી. પણ તેથી સુરેશને ઉપમા પ્રત્યે કંટાળો ન આવતો. પ્રવૃત્તિનો છંદ તે છોડી શકતો નહિ, પણ ઉપમાના કટાક્ષોમાં ય તેને આનંદ આવતો. આજે ઉપમાને શાંત થઇ ગયેલી જોઈ તેને દુઃખ થયું.

'કેમ શાંત થઇ ગઈ?' સુરેશે પૂછ્યું.

'ત્યારે શું કરું?'

'મારી ઝાટકણી કાઢ.'

'હવે તેનો કંઇ જ અર્થ નથી.'

'કેમ? શું હું એટલો બધો બગડી ગયો છું?'

'તમને ખબર છે, તમારું અપમાન થયા પછી મેં શશીબેન સાથેનો સંબંધ છોડી દીધો છે? તમે કનુભાઇના સંબંધને ખાતર, ભાણેજવરને નોકરીએ ચડાવી દેવાની સાચી ઉદારતાને ખાતર, કે ગઇગુજરી ભૂલી જવાને ખાતર તેમનું કામ કરી આપ્યું હોત તો મને એટલું દુઃખ ન થાત. મેં ભલે અહીં કનુભાઇનું અપમાન કર્યું, પણ તમારી એવી ઉદારતાને હું અવશ્ય આવકારત. પણ તમે તો દામોદરદાસભાઈના કહેવાથી...' ઉપમા મોઢું બગાડી થોડી વાર શાંત રહી. પાછું બોલવાનું શરૂ કરતાં તેણે કહ્યું: 'તમે શું દામોદરદાસભાઇને ત્યાં વેચાયા છો? કનુભાઇ આપણી સામે ય જોતા નથી. આપણે ત્યાં એ આવતા ય નથી. આવે છે ત્યારે મુકુલિકાબેનની ઓળખાણે! સરયુના લગનમાં તો એ તમને એમની

લક્ષ્મીના તેજમાં નહોતા આંજી શકયા. આજે એ તમને દબાવી ગયા, દામોદર-દાસભાઇની મદદથી ! સાઠ રૂપિયાનો શિક્ષક લક્ષ્મીના ચળકાટમાં નહોતો લેવાયો. છસો રૂપિયાનો આચાર્ય કલદારના ખણખણાટમાં લેવાઇ ગયો. સુરેશ ! મારા અફસોસનો પાર નથી !'

'તું તો કલ્પનામાં ય ન હોય તેવા અર્થો કરે છે !' કહી સુરેશ ત્યાંથી ખસી ગયો.

આ પ્રસંગ પછી ત્રણ દિવસ સુધી તો સુરેશ ને ઉપમા જરા અતડાં રહ્યાં. ચોથે દિવસે સુરેશે કહ્યુંઃ 'ઉપમા, હું બી. ટી. માં પરીક્ષક નિમાઇ ગયો.'

'સારૂં થયું !' ઉપમાએ કહ્યું: 'હવે તો પગ વાળીને ઘરમાં બેસશો ને ?'

'હો-વે ! હવે કંઇ કામ નથી. યુનિવરસિટીમાં પરીક્ષક હોઇએ તો આપણો વટ પડે. પ્રચારના આ યુગમાં આવુંઆવું ય કરવું પડે.'

પાછા પંદર દિવસ વીત્યા ત્યાં તો સુરેશ કોઈ એવી ધમાલમાં પડી ગયો કે તેને ઘર-બાર, ઉપમા, ખાવું-પીવું, કશાંનું ભાન ન રહ્યું. કયારેક તો તે સવારમાં વહેલો ઊઠીને ઘરની બહાર નીકળી જતો તે ઠેઠ રાતે દશ વાગ્યે પાછો ઘેર આવતો. ઉપમા તો સુરેશની આટલી હદ સુધીની અનિયમિતતા જોઈ ડઘાઇ જ ગઇ.

'તમે શું ધાર્યું છે ?' ધીરજ ખૂટતાં એક દિવસ ઉપમાએ સુરેશને પૂછ્યું.

'શેનું ?'

'મને મારી નાખવી છે ?'

'તને માર્યા પછી મને જીવનમાં રસ હોઇ શકે ખરો ? મારી આ બધી પ્રવૃત્તિ પાછળનું પ્રેરણાબળ તો તું જ છે.'

'તો આ શું આદરી બેઠા છો ? આખો દિવસ કયાં ફરો છો ? હું તો તમારૂં મોઢું જ દેખતી નથી. રાત્રે ય દશ વાગ્યા પહેલાં તો ભાગ્યે જ ઘેર આવો છો.'

'ઉપમા, મેં એક મોટું સાહસ કર્યું છે.'

'મને પૂછ્યા વિના ?'

'તારી સંમતિ મળવાની મને ખાતરી છે.'

'પણ છે શું, તે તો કહો.'

'હું મુંબઇ યુનિવરસિટીની સેનેટમાં ચૂંટાવા માટે ઊભવાનો છું.'

'હજી તો ઊભવાના છો તેમાં આટલી ધમાલ !'

'પહેલેથી આપણને કેટલા મત મળી શકશે એ નક્કી કરી રાખ્યું હોય તો જ ઊભું રહ્યું પ્રમાણ ને ?'

'સુરેશ, તમે ખોટે રસ્તે ચડી ગયા છો. સેનેટ-ફેનેટની ધમાલ મૂકી દો. એમાં ચૂંટાવાનાં આપણું કામ નહીં.'

'કેમ આપણું કામ નહીં? સવાસો મત તો એકલાં મુકુલિકાબેન જ તેમનાં સ્નાતક મિત્રોમાંથી મેળવી આપવાનાં છે. એ સિવાય બીજા પણ ઘણા મત આપણને મળે તેમ છે. હું ચોક્કસ ચૂંટાઈશ.'

'સુરેશ, તમે મારી વાત સમજ્યા નહીં. તમે નહીં ચૂંટાવ એમ હું નથી કહેતી, પણ આપણે તો બ્રાહ્મણ રહ્યા. સત્તા ને સાધન આપણને ન ખપે. આપણો વ્યવસાય અભ્યાસ કરવાનો અને કરાવવાનો. તમને આ સત્તાનો ને પૈસાનો મોહ અભ્યાસમાંથી ચલિત કરી દેશે. સેનેટના સભ્ય થયા પછી તમે કંઈ વધારે સારૂં શીખવી શકશો? મને તો લાગે છે કે, એ પછી તમે શીખવશો જ નહીં. આ બધી ધમાલમાં પડયા પછી તમે તમારો વિસ્તૃત અભ્યાસ તો સમૂળગો ભૂલી જવાના. તમે અભ્યાસમાં તલ્લીન થતા ત્યારે ય મને વિસરી જતા, પણ એ દુઃખ હું સહી શકતી. એને અંતે તમે સાચી સિદ્ધિ મેળવવાના હતા. પણ આ ધમાલમાંથી જે મળવાનું છે તે તો આપણને સામાન્ય માનવી બનાવી દેશે. સુરેશ, હજી ય, આ ધમાલ છોડો! મુંબઇમાં રહેવાથી તમારાથી આ બધી ખોટી પ્રવૃત્તિઓ ન છોડાતી હોય તો મુંબઇને છોડી દો. ચાલોને, સુરેશ! આપણે કોઇ એવા પ્રદેશમાં રહેવા જઇએ કે જ્યાં દરરોજ સાંજે તમે મને તમારી સાથે હાથ ઝાલી ફરવા તેડી જાઓ, અને આપણે બંને અવનવા વિષયોની ચર્ચા કરતાં કરતાં એકમેકમાં તદ્રુપ બની જઇએ.'

'ઉપમા, પ્રિય ઉપમા! આપણે થોડા વખતમાં અહીં-મુંબઇમાં જ એ સ્થિતિ પ્રાપ્ત કરીશું. આ તો આપણે જાતમહેનતે આગળ વધવું પડે છે. એટલે થોડો વધારે શ્રમ કરવો પડે છે! મને ઉપર આવવાની આકાંક્ષા છે. નીચા પડયું રહેવું મને ગમતું નથી. પણ એક વાર ઊંચે આવી ગયા પછી, ઓ ઉપમા! તું જોઇશ કે હું તારા વિના એક પળ પણ નહીં રહી શકું. અત્યારે આંખો મીચીને મહેનત કરી રહ્યો છું, એટલા માટે કે પછી હું નિરાંતે મારી ઉપમા સાથે જીવી શકું, અને મારૂં ઉચ્ચ સ્થાન નિભાવી શકું.'

'સુરેશ, તમે જે ઊંચે આવવાનું કહો છો એ સ્થાને આપણે કદાચ કદી ન પહોંચીએ, એક કિલ્લો સર કર્યા પછી, બીજો કિલ્લો આપણી નજરે ચડવાનો જ છે, અને તે ય સર કર્યા પછી વળી ત્રીજો કિલ્લો સર કરવાની અબળખા જાગવાની છે. આમ કિલ્લાઓની પરંપરા સર કરવામાં અટવાઇ જતાં આપણે હડસહ જેવું જીવન પણ માણી શકીએ તેની મને તો આશા નથી.'

'અરે, ગાંડી ! એમ નિરાશ શું થઇ જાય છે ? દડસદમાં તો આપણે પામર પંતુજી હતાં. કૂવાના દેડકા જેવાં હતાં. વિશાળ જીવનની શક્યતાઓનો ખરો ખ્યાલ તો આપણને અહીં જ આવ્યો, અને અહીં જ મારે મારી મહત્તા સિદ્ધ કરી બતાવવી છે.'

'તમને આવેલ જીવનના સાચા ખ્યાલે મને તો બેહાલ બનાવી દીધી છે. પણ કંઇ ફિકર નહીં ! હવેથી હું ય મન જરા મજબૂત રાખતાં શીખીશ. મારા ટકટકાટથી તમારા વિકાસમાં રૂકાવટ નહીં કરૂં, એ જ આશાએ કે મારો સુરેશ એક દિવસ આ બધી ધમાલ ભૂલીને તેની ઉપમાની ગોદમાં આવવાનો છે.'

ઉપમાની આંખમાં આંસુ ચમકી રહ્યાં.

સુરેશને ય વાતનો આવો અંત ન ગમ્યો.

બંને શાંત થઇ ગયાં.

●

૩૦: છુટાં પડયાં

સુરેશની સેનેટ—ચૂંટણીની ધમાલ તો તડામાર વધવા લાગી. ચૂંટણીને રંગે ચડેલો સુરેશ બીજી બધી વાતનું ભાન ભૂલી ગયો. ચૂંટણીના કામમાં તે એકરસ થઇ ગયો. સેનેટમાં ચૂંટાવાની તેને એવી તો તાલાવેલી લાગી હતી કે તે શાળાના કામમાં અનિયમિત થઇ ગયો. ઉપમા—ઉપમાની સગર્ભાવસ્થાને ય તે વિસરી ગયો.

'મારૂં હવે શું કરવું છે ?' ઉપમાએ એક દિવસ સુરેશને પૂછ્યું.

'તને ઠીક પડે તેમ કરી લેજે ને.'

પોતે શું કરી લેવાનું કહે છે તે ય સમજ્યા વિના સુરેશે કહી નાખ્યું.

'તમે જરા શાંતિથી બેસો તો ખરા ! મારે તમને મહત્ત્વની વાત કરવી છે.'

'બોલ !' કહી સુરેશ આરામખુરશી પર લાંબો થઇને પડયો.

'સુવાવડ માટે હું અહીં રોકાઉં કે મારે પિયર જઉં ?'

ઉપમાના આ પ્રશ્ને સુરેશ ભાનમાં આવી ગયો. તેના આટલા મહત્ત્વના પ્રશ્નના જવાબમાં મનફાવ્યો ઉત્તર આપી દેવા માટે તેને શરમ થઇ.

'જો, ઉપમા ! હું તો વેદિયો ઢોર છું. છોકરાં ભણાવવા સિવાય બીજી વાતમાં હું ન સમજું. તું તો વૈદકની શોખીન છે. તું જે કંઇ નિર્ણય કરે તે યોગ્ય જ

હશે તેની મને ખાતરી છે. પૈસાનો હિસાબ કરવા ન બેસીશ. પૈસા ગૌણ વસ્તુ છે. તારી તબિયતનું ધ્યાન રાખવું એ પહેલી વાત છે.'

'તમે તો મારો મુંબઈ માટેનો અણગમો જાણો છો.'

'ઉપમા, આમાં ગમા–અણગમાનો સવાલ નથી. જ્યાં વધારે સારી માવજત થઈ શકે, જ્યાં મારી ઉપમાને ઓછામાં ઓછી તકલીફ પડે ત્યાં જ રહેવું એ બહેતર છે.'

ઉપમા અને સુરેશ આમ ચર્ચા કરી રહ્યાં હતાં ત્યાં તારવાળો એક તાર આપી ગયો. ચર્ચા પડતી મૂકી બંને તારમાં શું હશે તે જાણવા તત્પર થયાં.

મુક્તાનો તાર હતો. જયાશંકરભાઈ છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. ઉપમાને જોવા માટે તે તલસતા હતા.

'શું કરશું ?' તાર વાંચી ઉપમાએ પૂછ્યું.

'બાપુજીને સારવાર માટે અહીં તેડાવી લઈએ તો ?' સુરેશે સામું પૂછ્યું.

'એ હવે ન બની શકે. બાપુજી ફેરવી શકાય તેવી સ્થિતિમાં જ નહિ હોય. આપણે જ જવું જોઈએ, ક્યારે જશું ?'

'તું તારી આવી અવસ્થામાં ઉપરાઉપર આવ–જા કરે તો તને નુકસાન નહિ થાય ?'

'ઉપરાઉપર આવ–જા કરવાનો પ્રશ્ન જ ક્યાં છે ?'

'કાં ! તું બાપુજીની તબિયત જોઈને સુવાવડ માટે તો મુંબઈ જ આવીશ ને ?'

'ના–ના, એ ય હવે બની શકે તેમ નથી લાગતું. હું ત્યાં જ કંઈ વ્યવસ્થા કરાવીશ.'

'પણ તું જીવનની એવી કટોકટીની પળે મારાથી એટલી બધી દૂર હો, એ મને નથી ગમતું.'

'કેમ, તમે મારી સાથે નથી આવતા ?'

'મારાથી તારી સાથે કેવી રીતે આવી શકાય ? ચૂંટણીનો રાહુ હજી માથે ઊભો છે ને ?'

'સારું !' ઉપમાએ કહ્યું.

સામાન્ય રીતે સુરેશને પોતાની સાથે લેવા ઝઘડી પડે તેવી ઉપમા માત્ર 'સારું' કહીને અટકી ગઈ. સેનેટની બેઠકમાં જ નજર ગોપવી બેઠેલ સુરેશ ઉપમામાં થયેલો આ ફેરફાર જોઈ શક્યો નહીં. કેટલીક વખત શાંતિ સંભાષણ કરતાં વધારે સૂચક હોય છે. સુરેશે જો ઉપમાના ટૂંકા જવાબ પાછળનો ભાવ વાંચ્યો હોત.

તો તે જરૂર તેની સાથે જ જયાશંકરભાઇ પાસે ઉપડી જાત. પણ એ જ તો જીવનની કરૂણતા છે ને કે, સમય હોય ત્યાં સુધી આપણને સીધી વાત સૂજતી નથી, અને સૂજે છે ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે.

'તું ક્યારે ઊપડીશ ?' સુરેશે પૂછ્યું.

'આજે જ.' ઉપમાએ કહ્યું.

'ના, આજે નહિ.'

'કેમ ?'

'આજે હું બેન્કમાંથી પૈસા લઇ આવું, તે લઇ તું કાલે જજે. મારે પાછળથી મોકલવાની માથાકૂટ નહીં.'

બીજે દિવસે સુરેશ, ત્રિવેદી, ને શારદાબેન ઉપમાને વળાવવા સ્ટેશને આવ્યાં હતાં.

ઉપમા ઘણી ગંભીર થઇ ગઈ હતી.

'એમાં મુંઝાઇ શું ગયા છો ?' ત્રિવેદીએ તેની કાયમી રમૂજભરી રીતે કહ્યું: 'બાપુજી કોઇના માંદા નહીં પડતા હોય ?'

'એ બાબતની મને એટલી ચિંતા નથી થતી. એ તો ઇશ્વરે જે ધાર્યું હશે તે થશે. મને તો એમ થાય છે કે તમારા પ્રિન્સિપાલ મારી સાથે આવ્યા હોત !' ઉપમા આગળ ન બોલી શકી. તેનું ગળું રૂંધાતું હોય તેમ લાગ્યું.

'હું ય થોડા વખતમાં ત્યાં આવી જઈશ' સુરેશે કહ્યું.

'શારદાબેન,' ઉપમાએ ભારે અવાજે કહ્યું, 'મારી ગેરહાજરીમાં એમનું ધ્યાન રાખજો.'

'એમની જરા ય ચિંતા ન કરશો. પાછાં આવશો ત્યારે એવા ને એવા જ તમને સોંપશું. આજે સુરેશભાઇનું વજન કરાવી લો એટલે વજન કરીને તેમને પાછા લેવાનું બની શકે !' ત્રિવેદીએ કહ્યું.

'અને કદાચ પાછી ન ફરૂં તો ?'

'જાવ, રે'!' શારદાબેને કહ્યું: 'ગાંડાં થયા કે શું ?'

'ઉપમા,' સુરેશે મુંઝાએલ સ્વરે કહ્યું, 'તને કંઇ નબળાઇ જણાય છે ? તો જવું રહેવા દે ! નાહક સાહસ ન કરવું. તારી આવી અવસ્થામાં...'સુરેશ પણ ગભરાવા લાગ્યો.

બસ—બસ !' ઉપમાએ હસીને વચ્ચે કહ્યું: 'મને શું થવાનું છે ? આવી અવસ્થામાં ય ઘણાં મુસાફરી કરે છે. તમે નિઃશંક રહો. તમારા નસીબમાં

બીજી બૈરી નથી જ !' કહી ઉપમા પાછી હસી. સુરેશ ન હસી શકયો. ત્રિવેદી ને શારદાબેન પણ ન હસી શકયાં. ઉપમાની સાદી વિદાય પણ તેમને કોઈ લાંબી વિદાય હોય તેવું લાગવા માંડયું.

'કાયમ હસતા ને હસાવતા ત્રિવેદીભાઇ કેમ શાંત થઇ ગયા છે ?' ઉપમાએ ત્રિવેદીની સામે જોઇને પૂછયું.

'તમે સુરેશભાઇનો ભાર અમારા પર નાખ્યો તેમાં અમે મુંઝાઇ ગયાં' ત્રિવેદીએ કહ્યું.

'એ ભાર ઉતારવાનો એક રસ્તો છે,' ઉપમાએ કહ્યું.

'શો ?'

'પ્રિન્સિપાલ સાહેબને સીધા તેમને સાસરે ધકેલી દેવા.'

ગાડી ઊપડી, અને બધાં ભારે હૈયે છૂટાં પડયાં.

ઉપમા જવાથી સુરેશને ગમ્યું તો નહીં, પણ ચૂંટણીની ધમાલમાં તે પોતાની એકલતા થોડા વખત માટે તો ભૂલી ગયો. સવારથી સાંજ સુધી રખડપાટ કરવાથી સુરેશ એવો તો થાકીને લોથ થઇ જતો કે રાતે પથારીમાં પડયા સાથે જ તેને ઘસઘસાટ ઊંઘ આવી જતી.

જેમ જેમ ચૂંટણીનો સમય નજીક આવતો ગયો તેમ તેમ સુરેશનો ઉશ્કેરાટ વધતો ગયો, અને સાથોસાથ તેને અવનવા અનુભવો પણ થવા લાગ્યા.

'સુરેશભાઈ.' એક દિવસ મુકુલિકાએ કહ્યું : 'વળી એક મુસીબત ઊભી થઇ છે.'

'શી ?'

'તમારા હરીફ મી. દેશાઈએ કોંગ્રેસવાળાઓને સાધ્યા છે.'

'એટલે ?' સુરેશે સાશ્ચર્ય પૂછયું.

'એટલે એમ કે કોંગ્રેસના કાર્યકરો મી. દેશાઇ માટે મત મેળવવા મહેનત કરે તેની પેરવી શરૂ થઇ છે.'

'એમ કેમ બને ? મી. દેશાઇ પોતે કોંગ્રેસવાદી નથી. ખાદી પણ એ ભાઈ પહેરતા નથી. તેમને આવી રાષ્ટ્રીય સંસ્થાનો ટેકો કેવી રીતે મળી શકે ?'

'એ તો બધું બને. મી. દેશાઇ અનાવીલ છે એની તો તમને ખબર છે ને ? કોંગ્રેસના અગ્રગણ્ય અનાવીલ નેતાઓ દેશાઇ માટે પ્રયત્ન કરે તે સ્વાભાવિક છે. દાખલા તરીકે શિવુભાઈ......'

'જાવ રે !' સુરેશે વચ્ચે કહ્યું : 'શિવુભાઇ જેવા વિશ્વબંધુત્વના આદર્શ માટે

મથનાર આવા સંકુચિત ખ્યાલ માટે ભાવનાને જતી કરવા તૈયાર થાય એ હું કદી ન માનું. કોંગ્રેસે જો કોઈને ય ટેકો આપવાનો હોય તો મને જ ટેકો આપવો જોઈએ.'

'હં!' મુકુલિકાએ કહ્યું : 'હવે તમે મુદ્દાની વાત કહી. ફલાણા ભાઈ આમ કરે અને તેમ ન જ કરે એવી માથાકૂટમાં પડવા કરતાં કોંગ્રેસનો સાથ મેળવવા માટે પ્રયત્ન શરૂ કરી દેવો એ જ મહત્ત્વની વાત છે. બાપુજીને મેં આ વાત કરી છે, અને મુંબઈ તો તમારી પડખે જ રહેશે તેની ખાતરી રાખજો.'

બીજે જ દિવસે સુરેશને ખબર પડી કે આંતરરાષ્ટ્રીય મનાતા મહારાય શિલુ-ભાઈએ ખરેખર દેસાઈને પક્ષે પોતાની લાગવગનો ઉપયોગ કર્યો હતો.

અને ત્રીજે દિવસે સુરેશે જાણ્યું કે મહાસભાના અગ્રગણ્ય કાર્યકરનો સાથ પામી શકેલ દેસાઈ મુસ્લીમ મતદારો સમક્ષ કોંગ્રેસને વગોવી રહ્યા હતા.

એક દિવસ એમ લાગતું કે સુરેશને ઢગલાબંધ મત મળી જશે, તો બીજે દિવસે વળી એવું લાગતું કે મી. દેસાઈ તેને હરાવી દેશે. એક બાજુ સુરેશ તેની પાસે ભણી ગયેલા તેના કેટલાક પ્રિય વિદ્યાર્થીઓને તેની વિરૂદ્ધ મી. દેસાઈ માટે મહેનત કરતા જોતો, તો બીજી બાજુ સુરેશ જેમને પૂરા ઓળખતો પણ ન હતો તેવા કેટલાય જણને તેનો વિજય નિશ્ચિત કરવા આકાશપાતાળ એક કરી રહેલા જોઈ તેને સાનંદાશ્ચર્ય થતું.

મિત્રો અને વિરોધીઓના આંધળા પ્રચારથી કંઈક ગંદવાડનું અને અનહદ કડ-વાશનું વાતાવરણ ઊભું થતું હતું.

'સુરેશભાઈ,' અનન્તે એક દિવસ કહ્યું : 'સુખરાય દવેને યુનિવરસિટીના પરી-ક્ષક-નિરીક્ષક કે એવું કંઈ બનાવવાનું પ્રલોભન આપ્યું હોય તો એ તમારે માટે ઘણા મત મેળવી શકે તેવા છે.'

'પણ સુખરાય તો માત્ર સાદા સ્નાતક જ છે ને?' સુરેશે પૂછ્યું.

'હા, પણ મત મેળવી આપવામાં એક્કા છે.'

'પણ એમને પરીક્ષક કેમ બનાવાય?'

'આપણે સેનેટમાં ચૂંટાવું હોય તો આવા ધાંધલિયાઓને હાથ કરવા પડે.'

સુરેશ શાંત રહ્યો.

શ્રી. સુખરાય દવેને સુરેશની સંમતિ વિના તેને નામે પરીક્ષકપદની લાપસી પીરસી દેવામાં આવી.

આવી ગંદી ધમાલ સુરેશને પસંદ ન પડી, તે પીએચ. ડી. થયો હતો વાંચન ને અભ્યાસને જોરે; બી. ટી. નો પરીક્ષક તે નિમાયો હતો, કારણ કે તે એ

પદને લાયક હતો. વિના લાયકાત કોઇ પણ પદનો મોહ રાખવો એ તેને ધૃષ્ટતા-ભર્યું અને અયોગ્ય લાગ્યું. સુખરાય સમા ધાંધલિયા પરીક્ષકપદ પામી જાય તો ખરા-લાયક ઉમેદવારે તો રાહ જોતું જ બેસવું રહ્યું ને ? આવો અન્યાય કેમ ચાલે ? અને તેના ભાગીદાર સુરેશથી તો કેમ જ થવાય ?

સુરેશે આડકતરી રીતે સૂચવી દીધું કે તે ચૂંટાયા પછી સુખરાય માટે કંઇ નહીં કરે.

બસ ! થઇ રહ્યું ! સુરેશ પર સુખરાય અને તેના મળતિયાઓએ રોષનો ડુંગર ખડકી દીધો. મત મેળવી આપવાની મહેનત કોઇ નિસ્વાર્થભાવે કરતું હશે કે ? શું સમજે છે આ સુરેશ ? આવડો મોટો થયો તોય વેદિયો ન મટયો ! ધમકીઓ મળી, આજીજી થઇ, ઘણુંઘણું થયું પણ સુરેશ પોતાના નિર્ણયમાંથી ચળ્યો નહીં.

મુકુલિકાને પહેલાં તો સુરેશે સુખરાય અને અનન્તને દુશ્મન બનાવ્યા તે ઠીક ન લાગ્યું. પણ સુરેશની દલીલ સાંભળ્યા પછી તેણે પોતાનો અભિપ્રાય બદલાવ્યો,

'એવાં રેંજીપેંજીનો હિસાબ શું છે ? મુકુલિકાએ કહ્યું: 'એમનાથી થાય તે કરી લે ! અમારા સુરેશભાઇ સેનેટમાં ચૂંટાવાના જ છે.'

મુકુલિકાની યુદ્ધઘોષણા સુરેશ-મંડળીના બીજા સભ્યોએ ઉપાડી લીધી; અને સુખરાય કે અનન્ત વિના ય સુરેશને સફળ બનાવવા બેવડા ઉત્સાહથી પ્રયત્નો થવા લાગ્યા.

સુરેશે ફતેહમંદ થવા એટલી બધી મહેનત કરી હતી કે તેનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો. પણ ચૂંટણીના ' કાવાદાવાથી તે કંટાળી ગયો. ફેલો થવા માટે આટલાં બધાં સાચાં ખોટાં કરવાં પડે તે સુરેશને ન ગમ્યું. આટલા બધા દિવસ સુધી ઉપમાછા કહેવત કહેવા છતાં જે વાત તેને ગળે નહોતી ઊતરી એ તેને હવે એકાએક સમજાવા લાગી.

છેક છેલ્લી ઘડીએ તો સુરેશને પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવા જેટલી હદ સુધીનો કંટાળો આવી ગયો. પણ મિત્રો અને સંબંધીઓના કહેવાથી તેણે પોતાનું નામ પાછું ખેંચ્યું નહિ.

ઉપમા આ બધી ધાંધલથી શા માટે કંટાળતી તેનું રહસ્ય તેને હવે સમજાવા લાગ્યું. આવાં બધાં પદ 'માણસ'ને માણસાઇની દૃષ્ટિએ, ચઢાવનારાં નહીં, પાડનારાં છે, તેની સુરેશને હવે ખાતરી થઇ ગઇ. ઉપમાનું કહેવું માન્યું હોત તો સારૂં હતું. એવો ભાવ સુરેશનું અંતર ભરી રહ્યો. જીવનમાં કયારે ય નહોતી સાંભરી એટલી

ઉપમા તેને સાંભરવા લાગી પોતે આઠલા દિવસ ઉપમા વિના એકલો રહી જ કેમ શક્યો એ વાતનું આશ્ચર્ય તેને સતાવવા લાગ્યું. ચૂંટણીનું જે થવું હોય તે થાય, એવી લાપરવાહી ધારણ કરી તેણે પુંજીભાઇ હાઇસ્કૂલના કામની, પોતે કોઇ લાંબી રજા પર જવાનો હોય, એ રીતે સોંપણી કરવા માંડી.

ઉપમા વિનાંની પળેપળ તેને ગુંગળાવનારી લાગતી હતી. પહેલામાં પહેલી તકે તે ઉપમા પાસે જઇ પહોંચવા ઉત્સુક બની ગયો. સુરેશનાં શરીરનું અણુએ અણુ ઉપમાને ઝંખી રહ્યું.

ઉપમા પહોંચી ત્યારે જયાશંકરભાઇ જીવનના છેલ્લા શ્વાસો લઇ રહ્યા હતા. ઉપમાને–પોતાની લાડકી પુત્રીને–જોઇ તેમનું હૈયું હરખાઇ ઊઠયું.

'સુરેશભાઇ ન આવ્યા ?' જયાશંકરભાઇએ ક્ષીણ સ્વરે પૂછ્યું.

'એમની ચૂંટણીની ધમાલ ચાલે છે. તેમાંથી નવરા થયે તરત જ અહીં આવશે.' ઉપમાએ ઉત્તર આપ્યો.

'સારૂં ! તેમને મારે મરતાં પહેલાં જોઇ લેવા છે.'

પિતાની વાણી સાંભળી ઉપમાની આંખમાં અશ્રુ ઊભરાયાં.

ઉપમાની હાજરી અને સારવારથી જયાશંકરભાઇની માંદગી લંબાણી ખરી, પણ તેમનું દર્દ કાબુમાં તો ન જ આવ્યું. તેમનું શરીર તદ્દન અશક્ત થઈ ગયું હતું. જરા વધારે બોલવા જતાં ય તેમને પરસેવો વળી જતો.

ઉપમા ભર્યે પેટે, છેલ્લા દિવસો છતાં પિતાની ચાકરી ખૂબ જ ચીવટપૂર્વક કરતી. ઉપમાની હાજરીથી બધાં હોંશમાં રહેતાં. સામાન્ય રીતે મંદવાડમાં મુંઝાઇ જનારાંઓને ઉપમા પ્રેરણારૂપ બનતી.

એક દિવસ ઉપમા ઉપલે માળે કઇક કામે ગઇ હતી. ત્યાં પાછળથી જયાશંકરભાઈને વસમું લાગતા મુક્તાએ કારમી ચીસ પાડી: 'ઉપમાબેન, દોડો દોડો તમારા બાપુજીને વસમું લાગે છે.'

બાપુજીને વસમું લાગવાની વાત સાંભળી ઉપમા હાંફળીફાંફળી દોડી, અને સીડીનું એક પગથિયું ચૂકતાં નીચે જ આવી ! જયાશંકરભાઈનું વસમું તો વળી ગયું, પણ સગર્ભા ઉપમા છેલ્લા મહીનામાં એટલે ઉંચેથી પડતાં તેની સ્થિતિ અતિ ભયકર બની ગઇ.

ડોકટરોની દોડધામ મચી રહી. સુરેશને ખાસ તારથી બોલાવાયો.

ઉપમાને અકસ્માત થયાના ખબર સાંભળી સુરેશના ખોળિયામાંથી જીવ ઊડી ગયો. પડીને પહોંચવા મથે તેમ તેણે ઉપમા પાસે પહોંચવા ગાડી પકડી.

સુરેશ ગાડીમાં જઇ રહ્યો હતો ત્યારે તેને સેનેટની ચૂંટણીમાં થયેલી તેની ફતેહના ખબર મળ્યા; પણ સુરેશને તો એ ફતેહ અત્યારે ફાટી ગયેલા દૂધ જેવી નિરર્થક લાગી. તેનું સમસ્ત ધ્યાન અત્યારે ઉપમામાં કેન્દ્રિત થઇ ગયું હતું.!

સુરેશ પહોંચ્યો એ પહેલાં ઉપમા તો સંસાર છોડી ગઇ હતી.

સુરેશની યાતનાને કોઈ સીમા ન હતી. તેના સહજીવનના છેલ્લા છેલ્લા પ્રસંગોની યાદ તેને ગાંડો કરી મૂકવો હોય તેમ તેને સતાવવા લાગી. ચૂંટણીની કટુતાએ તેને ચેતવ્યો હતો. તેણે મનમાં નિર્ણય કરી નાખ્યો હતો કે, 'હવે ઉપમાની ઇચ્છાનુસાર જ જીવવું છે. આ અધિકારના કિલ્લાઓ. સર કરવામાં કંઇ માલ નથી. એથી તો આપણે જીવનનો સાચો આનંદ ગુમાવી બેસીએ છીએ.'

પણ આ વાત હવે કહેવી કોને ? ઉપમાને મુંબઇથી એકલી મોકલ્યાનું દુઃખ તેના હૃદયને એવું તો ભરી રહ્યું કે, તે રડી જ ન શકયો.

સુરેશ જડ બની ગયો. મૂઢતાની જાણે સાક્ષાત મૂર્તિ ! ઊંઘ તેની આંખમાંથી અદૃશ્ય થઇ ગઇ.

જીવનને સામે આરે ઊભેલા જયાશંકરભાઈને દીકરી ગયાના દુઃખ કરતાં ય જમાઇને આવો શૂન્યમનસ્ક થઇ ગયેલો જોઈ વિશેષ દુઃખ થયું.

સુરેશ ખાતો નહીં, પીતો નહીં, ઊંઘતો નહીં, આખો દિવસ મૂઢની માફક તે બેઠો રહેતો. ઉપમાને અવગણ્યાનો અફસોસ તેનું અંતર કોતરી રહ્યો હતો

થોડા જ દિવસમાં જયાશંકરભાઇ પણ ગયા.

પણ સુરેશના મન પર તો તેની ય કંઇ અસર ન થઇ. બધાં તેને જમવાનો બહુ આગ્રહ કરે ત્યારે તે થોડું ખાધું–ન–ખાધું કરી, પાણી પી ઊઠી જતો.

સુરેશને બતાવવું હતું કે તેનું અંતર સાફ હતું. ઉપમાનું સ્થાન એમાં અવિચલિત હતું. ઉપમાને તે કદી ય વિસર્યો ન હતો. ઉપમા પ્રત્યેનો તેનો આંતરિક ભાવ એવો ને એવો જ અખંડિત હતો.

ઉપમાની જરા અવહેલના કર્યા જેવું તેણે જીવનનાં પાછળનાં થોડાં વર્ષમાં કર્યું હતું ખરું, પણ એ તો તેની ભૂલ હતી–ભૂલ હતી–ભૂલ હતી ! બદદાનત કે હૃદયની નિષ્ઠુરતા એ નહોતાં જ નહોતાં !

પણ આ બધું કહેવું કોને ? એક માત્ર તેની ઉપમા તેને સમજી શકે તેમ હતી, એ જ તેના હૃદયની સરળતાની સાક્ષી હતી. એ જ માત્ર જાણતી હતી કે સુરેશને મન ઉપમાથી વિશેષ બીજું કોઇ ન હતું.

એ ઉપમા તો ચાલી ગઇ, બસ ! ચાલી જ ગઇ ! કેટલી ઉતાવળ ! છેલ્લા મોં–મેળા કરવાની ય તક ન મળી. હવે હૃદયનો આ ભાર એકલાં સહેવાશે શેં ? અને ખાલી કરવાનું તો કોઇ સ્થળ જ નથી. હૃદયમાં ચીરા પડી રહ્યા હતા

ઉપમાના સાથમાં જ તે રૂડો હતો. ઉપમા વિના તો તે પાંગળો જ ને? સુકુલિકાએ પણ એ જ કહ્યું હતું ને? સૌ કોઇ એમ જ કહે ને? બીજું શું કહે? ઉપમા વિહોણો સુરેશ સંભવે જ કેમ?

આવી સીધી ને સટ વાત ઉપમાની સમજણમાં કેમ નહિ આવી હોય? સુરેશને આમ રખડાવીને ચાલ્યાં જતાં તેને ક્ષોભ નહિ થયો હોય? સુરેશના વર્તનથી ઉપમાને માઠું લાગ્યું હતું. તો તેની સાથે તેણે ઝગડવું હતું, પણ આવો કારમો રોષ હોય? આવી ભયંકર સજા હોય?

સુરેશનું મન ડોળાઇ ગયું હતું ભયાનક વિચારોનો પ્રચંડ ધોધ તેનાં મગજમાં સતત પછડાયા કરતો, અને એ ધોધના મારથી બેબાકળો બનેલો સુરેશ ઊંઘ અને આહારનું ભાન ભૂલી ગાંડાની માફક બેસી રહેતો.

પોતાની પ્રતિભાથી ભલભલા વિદ્વાનોને આંજી શકતો સુરેશ જડતાની મૂર્તિ સમો બની ગયો. પોતાની અજોડ શિક્ષણપદ્ધતિથી તોફાનીમાં તોફાની વિદ્યાર્થીને પણ પોતાની પાછળ ગાંડા કરી મૂકતો સુરેશ હૃદયની વાત કેમ કહેવી, કોને કહેવી, ક્યાં કહેવી, એના વિભ્રમમાં સાનભાન ભૂલી બેઠો. તેના મગજનાં ચક્રો ગોઠવાઇ ગયાં હતાં. તેના મગજમાં ઉપમાના જ વિચારો આવતા, પણ તે ધડાબંધ નહિ. અસ્થિર મન, મદિરા પીધેલ મર્કટની માફક ઉપમા કેમ ગઇ, કેમ કર્યું હોત તો તે ન જાત, તેની તરંગી વિચાર-ડાળીઓ પર કુદાકુદ કર્યા કરતું. બાઘાઇ સુરેશના મુખ પર છવાઈ રહી હતી સંસારમાં તે એકલો બની ગયો હતો. માતા તો વહેલી વહેલી તેને છોડી ગઇ હતી. પિતા પણ ગયા હતા એક માત્ર ઉપમા તેની હતી. અને ઉપમાસમી જીવન-સંગાથિનીને એ છેવટનાં વર્ષોમાં દુભવવા પૂરતો પાતકી બન્યો હતો. એ પાતકોનું પ્રક્ષાલન હવે શી રીતે થશે? ક્યાં થશે? કોણ કરાવશે? બસ વિચાર, વિચાર ને વિચાર સુરેશનું અંતર કોતરી રહ્યા હતા. સાજી સારી દાઢમાં સળો પેસતાં તે જેમ કાળી બની જાય તેમ સુરેશનાં અંતરમાં વિચારકીડો પ્રવેશતાં તેનું નૂર માત્ર ઝંખવાઇ ગયું હતું.

આ ભયંકર કરૂણતા હતી. સુરેશનું આવું કલ્પનાતીત કરૂણ દૃશ્ય સૌને પીગળાવી રહ્યું સુરેશના સાઢુ, સુરેશની સાસુ અને સુરેશના સૌ કોઇ સગાંને લાગ્યું કે આનો સત્વર ઉપચાર કરવો જોઇએ. પણ સુરેશ તો કોઇ સાથે કંઇ બોલતો જ નહી. કોઇની વાત તે સાંભળતો જ નહીં. લોકો બધાં રડતાં પણ સુરેશની આંખ ભીની ન થતી!

અનન્તને તાર કરીને તેડાવવામાં આવ્યો.

'સુરેશ, આ શું ગાંડપણ આદર્યું છે? પુંજીભાઇ હાઇસ્કૂલ, દામોદરદાસભાઇ, મુકુંલિકાબેન બધાં તો તારી વાટ જોઇ રહ્યાં છે.' અનન્તે વડપણના ભાવથી કહ્યું.

'અનન્તભાઇ, હું તમારી જાળમાં ઘણી વાર ફસાયો છું.' સુરેશે તણખા ઝરતી આંખે અનન્ત સામે જોઇ રહેતાં ભયંકર તિખાશથી કહ્યું: 'હવે નહીં ફસાઉં. તમારી બુદ્ધિએ ચાલીને તો મેં મારૂં સર્વસ્વ ખોયું. કૃપા કરીને હવે મને તમારૂં મોઢું ન બતાવશો. તમને જોતાં મારા અંતરનો વલોપાત વધી જાય છે. તમને જોતાં મારા મગજનાં ચક્રો ગોટવાઈ જાય છે.'

અનન્ત સામે સુરેશને કોઈ ખાસ ફરિયાદ ન હતી. અનન્તે તેને એવુંબધું કોઇ નુકસાન કર્યું ન હતું, છતાં ય અનન્તની દેખાદેખીએ જ તે ઉપમાની અવહેલના કરતો થયો હતો એવું સુરેશના મનમાં ઠસાઇ ગયું હતું. એટલે અનન્તને જોતાં જ તેને ગુસ્સો આવ્યો. તેણે અનન્તને જ પોતાના અનર્થના મૂળમાં કલ્પી લીધો. ઉપમાનો અનન્ત માટેનો અભાવ ઉપમા ગયે એકાએક સુરેશમાં પેસી ગયો હોય તેવું થયું. મૂળ તો તે મનમાં સમસમી રહ્યો હતો ત્યાં અનન્ત મળી જતાં અને પાછો તે દોઢ ડાહ્યો થવા જતાં સુરેશ ઊકળી ઊઠયો.

સુરેશ ઘણા દિવસે અનન્ત સાથે એટલું બોલ્યો.

પણ એ બોલ તો તેના વિફરાટને વધારનારા હતા. એ બોલ તો વજ્રના કડાકા-સમા હતા. આમ ચાર-પાંચ વાર બોલે તો સુરેશ જરૂર ગાંડો થઇ જાય, તેની બધાંને ખાતરી થઈ ગઈ. અનન્તને વિદાય કરવામાં આવ્યો.

ઉપમાના અકાળ ને અકસ્માત મૃત્યુની ખબર પડતાં શારદાબેન અને ત્રિવેદી સુરેશ પાસે ખરખરે આવ્યાં, પણ ત્યાં તો સુરેશની ય અસ્થિર મનોદશાના સમાચાર જાણી તેમને અધિકતર દુ:ખ થયું.

સુરેશની લાલચોળ આંખો, વધી ગયેલ દાઢી, બેસી ગયેલા ગાલ ને ભયંકર લાગતો સીનો જોઇ ત્રિવેદી ને શારદાબેનની આંખમાંથી આંસુની ધાર વહી રહી. એ બન્ને સુરેશની પાસે જતાં હતાં ત્યાં તેમને ઇશારાથી પોતાની પાસે બોલાવી મુક્તાએ કહ્યું: 'કોઇને ય જુએ છે તો એ વધારે વિફરે છે.' અને અનન્તનો પ્રસંગ તેણે વર્ણવી બતાવ્યો.

'અમારૂં એવું નહીં થાય.' શારદાબેને કહ્યું.

'એમની પાસે જરા બાળવીને જવા જેવું છે.' મુક્તાએ કહ્યું.

'કંઇ ફિકર નહીં!' કહી બંને સુરેશ પાસે ગયાં.

એક પણ શબ્દ બોલ્યા વિના શારદાબેન અને ત્રિવેદી સુરેશની સામે બેસી ગયાં. અનન્તની માફક મુરબ્બીવટ ભોગવવાનું કે વહેવારકુશળ લોકોની માફક જગતની નશ્વરતા પર આધ્યાત્મિક પ્રવચન કરવાનું તેમને અયોગ્ય લાગ્યું. એ બંને તો સુરેશને જોતાં મૂંગાંમૂંગાં રડવા જ લાગ્યાં.

થોડી વાર તો સુરેશ એમને રડતાં જોઇ જ રહ્યો. એ નિસ્વાર્થ મિત્રોના અંતરનાં આંસુએ સુરેશ પર પણ અસર કરી. સુરેશની આંખમાં અશ્રુ ચમક્યું.

'શારદાબેન !' કંઇ વારે સુરેશે ધ્રૂસકું ખાતાં કહ્યું: 'ઉપમા તો ચાલી ગઇ !'

'હા, ભાઇ ! આપણે એમને પૂરાં સમજી ન શક્યાં.' શારદાબેને કહ્યું.

'હા. બેન !' સુરેશ શારદાબેનના પુનિત ખોળામાં માથું મૂકી બેફામ રડતો બોલ્યો : 'આપણે એને પૂરી સમજ્યાં જ નહિ. જતાં જતાં એણે સ્ટેશને આપણને બધાંને નહોતું કહ્યું, હેં ! નહોતું કહ્યું ?' સુરેશ મન મૂકીને રડવા લાગ્યો. તેના હૈયા પરથી હિમાલય સમો ભાર ઊંચકાઇ ગયો હોય તેમ તે મોકળે મને રડયો ! રડયો–રડયો–એટલું રડયો કે ઘરનું એક પણ માણસ રડ્યા વિના ન રહી શક્યું. કો વિશાળ સરોવરની પાળ તૂટે અને તેનાં પાણી ચોમેર ફરી વળે તેમ સુરેશનું રુદન બધાંને રડાવી રહ્યું. ઘરનું કોઇ એ કરુણતામાં ઘસડાયા વિના ન રહી શક્યું.

'શારદાબેન,' સુરેશે પાછું બોલવું શરૂ કર્યું: 'તમને ને ત્રિવેદીભાઇને જાણવા છતાં–એવા છતાં, હું ખોટી જાળમાં ફસાઇ ગયો–મેં ખોટે જ રસ્તે મારું જીવન દોર્યું, અને પરિણામે જ્યારે બધું મેળવી લેવાનો ગર્વ હું અનુભવી રહ્યો હતો, ત્યારે હાય ! હું મારું સર્વસ્વ ખોઇ બેઠો છું. શારદાબેન, તમે મારો કાન કેમ ન પકડયો ? તમે મને પ્રવૃત્તિને છંદે ચડતો કેમ ન વાર્યો ? ત્રિવેદીભાઇને ટ્યુશન રાખવા ન દેતાં; તો મને કેમ રોક્યો નહિ ? તો હું ભલે નાનો હોત પણ મારી ઉપમા તો સુખી હોત ને ? પણ ત્યારે તો હું તમારું ય શેનો સાંભળત ! ઉપમાનું ન સાંભળતો તો તમને તો ઉભવાય શેનો દેત !' સુરેશનું કરુણ આક્રંદ પત્થરને ય પીગળાવી દે તેવું હતું.

શારદાબેન સુરેશના માથા પર મમતાભર્યો હાથ ફેરવી રહ્યાં હતાં. સુરેશ પોતાનું હૃદય ખાલી કરી રહ્યો હતો. ત્રિવેદી સજળ નેત્રે બાજુમાં જ બેઠો હતો.

તે દિવસે સાંજે ત્રિવેદી સુરેશને ફરવા તેડી ગયો. ખૂબ લાંબે ફરીને આવ્યા પછી સુરેશ પહેલી વાર ઊંઘ્યો. આમ સુરેશ ગાંડપણને ઉંબરેથી પાછો ફર્યો.

થોડા દિવસ પછી ત્રિવેદીએ કહ્યું : 'સુરેશભાઇ, ઉપમાબેનનું કોઈ સ્મારક તો રચવું પડશે ને ? તેમને પસંદ હતાં તે કામ આપણે ઉપાડીએ એ જ તેમનું સ્મારક !'

સુરેશે પોતાની જાતને ત્રિવેદી અને શારદાબેનના હાથમાં સોંપી દીધી.

સંપૂર્ણ



સ્માર્ટનું
ઝીમેક્સ
શુધ્ધ વનસ્પતીમાંથી બનાવેલું ઔષધ
ખરજવાં (લીલાં તથા સુકાં) માટેનો
એકમાત્ર ઈલાજ
લઈ થાકયા હોય તેવા
દરદીઓ માટે
ZIMAX
સોલ એજન્ટસ:
ટી. એમ. ઠાકોર એન્ડ કું.
૪૩ ચર્ચગેટ સ્ટ્રીટ કોટ, મુંબઈ નં. ૧.

॥ શ્રી ગણેશાય નમઃ શ્રી હરિ ॥

જોઈએ છે

શ્રી. મુરલીધર પુસ્તકાલયને દાનવીરો અને ધનવીરોની સહાયતા તથા પુસ્તકાલયનો સમાસ થઈ શકે તેવી, સારા માણસોની આવકજાવકવાળા લત્તામાં સ્વચ્છ તથા સુંદર જગ્યા. આ પુસ્તકાલયમાં દાનવીરો અને ધનવીરો મિત્ર તરીકે ઉદાર હસ્તે સહાય કરી શકે છે. મિત્ર તરીકે મોકલાવેલી સહાય માટે અમારી તરફથી અમારી સહીવાળી છાપેલ પહોંચ આપવામાં આવે છે. પુસ્તકાલયમાં ફક્ત આર્થિક તથા પુસ્તકોના રૂપમાં મોકલાવેલી સહાયતાનો સ્વીકાર કરવામાં આવે છે. યોગ્ય જગ્યા અને સહાયતા મળેથી ટુંક સમયમાં મુંબઈ મધ્યે શ્રી મુરલીધર પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. પુસ્તકાલયમાં લાયબ્રેરી વિભાગ, વિક્રય વિભાગ તથા પ્રકાશન વિભાગ, રાખવામાં આવેલા છે. લાયબ્રેરી વિભાગમાં પ્રથમ: દ્વિતીય અને તૃતીય વર્ગમાં સભ્યો નોંધવામાં આવશે, તથા તે મુજબ હકો પણ આપવામાં આવશે. તથા વિક્રય વિભાગના રૂા. પા ડીપોઝીટ ભરી સ્થાઈ ગ્રાહક બનનારને પુસ્તકાલય દ્વારા પ્રકાશીત પુસ્તકો પોણી કીંમતે આપવામાં આવશે. વધુ વિગત જાણવા માટે જવાબી ટીકીટ સાથે અમારૂં ટપાલખાતું સંભાળતા મિત્રને નિચેને સરનામે પુછાવો. એમનો જવાબ એ જ અમારો છેવટનો જવાબ સમજવો. મહેરબાની કરી પત્રવ્યવહાર ગુજરાતી અથવા હિન્દી ભાષામાં જ ચલાવવા તથા ઠેકાણું સાફ અને સ્વચ્છ અક્ષરોમાં લખી જણાવવા કૃપા કરશોજી એ જ નમ્ર વિનંતી.

લી. આપના વિશ્વાસુ સેવકો,

શ્રી મુરલીધર પુસ્તકાલયના સંચાલકોનાં સ્નેહવંદન.

તા. ક. જવાબી ટીકીટ કે કાર્ડ અથવા તો નંબર વગરનાં પત્રો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. એ જ વિનતી.

પત્રવ્યવહાર માટેનું શિરનામું :

શ્રી. એમ. એમ. શર્મા

C/o. શ્રી મોટી હવેલી • મુ. વેરાવળ બંદર.

(કાઠિયાવાડ) સ્ટેટ જુનાગઢ

લક્ષ્મી છાપ


હીંગ વાપરો



સહેલાઇથી વાળ કાઢવા માટે

સુંદરી

ફ્રેંચ સાબુ વાપરો.

દરેક ઠેકાણે વેચાય છે.

કીં. ૩ ગોટીના બાકસનો રૂ. ૦-૧૨-૦

પોસ્ટેજ જુદું.



વાળની સુંદરતા માટે

મહારાજા

પોમેડ વાપરો.

એજન્સીઓ આપવાની છે.

લખો:—**એ. જે. પટવા એન્ડ કું.**

પરફ્યુમર્સ

નં૦ ૮૬, સુતારચાલ મુંબઇ નં૦ ૨.


આનંદ
કેલેન્ડર
સીનેમા સ્લાઈડ્સ
ડીઝાઈન્સ
એન્ડ
બ્લોકસ
નોબલ ચેમ્બરસ (લો), પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ.
ફે ૩૧૭૭૫

